૨૦૩ વર્ષ

# દૈનિક મુંબઈ સમાચાર

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 50 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ ફાલ્ગુન સુદ - ૧ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 28 February 2025, Friday ■ REGD.No. MCS/058/2024-26

શુક્રવાર, ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | મેટિની પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

veenaworld.com





ઓલ ઈન્ક્લુઝિવ ટુર્સ એરફેર વિઝા ફી સાથે

એન્ટ્રી ફી સાથે વધુમાં વધુ 'ખાસ જોવા જેવા' સ્થળદર્શન

ટ્રાવેલ ઈન્શ્યુરન્સ* ડ્રાઈવર ગાઈડ ટિપ્સ સમાવિષ્ટ

ઈન્ડિયન એશિયન બ્રેકફાસ્ટ લંચ ડિનર સમાવિષ્ટ સ્થલદર્શન દરમ્યાન 'વીણા વર્લ્ડ ફીસ્ટ'


કનફર્ડ એરલાઈન્સ કમ્ફર્ટેબલ હોટેલ્સ AC કોચીસ

## વિદેશ પ્રવાસના શ્રીગણેશ એટલે
# સાઉથ ઈસ્ટ એશિયા
## વીણા વર્લ્ડ સંગાથે

એકથી એક અફલાતૂન દેશોનો સમૂહ એટલે સાઉથ ઈસ્ટ એશિયા. વાઈબ્રન્ટ થાઈલેન્ડ, ઈન્સ્પાયરિંગ વિયેતનામ, રોમેન્ટિક બાલી ઈન્ડોનેશિયા, ટુલી એશિયા મલેશિયા, મિસ્ટિકલ કમ્બોડિયા, પ્રિસ્ટિન ફિલિપિન્સ, ફનફિલ્ડ સિંગાપોર, અનએક્સપ્લોર્ડ લાઓસ અથવા ફાર ઈસ્ટમાં ઈનોવેટિવ જાપાન, જગપ્રસિદ્ધ 'કે' કલ્ચરવાળું અલ્ટ્રામોડર્ન સાઉથ કોરિયા, ટેકનોલોજિકલી એડવાન્સ્ડ તાઈવાન... સાઉથ ઈસ્ટ એશિયા અથવા ફાર ઈસ્ટ એશિયા એટલે એકંદરે ખુશીનો ધોધ! એક ટોટલ સ્ટ્રેસ બસ્ટર. આથી જ ડિસ્કાઉન્ટ્સ અને કોઈ પણ પ્રકારના હિડન કોસ્ટ્સ અથવા ગિમિક્સ નહીં ધરાવતી મેક્ઝિમમ સાઈટસીઈંગ ધરાવતી વીણા વર્લ્ડની આ ટુર્સ બ્લોકબસ્ટર હિટ નીવડી છે. હવે તમે પણ ચાલો. તમારી પહેલી ફોરેન ટુર હોય કે ગમે તેટલી... ફિકર નહીં કરો, કારણ કે તમારી સંગાથે રહેશે પર્યટકોનો લોકપ્રિય વીણા વર્લ્ડ ટુર મેનેજર, મુંબઈ થી મુંબઈ.

## ચાલો, બેગ ભરો, નીકળી પડો!






મૈં હૂં ના!

| | | | |
|---|---|---|---|
| સિંગાપોર થાઈલેન્ડ મલેશિયા | 160000 to 163000 | (10D) | Mar 28 |
| સિંગાપોર મલેશિયા + ક્રૂઝ | 186000 | 9 Days | Mar 27 |
| હાઈલાઈટ્સ ઓફ થાઈલેન્ડ | 50000 | 4 Days | Mar 20, 27 |
| બેસ્ટ ઓફ બાલી | 127000 | 7 Days | Apr 12, 21 |
| હાઈલાઈટ્સ ઓફ વિયેટનામ | 100000 | 5 Days | Mar 18 |
| વિયેટનામ કંબોડિયા | 180000 | 8 Days | Mar 21 |
| હોંગકોંગ મકાઉ શેંઝેન | 165000 | 7 Days | Apr 5, 11 |
| માર્વેલ્સ ઓફ જાપાન | 375000 | 11 Days | Apr 1 |
| કોરિયા તાઈવાન | 335000 | 10 Days | Apr 15 |
| બેસ્ટ ઓફ ચાયના | 250000 | 9 Days | Apr 13 |

નિશ્ચિંત બનીને ચાલો! સહેલગાહ પર તમારી સંગાથે છે વીણા વર્લ્ડના ટુર મેનેજર

વીણા વર્લ્ડની સર્વ સમાવિષ્ટ ગ્રુપ ટુર્સમાં તમારી મનપસંદ ટુર પસંદ કરો. મુંબઈથી શરૂ થનારી (ex-Mumbai) ટુર્સ પર ચાલો અથવા ભારતમાંથી અને દુનિયાભરમાંથી ક્યાંયથી પણ ટુરમાં જોઈન કરો જોઈનગ લીવિંગ ટુર (J&L). નીચે આપેલા ચાર્ટમાં ટુરનું નામ, મુંબઈથી મુંબઈ ટુર પ્રાઈસીસ ex-Mumbai (એરફેર, વિઝા, ઈન્શ્યુરન્સ સહિત) અને જોઈનગ લીવિંગ ટુર પ્રાઈસીસ J&L (એરફેર, વિઝા, ઈન્શ્યુરન્સ સિવાય) આપી છે. સર્વ ટુર પ્રાઈસીસ હજારોમાં છે. J&L પર્યટકોને એર ટિકિટ્સ, વિઝા અને અન્ય આવશ્યક સર્વિસીસની બાબતમાં માર્ગદર્શન કરવા માટે વીણા વર્લ્ડ સેલ્સ ટીમ ઉપલબ્ધ છે.

વીણા વર્લ્ડ ની ઓલ ઈન્ક્લુઝિવ ગ્રુપ ટુર્સ, સિનિયર્સ સ્પેશિયલ, વુમન્સ સ્પેશિયલ, હનીમૂન ટુર્સમાંથી તમારી ટુર સિલેક્ટ કરો. અથવા કસ્ટમાઈઝ્ડ હોલીડિઝ/કોર્પોરેટ ટુર પસંદ કરો. સહેલગાહની સંપૂર્ણ માહિતી veenaworld.com પર ઉપલબ્ધ.

### સાઉથ ઈસ્ટ અને ફાર ઈસ્ટ એશિયા

| Tour Name | Ex-Mumbai | J&L |
|---|---|---|
| સિંગાપોર મલેશિયા બાલી (10D) | 197K-210K | NA |
| સિંગાપોર મલેશિયા (7D) | 140K-150K | 110K-116K |
| સિંગાપોર થાઈલેન્ડ (8D) | 147K-151K | NA |
| સિંગાપોર ફુકેત ક્રાબી (7D) | 157K-161K | NA |
| સિંગાપોર બાલી (8D) | 172K-180K | NA |
| સિંગાપોર હોંગકોંગ મકાઉ (8D) | 210K-220K | NA |
| બેસ્ટ ઓફ સિંગાપોર (4D) | 105K-110K | 75K-80K |
| થાઈલેન્ડ (4D/6D) | 50K-80K | 30K-58K |
| બેંગકોક પટ્ટાયા ફુકેત ક્રાબી (8D) | 112K-120K | NA |
| ચિયાંગ માઈ ચિયાંગ રાય ફુકેત ક્રાબી (9D) | 156K-160K | NA |
| વિયેટનામ (8D) | 130K-140K | NA |
| ફિલિપાઈન્સ મનિલા સેબુ (8D) | 201000 | NA |
| બેસ્ટ ઓફ જાપાન (7D) | 240K-275K | 190K-210K |
| જાપાન અલ્પાઈન રુટ (10D) | 330K-340K | 280K-290K |
| જાપાન કોરિયા (9D) | 325K-345K | 275K-290K |
| જાપાન કોરિયા તાઈવાન (13D) | 460K-475K | 410K-425K |
| બેસ્ટ ઓફ સાઉથ કોરિયા (8D) | 275000 | NA |
| ચાયના હોંગકોંગ મકાઉ (14D) | 375000 | NA |

### ઓસ્ટ્રેલિયા-ન્યૂઝીલેન્ડ-અમેરિકા-આફ્રિકા

| Tour Name | Ex-Mumbai | J&L |
|---|---|---|
| ઓસ્ટ્રેલિયા (9D/14D) | 325K-450K | 250K-375K |
| ન્યૂઝીલેન્ડ (10D/14D) | 355K-460K | 265K-370K |
| ઓસ્ટ્રેલિયા ન્યૂઝીલેન્ડ (17D) | 555K-570K | 460K-470K |
| અમેરિકા (15D/21D) | 625K-765K | 500K |
| અમેરિકન ડ્રીમ (19D) | 700K-715K | 570K-590K |
| અમેરિકન સ્પ્લેન્ડર્સ (17D) | 635K-650K | 513K-523K |
| અમેરિકન મેજિક (13D) | 530K-545K | 390K-410K |
| અમેરિકા (7D/15D) | 300K-590K | 175K-465K |
| કેલિફોર્નિયા કાર્નિવલ (10D) | 400K-415K | 260K-275K |
| બેસ્ટ ઓફ અલાસ્કા (9D) | 400K-415K | 270K-285K |
| કેનેડા (10D/17D) | 475K-725K | 345K |
| બેસ્ટ ઓફ યુએસએ કેનેડા (19D) | 750000 | NA |
| હવાઈ મેક્સિકો (13D) | 775K-790K | NA |
| સાઉથ અમેરિકા (21D) | 1085000 | NA |
| એન્ટાર્કટિકા (13D) Dec 8 | 1325000 | NA |
| સા.આફ્રિકા કેનિયા વિ. ફોલ્સ (15) | 435K-455K | NA |
| કેનિયા/સા.આફ્રિકા (7D/9D) | 205K-220K | 175K-185K |
| મોરિશિયસ (7D) | 145K | 105K |

### યુરોપ – વેસ્ટર્ન, ઈસ્ટર્ન, નોર્ધર્ન, મેડિટરેનિયન

| Tour Name | Ex-Mumbai | J&L |
|---|---|---|
| યુરોપિયન એક્સપ્લોરર (27D) | 650K-675K | 570K-580K |
| યુરોપ (17D/19D) | 415K-490K | 340K-405K |
| યુરોપિયન જ્વેલ્સ વિથ વર્સેલ્સ/ડિઝનીલેન્ડ (15D) | 365K-380K | 285K-310K |
| યુરોપ (9D/13D) | 265K-345K | 185K-270K |
| યુરોપિયન હાઈલાઈટ્સ (11D) | 295K-310K | 210K-225K |
| યુરોપિયન ચાર્મ (11D) | 285K-295K | 215K-225K |
| યુરોપિયન સ્પ્લેન્ડર્સ (10D) | 255K-270K | 190K-200K |
| યુરોપિયન પેનોરમા (8D) | 235K-250K | 170K-185K |
| ગ્લિમ્પ્સેસ ઓફ યુરોપ (6D) | 190K-205K | |
| સ્વિસ પેરિસ લંડન (11D) | 330K-345K | 250K-265K |
| સ્વિસ પેરિસ/સ્વિસ ઓસ્ટ્રિયા (8D) | 245K-265K | 180K-195K |
| સ્વિસ પેરિસ ઈટાલી/ સ્વિસ ઓસ્ટ્રિયા ઈટાલી (11D) | 295K-315K | 225K-235K |
| સ્વિસ પેરિસ એમ્સ્ટરડેમ બ્રસેલ્સ (8D) | 220K-230K | 150K-160K |
| ઈટાલી (8D/15D) | 235K-375K | 165K-305K |
| સ્વિટ્ઝર્લેન્ડ (7D/10D) | 240K-340K | 170K-270K |
| બેસ્ટ ઓફ ઓસ્ટ્રિયા (8D) | 240K-255K | 170K-185K |

| Tour Name | Ex-Mumbai | J&L |
|---|---|---|
| સ્કેન્ડિનેવિયા (10D/15D) | 310K-390K | 225K-410K |
| મિડનાઈટ સન (16D) | 490K-495K | 410K-420K |
| સ્કેન્ડિનેવિયા આઈસલેંડ (15D) | 510K-525K | 420K-430K |
| આઈસલેંડ નોર્ધન લાઈટ્સ (10D) | 515K-525K | 360000 |
| ઈંગ્લેન્ડ સ્કોટલેન્ડ આયર્લેન્ડ વેલ્સ લંડન (15D) | 400K-415K | 325K-340K |
| ઈસ્ટર્ન યુરોપ (8D/12D/17D) | 225K-375K | 150K-300K |
| ઉઝબેકિસ્તાન કઝાકસ્તાન કિરગિઝસ્તાન (9D) | 200K-225K | NA |
| બેસ્ટ ઓફ બાકૂ (7D) | 135K-150K | 100K-115K |
| જોર્જિયા આર્મેનિયા (8D) | 165K-175K | NA |
| સ્પેન (10D/15D) | 250K-365K | 180K-285K |
| સ્પેન પોર્ટુગલ મોરોક્કો (16D) | 345K-360K | 225K-280K |
| ઈજિપ્ત ગ્રીસ ટર્કી (15D) | 375K-390K | NA |
| ટર્કી (10D/14D) | 225K-325K | 155K-255K |
| ગ્રીસ (8D/10D/15D) | 250K-425K | 190K-365K |
| ટ્યુનિશિયા માલ્ટા સિસિલી (10D) | 325K-340K | NA |
| બાલટીક યુરોપ એસ્ટોનીયા લાતવિયા લિથુઆનિયા (8D) | 225K-240K | 155K-165K |

### ઈંડિયા નેપાળ ભૂતાન શ્રીલંકા દુબઈ

| Tour Name | Ex-Mumbai | J&L |
|---|---|---|
| લેહ લડાખ (7D/9D) | 67K-90K | 42K-62K |
| કાશ્મીર એસ્કેપ (5D) | 55K-65K | 38K-45K |
| કાશ્મીર (6D/7D) | 62K-88K | 41K-70K |
| બેસ્ટ ઓફ કાશ્મીર (8D) | 105K-112K | 86K-95K |
| કાશ્મીર (9D) (લક્ઝરી ટૂર) | 170K-190K | 150K-160K |
| શિમલા મનાલી (6D) | 35K-45K | 28K-38K |
| ધરમશાલા ડેલહાઉસી અમૃતસર (8D) | 52K-60K | 40K-48K |
| નૈનિતાલ મસુરી હરિદ્વાર કોર્બેટ પાર્ક (6D/8D/9D) | 47K-60K | 38K-52K |
| આસામ મેઘાલય (7D) | 76K-85K | 59K-68K |
| આસામ અરુણાચલ મેઘાલય (12D) | 98K-105K | 81K-88K |
| સિક્કિમ દાર્જિલિંગ ગેંગટોક પેલિંગ (9D) | 75K-85K | 58K-68K |
| રાજસ્થાન (6D/7D/8D) | 30K-50K | 22K-42K |
| ગુજરાત (7D/10D) | 30K-55K | 24K-50K |
| કેરળ (6D/8D/10D) | 30K-60K | 24K-54K |
| આંદામાન (7D) | 70K-75K | 52K-57K |
| દુબઈ અબુ ધાબી (5D/7D) | 85K-135K | 68K-110K |
| નેપાળ/શ્રીલંકા (8D/7D) | 72K-95K | 50K-57K |
| ભૂતાન (9D) | 86K-95K | NA |

**Travel Now Pay Later!**
EMI options available (3 months to 24 months) subject to EMI partner approval. T&C apply

ગ્રુપ ટુર્સના સહેલગાહ ખર્ચમાં જવા-આવવાનો વિમાનપ્રવાસ, ટ્રાન્સપોર્ટ, હોટેલમાં મુકામ, બ્રેકફાસ્ટ-લંચ-ડિનર, એન્ટ્રી ફી સાથે સ્થળદર્શન, ડ્રાઈવર ટિપ્સ, ટ્રાવેલ ઈન્શ્યુરન્સ*, ટુર મેનેજર સર્વિસીસ, વિઝા ફી (ફ્રી વિઝા દેશ ઉપરાંત), વગેરે બાબતોનો સમાવેશ છે. યુએસ ટુર્સ યુએસ વિઝા* ધારકો માટે જ.

ભેગું કરો તમારું ફેમિલી ગ્રુપ અને ફ્રેન્ડ્સ ગ્રુપ અને વીણા વર્લ્ડ સંગાથે કરો તમારી એક્સક્લુઝિવ ટુર

**veenaworld.com**
**Call: 1800 22 7979**

તમારી નજીકની વીણા વર્લ્ડ સેલ્સ ઓફિસ માટે સ્કેન કરો

**Monday-Saturday 10 to 7**
**travel@veenaworld.com**

VEENA WORLD
Travel. Explore. Celebrate Life.

All group tours are ex-Mumbai. Tour price is per person and on twin sharing basis. These tour prices are nett and no discount is applicable. At the time of booking, tour price to be paid in full INR by UPI/NEFT/RTGS/Cheque, in the name of 'Veena Patil Hospitality Pvt. Ltd.' No cash transactions at Veena World. Government taxes apply. Any increase in YQ taxes, airport taxes, VISA fees, surcharges (if any) will have to be borne by the travellers. T&C apply.

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ગુજરાતમાં ધોરણ એક છથી આઠ અને ૧૨ નાં પાઠ્યપુસ્તકો બદલાશે: કેટલાક વિષયોમાં નવાં પ્રકરણ ઉમેરાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં નવી શિક્ષણનીતિ અંતર્ગત શાળા પાઠ્યપુસ્તક મંડળ દ્વારા આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬થી પાઠ્યપુસ્તકોમાં ફરેફાર કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ધો. ૧, ૬થી ૮ અને ૧૨નાં નવાં પુસ્તકો તૈયાર કરવામાં આવ્યાં છે કે તેમાં ફેરફાર કરવામાં આવ્યો છે.

ધો. ૧માં ગુજરાતી, ધો. ૬મા અંગ્રેજી વિષયનાં પુસ્તક બદલાશે. ધો. ૭ના સંસ્કૃત માધ્યમમાં ગણિત, વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન, સર્વાંગી શિક્ષણ, સંસ્કૃત અને મરાઠીનાં પુસ્તક બદલાશે. ધો. ૮માં ગુજરાતી, ગણિત અને વિજ્ઞાનનાં પુસ્તકો બદલાશે. ધો. ૧૨માં અર્થશાસ્ત્રનાં પુસ્તકમાં નવા પ્રકરણ ઉમેરવામાં આવશે. આ ફેરફાર નવી શિક્ષણનીતિને ધ્યાનમાં રાખીને કરવામાં આવ્યો છે, જેનો હેતુ વિદ્યાર્થીઓની લર્નિંગ પ્રોસેસ વધુ સુદૃઢ કરવાનો છે.

શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬થી ગુજરાત બોર્ડના ધોરણ એકથી આઠના વિષયોમાં કોર્સ બદલાશે. આ ધોરણોનાં ૧૯ પુસ્તક રદ કરી નવાં પુસ્તકો લાગુ કરવામાં આવશે. ધોરણ બારમાં અર્થશાસ્ત્રનું પુસ્તક બદલાશે.

ગુજરાતી, ગણિત અને વિજ્ઞાન સહિતના વિવિધ વિષયોનાં પુસ્તકો તમામ માધ્યમોમાં બદલાશે. જ્યારે ધોરણ ૧૨માં અર્થશાસ્ત્ર વિષયમાં પણ એક નવું પ્રકરણ ઉમેરાતાં આ વિષયનું પુસ્તક પણ બદલાશે.

# રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મુએ સ્ટેચ્યૂ ઑફ યુનિટીની મુલાકાત લીધી: સરદાર પટેલની પ્રતિમાને ભાવાંજલિ અર્પી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ભારતના રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મુ મહાશિવરાત્રિના પર્વે ગુજરાત પ્રવાસે આવ્યાં હતાં. તેમણે ગુરુવારે એકતાનગર ખાતે વિશ્વની સૌથી ઊંચી સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમા - સ્ટેચ્યૂ ઑફ યુનિટીની મુલાકાત લઈને સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને ભાવાંજલિ અર્પી હતી. સાગબારા અને તિલકવાડાનાં આદિવાસી ભાઈ-બહેનોએ મેવાસી અને હોળી નૃત્ય જેવાં પરંપરાગત આદિવાસી નૃત્ય દ્વારા વૉલ ઑફ યુનિટી ખાતે રાષ્ટ્રપતિનું સ્વાગત કર્યું હતું. સ્ટેચ્યૂ પરિસર સ્થિત પ્રદર્શન કક્ષની તેમણે મુલાકાત લીધી હતી, જ્યાં ભારતની સ્વાતંત્ર્ય ગાથા ગુલામીથી સ્વાતંત્ર્ય સુધીની સફર, ભારતની એકતા માટે લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલના સંઘર્ષ અને યોગદાનની તલસ્પર્શી વિગતોથી વાકેફ થયા હતા.

રાષ્ટ્રપતિએ સ્ટેચ્યૂ ઑફ યુનિટીની વ્યુઇંગ ગેલેરી એટલે કે, સરદાર સાહેબના હૃદયસ્થાનેથી સરદાર સરોવર, નર્મદા ડેમ અને વિધ્યાંચલ-સાતપુડા ગિરિમાળાનું પ્રાકૃતિક સૌંદર્ય નિહાળ્યું હતું. મુલાકાત દરમિયાન ગાઈડે સ્ટેચ્યૂ ઑફ યુનિટીના સમગ્ર નિર્માણકાર્ય અને પ્રોજેક્ટની વિશેષતા, સ્ટેચ્યૂ પરિસરની પ્રવાસન સુવિધાઓ અંગેની પશ્ચાદભૂ વર્ણવી હતી. તે ઉપરાંત તેમણે જંગલ સફારી પાર્કમાં જેગુઆર, એશિયાઈ સિંહ, બેંગાલ ટાઈગર, દીપડો જેવાં પ્રાણીઓ તેમ જ પક્ષીઘરમાં રહેલાં દેશ અને દુનિયાનાં વિવિધ પ્રજાતિનાં પક્ષીઓને નજીકથી નિહાળ્યાં હતાં. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ સ્ટેચ્યૂ ઑફ યુનિટી પાસે વાગડિયા ગામ ખાતે જી.એમ.આર. વરલક્ષ્મી ફાઉન્ડેશન સંચાલિત એકતા કૌશલ્ય વર્ધન કેન્દ્રની મુલાકાત લીધી હતી. જ્યાં તેમણે વિવિધ કોર્સ; ફૂડ એન્ડ બેવરેજીસ સર્વિસ, હાઉસકિપિંગ અને ગેસ્ટ સર્વિસ અટેન્ડન્ટસ, ઈ-ઑટો-પિન્ક ઑટો ડ્રાઈવર, શોફર, ટૅક્સી ડ્રાઇવર, ઈલેક્ટ્રિશિયન, બ્યુટી થેરાપિસ્ટ, ઑફિસ ઓપરેશન્સ એક્ઝિક્યુટિવ અને ડોમેસ્ટિક ડેટા એન્ટ્રી ઓપરેટરના તાલીમાર્થીઓની મુલાકાત લીધી હતી. તેમણે વિદ્યાર્થીઓએ બનાવેલી સલાડ ડિશ, ફ્રૂટ આર્ટ, નેપ્કિન આર્ટ, કેક અને ડેઝર્ટ આર્ટ નિહાળ્યાં હતાં. ફૂડ અને બેવરેજીસના તાલીમાર્થીઓની સેન્ડવીચ, ખમણ, ભજિયાં, ગોટા જેવાં વ્યંજનોને કલાત્મક રીતે પ્રદર્શિત કરાયાં હતાં.

# કુંવરબાઈનું મામેરું યોજના હેઠળ પાંચ વર્ષમાં ૪૩ હજાર લાભાર્થીઓને ૪૯.૫૬ કરોડ રૂપિયાની સહાય ચૂકવાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત વિધાનસભામાં પ્રશ્નોત્તરી કાળમાં કુંવરબાઈનું મામેરું યોજના અંગે પૂછવામાં આવેલા સવાલનો જવાબ રાજ્ય સરકારના સામાજિક ન્યાય અને અધિકારિકતા પ્રધાન ભીખુસિંહ પરમારે આપ્યો હતો. ગુજરાતમાં કુંવરબાઈનું મામેરું યોજના હેઠળ છેલ્લાં પાંચ વર્ષમાં ૪૩,૦૦૦થી વધુ લાભાર્થીઓને રૂ. ૪૯.૫૬ કરોડથી વધુની સહાય ચૂકવવામાં આવી છે.

વિધાનસભામાં પુછાયેલા પ્રશ્નની વિગતવાર માહિતી આપતાં સામાજિક ન્યાય અને અધિકારિકતા પ્રધાન ભીખુસિંહ પરમારે કહ્યું હતું કે, કુંવરબાઈનું મામેરું યોજના હેઠળ છેલ્લાં પાંચ વર્ષમાં ૪૩ હજારથી વધુ લાભાર્થીઓને રૂા. ૪૯.૫૬ કરોડથી વધુની સહાય ચૂકવવામાં આવી છે. માત્ર વર્ષ ૨૦૨૩-૨૪માં જ ૧૧,૩૦૦થી વધુ લાભાર્થીઓને કુલ રૂા. ૧૩.૫૧ કરોડથી વધુની સહાય ચૂકવવામાં આવી હતી. આ ઉપરાંત કચ્છ જિલ્લામાં ગત વર્ષે અનુસૂચિત જાતિના ૬૫૦ લાભાર્થીઓને રૂા. ૭૮ લાખથી વધુની સહાય આપવામાં આવી હતી. તેમણે વધુમાં કહ્યું હતું કે, કુંવરબાઈનું મામેરું યોજનાનો લાભ રાજ્યની દરેક જરૂરિયાતમંદ મહિલાઓને સત્વરે અને સરળતાથી પહોંચાડવા માટે રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે. અગાઉ આ યોજનાનો લાભ મેળવવા માટે લાભાર્થીઓને ૧૩ જેટલા પુરાવા રજૂ કરવા પડતા હતા, જેમાં સુધારો કરી હવે માત્ર જૂજ પુરાવા જ રજૂ કરવાના હોય છે. ગુજરાત રાજ્યમાં ગરીબ પરિવારોની દીકરીઓનાં કલ્યાણ માટે અને આર્થિક રીતે મદદરૂપ થવાના ઉદ્દેશ સાથે કુંવરબાઈનું મામેરું યોજના ઘણા સમયથી કાર્યરત છે.

# વડોદરામાં ધોરણ ૧૦ની બોર્ડની પરીક્ષા સમયે વીજળી ગૂલ

## ગુજરાતીનું પેપર સરળ પુછાતાં વિદ્યાર્થીઓ ખુશ

અમદાવાદ: ગુજરાતમાં ગુરુવારથી બોર્ડની પરીક્ષાઓ શરૂ થઈ હતી. આ વર્ષે ધોરણ ૧૦-૧૨ના કુલ ૧૪.૨૮ લાખથી વધુ વિદ્યાર્થીઓ પરીક્ષા આપી રહ્યા છે. ધોરણ ૧૦નું પહેલું પેપર ગુજરાતી ભાષાનું હતું. આ પેપર સરળ નીકળતાં વિદ્યાર્થીઓના ચહેરા પર ખુશી જોવા મળી હતી.

ગુરુવારે સવારથી જ રાજ્યમાં તમામ પરીક્ષા કેન્દ્રો પર વિદ્યાર્થીઓનું ચેકિંગ કરી, ફૂલ, ચોકલેટ, પેન અને તિલક કરી પ્રવેશ આપવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓ સમય પહેલાં જ પરીક્ષા કેન્દ્રો પર પહોંચી ગયા હતા. ભાષાના પેપરમાં વ્યાકરણ સરળ હોવાનો વિદ્યાર્થીઓએ દાવો કર્યો હતો. આ ઉપરાંત નિબંધ અને એમસીક્યૂ સરળ હોવાથી વિદ્યાર્થીઓ પરીક્ષામાંથી હસતા ચહેરે બહાર આવતા જોવા મળ્યા હતા. બીજી તરફ પરીક્ષાના પહેલા જ દિવસે વડોદરાના ગોરવા વિસ્તારમાં આવેલી સ્કૂલમાં અડધો કલાક સુધી વીજળી ગૂલ થતાં વિદ્યાર્થીઓ હેરાન થઈ ગયા હતા. ધો.૧૦ના વિદ્યાર્થીઓ ગોરવા વિસ્તારની સત્યનારાયણ સ્કૂલમાં પરીક્ષા આપી રહ્યા હતા ત્યારે ચાલુ પરીક્ષાએ જ અચાનક વીજપુરવઠો ખોરવાઈ ગયો હતો. તપાસ કરતાં ખબર પડી હતી કે, લક્ષ્મીપુરા વિસ્તારમાં ખોડિયાર માતાના મંદિર પાસે કરવામાં આવેલા ખોદકામ દરમિયાન મધ્ય ગુજરાત વીજ કંપનીનો કૅબલ કપાઈ ગયો હતો.

# મહેસાણા, સુરત અને બનાસકાંઠામાં બે વર્ષમાં વિકસતી જાતિના ૪૬૫ વિદ્યાર્થીઓને વિદેશ અભ્યાસ લોન પેટે ૬૧ કરોડ ચૂકવાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: વિકસતી જાતિના વિદ્યાર્થીઓ રાજ્ય સરકારના ઉચ્ચ શિક્ષણલક્ષી અભિગમના પરિણામે વિદેશમાં અભ્યાસ કરીને ઉજ્જ્વળ કારકિર્દી ઘડી રહ્યા છે. મહેસાણા, સુરત અને બનાસકાંઠા જિલ્લામાં તા. ૩૧ ડિસેમ્બર ૨૦૨૪ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વિકસતી જાતિ કલ્યાણ હસ્તક કુલ ૪૬૫ વિદ્યાર્થીઓને પ્રતિ વિદ્યાર્થી દીઠ રૂા. ૧૫ લાખ પેટે કુલ રૂ. ૬૧ કરોડથી વધુની રકમ વિદેશ અભ્યાસ લોન યોજના હેઠળ ચૂકવવામાં આવી છે.

વિધાનસભામાં ધારાસભ્યએ પૂછેલા સવાલનો જવાબ આપતાં સામાજિક ન્યાય અને અધિકારિતા પ્રધાન ભીખુસિંહ પરમારે જણાવ્યું હતું કે, આ યોજના હેઠળ છેલ્લાં બે વર્ષમાં મહેસાણા જિલ્લામાં કુલ ૨૯૭ અરજીઓ પૈકી ૨૨૪ અરજીઓ મંજૂર કરવામાં આવી છે જે અંતર્ગત કુલ રૂા. ૨૭.૧૪ કરોડની વિદેશ અભ્યાસ લોન આપવામાં આવી છે. જ્યારે સુરત જિલ્લામાં કુલ ૨૮૪ પૈકી ૧૮૨ અરજી મંજૂર કરવામાં આવી છે તે હેઠળ રૂા. ૨૬.૫૭ કરોડની વિદેશ અભ્યાસ લોન સહાય અપાઈ છે. આ ઉપરાંત બનાસકાંઠા જિલ્લામાં કુલ ૮૪ પૈકી ૫૯ અરજી મંજૂર કરી છે તે અંતર્ગત રૂ. ૭.૩૩ કરોડની વિદેશ અભ્યાસ લોન વિકસતી જાતિના વિદ્યાર્થીઓને સહાય પેટે આપવામાં આવી છે. અગાઉ વર્ષ ૨૦૦૧માં આ યોજના હેઠળ રૂા.૦૫ લાખ, ત્યાર બાદ વર્ષ ૨૦૦૭માં રૂા. ૧૦ લાખ તેમ જ હાલમાં વર્ષ ૨૦૧૪થી આ રકમ વધારીને રૂા.૧૫ લાખ કરવામાં આવી છે. આ રકમ હવે એક જ હપ્તામાં ચૂકવવામાં આવે છે.

# સરસ્વતી યોજનામાં અપાતી સાઇકલનો મુદ્દો વિધાનસભામાં ગાજ્યો: કેસરી રંગ મુદ્દે વિપક્ષની ટકોર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત વિધાનસભામાં પ્રશ્નોત્તરી કાળ સમયે ઉદ્યોગ, કુટીર, ખાદી અને ગ્રામદ્યોગ, નાગરિક અને ઉડ્ડયન, શ્રમ અને કૌશલ્ય વિકાસ, સામાજિક અને ન્યાય અધિકારિતા વિભાગ અને મહિલા અને બાલ કલ્યાણ વિભાગના પ્રશ્નોની પ્રશ્નોત્તરી કાળમાં ચર્ચા યોજાઈ હતી. સરસ્વતી સાધના યોજના અંતર્ગત ધોરણ નવમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીઓને મળતી સાઇકલ સહાયની ચર્ચામાં ભાજપ અને કૉંગ્રેસ વચ્ચે શાબ્દિક યુદ્ધ થયું હતું. સાઇકલ મુદ્દે વિપક્ષના નેતા અમિત ચાવડા, કૉંગ્રેસના ધારાસભ્ય શૈલેષ પરમાર અને ઇમરાન ખેડાવાળા દ્વારા સરસ્વતી સહાય યોજનામાં વિદ્યાર્થીને ફાળવવામાં આવતી સાઇકલ અંગેના પ્રશ્નો પૂછ્યા હતા. સાઇકલ અંગે પૂછેલા પ્રશ્નમાં ગૃહરાજ્ય પ્રધાન હર્ષ સંઘવીએ જવાબ આપ્યો હતો કે, ભાજપની સરકાર દ્વારા નવમા ધોરણની વિદ્યાર્થીઓ માટે સરસ્વતી સાધના યોજના અંતર્ગત સાઇકલની ફાળવણી કરવામાં આવે છે. આ વર્ષે સાઇકલના વિતરણ સમયે વરસાદના કારણે કાટ લાગ્યો હતો. જેના કારણે સાઇકલ વિતરણ માટે વિલંબ થયો હતો.

વિદ્યાર્થિનીઓને નવી સાઇકલ અંગે નવી પૉલિસી બનાવી સૂચન કરવામાં આવ્યાં છે. લાખોની સંખ્યામાં સાઇકલો આવતી હોવાથી તેને ગોડાઉનમાં મૂકી ન શકાય એટલે કાટ લાગ્યો હતો. તેને ફરીથી રંગ કરીને આપવામાં આવી છે. કેસરી રંગની સાઇકલના વિતરણ અંગે કોંગ્રેસના ધારાસભ્ય શૈલેષ પરમાર અને ગૃહરાજ્ય પ્રધાન હર્ષ સંઘવી વચ્ચે હળવી ટકોર થઈ હતી. ધારાસભ્ય શૈલેષ પરમારે કહ્યું કે, સાઇકલના ફિચર કેવા હોય છે તે કહ્યું પણ સાઇકલ તો અમે જોઈ છે. સાઇકલ કેસરી હોય તો અકસ્માત ન થાય એટલા માટે ગાડી સફેદ હોય તોપણ સાઇકલ કેસરી હોય છે. અધ્યક્ષે ટકોર કરતાં કહ્યું 'કેસરી કલર તો સૂરજ ઊગે એટલે થાય. ગૃહરાજ્ય પ્રધાન હર્ષ સંઘવીએ કહ્યું હતું કે કેસરી કલરની વાત હોય તો ભગવો હૃદયમાં છે. હૃદયમાં ભગવો હોવાના કારણે સફેદ સરકારી ગાડીમાં માત્ર બેસી શકીએ છીએ. કૉંગ્રેસના સભ્યોને સફેદ ગાડીમાં કેમ બેસવા નથી મળતું તે પ્રશ્ન છે? કૉંગ્રેસે આ મુદ્દે વિચારવું જોઈએ.

# ગુજરાતમાં છેલ્લાં પાંચ વર્ષમાં ધોરણ-નવમાં અભ્યાસ કરતી ૭,૯૩,૧૨૨ દીકરીઓને સાઇકલ અપાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સરસ્વતી સાધના યોજના અંતર્ગત સાઇકલ આપવા બાબતે વિધાનસભા ગૃહમાં પુછાયેલા પ્રશ્નનો સામાજિક ન્યાય અને અધિકારિતા પ્રધાન તરફથી જવાબ આપતાં ગૃહરાજ્ય પ્રધાન હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, રાજ્યની દીકરીઓને અભ્યાસ કરવા માટે ઘર અને શાળાએ અવર-જવર કરવામાં અગવડતા ન પડે અને ચાલીને શાળાએ જવું ન પડે એ માટે છેલ્લાં પાંચ વર્ષમાં ધોરણ-૯માં અભ્યાસ કરતી રાજ્યની ૭,૯૩,૧૨૨ દીકરીઓને સાઇકલ આપવામાં આવી છે.

સાઇકલ વિતરણના વિલંબ અંગે પુછાયેલા પૂરક પ્રશ્નનો પ્રત્યુત્તર આપતાં તેમણે જણાવ્યું કે, સાઇકલની ગુણવત્તા અને તેમાં આપવામાં આવેલી સુવિધામાં કોઈ પણ ક્ષતિ રહી ન જાય તેમ જ ગુણવત્તા સંદર્ભે સાઇકલ માટે નિર્ધારિત કરેલાં ધારાંધોરણો ચુસ્તપણે જળવાઈ રહે તે માટે ટેકનિકલ અને ફિઝિકલ ઇન્સ્પેક્શનને વધારે વિસ્તૃત કરવામાં આવ્યું હતું. તે ઉપરાંત ખૂબ વધારે વરસાદ વરસતાં સાઇકલોમાં લાગેલા કાટને દૂર કરવા કલર કોટિંગ કરી તેને પુનઃ નવી સ્થિતિમાં લાવીને સાઇકલ આપી વધુ યોગ્ય હોવાથી વહીવટી કારણોસર સાઇકલ વિતરણ પ્રક્રિયામાં વિલંબ થયો છે. એટલું જ નહીં, આવનારા સમયમાં સમયસર સાઇકલ મળી રહે તે રીતે આખી સિસ્ટમમાં ફેરફાર કરવામાં આવી રહ્યો છે. અન્ય રાજ્યની સરખામણીમાં ગુજરાતમાં આ સાઇકલની ખરીદ કિંમતના ફેરફાર બાબતે પુછાયેલા પ્રશ્નનો જવાબ આપતાં તેમણે કહ્યું કે, અન્ય રાજ્યો કરતાં ગુજરાતમાં ખરીદાયેલી આ સાઇકલમાં વધારાની સુવિધાઓ ઉમેરવામાં આવી છે. દીકરીઓ પોતાની બૅગ મૂકી શકે તે માટે સાઇકલમાં બાસ્કેટની સુવિધા ઉમેરવામાં આવી છે. તે ઉપરાંત સાઇકલની મજબૂતી અને ટકાઉપણામાં વધારો કરવા માટે બ્રાસ નિપલનો ઉપયોગ કરવામાં આવ્યો છે. દીકરીઓની સલામતીના હેતુ માટે આઈએસઆઈના માર્કાવાળા રિફ્લેકટરનો ઉપયોગ કરવામાં આવ્યો છે. એટલું જ નહીં, સાઇકલમાં બેસવા માટેની સીટને વધારે સોફ્ટ બનાવવા માટે ડબલ સ્પંચ ફીટ રાખવામાં આવી છે. તેના કારણે ખરીદ કિંમતમાં સામાન્ય ફેરફાર છે.

ગુજરાત વિધાનસભાના નિયમો મુજબ પ્રશ્ન રદ થવા પાત્ર હતો તેમ છતાં તમામ સભ્યો મારફતે રાજ્યના પ્રત્યેક નાગરિકો સુધી યોગ્ય અને સાચી માહિતી પહોંચી શકે તે માટે પ્રશ્નનો સ્વીકાર કરીને જવાબ આપવામાં આવ્યો છે અને રાજ્ય સરકાર તમામ જવાબો આપવા કટિબદ્ધ છે.

# ગુજરાતમાં છેવાડાના તાલુકાઓમાં જીઆઈડીસીનું નિર્માણ કરવાનું લક્ષ્ય: ઉદ્યોગપ્રધાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત વિધાનસભાના સત્રમાં રાજ્યના ઉદ્યોગપ્રધાન બલવંતસિંહ રાજપૂતે ધારાસભ્યએ પૂછેલા સવાલનો જવાબ આપતાં કહ્યું હતું કે, ગુજરાતના છેવાડાના તાલુકાઓમાં નવી જીઆઈડીસીનું નિર્માણ અને વિસ્તાર કરવાનું રાજ્ય સરકાર દ્વારા લક્ષ્ય રાખવામાં આવ્યું છે.જેના ભાગરૂપે છોટાઉદેપુર જિલ્લાના સંખેડા તાલુકામાં ૦૭ પ્લોટ અને ૦૪ શેડ તેમ જ પાવી જેતપુરમાં ૧૦ પ્લોટ અને ૦૨ શેડની ફાળવણી કરાઈ છે.

ઉદ્યોગપ્રધાન બલવંતસિંહ રાજપૂતે કહ્યું હતું કે, નવી જીઆઈડીસી બનાવવા માટે સરકારી જમીન જે શહેરની નજીક હોય, વાહનવ્યવહારની સુવિધા, હાઇવેની આજુબાજુ, વીજળી, પાણીની વ્યવસ્થા અને રેલવે વગેરે સુવિધા જરૂરી છે. સ્થાનિક યુવાનોએ યોગ્ય રોજગારી મળી રહે તેવા ઉમદા હેતુથી ગુજરાતમાં કોઈ તાલુકો જીઆઈડીસી વિના બાકી ન રહે તે માટે રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે. અગાઉ ઉદ્યોગપ્રધાન બલવંતસિંહ રાજપૂતે નવી ૨૧ જીઆઈડીસી શરૂ કરવાની જાહેરાત કરી હતી.

આ માટે ઉદ્યોગ વિભાગ દ્વારા લાંબા સમયથી નવી ઔદ્યોગિક વસાહતો શરૂ કરવાની પ્રક્રિયા ચાલતી હતી તેને આખરી ઓપ આપી દેવાયો છે. નવી જંત્રીના દર લાગુ પડે તે પૂર્વે ૨૧ પૈકી જે જીઆઈડીસીમાં જમીન સંપાદન કરવાની બાકી છે, તેમાં ઝડપથી સરકારી પડતર જમીન ઉદ્યોગ વિભાગ દ્વારા ચલણ ભરીને જંત્રીના ભાવે ખરીદવામાં આવશે. તે પછી તેમાં રોડ-રસ્તા, વીજળી, ડ્રેનેજની સુવિધા અને પ્લોટિંગ સાથે માળખું તૈયાર કરીને જે તે ઉદ્યોગકારોને પ્લગ એન્ડ પ્લે તરીકે ઑફર કરાશે.

# અમદાવાદમાં સોસાયટીના રિડેવલપમેન્ટ પ્રોજેક્ટમાં થોડા સભ્યોના વિરોધ સામે હાઈ કોર્ટનું આકરું વલણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં ૪૦ વર્ષ જૂની સોસાયટીઓના રીડેવલપમેન્ટ માટેની પ્રક્રિયા અંગે એક મહત્ત્વપૂર્ણ ચુકાદામાં હાઈ કોર્ટે સોસાયટીના રીડેવલપમેન્ટમાં કાયદાકીય મુદ્દાઓ પર વિધાનો ઊભાં કરનાર સામે આકરી ટીકા સાથે કન્ટેમ્પ્ટ ઑફ કોર્ટની અરજી ફગાવીને આકરો દંડ ફટકાર્યો હતો.

પ્રાપ્ત વિગતો પ્રમાણે અમદાવાદમાં જોધપુર સ્થિત વિવેકાનંદ નગર સોસાયટીના રહીશોમાં જેઓ વિરોધ કરતા હતા અને હાઈ કોર્ટમાં અપીલ દાખલ કરી હતી.

રીડેવલપમેન્ટમાં ફકત થોડા સભ્યો દ્વારા સમગ્ર પ્રક્રિયામાં કોઈ ને કોઈ વિધાન ઊભા કરીને બહુમતી સભ્યોના હિતોને જે રીતે રોકવા માટે પ્રયાસો થયા છે. આ પ્રકારના પ્રોજેકટમાં વિલંબથી સમગ્ર પ્રોજેક્ટ ખર્ચ વધી જાય છે અને કાનૂની પ્રક્રિયા પણ વધે છે. થોડા લઘુમતીમાં રહેલા સભ્યોની આ પ્રકારની પ્રવૃત્તિ સ્વીકાર્ય બને નહી તેવું જણાવીને હાઈ કોર્ટે આ અરજી કરનાર દરેકને રૂા. ૧૦-૧૦ હજારનો દંડ કર્યો હતો અને તે રકમ બે સપ્તાહમાં રાજ્ય કાનૂની સેવા સતામંડળમાં જમા કરાવવા આદેશ આપ્યો હતો.

હાઈ કોર્ટની ખંડપીઠે તા. ૨૩-૧-૨૩ના સિંગલ જજના આદેશને બહાલ રાખ્યો હતો અને રીડેવલપમેન્ટને લીલીઝંડી આપી હતી.

ફકત આ રીડેવલપમેન્ટની પ્રક્રિયા અટકાવવા જ થોડા રહીશો એક બાદ એક કાનૂની અરજીઓ ઊભી કરતા રહ્યા હતા અને જૂનો ઑર્ડર રદ કરવા માગણી કરી હતી.

# રોકાણ ડૂબતાં કંપનીના કર્મચારીઓનું અપહરણ કરી બિટકોઈન પડાવનાર આરોપીના જામીન હાઈ કોર્ટે રદ કર્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: બિટકોઇનમાં કરેલું રોકાણ ડૂબી જતાં રોકાણકારે બિટકોઇન કંપનીના કર્મચારીઓનું અપહરણ કરી ૧૪.૫ કરોડ ઉપરાંત ૨,૦૯૧ બિટકોઇન્સ અને ૧૧ હજાર લિટકોઇન્સ પડાવી લીધા હોવાનો મામલો હાઈ કોર્ટમાં પહોંચ્યો હતો. જેમાં કોર્ટે આરોપીની જામીન અરજી ફગાવી દીધી હતી.

હાઈ કોર્ટે આરોપી શૈલેષ ભટ્ટની જામીન અરજી રદ કરતાં નોંધ્યું હતું કે, આ કેસની તપાસ દરમિયાન આવેલી વિગતો પરથી સ્પષ્ટ થાય છે કે, આરોપીએ મેસર્સ બિટકનેક્ટ લિમિટેડ નામની એક કંપનીમાં રૂપિયા ૧.૭ કરોડનું રોકાણ કર્યું હતું.

આ કંપનીએ અરજદારને રોકાણની સામે રોજ અડધાથી બે ટકા રિટર્ન આપવાનો વાયદો આપ્યો હતો, પરંતુ કંપની બંધ થઈ ગઈ હતી. જેના પરિણામે અરજદારને જંગી નુકસાન વેઠવું પડ્યું હતું.

કોર્ટે નોંધ્યું હતું કે, ફરિયાદી પક્ષના કેસ પ્રમાણે આ નુકસાનને પહોંચી વળવા માટે અરજદાર અને અન્ય સહ આરોપીઓએ એક પ્લાન બનાવી બિટકનેક્ટના બે કર્મચારીઓનું અપહરણ કર્યું હતું. ત્યાર બાદ એકબીજાની મદદથી કર્મચારીઓ પાસેથી ૧૪.૫ કરોડ રોકડા ઉપરાંત ૨,૦૯૧ બિટકોઇન્સ અને ૨,૦૯૧ લિટકોઇન્સ પડાવી તેમને છોડી મૂક્યા હતા. આ પડાવી લીધેલી રકમ આરોપીઓએ વહેંચી લીધી હતી.

પ્રિવેન્શનલ ઑફ મની લોન્ડરિંગ એક્ટની જોગવાઇ હેઠળ પણ અરજદારના નિવેદન લેવામાં આવ્યાં હતાં, પરંતુ તપાસ દરમિયાન અરજદાર આરોપીએ ઉડાઉ જવાબો આપ્યા હતા. આરોપીએ બિટકોઇન્સ અને રોકડા રૂપિયા અન્ય સહઆરોપીઓને વિવિધ રીતે ટ્રાન્સફર કર્યા છે.

કોર્ટ માટે એ માનવું કે ઠરાવવું મુશ્કેલ છે કે આરોપી વ્યક્તિ ગુનામાં દોષિત નથી અને તેને જામીન આપીએ તો એ કોઈ અન્ય ગુનો નહીં કરે.

આ સિદ્ધાંતને ધ્યાનમાં રાખતાં કોર્ટે આરોપીની તરફેણમાં પોતાની સત્તાનો ઉપયોગ કરવાનો ઇનકાર કરી તેની જામીન અરજી રદબાતલ ઠેરવી હતી.

# આંગણવાડી કેન્દ્રોમાં ગૅસ સુવિધા પૂરી પાડવાની પહેલ કરનાર ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ રાજ્ય

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: વિધાનસભાના ધારાસભ્ય દ્વારા આંગણવાડી કેન્દ્રોમાં આપવામાં આવતાં ગૅસ કનેક્શન આપવા અંગે પુછાયેલા પ્રશ્નનો મહિલા અને બાળ કલ્યાણ વિભાગ વતી જવાબ આપતાં પ્રધાન પ્રફુલભાઈ પાનસેરિયાએ જણાવ્યું હતું કે, આંગણવાડી કેન્દ્રોમાં ગૅસ સુવિધા પૂરી પાડવાની પહેલ કરનાર ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ રાજ્ય છે. હાલની પરિસ્થિતિમાં રાજ્યમાં ૫૩,૦૬૫ આંગણવાડીઓ કાર્યરત છે અને આ તમામ આંગણવાડી કેન્દ્રોમાં ગૅસ કનેક્શન આપવામાં આવ્યાં છે.

તેમણે ઉમેર્યું હતું કે, ખેડા જિલ્લામાં તમામ આંગણવાડી કેન્દ્રમાં ૧,૯૭૯ ગૅસ કનેક્શન, ગાંધીનગરમાં તમામ ૯૫૧, મહીસાગરમાં તમામ ૧,૩૧૬, અરવલ્લીમાં તમામ ૧,૪૫૦, જામનગરમાં તમામ ૮૮૮ આંગણવાડી કેન્દ્રમાં ગૅસ કનેક્શન આપવામાં આવ્યાં છે. ગૅસ કનેક્શન આપવા માટે એક આંગણવાડી દીઠ રૂા.૬,૬૩૦નો ખર્ચ થાય છે.

તેમણે વધુ વિગતો આપતાં કહ્યું હતું કે, રાજ્ય સરકારે આંગણવાડી કાર્યકર અને બાળકોના સ્વાસ્થ્યની ચિંતા કરીને તેમના આરોગ્યને નુકસાન ન થાય તેવા ઉમદા હેતુથી આંગણવાડી કેન્દ્રોમાં ગૅસ કનેક્શન આપવામાં આવ્યાં છે.

આંગણવાડી કેન્દ્રમાં ગૅસ કનેક્શન આપવાથી આંગણવાડી કાર્યકર, હેલ્પર તથા બાળકોને લાકડાના ધુમાડાથી આંખો અને ફેફસાને થતું નુકસાન અટકે છે, પર્યાવરણનું રક્ષણ થાય છે, આ ઉપરાંત ખોરાક ઝડપથી તૈયાર થાય છે. આંગણવાડી કેન્દ્ર ખાતે અપાયેલાં ગૅસ કનેકશનમાં સુરક્ષાની તમામ બાબતોનું ધ્યાન રાખવામાં આવે છે. અધિકારીઓ દ્વારા સમયાંતરે તેનું ચેકિંગ પણ કરવામાં આવે છે જો ક્ષતિ જણાય વહેલામાં વહેલી તકે તે ક્ષતિને દૂર કરાય છે.

# ગુજરાતનું દેશના કુલ જી.ડી.પી.માં ૮.૩ ટકા યોગદાન: ઉદ્યોગપ્રધાન બલવંતસિંહ રાજપૂત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: વિધાનસભા ખાતે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતના સંબોધન માટે આભાર પ્રસ્તાવની ચર્ચામાં સહભાગી થતાં ઉદ્યોગ પ્રધાન બલવંતસિંહ રાજપૂતે જણાવ્યું હતું કે, રાજ્ય સરકારે આરોગ્ય, શિક્ષણ, આંતર માળખાકીય સુવિધાઓ, ઔદ્યોગિક, નીતિગત, સામાજિક જેવાં તમામ ક્ષેત્રોમાં ઐતિહાસિક અને પરિવર્તનશીલ કામગીરી તેમ જ જનકલ્યાણકારી યોજનાઓ દ્વારા લોકહિતનાં અનેક કામો કરી રહી છે. રાજ્યમાં રોજગારીની નવી તકો ઊભી થઈ રહી છે. ભારતની માત્ર ૫ ટકા વસ્તી ધરાવતું ગુજરાત હવે દેશના કુલ જી.ડી.પી.માં ૮.૩ ટકાનું યોગદાન આપી રહ્યું છે.

ઉદ્યોગપ્રધાને કહ્યું હતું કે, શાળા પ્રવેશોત્સવ, વન મહોત્સવ, કૃષિ મહોત્સવ, કન્યા કેળવણી મહોત્સવ, નિર્મળ ગુજરાત જ્યોતિર્ગ્રામ યોજના, ખેલ મહાકુંભ, સુજલામ-સુફલામ યોજના, વનબંધુ કલ્યાણ યોજના અને બેટી બચાવો-બેટી પઢાવો જેવી અનેક ઐતિહાસિક પહેલોના કારણે ગુજરાતમાં મહત્ત્વપૂર્ણ પરિવર્તનો જોવા મળી રહ્યાં છે. જેના પરિણામે અન્ય રાજ્યોનું ધ્યાન પણ ગુજરાત તરફ આકર્ષાયું છે.

વાઇબ્રન્ટ ગુજરાતનાં આયોજન વિશે તેમણે જણાવ્યું કે, વિશ્વના રોકાણકારો, ઉદ્યોગકારો અને મલ્ટીનેશનલ કંપનીઓનું ધ્યાન ગુજરાત તરફ આકર્ષાયુ છે. ગુજરાતના વિકાસ માટે યોજનાઓની સાથે-સાથે નીતિગત સુધારાઓ, માળખાગત સુવિધાઓ અને ટેકનોલૉજીના મહત્તમ ઉપયોગના લીધે ઇચ્છિત લક્ષ્યાંક પ્રાપ્ત થયાં છે. ભવિષ્યના વિકસિત ભારત માટે ઉત્તમ માનવ સંશાધન તૈયાર કરવા માટે ગુજરાતમાં ચોક્કસ ક્ષેત્રો માટે વિશિષ્ટ અભ્યાસક્રમો ચલાવતી યુનિવર્સિટીઓ જેવી કે, રક્ષાશક્તિ યુનિવર્સિટી, પંડિત દિનદયાલ એનર્જી યુનિવર્સિટી, લકુલિશ યોગ યુનિવર્સિટી, ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી, ગુજરાત ટેકનોલૉજીકલ યુનિવર્સિટી, નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી જેવી અનેક ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓ શરૂ કરવામાં આવી છે. આધુનિક સમયમાં વપરાતી ટેકનોલૉજીના અભ્યાસક્રમોથી યુવાનોને સજ્જ કરવામાં આવે છે. આ યુનિવર્સિટીમાં એ.આઈ., ડ્રોન, માનવ સંશાધન, મૅનેજમેન્ટ, ફાઇનાન્સ, કમ્પ્યુટિંગ, હેલ્થકેર, એગ્રીસાયન્સ, મેન્યુફેક્ચરિંગ અને ઇન્ફ્રાસ્ટ્રક્ચર જેવા અભ્યાસક્રમોમાં સર્ટિફિકેટ, ડિપ્લોમા અને ડિગ્રી કોર્સ ચલાવવામાં આવે છે. સમગ્ર દેશમાં ગુજરાત એકમાત્ર રાજ્ય એવું છે જેણે આગામી ૨૫ વર્ષનો વિકાસનો રોડમેપ તૈયાર કરવાનું બીડુ ઝડપ્યું છે. વિકસિત ભારત ૨૦૪૭ના વિઝન હેઠળ વિકસિત ગુજરાતથી વિકસિત ભારત બનવાનું લક્ષ્ય રાખ્યું છે. ગુજરાતમાં પાણી છલોછલ, પાક છલોછલ, વીજળી છલોછલ, ઉદ્યોગો છલોછલ, તિજોરી છલોછલ, નાગરિક સુવિધાઓ છલોછલ જેવી અનેક સુવિધાઓ છલોછલ છે. છલોછલ સરકારની છલોછલ કામગીરીનું પ્રતિબિંબ રાજ્યપાલના પ્રવચનમાં છલોછલ દેખાઈ રહ્યું છે.

# દૈનિક મુંબઈ સમાચાર

૨૦૩ વર્ષ

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૪ ■ Volume 68 ■ Issue 50 ■ વિક્રમ સંવત ૨૦૮૧

■ ■ ફાલ્ગુન સુદ - ૧ ■ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 28 February 2025, Friday ■ REGD.No. MCS/058/2024-26

શુક્રવાર, ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | મેટિની પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u



ANTARA GOLD & DIAMONDS
DADAR | BORIVALI
TODAY'S GOLD RATE
₹77,940/-
PER 10 GRAMS OF 22KT BIS HALLMARKED JEWELLERY
WE BUY OLD GOLD AT BEST RATE
DIAMOND JEWELLERY
VVS-VS F-G QUALITY
CERTIFIED NATURAL DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565
OPEN ON ALL DAYS


## મહાકુંભ નવી જાગૃત સભાનતા સાથેનો રાષ્ટ્રીય મેળાવડો હતો: મોદી

નવી દિલ્હી: વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે કહ્યું હતું કે આ મહાકુંભે નવી જાગૃત સભાનતા આણી છે અને સેંકડો વર્ષની ગુલામીની માનસિકતામાંથી મુક્તિ આપી નવી ચેતના સાથે મુક્ત રીતે શ્વાસોશ્વાસ કરતા રાષ્ટ્રનું નિર્માણ કર્યું છે.

મહાકુંભના સમાપનના એક દિવસ બાદ બ્લૉગ પરના સંદેશામાં તેમણે લખ્યું હતું કે મહાકુંભનું સમાપન થયું છે. એકતાનો મહાયજ્ઞ પૂરો થયો છે.

'વિકસિત ભારત'ના લક્ષ્યને પાર પાડવા દેશ હવે આ જ પ્રકારના આત્મવિશ્વાસ અને એકતા સાથે આગેકૂચ કરશે, એમ તેમણે કહ્યું હતું.

મહાકુંભ દરમિયાન ધારણા કરતાં વધુ શ્રદ્ધાળુઓએ સંગમમાં (જુઓ પાનું ૨) ▶▶


હવે વધુ પરવડે એવું




અમૂલ ગોલ્ડ

1 L: ~~₹68*~~ ₹67*

આ ઑફર સીમિત સમય માટે છે.

*એમઆરપી (બધાં કરવેરા સહિત), ટ્રાન્સપોર્ટેશન અને કૂલિંગ ચાર્જિસ સામેલ છે. શરતો લાગુ. પૂછપરછ/ઉપલબ્ધતા માટે કૃપા કરી સંપર્ક કરો: વેસ્ટર્ન: 9920595097, સેન્ટ્રલ: 7447610536, થાણે: 7757031237, નાશિક: 7798747877, રાયગઢ: 9969279148

અમૂલ દૂધ પીતા હૈ ઈંડિયા


## સુરતમાં ટેક્સટાઈલ માર્કેટની આગ બે દિવસે કાબૂમાં: ૪૫૦ દુકાનો ખાખ

### ₹ ૫૦૦ કરોડના નુકસાનનો અંદાજ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સુરતની શિવશક્તિ ટેક્સટાઈલ માર્કેટમાં બુધવારે આગ ફાટી નીકળી હતી. આગની જ્વાળાઓએ માર્કેટના પહેલા અને બીજા માળને લપેટમાં લીધો હતો. ફાયર વિભાગે ૪૦થી વધુ ગાડીઓ મારફતે ૪૦ લાખ લિટર પાણીનો મારો ચલાવી આગને કાબૂમાં લીધી હતી. આ આગમાં ૪૫૦ દુકાનો બળીને ખાખ થઈ ગઈ હતી. જેના કારણે અંદાજિત ૫૦૦ કરોડનું નુકસાન થયું હોવાનું વેપારીઓએ જણાવ્યું હતું. લાઈટ એન્ડ ફાયર સમિતિના ઉપપ્રમુખ નરેન્દ્ર પાંડવે કહ્યું હતું કે ફાયર એનઓસી આપનાર એજન્સીની પણ તપાસ કરાવીશું. પહેલી વખત જ્યારે ફાયર સેફ્ટીને સુવિધાની એનઓસી આપવામાં આવે છે તે કૉર્પોરેશન દ્વારા આપવામાં આવે છે. ત્યાર બાદ જે એનઓસી આપવામાં આવે છે તે સરકારે નક્કી (જુઓ પાનું ૨) ▶▶

ચેમ્પિયન્સ ટ્રોફીમાં પાકિસ્તાનનું નાક કપાયું ૧૧


RAJSHRUNGAR®
RAJKOT
Real
BANDHANI
Patan & Rajkoti
PATOLA
February 28 FRI | March 01 SAT 02 SUN 03 MON
Time : 11:00 am to 09:00 pm
ABITARE ART GALLERY
V Mehta Road, Juhu Scheme, Vile Parle, West, Mumbai
Follow us
9879187787 RAJSHRUNGAR RAJKOT
Print Master



Fitness Highway SLIMMING BEAUTY & WELLNESS
DR. BHAVANA SHAH FITNESS CARE PVT. LTD.
www.fitnesshighway.in
OFFER Exclusive Women's Day Offer
HURRY UP..! LIMITED PERIOD OFFER..!



HAPPY WOMEN'S DAY
This Women's Day, take a step toward a healthier, happier you!
LOSE UPTO 10 KG | IN 2 MONTHS*
*TERMS & CONDITIONS APPLY
Signature FAT FREEZE
SAFE, NON-SURGICAL & EFFECTIVE..!
Are you a Busy Professional or a Homemaker Struggling with Weight Management..? We Make Weight Loss Easy..!
Visit Fitness Highway - No Extreme Diets, No Hard Workouts - Just Results!
*Advertisement for preliminary purposes only. Pictures representative. Results vary from person to person.
Santacruz (W) 9082171429
Borivali (W) 8779170578
Erandwane (Pune) 8390908643
*Medical advise recommend before use. Condition apply.

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# દોષિત નેતાઓનો ચૂંટણી લડવા અંગે કાયદો બદલાવો જોઈએ

**સુપ્રીમ** કોર્ટમાં ફોજદારી કેસોમાં દોષિત ઠેરવાયેલા રાજકારણીઓ પર આજીવન પ્રતિબંધની માગ કરતી અરજીના મુદ્દે ચાલી રહેલી સુનાવણીમાં કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકારે રજૂ કરેલા જવાબના કારણે દાગી નેતાઓનો મુદ્દો ફરી ચર્ચામાં છે. દોષિત નેતાઓ પર આજીવન પ્રતિબંધની માગ કરતી અરજી પરના જવાબમાં સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારનો જવાબ માગ્યો હતો.

કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકારે દોષિત નેતાઓ પર આજીવન પ્રતિબંધની માગનો વિરોધ કર્યો છે અને કહ્યું છે કે, દોષિત ઠરેલા નેતાને ૬ વર્ષ માટે ગેરલાયક ઠેરવવામાં આવે એ પૂરતું છે. કેન્દ્ર સરકારે એવી રજૂઆત પણ કરી છે કે, દોષિત નેતાની ગેરલાયકાત અંગે નિર્ણય લેવો સંસદના અધિકારક્ષેત્રમાં આવે છે તેથી સુપ્રીમ કોર્ટે આ વાતમાં ના પડવું જોઈએ,

દોષિત નેતાઓ પર આજીવન પ્રતિબંધની માગ કરતી અરજી એડવોકેટ અશ્વિની ઉપાધ્યાયે ૨૦૧૬માં કરી હતી. ઉપાધ્યાય અસરકારક અને લોકશાહીના હિતમાં હોય એવા મુદ્દા ઉઠાવવા માટે જાણીતા છે. ઉપાધ્યાયે લોક પ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૮ અને ૯ની બંધારણીય માન્યતાને પડકારતી જાહેર હિતની અરજી (ૐક) કરીને સવાલ ઉઠાવાયો હતો કે, રાજકીય પક્ષો સારી છબી ધરાવતા લોકોને કેમ શોધી શકતા નથી એ સમજાવવું જોઈએ.

ઉપાધ્યાયે દેશમાં સાંસદો અને ધારાસભ્યો સામેના ફોજદારી કેસોનો ઝડપથી નિકાલ થાય અને દોષિત રાજકારણીઓ પર આજીવન પ્રતિબંધ લદાય એવી માગણી પણ કરી છે. લોક પ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૮(૧) હેઠળ ગેરલાયકાતનો સમયગાળો દોષિત ઠેરવવામાં આવ્યાની તારીખથી છ વર્ષ અથવા કેદના કિસ્સામાં મુક્તિની તારીખથી છ વર્ષનો છે પણ ઉપાધ્યાયની માગણી છે કે આ સમયગાળો આજીવન હોવો જોઈએ. મતલબ કે, કોઈ પણ રાજકારણી એક વાર દોષિત ઠરે પછી આજીવન ચૂંટણી ના લડી શકે એવી જોગવાઈ કરાવી જોઈએ.

સુપ્રીમ કોર્ટે એપ્રિલ ૨૦૧૩માં ચુકાદો આપેલો કે જે ધારાસભ્યો અને સાંસદોને ઓછામાં ઓછી ૨ વર્ષની જેલની સજા ફટકારવામાં આવી છે તેમનું સભ્યપદ તાત્કાલિક અસરથી લઈ લેવાશે. અલબત્ત તેની સામે અપીલ કરવા માટે ૩ મહિનાનો સમયગાળો નક્કી કરવામાં આવ્યો હતો. ઉપાધ્યાયનું કહેવું છે કે, આ ત્રણ મહિનાના ગાળામાં મોટા ભાગના રાજકારણીઓ સજા પર સ્ટે લઈ આવે છે તેથી સજાનો મતલબ રહેતો નથી. આ કારણે કાયદામાં એ ફેરફાર પણ કરવો જોઈએ કે, એક વાર સજા થાય પછી ઉપલી કોર્ટમાં નિર્દોષ ના ઠરે ત્યાં સુધી ચૂંટણી લડવા પર પ્રતિબંધ જ હોવો જોઈએ. કેન્દ્ર સરકારનું કહેવું છે કે, અરજદાર દ્વારા ઉઠાવવામાં આવેલા મુદ્દા વ્યાપક અસરો ધરાવે છે તેથી તેના વિશે ઉતાવળે નિર્ણય ના લેવાવો જોઈએ. કેન્દ્ર સરકારને આજીવન પ્રતિબંધ મૂકવા સામે પણ વાંધો છે અને સુપ્રીમ કોર્ટ આ મામલે દખલ કરે એ પણ પસંદ નથી.

કેન્દ્ર સરકારની એ દલીલ સાચી છે કે, આ મામલો સંસદના અધિકારક્ષેત્રમાં આવે છે તેથી સુપ્રીમ કોર્ટે તેમાં દખલ ના કરવી જોઈએ. આ મુદ્દે કોઈ મતભેદ નથી ને ખુદ સુપ્રીમ કોર્ટ આ વાત સ્વીકારી ચૂકી છે. સુપ્રીમ કોર્ટમાં રાજકારણના અપરાધીકરણના મામલે ભૂતકાળમાં અરજીઓ થઈ જ છે. ભાજપના નેતા અશ્વની ઉપાધ્યાય, ભૂતપૂર્વ મુખ્ય ચૂંટણી કમિશ્નર જેમ્સ લિંગદોહ અને પબ્લિક ઈન્ટરેસ્ટ ફાઉન્ડેશન નામના સંગઠને રાજકારણમાં અપરાધીકરણ રોકવા સુપ્રીમ કોર્ટમાં અરજી કરેલી.

આ ત્રણેય જણાએ અલગ અલગ અરજીઓ કરેલી. ઉપાધ્યાયે માગ કરેલી કે, કોઈ પણ અપરાધમાં દોષિત ઠરેલા સંસદસભ્ય કે વિધાનસભ્ય પર ચૂંટણી લડવાનો આજીવન પ્રતિબંધ ઠોકી દેવો જોઈએ. લિંગદોહ અને પબ્લિક ઈન્ટરેસ્ટ ફાઉન્ડેશને એક કદમ આગળ વધીને, જેમની સામે આરોપો ઘડાયા હોય એવા લોકો ચૂંટણી જ ના લડી શકે એવું ફરમાન કરવા સુપ્રીમ કોર્ટને વિનંતી કરેલી.

સુપ્રીમ કોર્ટે આ મામલે ચૂંટણી પંચનો જવાબ માગેલો. ચૂંટણી પંચે થોડાં ગલ્લાંતલ્લાં કરેલાં એટલે સુપ્રીમે તેમને તતડાવ્યા પછી પંચે જવાબ રજૂ કરેલો. પંચે અપરાધી ઠરેલા સાંસદો ને ધારાસભ્યોના ચૂંટણી લડવા પર પ્રતિબંધની તરફેણ કરેલી. સુપ્રીમે કેન્દ્ર સરકારનો પણ જવાબ માગેલો. કેન્દ્ર સરકારે દહીં ને દૂધ બંનેમાં પગ રાખીને કશું ચોખ્ખેચોખ્ખું નહોતું કહ્યું.

આ મામલે સુપ્રીમ કોર્ટની પાંચ જજોની બંધારણીય બેંચે સુનાવણી પછી હાથ અધ્ધર કરી નાખ્યા હતા. સુપ્રીમ કોર્ટે સાફ શબ્દોમાં કહી દીધું હતું કે, તેની પાસે એવા કોઈ અધિકાર નથી કે કોઈ અપરાધીને ચૂંટણી લડતો રોકી શકે. કોઈ વ્યક્તિ સામે આરોપો ઘડાયા હોય તેના જોરે કોઈ વ્યક્તિને ચૂંટણી લડવા માટે ગેરલાયક ઠેરવવાની તેની પાસે કોઈ સત્તા નથી. સરકાર આવો કાયદો બનાવે ને સંસદમાં પાસ કરે તો એ થાય, બાકી અમારા હાથમાં કશું નથી.

સુપ્રીમ કોર્ટે ચૂંટણી લડનારે પોતાની સામે થયેલા ક્રિમિનલ કેસોની વિગતો ચૂંટણી પંચને આપવાથી માંડીને પોતાની એફિડેવિટમાં મોટા અક્ષરે તેની વિગતો લખવી એ પ્રકારની કાળજી લેવાની વાત કરી હતી. ચૂંટણીને લગતા કાયદાઓમાં આ વાતો આવી જાય છે. રાજકીય પક્ષે પોતાની વેબસાઈટ પર દરેક ઉમેદવારનો ક્રિમિનલ રેકોર્ડ મૂકવો ને ઉમેદવારીપત્રો ભરાય પછી ઓછામાં ઓછું ત્રણ વાર મોટાં અખબારોમાં ક્યા ઉમેદવાર સામે ક્રિમિનલ કેસ છે તેની વિગતો પ્રસિદ્ધ કરાવડાવવી એવાં ફરમાન સુપ્રીમ કોર્ટે આપ્યાં હતાં. ટૂંકમાં સુપ્રીમ કોર્ટે એ વખતે જ સંસદની સત્તા સ્વીકારી લીધી હતી તેથી કોઈ વિખવાદ રહેતો નથી.

કેન્દ્ર સરકારે આજીવન પ્રતિબંધના બદલે છ વર્ષ માટે જ પ્રતિબંધની તરફેણ કરી એ ખટકે એવી વાત છે. સામે ઉપાધ્યાયે કરેલી આજીવન પ્રતિબંધની માગ પણ વ્યવહારુ નથી. ભારતમાં સરકારી તંત્ર કે ન્યાયતંત્ર એકદમ સત્યને રસ્તે જ ચાલતું નથી. આ સંજોગોમાં ઘણા કેસોમાં રાજકીય કિન્નાખોરીના કારણે કે ભ્રષ્ટાચારના કારણે સજા થઈ જાય એવું બનતું હોય છે. રાહુલ ગાંધીને બદનક્ષીના કેસમાં દોષિત ઠેરવીને ગેરલાયક ઠેરવી દેવાયા તેમાં એવું થયેલું જ. બીજું એ કે કોઈ પણ વ્યક્તિ ભ્રષ્ટાચારના કેસમાં દોષિત ઠરે પછી તેને સુધરવાની તક પણ મળવી જોઈએ તેથી આજીવન પ્રતિબંધ વધારે પડતો કહેવાય પણ અમુક કેસોમાં દોષિત ઠરેલા પર આજીવન પ્રતિબંધ મુકાવો જરૂરી છે. બળાત્કાર, હત્યા, હત્યાનો પ્રયાસ, દેશદ્રોહ સહિતના ગુનામાં દોષિત ઠરેલાં પર આજીવન પ્રતિબંધ મૂકવો જ જોઈએ. અત્યારે ટકે શેર ભાજી ને ટકે શેર ખાજાં કરીને બે વર્ષથી વધારે સજાના દરેક કેસમાં સરખો વ્યવહાર કરાય છે. તેના બદલે મોદી સરકારે ગંભીર કેસો માટે અલગ ધારાધોરણ અને સામાન્ય કેસો માટે અલગ ધારાધોરણ એવો કાયદો બનાવવો જોઈએ.

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ - સૌર વસંતઋતુ, શુક્રવાર, તા. ૨૮-૨-૨૦૨૫, ફાગણ શુક્લ પક્ષ પ્રારંભ

- ભારતીય દિનાંક ૯, માહે ફાગણ, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, ફાગણ સુદ -૧
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે ફાગણ, તિથિ સુદ-૧
- પારસી શહેનશાહી રોજ ૧૮મો રશ્ને, માહે ૭મો મેહેર, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૧૮મો રશ્ને, માહે ૮મો આવાં, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૧૫મો દએપમહેર, માહે ૧૨મો સ્પેન્દાર્મદ, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૨૯મો, માહે ૮મો શાબાન, સને ૧૪૪૬
- મીસરી રોજ ૧લો, માહે ૯મો રમજાન, સને ૧૪૪૬
- નક્ષત્ર શતભિષા બપોરે ક. ૧૩-૩૯ સુધી પછી પૂર્વાભાદ્રપદા.
- ચંદ્ર કુંભમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ કુંભ (ગ, સ, શ, ષ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ. ૦૦, અમદાવાદ ક. ૦૭ મિ. ૦૪, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૪૨, અમદાવાદ ક. ૧૮ મિ. ૪૧, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતીઃ બપોરે ક. ૧૨-૧૫, મધ્યરાત્રે ક. ૦૦-૪૦
- ઓટઃ સાંજે ક. ૧૮-૧૭, મધ્યરાત્રિ પછી ક. ૦૬-૫૧ (તા. ૧લી)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, 'ક્રોધી' નામ સંવત્સર, ફાગણ શુક્લ - પ્રતિપદા. ઈષ્ટિ, પંચક.
- શુભાશુભ દિનશુદ્ધિઃ સામાન્ય દિવસ. મુહૂર્ત વિશેષઃ રાહુ-ગુરુ દેવતાનું પૂજન,વરુણ દેવતાનું પૂજન,સર્વશાંતિ-શાંતિ પૌષ્ટિક પૂજા,વિદ્યારંભ,રાજ્યાભિષેક,પાટ અભિષેક પૂજા,બગીચો બનાવવો,ધજા,કળશ,પતાકા ચઢાવવી,આભૂષણ,વસ્ત્રો,વાહન,માલ લેવો,બાળકનું નામકરણ,દેવદર્શન,અન્નપ્રાશન,નોકરી ,દુકાન,વેપાર,ધાન્ય વેચવું,ધાન્ય ભરવું,પશુ -લે વેચ,વૃક્ષ વાવવાં,આંબો વાવવો, પરગામ પ્રયાણ. કદમ્બનું વૃક્ષ વાવવું ,પરદેશનું પસ્તાનું.

ફાગણ માસ સંક્ષિપ્ત(તા.૨૮.૨.૨૦૨૫ થી તા.૨૯.૩.૨૦૨૫) :શુક્લ પક્ષમાં ક્ષય-વૃદ્ધિ નથી, દિવસ ૧૫, કૃષ્ણ પક્ષમાં દિવસ ૧૫ એમ કુલ 30 દિવસનો આ માસ છે.તા.૧૪ પૂનમ ધૂળેટીનાં રોજ ખગ્રાસ ચંદ્ર ગ્રહણ અને અમાસમાં ખંડગ્રાસ સૂર્યગ્રહણ ભારતમાં દેખાશે નહીં આથી પાળવું નહિં. હોળાષ્ટક તા.૬ થી ૧૪ માર્ચ સુધી છે.તા.૧૯ થી તા.૨૩ શુક્રનો અસ્ત છે.આ સમયમાં માંગલિક કાર્યો વર્જ્ય છે.આ માસનાં લગ્ન મુહૂર્તોઃ૨,૩,૧૬,૧૮,૨૦,૨૪,૨૫,૨૬ ખાત મુહૂર્તઃ ૧,૧૫,૧૮ વાસ્તુ કળશઃતા.૧ સર્વદેવ પ્રતિષ્ઠા તા.૧,૧૬,૨૦ ઉપનયનઃતા.૨,૧૬,૨૦.આ માસનું મુખ્ય પર્વ તા.૧૩ હોળી,તા.૧૪ ધૂળેટી, પૂનમે ઉત્તરાફાલ્ગુની નક્ષત્ર છે.

- આચમનઃ ચંદ્ર-ગુરુ ચતુષ્કોણ બેઈમાની બતાવે. ચંદ્ર-મંગળ ત્રિકોણ મહેનતુ સ્વભાવ, ચંદ્ર-શનિ યુતિ આશાવાદી.ખગોળ
- જ્યોતિષઃ ચંદ્ર-ગુરુ ચતુષ્કોણ, ચંદ્ર-મંગળ ત્રિકોણ, ચંદ્ર-શનિ યુતિ
- ગ્રહગોચરઃ સૂર્ય-કુંભ, માર્ગી મંગળ-મિથુન, બુધ-કુંભ, માર્ગી ગુરુ-વૃષભ, શુક્ર-મીન, શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, માર્ગી હર્ષલ-મેષ. માર્ગી નેપ્ચૂન-મીન, માર્ગી પ્લુટો-મકર.

## પ્રજામત

### વોહ સુબહ કભી તો આયેગી... વોહ સુબહ કભી તો આયેગી...

રસ્તા પરથી પસાર થતા નિસ્તેજ ચહેરા, આંખો ઊંડી ઉતરી ગયેલી, ગાલમાં ખાડા પડી ગયેલ, શરીર હાડપિંજર, પડી જવાની ભીતી દીશે. કુપોષણની અસર સમગ્ર શરીર પર વર્તાય. પેટમાં ખાડા પડી ગયા હોય, જાણે કે દિવસો સુધી અન્ન આરોગ્યું જ ન હોય, માત્ર પાણી, પાણી, પાણી જ પીધે રાખ્યું હોય. ચારેબાજુથી મુસીબતનો મારો થતો રહ્યો હોય. જીવનમાં બે પાંદડે ક્યારે થવાશેની આશાઓના મિનારા નીહાળ્યા હોય સ્વપ્નોમાં...દિવસની વાત જવા દો, પણ પળભર પણ કેમ વિતશેની ફિકરથી હૃદયમાં ધકધક. ફેફસાં શ્વાસો શ્વાસ અટકી અટકી લેતાં...જાણે થાંભલો થઈ ચાલવાની હિમ્મત જ ન કરી શકે... શું જિંદગી જીવાય રહી છે...અફસોસ...ઈશ્વરનું સ્મરણ પણ ટુકડે ટુકડે લેવાય.. ક્યાં છો તું ઈશ્વર? ઈશ્વર તું તો સૃષ્ટિનો કર્તાહર્તા છો...અમારું શરણ છો...કહી શકીશ કે વોહ સુબહ કભી તો આયેગી...કે મદમસ્ત જિંદગી જીવાય રહી હોય...ખુશીઓનું મેઘધનુષ આકાશમાં લહેરાતું હોય.

વોહ સુબહ કભી તો આયેગી...દિલને યકીન છે...મનમાં વિશ્વાસ છે,

વોહ સુબહ કભી તો આયેગી...આયેગી જરૂર આયેગી...

**હર્ષદ દડિયા, ઘાટકોપર (ઈસ્ટ)**

### મહિલાઓની સુરક્ષા યોજના સત્વરે શરૂ કરવાની વિનંતી

શહેરી વિસ્તારોના માર્ગમાં અસલામત મહિલાઓ પેનિક બટન દબાવીને તાત્કાલિક પોલીસની મદદ મેળવી શકે એ માટે કેન્દ્ર સરકારે નિર્ભયા ફંડમાં ૩૦૦૦ કરોડની એક યોજના બનાવી હતી. જોકે એ વાતને આઠ વર્ષ પસાર થવા છતાં પણ યોજના શરૂ નથી થઈ. પેનિક પોલની સિસ્ટમ પાછળ ખર્ચેલા ૨૨૦ કરોડ રૂપિયા વ્યર્થ સાબિત થયા છે. ૭૧૨માંથી ૨૯૬ સીસીટીવી કનેક્ટ જ થયા નથી. જોકે એની પાછળ કારણ એ ધરવામાં આવે છે કે ચોમાસુ અને સ્વચ્છતા અભિયાનના કારણે માર્ગ ખોદવાની મંજૂરી મળતી નથી. બીજી તરફ અમદાવાદમાં ઓલિમ્પિક રમતોત્સવ માટે રસ્તાઓ ઉપર ઘણુંબધું ખોદકામ ચાલી રહ્યું છે. જોકે મહિલાઓની સલામતી માટે પોલ લગાવવાની મંજૂરી નથી મળી રહી. એવામાં મહિલાઓની સુરક્ષા માટે વહેલાસર આ યોજનાનો અમલ કરવામાં આવે.

**મહેશ વ્યાસ (પાલનપુર)**

### જગતનો શ્રેષ્ઠ-પોષક પદાર્થ છીનવાઈ રહ્યો છે

આપણાં દેશમાં પ્રાચીન સમયથી દૂધનો મહિમા ગાવામાં આવે છે. આયુર્વેદમાં દેશી ગાયના દૂધને ઉત્તમ ઔષધ ગણવામાં આવ્યુ છે. દૂધના નિયમિત સેવનથી શરીરમાં રોગપ્રતિકારકશક્તિ વધે છે. દૂધમાં રહેલા કેલ્શિયમને કારણે હાડકા મજબૂત બને છે. સાથે જ દેશી ગાયનું દૂધ લોહીને પાતળું બનાવવામાં કારગર નીવડે છે. આજે દેશી ગાયનું દૂધ મેળવવું દૂરની વાત છે. આપણે જે દૂધ પીએ છીએ એ વાસી, અભક્ષ્ય તથા બનાવટી હોય છે. આવા બનાવટી સિન્થેટિક દૂધ આરોગીએ છીએ, જેમાં સ્વાદ-ગુણ અને સોડમ નથી. પશુઓના બેફામ થતા કતલને કારણે આવા દૂધનું ઉત્પાદન વધી રહ્યું છે. વર્તમાનમાં ઈંડાં, માંસ- માછલીએ દૂધ-ઘી-છાશનું સ્થાન લઈ લીધું છે. એથી જાણે-અજાણે આપણી સંસ્કૃતિ અને ધર્મ ભ્રષ્ટ થઈ રહ્યો છે.

**સેવંતીભાઈ સંઘવી (અંધેરી, મુંબઈ)**

પત્ર મિત્રોને ખાસ સૂચના પ્રજામત માટે પત્ર મોકલનારા વાચક મિત્રોને ખાસ વિનંતી કે તમારી લાગણીને વાચા આપતા કે કોઈ સમસ્યા અંગે ધ્યાન દોરતાં તમારા મંતવ્યો, લેખિત પત્રો દ્વારા અથવા અમારા નીચેના ઈ-મેઈલ આઈડી પર પણ મોકલી શકો છો.
E-mail: prajamat@bombaysamachar.com ચર્ચાપત્રના અંતે નામ સાથે પૂરું એડ્રેસ, ટેલિફોન અને મોબાઈલ નંબર તથા ઈ-મેલ આઈડી અચૂક લખવો. એડ્રેસ, ટેલિફોન અથવા મોબાઈલ નંબર નહીં લખ્યો હોય એવાં ચર્ચાપત્રોનો સ્વીકાર કરવામાં આવશે નહીં. - તંત્રી

# જિન હૅકમૅન, તેની પત્ની ન્યૂ મૅક્સિકોસ્થિત તેમનાં નિવાસસ્થાને મૃતઅવસ્થામાં મળી આવ્યાં

સાન્તા ફે કાઉન્ટી (મૅક્સિકો): ઑસ્કર વિજેતા અભિનેતા જિન હૅકમૅન, તેની પત્ની બૅટ્સી અરાકાવા અને તેમનો કૂતરો બુધવારે ન્યૂ મૅક્સિકોસ્થિત તેમનાં નિવાસસ્થાને મૃતઅવસ્થામાં મળી આવ્યાં હોવાનું સત્તાધિકારીઓએ કહ્યું હતું.

ઘટનાને મામલે તપાસ આરંભવામાં આવી હોવાનું જણાવતાં તેમણે કહ્યું હતું કે દગો, વિશ્વાસઘાત કે હત્યાની શંકા નથી.

જોકે તેમનાં મૃત્યુ અંગેનાં કારણોની પરિસ્થિતિ અંગેની કોઈ વિગતો જાહેર નહોતી કરાઈ.

સાન્તા ફે કાઉન્ટીના શૅરિફના પ્રવક્તા ડૅનિસ ઍવિલાએ કહ્યું હતું કે સ્થાનિક સમય પ્રમાણે બુધવારે બપોરે ૧:૪૫ વાગ્યે આ ત્રણેનાં મૃતદેહ તેમનાં નિવાસસ્થાનેથી મળી આવ્યા હતા.

ડઝનબંધ ફિલ્મોમાં કામ કરનાર ૯૫ વર્ષનાં હૅકમૅને પાંચ વખત ઑસ્કરમાં નૉમિનેશન મેળવ્યું હતું. ફિલ્મ ઉદ્યોગના સૌથી સન્માનનીય અને આદરણીય કલાકારોમાંનાં તેઓ એક હતા.

'ધ ફ્રેન્ચ કનેક્શન' અને 'અનફરગીવન' માટે તેમણે ઑસ્કર એવૉર્ડ મેળવ્યો હતો.

આ વર્ષના ઑસ્કર એવૉર્ડ સમારોહના ચાર દિવસ અગાઉ તેમનાં મૃત્યુનાં સમાચાર આવ્યા હતા. ઍક્સન મુવી, થ્રિલર અને કોમેડી ફિલ્મોમાં તેમણે વિવિધ ભૂમિકા ભજવી હતી.

એવૉર્ડ સમારોહને બાદ કરતાં તેઓ સામાજિક કે અન્ય સમારોહમાં ભાગ્યે જ હાજરી આપતા હતા. (એજન્સી)

# ફિલિપાઈન્સમાં મકાનમાં આગ લાગતાં આઠનાં મોત

મનિલા : ફિલિપાઈન્સની રાજધાનીમાં ગુરુવારે રાત્રે ત્રણ માળના રહેણાક મકાન એક કલાકથી ઓછા સમયમાં બળીને ખાખ થતાં આઠ જણ મૃત્યુ પામ્યાં હતાં. આ આગમાં એક જણ ઘાયલ થયો હતો. આગ મધ્યરાત્રિ પછી લાગી હતી. ઉપનગર ક્વોઝોન શહેરમાં સાન ઈસિડ્રો ગાલા ગામમાં લાકડાના બનેલા મકાનમાં લોકો સુતા હતા ત્યારે આગ લાગી હતી.

આગનું કારણ શોધવા તપાસ ચાલુ છે. બે મૃતદેહ ભોયતળિયે અને બીજા છ બીજા માળે મળી આવ્યા હતા. સિનયર ફાયર ઓફિસર રોલાન્ડો વાલેનાએ માહિતી આપી હતી કે આગ બીજા માળે લાગી હતી.

ફિલિપાઈન્સની સરકાર આગ અંગેની જાગૃતિ માટે માર્ચમાં આગ રોકવાની ઝુંબેશ શરૂ કરવાની છે એના થોડા દિવસ પહેલાં આગની ઘટના બની હતી.

આ દેશમાં સુરક્ષા નિયમોની સુસ્ત બજાવણી, વધુ પડતી ભીડ અને મકાનની ખામીભરી ડિઝાઈનને લીધે આગની દુર્ઘટના વારંવાર થાય છે. ૧૯૯૬માં વિશ્વની નાઈટક્લબની સૌથી ભિષણ આગમાં ૧૬૨ જણ મરણ પામ્યા હતા. ક્વેઝોન સિટીમાં ડિસ્કો ફાયરમાં સ્કૂલના સત્રની સમાપ્તીની ઉજવણી કરી રહેલા વિદ્યાર્થીઓ મરણ પામ્યા હતા. નવા મકાનના દરવાજાએ ડિસ્કોના બહાર નીકળવાના માર્ગમાં અડચણ ઊભી કરતાં લોકો બહાર નીકળી શક્યા નહોતા. (એજન્સી)

# મણિપુરના છ જિલ્લાઓમાં ૧૦૪ હથિયારોનું સમર્પણ

ઇમ્ફાલઃ હિંસાગ્રસ્ત મણિપુરના છ જિલ્લાઓમાં લોકોએ સ્વેચ્છાએ કુલ ૧૦૪ હથિયારો અને દારૂગોળાનું સમર્પણ કર્યુ હતું. આ જાણકારી પોલીસે ગુરુવારે આપી હતી.

એક વરિષ્ઠ અધિકારીના જણાવ્યા અનુસાર આ શસ્ત્રોનું બુધવારે કાંગપોકપી, ઇમ્ફાલ પૂર્વ, બિષ્ણુપુર, થૌબલ, ઇમ્ફાલ પશ્ચિમ અને કાકચિંગ જિલ્લામાં સમર્પણ કરવામાં આવ્યું હતું. આ હથિયારોનું સમર્પણ અધિકારીઓ દ્વારા શસ્ત્રો જમા કરાવવા માટે આપવામાં આવેલી સાત દિવસની મુદત પૂરી થવાના એક દિવસ પહેલા કરવામાં આવ્યું હતું. મણિપુરના રાજ્યપાલ અજય કુમાર ભલ્લાએ ૨૦ ફેબ્રુઆરીના રોજ હિંસાગ્રસ્ત રાજ્યના લોકોને સાત દિવસની અંદર લૂંટાયેલા અને ગેરકાયદે રાખેલાં તમામ શસ્ત્રો સ્વેચ્છાએ સોંપવા વિનંતી કરી હતી. તેમણે ખાતરી આપી હતી કે આ સમયગાળા દરમિયાન શસ્ત્રો જમા કરાવનારાઓ સામે કોઇ દંડાત્મક કાર્યવાહી કરવામાં આવશે નહીં.

# ભોપાલ ગેસ દુર્ઘટનાઃ યુનિયન કાર્બાઇડના કચરાના નિકાલના કેસમાં હસ્તક્ષેપ કરવાનો સુપ્રીમ કોર્ટનો ઇનકાર

નવી દિલ્હીઃ ભોપાલ ગેસ દુર્ઘટના સાથે જોડાયેલા મામલાની આજે સુપ્રીમ કોર્ટમાં સુનાવણી થઈ હતી. સુપ્રીમ કોર્ટે ૧૯૮૪ની ભોપાલ ગેસ દુર્ઘટનાથી ઉત્પન્ન થયેલા યુનિયન કાર્બાઇડના જોખમી ઝેરી કચરાને મધ્ય પ્રદેશના ધાર જિલ્લામાં પીથમપુર વિસ્તારમાં ટ્રાન્સફર કરવાના મધ્ય પ્રદેશ હાઇકોર્ટના આદેશમાં દખલ કરવાનો ઇનકાર કર્યો હતો.જસ્ટિસ બીઆર ગવઈ અને એજી મસીહની બેન્ચે ગુરુવારે યુનિયન કાર્બાઈડ ઈન્ડિયા લિમિટેડના પ્લાન્ટમાંથી નીકળતા કચરાના નિકાલ કરવા માટેના ટ્રાયલ પર સ્ટે આપવાનો પણ ઈનકાર કર્યો હતો.

બેન્ચે કહ્યું હતું કે નીરિ, એનજીઆરઆઇ અને સીપીસીબીના નિષ્ણાતોએ મુદ્દાઓ પર તેમનાં મંતવ્યો આપ્યા છે, જેને હાઇકોર્ટ તેમજ નિષ્ણાત પેનલ દ્વારા ધ્યાનમાં લેવામાં આવ્યા હતા. બેન્ચે સિવિલ સોસાયટીના સભ્યો સહિત પીડિત પક્ષકારોને હાઇકોર્ટનો સંપર્ક કરવા જણાવ્યું હતું, જે આ મામલે વિચારણા કરી રહી છે.

નોંધનીય છે કે ૨૫ ફેબ્રુઆરીના રોજ સુપ્રીમ કોર્ટે અધિકારીઓને કચરાના નિકાલ માટે લેવામાં આવેલી સાવચેતી વિશે જણાવવા કહ્યું હતું. હાલમાં બંધ થયેલી યુનિયન કાર્બાઈડ ફેક્ટરીમાંથી લગભગ ૩૭૭ ટન જોખમી કચરો ભોપાલથી લગભગ ૨૫૦ કિમી અને ઈન્દોરથી ૩૦ કિમી દૂર પીથમપુર ઈન્ડસ્ટ્રિયલ એરિયાના પ્લાન્ટમાં નિકાલ માટે ટ્રાન્સફર કરવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે ૨-૩ ડિસેમ્બર ૧૯૮૪ની રાત્રે યુનિયન કાર્બાઇડ ફેક્ટરીમાંથી અત્યંત ઝેરી ગેસ મિથાઈલ આઇસોસાઇનેટ (એમઆઇસી) લીક થયો હતો, જેમાં ૫,૪૭૯ લોકો માર્યા ગયાં હતાં અને પાંચ લાખથી વધુ લોકો દિવ્યાંગ થયા હતા. તેને વિશ્વની સૌથી ભયાનક ઔદ્યોગિક દુર્ઘટનાઓમાંની એક ગણવામાં આવે છે.

પહેલા પાનાનું ચાલુ

## મહાકુંભ નવી જાગૃત

ડૂબકી લગાડી હતી અને પવિત્ર સ્નાન કર્યું હતું એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે ભારત હવે નવી ઊર્જા સાથે આગળ વધી રહ્યું છે અને વર્તમાન ક્ષણ યુગ પરિવર્તનની છે જે ભારત માટે નવા ભવિષ્યનું આલેખન કરશે.

મોદીએ કહ્યું હતું કે માં ગંગા, યમુના અને સરસ્વતી ઈશ્વરસમાન છે અને તેમની સેવામાં કોઈ ઊણપ રહી ગઈ હોય તે બદલ હું તેમની તેમ જ દેશવાસીઓની ક્ષમા માગું છું.

મહાકુંભનું આયોજન અને વ્યવસ્થા કરવાં આસાન નહોતાં એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે ઉત્તર પ્રદેશ સરકારના જણાવ્યાનુસાર ૧૩ જાન્યુઆરીએ મહાકુંભનો આરંભ થયા બાદથી સમાપન સુધીમાં ૬૫ કરોડ કરતાં પણ વધુ લોકોએ પ્રયાગરાજની મુલાકાત લઈ સંગમ ખાતે પવિત્ર સ્નાન કર્યું હતું.

મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથની પ્રશંસા કરતાં મોદીએ કહ્યું હતું કે ઉત્તર પ્રદેશના સાંસદ તરીકે તેઓ ગર્વપૂર્વક એમ કહી શકે એમ છે કે આદિત્યનાથની આગેવાની હેઠળ સરકાર, વહીવટીતંત્ર અને લોકોએ એકજૂટ થઈને 'એકતાના મહાકુંભ'ને સફળ બનાવ્યો હતો.

સફાઈ કર્મચારી, પોલીસ અધિકારી, બૉટચાલકો, ડ્રાઈવર, રસોઈયાઓ સહિતના લોકોએ અથાક પરિશ્રમ, સેવા અને સમર્પણની ભાવના થકી મહાકુંભને સફળ બનાવ્યો હતો. પ્રયાગરાજના રહેવાસીઓની પણ મોદીએ પ્રશંસા કરી હતી.

છેલ્લા અનેક દાયકાઓમાં જે નહોતું થયું તે આ દાયકામાં થયું છે એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે આ મહાકુંભે આવનારી સદીઓનો પાયો નાખ્યો છે.

વિશ્વમાં આટલા મોટા મેળવડાનું અન્ય કોઈ દૃષ્ટાંત ન હોવાને કારણે મેનેજમેન્ટના વ્યાવસાયિકો અને પૉલિસી ઍક્સપર્ટો માટે મહાકુંભ અભ્યાસનો વિષય બની ગયો છે, એમ મોદીએ કહ્યું હતું.

દેશની સભાનતા જ્યારે જાગૃત થાય છે અને નવી સભાનતા સાથે દેશ સેંકડો વર્ષની ગુલામીનું બંધન તોડી મુક્ત રીતે શ્વાસોશ્વાસ લે એવું દૃશ્ય પ્રયાગરાજમાં યોજાયેલા મહાકુંભે સર્જ્યું હતું.

પરંપરાગત મહાકુંભે રાષ્ટ્રીય સભાનતામાં નવું જોમ પૂર્યું છે તેમ જ દેશ અને સમાજને નવો માર્ગ દર્શાવ્યો છે, એમ તેમણે કહ્યું હતું.

૧૪૪ વરસ બાદ આવેલા આ મહાકુંભે દેશની વિકાસ યાત્રામાં નવું પ્રકરણ આલેખ્યું છે અને 'વિકસિત ભારત'નો સંદેશો આપ્યો છે.

દેશવિદેશથી આવેલા વિવિધ ધર્મ, કોમ, વિચારધારા ધરાવતા લોકોએ કોઈપણ પ્રકારના ભેદભાવ વિના મહાકુંભનો લાભ લીધો હતો એમ જણાવી મોદીએ દેશવાસીઓને 'વિકસિત ભારત'ના નિર્માણ માટે એકજૂટ થવાની હાકલ કરી હતી.

એક જ સમયે ૧૪૦ કરોડ દેશવાસીઓની આસ્થા આ મહાકુંભ સાથે જોડાયેલી હતી એમ જણાવતાં મોદીએ કહ્યું હતું કે અમેરિકાની કુલ વસતી કરતાં બમણા લોકોએ આ મહાકુંભની મુલાકાત લઈ વિશ્વવિક્રમ સર્જ્યો હતો.

અગાઉના કુંભને આધારે વહીવટીતંત્રએ મહાકુંભના મુલાકાતીઓની સંખ્યાનો અંદાજ લગાડ્યો હતો, પરંતુ વાસ્તવિક સંખ્યા ધારણા કરતાં વધુ હોવાનું તેમણે કહ્યું હતું.

મહાકુંભે લોકોની આસ્થા વધારી છે અને ભારતની યુવાપેઢી દેશની સંસ્કૃતિ, મૂલ્યની વાહક બની તેને આગળ વધારવાને હવે પોતાની જવાબદારી સમજી રહી છે. દેશની યુવા પેઢી એ કાર્ય માટે પ્રતિબદ્ધ હોવાનું તેમણે કહ્યું હતું.

પ્રયાગરાજમાં યોજાયેલા મહાકુંભે એકતા અને સુમેળનો સંદેશો આપ્યો છે. કોઈપણ પ્રકારના આમંત્રણ વિના કરોડોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ પવિત્ર સંગમ ખાતે એકઠાં થયાં હતાં અને પવિત્ર સ્નાનનો લાભ લીધો હતો. એ દૃશ્ય હું ક્યારેય નહીં ભૂલી શકું, એમ તેમણે કહ્યું હતું.

મહિલાઓ, વરિષ્ઠ નાગરિકો, બાળકો, દિવ્યાંગજનો સહિત તમામ લોકો પોતાની આસ્થા સાથે મહાકુંભમાં આવ્યા હતા. મહાકુંભમાંથી ઘરે પરત ફરેલા લોકોને જે રીતે આવકારવામાં આવ્યા હતા તે પણ યાદગાર ક્ષણ હતી.

મહાકુંભે દેશની નાની-મોટી તમામ નદીઓની સફાઈના મારા સંકલ્પને વધુ મજબૂત બનાવ્યો છે, એમ મોદીએ કહ્યું હતું.

તેમણે ભારપૂર્વક કહ્યું હતું કે ગંગા, યમુના, સરસ્વતીની શુદ્ધતા અને પવિત્રતા લોકોનાં જીવન સાથે જોડાયેલી છે.

દરમિયાન દેશવિદેશનાં કરોડો લોકોને આકર્ષનાર મહાકુંભ દરમિયાન થયેલી ધક્કામુક્કીની ઘટનામાં ૩૦ જણનાં મોત થયાં હતાં. (એજન્સી)

## સુરતમાં ટેક્સટાઈલ

કરેલી એજન્સી દ્વારા અપાતી હોય છે. શિવશક્તિ માર્કેટમાં ફાયર સેફ્ટીની પરિસ્થિતિ જોતાં શંકા થાય છે કે, એનઓસી કેવી રીતે આપી દેવામાં આવી હશે? એનઓસી આપનાર એજન્સીની પણ તપાસ કરાવીશું કે, તેણે કઈ-કઈ બાબતોને ધ્યાનમાં રાખીને એનઓસી આપી છે. સુરત મહાનગરપાલિકાના મેયર દક્ષેશ માવાણીએ જણાવ્યું કે, મેં રિપોર્ટ મંગાવ્યો છે કે, કેટલું ગેરકાયદે સ્ટ્રક્ચર હતું. રિપોર્ટ આવ્યા બાદ ગેરકાયદે સ્ટ્રક્ચર અંગે ખબર પડશે, પણ અત્યારે અમારી પ્રાયોરિટી આખા બિલ્ડિંગમાં કૂલિંગની પ્રક્રિયા થાય તે છે. બેઝમેન્ટમાં રહેલી દુકાનો યોગ્ય છે તે અંગે સવાલ કરતાં મેયરે જણાવ્યું કે, જેનો પ્લાન પાસ હશે તે પ્રમાણે તેની એનઓસી પણ છે. જ્યારે પણ આ પ્રકારની ઘટના બને છે ત્યારે મુખ્ય પ્રધાન અને ગૃહપ્રધાન પણ નજર રાખતા હોય છે.

શિવશક્તિ માર્કેટમાં સતત બીજા દિવસે લાગેલી આગ ચર્ચાનો વિષય બની હતી. કેટલાક વેપારીઓએ મહાનગરપાલિકાની કામગીરી સામે સવાલો ઉઠાવ્યા હતા. કેટલાકે માર્કેટના સંચાલકો સામે ગંભીર આક્ષેપ કર્યો હતો. અનેક તર્ક સાથે હવે આગ લાગવાનાં કારણ શોધવા સાથે જવાબદારો પણ શોધવા માટેની માગ થઈ રહી છે. શિવશક્તિ માર્કેટ પાસે ફાયર એનઓસી છે, પણ આગ કઈ રીતે લાગી અને આટલી વિકરાળ કેવી રીતે બની તે તપાસનો વિષય બન્યો છે.

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

વિઝન વિકસિત ગુજરાતનું
ગુજરાત બજેટ 2025-26
મિશન જનકલ્યાણનું

# વિઝન આધુનિક ગુજરાતનું, મિશન સ્વચ્છ અને સુંદર શહેરો બનાવવાનું



## બજેટમાં ₹૩૦,૩૨૫ કરોડની ફાળવણીથી શહેરો બનશે વધુ સ્વચ્છ, સુંદર અને સુવિધા સંપન્ન

- વર્ષ ૨૦૨૫-૨૬ની **શહેરી વિકાસ વર્ષ** તરીકે ઉજવણી કરાશે
- **શહેરી વિસ્તારોમાં આંતરમાળખાકીય** સુવિધાઓ માટે **₹૧૨, ૮૪૭ કરોડની ફાળવણી**
- અમદાવાદ-ગાંધીનગર, સુરત, રાજકોટ શહેરોમાં **મેટ્રો પ્રૉજેક્ટ માટે ₹૨,૭૩૦ કરોડની ફાળવણી**
- **નવી બનેલી નવ મહાનગરપાલિકાના** વિકાસને વેગ આપવા માટે **₹૨,૩૦૦ કરોડ ખર્ચ કરાશે**
- **અમદાવાદમાં SVP સ્પોર્ટ્સ એન્કલેવના વિકાસ માટે ₹૨૫૦ કરોડ ખર્ચાશે**
- **શહેરી વિસ્તારોને** રેલવે ક્રોસિંગથી મુક્ત બનાવવા માટે **₹૫૪૫ કરોડની ફાળવણી**
- **પ્રધાનમંત્રી આવાસ (શહેરી) ૨.૦** હેઠળ શહેરી આવાસ પૂરા પાડવા માટે **₹૧,૩૫૦ કરોડની ફાળવણી**
- સાબરમતી નદી પર અમદાવાદ-ગિફ્ટ સિટી-ગાંધીનગરને જોડતા **સાબરમતી રિવરફ્રન્ટના બીજા ફેઝની કામગીરી માટે ₹350 કરોડની ફાળવણી**
- **"સ્વચ્છ શહેર, સુંદર શહેર"** માટે **સ્વચ્છ ભારત મિશન ૨.૦** અને **નિર્મળ ગુજરાત ૨.૦** અંતર્ગત બ્યુટીફિકેશન, સ્વચ્છતા અને કચરા વ્યવસ્થાપન માટે **₹૮૦૮ કરોડની ફાળવણી**



વર્ષ 2025-26ની
**શહેરી વિકાસ વર્ષ તરીકે ઉજવણી**




## ક્લાસિફાઈડ

### ૪. ધાર્મિક સંબંધી

**જૈન-હિન્દુ**

ધાર્મિક સમાચાર આપવા જૈનાચાર. jainam24.com, 9819669108. (૧૫૩૨૪/સી)

### ૬. પરચુરણ

**R. K. ANTIQUE ARTS**

**ઓલ્ડ જુના જરી બોર્ડર સાડી પાટણના પટોલા જુના ઘરચોળા જુની નોટ કોઈન ચાંદીના સિક્કા ચાંદીના વાસણ જુના મોતી બસેરા ઘડિયાળો પેન જરમન સિલ્વર સાડી બોર્ડર ગારા ફર્નિચર 9082131691/ 9082804900. (૨૫૬)**

### ૯. લગ્ન સંબંધી

**"KAPIL SAGPAN"**

જૈન વૈષ્ણવ યુવક - યુવતીઓના બાયોડેટા Whatsapp ગ્રુપમાં મળશે. Sonali Sheth 8200877878. (દહેજ નહીં). (બી-૧૫૪૩૪)

■ ખુશહિત મેરેજબ્યુરો યોગ્ય જીવનસાથી માટે સંપર્ક ઉર્મિલાબેન-8879576963. (દહેજ નહીં.). (૧૫૬૦૮-સી)

### ૧૨. યાત્રા સહેલગાહ

■ રેન્ટાકેબ મુંબઈ લોકલ આઉટસ્ટેશન પિકઅપડ્રોપ. સમગ્ર ભારતમાં કાર. ડિઝાયર ઈનોવા ક્રિસ્ટા ટેમ્પોટ્રાવેલર સ્થાનિક, આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ, હોટેલ પેકેજ અને યાત્રા વીમો. અરહામ હોલિડે 9769977466/9892534488. (બી-૧૫૫૫૯)

### ૧૪. નોકરી ખાલી છે

■ ભાઈઓ, બહેનો અનલીમીટેડ કમાણી, નિવૃત્તિ પછી કમાવો, મેટ્રિક પાસ. 8169881070. (૧૫૩૨૪/એ)

### ૧૭. જગ્યા આપવી છે

**2 BHK FLAT ON 3RD FLOOR in Juhu Tara, Kishore Kumar Lane for Rent, Rs. 80000 Negotiable, No Lift. Contact - 9869960115 / 9920022074. (B-15590)**

### ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ**

**ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા-ભાડેથી વિશ્વસનીય નામ રાજેશ દડિયા 9326495003. (એસડીબી-૨૨૭૨)**

### ૩૩. ધંધાદારી

**''પ્રતાપ પેકર્સ-મુવર્સ''**

50 વર્ષથી ઓફિસ/ઘરસામાન, ફેરવવા- ૯૮૨૧૦૭૦૩૨૦, ૯૮૨૧૫૪૩૮૧૬, ૨૩૪૮૧૬૪૭. લલિતભાઈ ઠક્કર. (એસએ/૨૬૦૫-એ)

### ૪૦. ઈન્ટીરીઅર ડેકોરેશન

**ઈન્ટિરિયર ડિઝાઈનર**

2 બેડરૂમ 3D ડ્રોઈંગ 5,000/-, 3 બેડરૂમ 7,000/-, કમ્પલીટ ઈન્ટિરિયર ડિઝાઈનીંગ, પ્લાનીંગ અને રીનોવેશન પ્રોફેશનલ ટીમ દ્વારા Helpline - 8989282877. (૧૫૩૨૪-બી)

### ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

■ ''એસ પેસ્ટ કંટ્રોલ'' ઉધઈ, વાંદા, માંકડ (હર્બલ). 9773226675, 9326448699. (કાંદિવલી). (૧૫૫૭૮-બી)

### ૪૬. વોટર પ્રુફિંગ

**વોટરપ્રુફીંગ સ્પેશ્યાલીસ્ટ**

ટેરેસ, છજ્જા, બાથરૂમ, સીવીલ કામ, પેઈન્ટીંગ, 7 વર્ષની વૉરન્ટી. -7021222104, -8450941119. (બી-૧૫૬૨૨)

### ૫૨. કુરીઅર્સ

■ વિદેશમાં અમેરિકા, લંડન, Europe, Australia, Canadaમાં વસતા સ્નેહીજનોને પાર્સલ મોકલવા માટે. અંધેરી East 9825305632, 9320095632. (બી-૧૫૬૧૬)

**મુંબઈ સમાચાર**

વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તકીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.

email id for advertisement: samacharadvt@gmail.com


# ભ્રષ્ટાચારને નાથવા કડક પગલાં લેનાર ફડણવીસની પ્રશંસા કરી ઉદ્ધવ-સેનાએ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ ભ્રષ્ટાચારને નાથવા માટે કડક પગલાં લઈ રહ્યા છે, એમ વિપક્ષી શિવસેના (યુબીટી)એ જણાવ્યું છે, અને કેટલાક મંત્રીઓ દ્વારા ભલામણ કરાયેલા અંગત સહાયકોના નામોને નકારી કાઢવાના તેમના તાજેતરના નિર્ણયની પ્રશંસા કરી છે.

ઉદ્ધવ ઠાકરેની આગેવાની હેઠળની પાર્ટીએ પોતાના મુખપત્ર સામનામાં એક સંપાદકીયમાં નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે પર પ્રહારો પણ કર્યા હતા, જેઓ હરીફ શિવસેનાના વડા છે અને જેમના ફડણવીસ સાથેના સંબંધો હાલમાં તણાવપૂર્ણ છે. જાન્યુઆરીની શરૂઆતમાં આ અખબારમાં નક્સલ પ્રભાવિત ગઢચિરોલી જિલ્લાની મુલાકાત લઈને ત્યાં સ્ટીલ ઉદ્યોગને પ્રોત્સાહન આપવા બદલ ફડણવીસની અણધારી પ્રશંસા કરી હતી. 'દેવેન્દ્ર ફડણવીસે રાજ્યના શાસનમાં શિસ્ત લાવવા માટે કડક પગલાં લીધાં છે,' એમ બુધવારના અંકમાં તંત્રી લેખમાં કહેવામાં આવ્યું હતું અને ઉમેર્યું હતું કે તેમણે 'ભ્રષ્ટાચારના નાળા સાફ' કરવાનું શરૂ કર્યું છે.

ઉલ્લેખનીય છે કે, તાજેતરના અઠવાડિયામાં આ બીજી વખત છે જ્યારે સેના (યુબીટી)ના મુખપત્રે ફડણવીસની પ્રશંસા કરી છે, જોકે પાર્ટીએ એક વખત અવિભાજિત શિવસેનાને તોડવા માટે ફડણવીસ પર આરોપ લગાવ્યો હતો અને સતત તેમને નિશાન બનાવ્યા હતા.

## સ્વ. અનિલ જોશીની પ્રાર્થનાસભા આવતી કાલે ગોરેગાંવમાં

મુંબઈઃ અનિલ જોશીના ૮૫ વર્ષની વયે બુધવારે નિધનના સમાચાર બાદ સાહિત્યજગતમાં જાણે શોકની લાગણી ફરી વળી હતી અને ગુજરાતી ગીતોનું તોરણ જ તૂટી ગયું હોય એવી લાગણી અનુભવાતી હતી. પરિવાર અને મિત્રો દ્વારા તેમની પ્રાર્થનાસભા પહેલી માર્ચ, શનિવારના રોજ બપોરે ૪થી ૬ દરમિયાન લોઢા ફિયોરેન્ઝા, ૭મે માળે, વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે, ગોરેગાંવ પૂર્વ ખાતે રાખવામાં આવી છે.

## શનિ-રવિવારે વાણગાંવ અને દહાણુ વચ્ચે બ્લોકની ઘણી ટ્રેનો પર અસર થશે

મુંબઈઃ મુંબઈ સેન્ટ્રલ ડિવિઝનના વાણગાંવ અને દહાણુ રોડ સ્ટેશનો વચ્ચે મોનોપોલના સ્થળાંતર/ડાઇવર્ઝન/ઊંચાઈ વધારવા માટે શનિવાર અને રવિવારે એટલે કે પહેલી અને બીજી માર્ચ, ૨૦૨૫ના રોજ બ્લોક લેવામાં આવશે. આ બ્લોક એક કલાક માટે એટલે કે એક માર્ચ, ૨૦૨૫ના રોજ સવારે ૧૦.૩૦ થી ૧૧.૩૦ સુધી અને બે માર્ચ, ૨૦૨૫ના રોજ સવારે ૦૯.૫૦ થી ૧૦.૫૦ સુધી મુખ્ય અપ અને ડાઉન લાઇન પર રહેશે. પશ્ચિમ રેલ્વેના મુખ્ય જનસંપર્ક અધિકારી વિનીત અભિષેક દ્વારા જારી કરવામાં આવેલી અખબારી યાદી મુજબ, પહેલી અને બીજી માર્ચ, ૨૦૨૫ ના રોજ અસરગ્રસ્ત ટ્રેનોની વિગતો નીચે મુજબ છે. પહેલી માર્ચ, ૨૦૨૫ ના રોજ ટર્મિનેટ/રદ કરાયેલી ટ્રેનોઃ- ૧. વિરારથી ૦૯.૩૦ કલાકે ઉપડતી ટ્રેન નંબર ૯૩૦૧૩ વિરાર-દહાણુ રોડ લોકલ વાણગાંવ ખાતે ટુંકાવવામાં આવશે અને તેથી ટ્રેન નંબર ૯૩૦૧૩ અને ૯૩૦૧૪ વાણગાંવ અને દહાણુ રોડ સ્ટેશનો વચ્ચે આંશિક રીતે રદ રહેશે. ૨. ચર્ચગેટથી ૦૮.૪૯ કલાકે ઉપડતી ટ્રેન નંબર ૯૩૦૧૫ ચર્ચગેટ-દહાણુ રોડ લોકલ વાણગાંવ ખાતે ટુંકાવવામાં આવશે અને તેથી ટ્રેન નંબર ૯૩૦૧૫ અને ૯૩૦૧૬ વાણગાંવ અને દહાણુ રોડ સ્ટેશનો વચ્ચે આંશિક રીતે રદ રહેશે. બીજી માર્ચ, ૨૦૨૫ ના રોજ ટર્મિનેટ/રદ કરાયેલી ટ્રેનોઃ-

૧. ચર્ચગેટથી ૦૭.૪૨ કલાકે ઉપડતી ટ્રેન નંબર ૯૩૦૧૧ ચર્ચગેટ-દહાણુ રોડ લોકલ વાણગાંવ ખાતે ટર્મિનેટ થશે અને તેથી ટ્રેન નંબર ૯૩૦૧૧ અને ૯૩૦૧૨ વાણગાંવ અને દહાણુ રોડ સ્ટેશનો વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

૨. વિરારથી ૦૯.૩૦ કલાકે ઉપડતી ટ્રેન નંબર ૯૩૦૧૩ વિરાર-દહાણુ રોડ લોકલ બોઈસર ખાતે ટર્મિનેટ થશે અને તેથી ટ્રેન નંબર ૯૩૦૧૩ અને ૯૩૦૧૪ બોઈસર અને દહાણુ રોડ સ્ટેશનો વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

## સીએસએમટી પ્લેટફોર્મનું સમારકામ થવાથી ૨૮ ફેબ્રુઆરીની મધ્યરાત્રિથી સેવાઓ ખોરવાઈ શકે છે

મુંબઈઃ મધ્ય રેલવે લાંબી ટ્રેનો માટે મુંબઈ છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ સીએસએમટી ખાતે પ્લેટફોર્મ ૧૨ અને ૧૩ની લંબાઈ વધારવા માટે ખાસ બ્લોક લેશે. પ્લેટફોર્મ લંબાઈના વિસ્તરણ સાથે, આ પ્લેટફોર્મ હાલની ૧૮-કોચની જગ્યાએ ૨૪-કોચની લાંબી ટ્રેનોને સમાવી શકશે. આનાથી આ પ્લેટફોર્મ પર મુસાફરોની ક્ષમતામાં ૨૦ ટકાનો વધારો થશે. અગાઉ, પ્લેટફોર્મ ૧૦ અને ૧૧ એ જ રીતે વિસ્તૃત કરવામાં આવ્યા હતા.

આ બ્લોક્સ શુક્રવાર, ૨૮ ફેબ્રુઆરી મધ્યરાત્રિથી રવિવાર બીજી માર્ચ સુધી હાથ ધરવામાં આવશે, જે સેન્ટ્રલ લાઇન પરની ઘણી ટ્રેનોને અસર કરશે.

૨૮.૦૨.૨૦૨૫ / ૦૧.૦૩.૨૦૨૫ (શુક્રવાર/શનિવાર)ના બ્લોકનો સમયગાળોઃ બપોરે ૧૧.૩૦ થી ૪.૩૦ (પાંચ કલાક)

બ્લોક વિભાગઃ સીએસએમટી અને ભાયખલા વચ્ચે અપ અને ડાઉન ફાસ્ટ લાઇન૨૮.૦૨.૨૦૨૫ના

બ્લોક દરમિયાન મેઇન લાઇન પર સીએસએમટી ભાયખલા સ્ટેશનો અને હાર્બર લાઇન પર સીએસએમટી - વડાલા રોડ સ્ટેશનો વચ્ચે ઉપનગરીય ટ્રેન સેવાઓ ઉપલબ્ધ રહેશે નહીં.

છેલ્લા પાનાનું ચાલુ

### સ્કૂલોમાં સીસીટીવી

અને ખરાબ સ્પર્શ શિખડાવવું, બાળકો સામેના વિવિધ ગુનાઓ અંગે જાગરૂકતા ફેલાવવી અને બાળકો માટેની હેલ્પલાઇન ૧૦૯૮ને દરેક જગ્યાએ ડિસ્પ્લે કરવી વગેરેનો સમાવેશ થાય છે. અમે આ રિપોર્ટનો અભ્યાસ કરીશું, પણ સરકાર આ પ્રકરણે શું પગલાં લે છે એ પણ અમને જોવું છે, એમ કોર્ટે કહ્યું હતું.

### મિત્ર સાથે

જણાવ્યું હતું. પોલીસે આપેલી માહિતી અનુસાર શ્રવણ લીખા (૩૭) અને તેના મિત્ર વિકાસ મેનન સાથે અન્યો પાર્ટી કરી રહ્યા હતા. એ સમયે બંને વચ્ચે ઝઘડો થયો હતો. લીખાએ એવો આરોપ લગાવ્યો હતો કે મેનન અચાનક જ હિંસક બની ગયો હતો અને તેણે તેના કાનને કાપી નાખ્યો હતો. કાનને કાપ્યા બાદ તેને એ ગળી ગયો હતો. લીખાને ત્યાર બાદ સારવાર માટે હોસ્પિટલમાં લઇ જવામાં આવ્યો હતો.

પોલીસે મેનન વિરુદ્ધ ગંભીર રીતે હુમલો પહોંચાડવાનો કેસ નોંધ્યો છે. વધુ તપાસ ચાલી રહી હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.

### મેજિસ્ટ્રેટના તારતમ્યને

કોર્ટના આદેશની જાણ કરવામાં આવી હતી, જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે તેમના પુત્રને નકલી એન્કાઉન્ટરમાં માર્યો ગયો હતો, તેમને સેશન્સ કોર્ટના આદેશની જાણ કરવામાં આવી હતી.

બેન્ચે પૂછ્યું કે જ્યારે હાઈકોર્ટ આ મામલાના સુનાવણી કરી રહી છે ત્યારે સેશન્સ કોર્ટ આવો આદેશ કઈ રીતે આપી શકે. મામલો જ્યારે અદાલતને આધિન છે, ત્યારે શું સેશન્સ કોર્ટ (પોલીસકર્મીઓની) અરજી પર પણ વિચાર કરી શકે? શું સેશન્સ જજે પોતાના અધિકારક્ષેત્રને ઓળંગ્યું નથી? આ અદાલતી યોગ્યતાનો સવાલ છે, એમ બેન્ચે જણાવ્યું હતું.

''અમને ખબર નથી કે શું કહેવું. આ આઘાતજનક છે. શું રાજ્યએ સેશન્સ કોર્ટને જાણ કરી ન હતી કે હાઈકોર્ટ આ મામલાની સુનાવણી કરી રહી છે? શું રાજ્ય સેશન્સ કોર્ટના આદેશને પડકારવાનું આયોજન કરી રહ્યું છે? શું તમે (રાજ્ય) ગભરાયેલા અને આઘાત પામેલા નથી,'' ન્યાયાધીશોએ કહ્યું હતું. દરમિયાન, શિંદેના માતા-પિતાએ કેસ આગળ વધારવા માગતા ન હોવાનું જણાવ્યું હતું, જેના કારણે હાઈકોર્ટે ગુરુવારે વરિષ્ઠ વકીલ મંજુલા રાવને કોર્ટના મિત્ર (એમિકસ ક્યુરી) તરીકે નિયુક્ત કર્યા હતા. (પીટીઆઈ)

### લાડકી બહેન યોજના

રહી છે. કેન્દ્રીય નાણા પંચ કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવતી વેરાની વસૂલાતમાં રાજ્યોનો હિસ્સો ઘટાડવા માટે ભલામણ કરશે. નાણા પંચ કેન્દ્ર અને રાજ્યો વચ્ચે કરવેરામાં વહેંચણી અને આર્થિક સંબંધો અંગે ભલામણો કરે છે. અરવિંદ પનગઢિયાના નેતૃત્વ હેઠળનું આ કમિશન ૩૧ ઓક્ટોબર સુધીમાં પોતાનો અહેવાલ રજૂ કરશે. તેનો અમલ ૨૦૨૬-૨૭ માં કરવામાં આવશે.

કેન્દ્રીય કરવેરામાં રાજ્યોનો હિસ્સો ૪૧ ટકાથી ઘટાડીને ૪૦ ટકા કરવાની ભલામણ કરવામાં આવી શકે છે. કેન્દ્રીય પ્રધાન મંડળ માર્ચના અંત સુધીમાં આ દરખાસ્તને મંજૂરી આપી શકે છે. આ પછી, દરખાસ્ત નાણા પંચને મોકલવામાં આવશે. કરવેરાની આવકમાં એક ટકાનો ઘટાડો થવાથી રાજ્યોને ૩,૫૦૦ કરોડ રૂપિયાનું નુકસાન થશે. આ આંકડો આ વર્ષે એકત્રિત થનારા અંદાજિત કરમાંથી લેવામાં આવ્યો છે.

### પિતા નહીં પિશાચ

વીડિયો દેખાડીને આવું કૃત્ય કરનારા પિશાચી પિતાથી કંટાળીને બે પુત્રીએ આત્મહત્યાનો પ્રયાસ સુધ્ધાં કર્યો હતો.

સેન્ટ્રલ ક્રાઈમ બ્રાન્ચના ઇન્ચાર્જ ઈન્સ્પેક્ટર અવિરાજ કુરાડેની ટીમે શરમજનક કૃત્ય કરી ફરાર થઈ ગયેલા ૫૬ વર્ષના આરોપીને બુધવારે સિંધુદુર્ગમાં પકડી પાડ્યો હતો. વધુ તપાસ માટે તેને નાલાસોપારા પોલીસના તાબામાં સોંપાયો હતો. આરોપી છોટા રાજન ગૅન્ગ સાથે સંકળાયેલો હોવાથી તેની વિરુદ્ધ રાજ્યનાં વિવિધ પોલીસ સ્ટેશનોમાં હત્યા, હત્યાનો પ્રયાસ, ધમકી, મારપીટ જેવા ગંભીર ગુના નોંધાયેલા છે.

નાલાસોપારાના બહુચર્ચિત રાજેશ ઉર્ફે રાજુ પતંગેની હત્યાના કેસમાં પણ આરોપીની ધરપકડ થઈ હતી. ૨૦૦૩માં જમીન વિવાદમાં છોટા રાજનના ઇશારે ગોળી મારી પતંગેની હત્યા કરવામાં આવી હતી. આરોપી ૨૦૧૮થી ચારેય દીકરી સાથે કુકર્મ આચરતો હતો. ૨૧ અને બાવીસ વર્ષની બે પુત્રી પર તેણે વારંવાર બળાત્કાર ગુજાર્યો હતો, જેને પગલે ૨૧ વર્ષની યુવતી પાંચ વખત ગર્ભવતી બની હતી. આરોપીના દબાણને વશ યુવતીએ અલગ અલગ હૉસ્પિટલમાં પાંચેય વખત ગર્ભપાત કરાવ્યો હતો. પુત્રી સગર્ભા હોવાની જાણ હોવા છતાં આરોપી તેની સાથે જબરદસ્તી કરતો હતો.

આરોપી ગૅન્ગસ્ટર હોવાથી પત્ની અને પુત્રીઓને ધમકાવીને આવું કૃત્ય કરતો હતો, એવું પોલીસ ફરિયાદમાં જણાવાયું હતું. ફરિયાદમાં જણાવાયું હતું કે ૧૬ વર્ષની પુત્રીને પૉર્ન વીડિયો અને અશ્લીલ તસવીરો દેખાડી તેની સાથે છૂટછાટ લેતો હતો. એ સિવાય ૧૨ વર્ષની પુત્રીને પણ આરોપીએ છોડી નહોતી. તેને જબરદસ્તી અશ્લીલ વીડિયો અને તસવીરો જોવા દબાણ કરતો અને પછી તેની સાથે બીભત્સ ચાળા કરતો. પિતાના ત્રાસથી કંટાળી બે વર્ષ અગાઉ બે પુત્રીએ આત્મહત્યાનો પ્રયાસ પણ કર્યો હોવાનું કહેવાય છે. હિંમત ભેગી કરી આરોપીની ૨૧ વર્ષની પુત્રીએ પોલીસ ફરિયાદ કરતાં આ શરમજનક ઘટના પ્રકાશમાં આવી હતી.

## જૈન મરણ

ગામ જામનગર નિવાસી હાલ કાંદિવલી સ્વ. જયસુખ શિવલાલ ઘાટલિયાના ધર્મપત્ની મીનાક્ષીબેન તે દીપેન અને મેઘા પરેશ મકાણીના મમ્મી. તારાબેન છગનલાલ ધારશી વોરાના દીકરી. સ્વ. નરોતમભાઇ, સ્વ. મહેન્દ્રભાઇ, સ્વ. જયંતભાઇ અશોક ઘાટલિયા. તે ઇન્દિરાબેન મહેતા તથા દિનાબેન મોદીના ભાભી. સ્વ. રમેશભાઇ, સ્વ. નરેન્દ્રભાઇ, મહેન્દ્રભાઇ, અનિલભાઇ, સ્વ. દિનેશ વોરા, સ્વ. ભાનુબેન સંઘરાજકના બહેન તા. ૨૪-૨-૨૫ના અરિહંતશરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૨-૩-૨૫ના ૧૦થી ૧૨. ઠે. પાવનધામ મહાવીર નગર, કાંદિવલી (વેસ્ટ).

**ઝાલાવાડી સ્થાનકવાસી જૈન**

લીંબડી હાલ મીરા રોડ, સ્વ. રમીલાબેન બાબુલાલ મણીલાલ શાહના સુપુત્ર અશોકભાઈ (ઉં.વ. ૬૭) તા. ૨૬/૨/૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે બિન્દુબેનના પતિ. મિહિર તથા ઝીલના પિતા. રાજના સસરા. સ્વ. ધિરેન્દ્રભાઈ, પરિમલભાઈ, હર્ષાબેન ગિરીશકુમાર દોશી, પારુલબેન ભરતકુમાર શાહ, અલકાબેન સંજયકુમાર શાહના ભાઈ. ચુડા નિવાસી મહેશભાઈ તથા ધીરેનભાઈના બનેવી. દેહદાન કરેલ છે. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧-૩-૨૫, શનિવાર ૩:૦૦ થી ૫:૦૦. પાવનધામ, મહાવીરનગર, એમસીએ ગ્રાઉન્ડ નજીક, કાંદીવલી વેસ્ટ.

**ખંભાત વિશા શ્રીમાળી જૈન**

ખંભાત નિવાસી હાલ વિલેપાર્લે સરોજબેન નવીનચંદ્ર સુંદરલાલ શાહ (રાજા)ના સુપુત્ર ધીમેશ (ઉં. વ. ૫૯) તે પારૂલબેનના પતિ. રિશિના પિતાશ્રી. હેમા રાજેશકુમાર, બિંદુ દેવેનકુમાર, રક્ષા કલ્પેશકુમારના ભાઇ. રંજનબેન ચંદ્રકાન્તભાઇ હરિલાલ સંઘવીના જમાઇ તા. ૨૬-૨-૨૫ બુધવારના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૨૮-૨-૨૫ના શુક્રવારે રાખેલ છે, ૪થી ૬. ઠે. ગુર્જર સુતાર વિશ્વકર્મા બાગ, બજાજ રોડ, વિલેપાર્લે (વેસ્ટ).

**ઝાલાવાડી વિશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

ધ્રાંગધ્રા નિવાસી હાલ બાંદ્રા ચંદ્રકાંતભાઇ (ઉં. વ. ૮૯) તે સ્વ. હિરાબેનનાં પતિ. સ્વ. પૂરીબેન વિજયલાલ ચુનીલાલ સંઘવીના સસુપુત્ર. તે સમીર, સજાગના પિતા. રાજુલ, રૂપલના સસરા. સ્વ. ઇન્દુબેન, અરવિંદભાઇ, સ્વ. સરોજબેનનાં ભાઇ. સ્વ. જેઠાલાલ પ્રિતમલાલ દોશીનાં જમાઇ બુધવાર, તા. ૨૬-૨-૨૫ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

તળાજા નિવાસી હાલ વાલકેશ્વર સ્વ. ઇચ્છાબેન રમણીકલાલના દીકરી. સ્મિતાબેન તા. ૨૫-૨-૨૫ના મંગળવારના અરિહંતશરણ પામેલ છે. તે ભરત, સ્વ. ભૂપેન્દ્ર, ભાસ્કર, હેમંત, નીશાબેન વિરેન્દ્રકુમારના બહેન. સુનંદા, ભરત, વર્ષા ભાસ્કરના નણંદ. પ્રિયાંગી, યશવી, જશના ફઇ, રોમા, રિકીનના માસી. મગનલાલ હરકચંદના ભત્રીજી. મોસાળ પક્ષે અમરશીભાઇ મેઘજીભાઇ દાઠાવાળાના ભાણેજ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. ઠે. ફ્લેટ-નં.૧૫, ૮મો માળ, પામીર કો-ઓપરેટિવ સોસાયટી, વાલકેશ્વર, વાલકેશ્વર રોડ, વાલકેશ્વર, મલબાર હિલ, મુંબઇ-૪૦૦૦૦૬.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

મોરચુપણા નિવાસી હાલ મીરારોડ સ્વ. બાવચંદભાઇ ભવાનભાઇ દોશીના સુપુત્ર ધીરજલાલ (ઉં. વ. ૯૦) બુધવાર, તા. ૨૬-૨-૨૫ના સ્વર્ગવાસ પામેલ છે. તે રમીલાબેનના પતિ. સ્વ. સુરેશ, ભાવેશ, યોગેશ, આશાબેન અરવિંદકુમાર, વર્ષાબેન વિપુલકુમારના પિતા. પારુલબેન, અલ્પાબેન, શીતલબેનના સસરા. પૂનમચંદભાઇ, સ્વ. ખાંતીભાઇ, કાંતીભાઇ, ચીમનભાઇ, સ્વ. રસીલાબેન વિનયચંદ દોશી, મંજુલાબેન જશવંતરાય વોરાના મોટાભાઇ. મણીલાલ હરીચંદ શાહ (બોરડાવાળા)ના જમાઇ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. ઠે. ભાવેશ ધીરજલાલ દોશી, સેકટર નં-૩, એ-૩૦/૧૦૪, શાંતીનગર જૈન ઉપાશ્રયની બાજુમાં, મીરારોડ (ઇસ્ટ).

**વાંકાનેર દશા શ્રીમાળી જૈન**

ગં. સ્વ. વનીતાબેન અમૃતલાલ શાહ (ઉં. વ. ૯૫) હાલ ખાર સ્વ. વ્રજકુંવરબેન મગનલાલ ન્યાલચંદ મહેતાના પુત્રી. ડૉ. અશોક-નીતા, પલ્લવી કમલેશ સંઘવીના માતુશ્રી. સ્વ. કુસુમબેન રમણભાઇ, ઇન્દુબેન નવીનચંદ્ર, સ્વ. શોભાબેન રસીકભાઇ, વિલાસબેન ચંદ્રકાન્ત, સ્વ. ગીતાબેન કિશોરભાઇના જેઠાણી. સ્વ. નીતાબેન સુમનભાઇ, કુમુદબેન પ્રવીણભાઇ, સ્વ. હેમલતાબેન પ્રવીણભાઇના બહેન. બુધવાર તા. ૨૬-૨-૨૫ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા રવિવાર, તા. ૨-૩-૨૫ના ૯.૩૦થી ૧૧.૩૦. ઠે. એમ.એમ.પ્યુપીલ સ્કૂલ, ખાર (વેસ્ટ).

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

પાલડી નિવાસી હાલ મુલુંડ સ્વ. જસુબેન રમણીકલાલ જસાણીના સુપુત્ર ગીરીશભાઇ (ઉં. વ. ૬૧) તે રુચિબેન (રીટાબેન)ના પતિ. દિશા તેમ જ પ્રાચીના પિતાશ્રી. દીવેશ મુકેશભાઇ સંઘવીના શ્વસુર. સ્વ. હિતેન્દ્રભાઇ, સ્વ. પ્રજ્ઞાબેન, સ્વ. દિવ્યાબેન પ્રકાશકુમાર શાહ, સ્વ. રીટાબેન રાજકુમાર સંઘવીના ભાઇ. સ્વ. મહેન્દ્રભાઇ રતિલાલ શાહ (ધોળકાવાળા)ના જમાઇ તા. ૨૬-૨-૨૫ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી વિશાશ્રીમાળી જૈન**

પાલીતાણા હાલ કાંદિવલી, સ્વ. નાગરદસ કુંવરજી શાહના સુપુત્ર ભરતભાઈ (ઉં.વ. ૬૮) તા. ૨૬/૨/૨૫ના બુધવારે અરિહંત શરણ પામેલ છે. તે મીનાબેનના પતિ. હાર્દિક અને માનસીના પિતા. માનસી અને જીમીતકુમારના સસરા. અશોકભાઈ તથા સુધાબેન સુરેશ ધામીના ભાઈ. સ્વ. હિંમતલાલ નાનચંદ શાહના જમાઈ (છાપરીવાળા). પિતૃવંદના રવિવાર, તા. ૨/૩/૨૫ના ૧૦:૩૦ થી ૧૨:૩૦. વર્ધમાન સ્થાનાક્વાસી જૈન ઉપાશ્રય એસ.વી. રોડ, કાંદિવલી (વેસ્ટ).

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

સાપર નિવાસી હાલ બોરીવલી, સ્વ. ધીરજલાલ પ્રાગજી ભીમાણીના ધર્મપત્ની સુશીલાબેન ભીમાણી (ઉં.વ. ૮૪) તા. ૨૪-૨-૨૫ના સોમવારે અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. રમણીકભાઈ ત્થા સ્વ. વ્રજલાલભાઈ ભીમાણીના ભાભી. મમતાબેન, દેવેનભાઈ ત્થા જીગ્નેશભાઈના માતુશ્રી. ડીમ્પલ, કૃપા, અતુલભાઈ કામદારના સાસુ. જેચસિંગપુર નિવાસી સ્વ. છગનલાલ અંબાવીદાસ શાહના દિકરી. પ્રાર્થનાસભા તા. ૧-૩-૨૫ શનિવારે ૧૦ થી ૧૨, પાવનધામ, કાંદિવલી વેસ્ટ.

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

બગસરા, હાલ મલાડ વેસ્ટ, સ્વ. સુનીલભાઈ મડીયા (ઉં.વ. ૭૦) તે સ્વ. જયાબેન ધીરજલાલ મડીયાના સુપુત્ર. વંદનાબેનના પતિ, તા. ૨૬-૨-૨૫ બુધવારના અરિહંતશરણ પામેલ છે. વિશાલ, ધરાના પિતા. સ્વ. પ્રવિણભાઈ, ઉમેશભાઈ, રાખીબેનના ભાઈ. ડિમ્પીના સસરાદેવીબેન બાલકૃષ્ણ મહેતાના જમાઈ, પ્રાર્થનાસભા તા. ૧-૩-૨૫ના શનિવારે ૧૦ થી ૧૨. શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ, મોટો ઉપાશ્રય, કાંદિવલી વેસ્ટ.

**સોરઠ વિશા શ્રીમાળી જૈન**

વંથલી હાલ ડોમ્બિવલી, શાંતિલાલ મોતીચંદ વસાના ધર્મપત્ની કુસુમબેન (ઉં.વ. ૮૧) તા. ૨૬-૨-૨૫ના બુધવારના અરિહંતશરણ પામેલ છે. તે પરેશભાઈ, સોનલ દિપકકુમાર પારેખ, રૂપલ કલ્પેશકુમાર દોશીના માતુશ્રી. ભૂમિકા અને યશ્વીના નાની. પિયરપક્ષે ધોરાજી નિવાસી, સ્વ.મનસુખલાલ લાલચંદ વોરાના દીકરી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

## હિન્દુ મરણ

**કપોળ**

મહુવાવાળા હાલ વડાલા સ્વ. પ્રભાબેન લક્ષ્મીદાસ પારેખના પુત્ર પરીમલ (ઉં.વ. ૭૧) બુધવાર, તા. ૨૬-૨-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે ચારૂના પતિ. દિશાના પિતા. હર્ષ કિરણભાઇ ઠક્કરના સસરા. મહુવાવાળા સ્વ. હીરાબેન ચંપકલાલ ભુતાના જમાઇ. સ્વ. નિરંજનાબેન હર્ષદરાય મહેતા, સ્વ. વિનોદભાઇ, અ. સૌ. ઉષાબેન, સ્વ. દીનાબેન ચંદ્રભાઇ ભુતાના ભાઇ. સર્વ લૌકિક પ્રથા બંધ છે.

**કચ્છી લોહાણા**

સ્વ. રતનશી ગાંગજી તથા જશોદાબેન મુળીયાના સુપુત્ર ગીરીશ ઠક્કર (મુળિયા) (ઉં. વ. ૮૪) ગામ કચ્છ કેરા બળદિયા હાલ માટુંગા, તે સ્વ. રૂક્ષ્મણીબેન રામજી દાવડાના ભાઇ. સ્વ. હેમલતાબેનના પતિ. સ્વ. મણીબેન ધનજી શામજી પલણ ગામ નખત્રાણાવાળાના જમાઇ. નિલેશ, નિમિષાના પિતાશ્રી. તે ચેતન દામજી ગાલા અને દિપાલીબેનના સસરા તા. ૨૬-૨-૨૫ બુધવારના રામશરણ પામેલ છે. બન્ને પક્ષની પ્રાર્થનાસભા રાખેલ નથી, લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. ઠે. ૨૮/બી, ભીવંડીવાલા બિલ્ડિંગ, લખમશી નપૂ રોડ, રામાશ્રય હોટેલની સામે, માટુંગા સે.રે.

**કચ્છી લોહાણા**

ગામ કાલી તલાવડી હાલ ઘાટકોપર સ્વ. તુલશાબેન અને સ્વ. ઓધવજી શીવજી ચોથાણીના પુત્રી ચંદાબેન (ઉં. વ. ૬૭) તે સ્વ. સરસ્વતીબેન પ્રતાપસિંહ ઠક્કર, સ્વ. પ્રભાબેન હરિરામ સોમેશ્વર, સ્વ. પ્રવીણચંદ્ર, સુરેશચંદ્ર, ગં. સ્વ. સરોજબેન લાલજી સોમૈયા, સ્વ. સરલાબેન જયંતીલાલ જોબનપુત્રા અને કુસુમબેન જગદીશ ધારાણીના બેન. ગં. સ્વ. રેખાબેન અને અં. સૌ. વિમલાબેનના નણંદ. તે મનીષ, શીતલ, દીપલ, કેતન, રૂપલ અને જીનીતના ફૈબા તા. ૨૨-૨-૨૫ના શનિવારે રામશરણ પામેલ છે. પ્રાર્થનાસભા રાખેલ નથી, તથા લૌકિક વ્યવહાર સદંતર બંધ રાખેલ છે.

**કચ્છી ભાટીયા**

સુ શ્રી પાર્વતીબેન ખીમજી રાયપત (ઉં. વ. ૯૬) મુંબઇ રાંચી તે સ્વ. પ્રતાપસિંહ ખીમજી, તુલસીદાસ ખીમજી રાયપતના બેન. સ્વ. મીરા પ્રતાપસિંહ, અ. સૌ. પ્રભા તુલસીદાસ રાયપતના નણંદ. ચંદ્રકાંત, ધનંજય, પ્રસૂન, મિહિર, માધવી, ઋષિકેશના ફઇ. સ્વ. ખીમજી લક્ષ્મીદાસના દીકરી. બુધવાર તા. ૨૬-૨-૨૫ના શ્રીચરણ પામ્યા છે.

**પરજીયા સોની**

મૂળગામ વેરાવળ હાલ કાંદિવલી નિવાસી અ. સૌ. હિના સોની (ઉં. વ. ૫૬) તે ભરતકુમાર હિંમતલાલ સોની (કાગદડા)નાં ધર્મપત્ની. તે રાકેશ, ધારાનાં માતુશ્રી. તે શીલ માંગરોળવાળા હાલ બાંહરીન શશીકાંત કાકુભાઇ સાગરના દીકરી. મંગળવાર, તા. ૨૫-૨-૨૫ના દેવલોકવાસી થયાં છે. પ્રાર્થનાસભા શુક્રવાર, તા. ૨૮-૨-૨૫ના ૫થી ૭. ઠે. લોહાણા મહાજન વાડી, ૧લે માળે, એસ. વી. રોડ, કાંદિવલી (વેસ્ટ).

**હાલાઈ લોહાણા**

જામનગરવાળા હાલ મુંબઈ, અરુણ (ઉં.વ. ૭૬) તે સ્વ. ગંગાબેન વલ્લભદાસ અઢિયાના સુપુત્ર. સ્વ. નટવરલાલ, જીતેન્દ્ર, જગદીશ, જયંત, ગં.સ્વ. મંજુલાબેન મથુરાદાસ સાયાણી, ભારતીબેન લીલાધરભાઇ સાકરીયા, ગં.સ્વ. મેનાબેન વિનોદરાય આડતિયાના ભાઈ. ગં.સ્વ. દમયંતીબેન, સ્વ. સરલાબેનના દિયર. છાયાબેન, જ્યોત્સ્નાબેનના જેઠ. હરેષ, કાજલ મેહુલ શાહના કાકા. આશીષ, શ્વેતા રચિત દેઢિયા, ચાર્મિ અને સૌરભના અદા, બુધવાર તા. ૨૬-૨-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર તથા પ્રાર્થનાસભા રાખેલ નથી.

**ઉમરેઠ વિશા ખડાયતા વણિક**

ઉમરેઠ નિવાસી હાલ બાંદ્રા, સ્વ. વિપિનચંદ્ર ચુનીલાલ શાહ પટેલનાં ધર્મપત્ની વિદ્યાબેન શાહ પટેલ (ઉં.વ. ૮૭) તે મોહનલાલ વ્રજલાલ કાંટાવાળાની દીકરી. ગીતા, ગિરીશ, ઉદય અને દીપકનાં માતા. દેવેન્દ્ર, સોનલ, દીપા અને હેમાનીનાં સાસુ તા. ૨૫ ફેબ્રુઆરી ૨૦૨૫નાં પરલોક સીધાવી ગયા છે. પ્રાર્થનાસભા તા. ૨૮ ફેબ્રુઆરીનાં રોટરી ક્લબ સેંટર, જુહુ તારારોડ ૫ થી ૭.

**સુથાર**

બીલીમોરા હાલ વિલેપાર્લે, હંસાબેન રમેશચંદ્ર મિસ્ત્રી (ઉં.વ. ૮૧) બુધવાર, તા. ૨૬/૨/૨૫ના અવસાન પામેલ છે. પતિઃ રમેશચંદ્ર દુર્લભજી મિસ્ત્રી. પુત્ર - પુત્રવધૂઃ પ્રિતેશ - તોરલ. પુત્રી - જમાઈઃ હીન - સ્વ. પરાગ મહેતા, છાયા - ધીરેન શાહ. પૌત્ર : દેવાંશ. દોહિત્ર - દોહિત્રી : નિહાર, ધૈર્ય - રિધમ, મિષ્ટી, પિયરપક્ષ : ભીખુભાઇ ભગવાનજી પંચાલના દીકરી, (બારડોલી) લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. સંયુક્ત પ્રાર્થનાસભા, શુક્રવાર તા. ૨૮/૨/૨૫ના ૫.૩૦ થી ૭.૦૦. સંન્યાસ આશ્રમ, વિલેપાર્લે (વેસ્ટ).

**કપોળ**

અમરેલીવાળા, સ્વ. જશવંતરાય નાગરદાસ મોદીના ધર્મપત્ની ગં.સ્વ. અંજનાબેન મોદી (ઉં.વ. ૭૦) તે ભરત, ભાવિન, અશ્વિનના માતુશ્રી. કાજલ, અમી, અમીતાના સાસુ. જાફરાબાદવાળા હેમેન્દ્રભાઈ વ્રજલાલ, અ.સૌ. પુષ્પાબેન, ગં.સ્વ. ભાવનાબેન, સ્વ. સુશીલાબેનના બહેન. દેવી, શ્લોક, મોહક, ક્રિશીવના દાદી. સ્વ. ઉષાબેન વસંતરાય ગાંધીના ભાભી, તા. ૨૬-૨-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા શનિવાર તા. ૧-૩-૨૫ના ૫ થી ૭, હાલાઈ લોહાણા મહાજન વાડી, બીજે માળે, એસ.વી. રોડ, કાંદિવલી વેસ્ટ.

**ઘોઘારી દશા દિશાવળ**

ગં. સ્વ. રજનીબેન શાહ (ઉં.વ. ૮૭) તે સ્વ. અમૃતલાલ પારેખના દીકરી. સ્વ. બાલકૃષ્ણભાઈના પત્ની. રૂપાબેન, કિરણભાઈ અને ધારણાબેનના માતુશ્રી. નીમેષભાઈ, અનુશીલભાઇ, સંગીતાબેનના સાસુ. કુશ, રૂષભ, ખુશ્બુ અને કુણાલના નાની. નિયતી અને નિર્મિતના દાદી, તા. ૨૬-૨-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**

જાફરાબાદવાળા હાલ દહાણુ, સ્વ. મુક્તાબેન ધીરજલાલ દુર્લભદાસ મેહતાના સુપુત્ર પ્રવિણચંદ્ર (ઉં.વ. ૮૫) તે હેમલતાબેનના પતિ. સ્વ. શરદભાઈ, સ્વ. રવિન્દ્રભાઈના ભાઈ. દેલવાડાવાળા સ્વ. દમયંતીબેન હરિલાલ છગનલાલ મેહતાના જમાઈ. મહુવાવાળા સ્વ. ભગવાનદાસ ગોરધનદાસ સંઘવીના ભાણેજ. સ્વ. કિશોરચંદ્ર, સ્વ. હંસાબેન ચંપકલાલ સંઘવી, ગં. સ્વ. નલિનીબેન ચંદ્રકાંત વળીયા, સ્વ. વિજયભાઈ, ગં. સ્વ. ક્રિષ્નાબેન રાજેશ મેહતા, અં.સૌ. મીનાબેન અરવિંદભાઈ દોશીના બનેવી. તા. ૨૭/૨/૨૫. ગુરૂવારના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**

ગામ હમલા મંજલ, કલ્યાણ લક્ષ્મીબેન ડુંગરશી કતીરાના સુપુત્ર અરુણ કતીરા (ઉં.વ. ૭૫) તા. ૨૬-૨-૨૫ના રામશરણ પામેલ છે. તે કમળાબેનના પતિ. સ્વ. જશોદાબેન હરિરામ સોમેશ્વરના જમાઈ. છાયા, રજનીકાંત (નિલેશ) પારુલ, નીતિનના પિતા. ઉદય માર્કંડરાય જોશી, જીગ્નેશ પરમાનંદ ઐયા, બીના,યામિનીના સસરા. સ્વ.ભાગીરથીબેન, સ્વ.ઝવેરબેન, રંજનબેન, સ્વ.જમનાદાસ ડુંગરશી, સ્વ. મણીબેન શંકરલાલ, ચંદુબેન કાંતિલાલના ભાઈ, પ્રાર્થનાસભા તા. ૨૮-૨-૨૫ના ૫.૩૦ થી ૭. મુક્તેશ્વર મંદિર, રાજેન્દ્રપ્રસાદ રોડ. મુલુંડ. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી ભાટિયા**

સ્વ. અ.સૌ. પ્રફુલ્લા પ્રકાશ ભાટીયા તા. ૨૪/૨/૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. ચંદ્રકુમાર (ચાનુભા) તથા સ્વ. જયા ચંદ્રકુમાર ભાટીયા (દેવા ગંગાધરવાળા)ના પુત્રવધૂ. ચી. પ્રણય અને અ.સૌ. ભાવિના માતુશ્રી. અ.સૌ. બીજલ અને ચી. નીરવ કોટકના સાસુજી. સ્વ. દમયંતીબેન અને સ્વ. કાનજી દુર્લભજી ખંધેડિયાના પુત્રી. ગં.સ્વ. હંસાબેન રજનીકાંત બુધ્ધદેવ અને અ.સૌ. હીનાબેન રમેશ મુછાળાના બેન. પ્રાર્થનાસભા શુક્રવાર, તા. ૨૮/૨/૨૫ના ૫ થી ૭. પાટીદાર સમાજ હોલ, ફ્રેન્ચ બ્રિજ, ધરમ પેલેસની પાછળ, ગામદેવી, મું. ૭. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી મોંઢ વણિક**

મોરબી નિવાસી હાલ કાંદિવલી, સ્વ. હસમુખલાલ મથુરાદાસ મહેતાના સુપુત્ર, રાજેન્દ્રભાઈ (ઉં.વ. ૬૬) તા. ૨૬/૨/૨૫ બુધવારના શ્રીજીચરણ પામેલ છે. તે મીનાક્ષીબેનના પતિ. આશિષ, હેતાંગના પપ્પા. ફોરમ અને પૂજાના સસરા. મનોજ પિયુષ અને પારૂલના મોટાભાઈ. રૂદ્ર અને રાહીના દાદા. પ્રાર્થનાસભા તા. ૧/૩/૨૫ શનિવારના ૫ થી ૭, ૧૩૦/૨૭, માનસ સરોવર સોસાયટી, સેક્ટર નં-૧, અખિલ હોટલની પાસે, ચારકોપ, કાંદિવલી (વેસ્ટ).

**હાલાઈ લોહાણા**

ગામ વિસાવાડા હાલ કાંદિવલી, મગનલાલ રૂપારેલિયા (ઉં.વ. ૭૬) તા. ૨૭-૨-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે ગં.સ્વ. ધીરજબેન વેલજીભાઈ રૂપારેલિયાના પુત્ર. સ્વ. ગીતાબેનના પતિદેવ. વ્રજલાલ લક્ષ્મીદાસ વડેરાના જમાઈ. અમર અને સ્વ. તન્વીના પિતાશ્રી. નેહા અમર રૂપારેલિયાના સસરા. ગં.સ્વ. રમીલાબેન મનસુખલાલ ચોટાઈ, ગં.સ્વ. જયશ્રી ચંદુલાલ ભાટિયા, કરુણા મયંકકુમાર આચાર્ય, તૃપ્તિ બિપિનકુમાર ભાતેલીયા, સ્વ. દક્ષાના મોટાભાઈ. પ્રાર્થનાસભા તા. ૧-૩-૨૫ના શનિવારે ૯ થી ૧૧. હાલાઈ લોહાણા મહાજનવાડી, ૧લે માળે, શંકરના મંદિરની બાજુમાં, એસ.વી. રોડ, કાંદિવલી (વેસ્ટ).

**કપોળ**

ભાવનગર નિવાસી હાલ જુહુ મુંબઈ, વસંતભાઈ કાંતિલાલ ખુશાલદાસ બુસા (ઉં.વ. ૮૬) શ્રીમતી નિરાબેનના પતિ. અશેષ, વર્ષા અને ભાવિશાના પિતા. કૌશિકભાઈ તથા છાયાના સસરા. ખ્યાતિ જીગર નંદવાણા અને મીતુલના દાદા. નિકિતા અજય, અંકિતા જીગર, જનક અને રાજના નાના. સ્વ. દામોદરદાસ મુરલીધર કાણકીયાના જમાઈ તા. ૨૬-૨-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૧-૩-૨૫ શનિવાર ૫-૭. વિશ્વકર્મા હોલ, બજાજ રોડ વિલેપારલે વેસ્ટ.

**કપોળ**

અમરેલીવાળા હાલ પાર્લા, ઈશ્વરલાલ પ્રભુદાસ ગાંધી (ઉં.વ. ૮૯) તે સ્વ. જ્યોતિબેનના પતિ. ચિ. હિમાંશુના પિતા. સૌ. ફાલ્ગુનીના સસરા. ચિ. ધવલ-કવિશા તથા વિધિના દાદા. સ્વ. ચંદુલાલ, શાંતિભાઈ, સ્વ. હસમુખભાઈ, સ્વ. પ્રાણકુંવરબેન, સ્વ. કાંતાબેન, સ્વ. કળાબેન, સ્વ. જયાબેનના ભાઈ અને મહુવાવાળા સ્વ. જાદવજી જમનાદાસ ભૂતના જમાઈ, ૨૬-૨-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**દંઢાવ્ય ઔદિચ્ય સહસ્ત્ર બ્રહ્મસમાજ**

સ્વ. ગં.સ્વ. લીલાબા નટવરલાલ રાવલ (ઉં.વ. ૯૫) હાલ નાલાસોપારા તા. ૨૨-૨-૨૫ના ગોઝારિયા મુકામે સ્વર્ગવાસ થયેલ છે. પ્રાર્થનાસભા તા. ૨૮-૨-૨૦૨૫ શુક્રવારના ગુરૂકૃપા હોલ, ટીકીટ બારી પાસે, નાલાસોપારા પૂર્વ, ૫ થી ૭. તેઓ સ્વ. ભગવતપ્રસાદ, સ્વ. નિર્મળાબેન, મુકેશભાઈ, સ્વ. કિરીટભાઈ તથા પદ્માબેનના માતુશ્રી, ગં.સ્વ. ભગવતીબેન, શોભનાબેન, સ્વ.મીનાબેન, પ્રવિણકુમાર, સ્વ. જગદીશકુમારના સાસુ, ચંદ્રેશભાઈ, હિતેશભાઈ, જીગ્નેશભાઈ, અભિષેક, ઉર્વશી, ધવલ, માનસીના દાદી.

## પારસી મરણ

સુના કેકી માચી તે મરહુમ કેકી ઇ માચીના વિધવા. તે મરહુમો જીલ્લુબાઇ તથા શાવકશા કુમાના દીકરી. તે કેરશી, તનાઝ, ડો. ચક્રબોરતીના મમ્મી. તે દીલનાઝ કે. માચી ને દેબાશીશ ચક્રબોરતીના સાસુ. તે મરહુમો એદલ, દોરાબ, એપીના ભાઇ. તે ફૂલીના બહેન. તે રોહન, આશીશ, સમીરના મમયજી. (ઉં. વ. ૯૦) રે. ઠે. ૬૧૯, બાનું મેન્સન, પારસી કોલોની, જામે જમશેદ રોડ, દાદર, મુંબઇ-૪૦૦૦૧૯.

**મરણ ખબર માટેની સૂચના**

મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે

(૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

Gujarat Tourism



# શ્રીમતી દ્રૌપદી મુર્મુ


## ભારતના માનનીય રાષ્ટ્રપતિનું

## ગુજરાતના ધોરડોમાં આયોજિત રણ ઉત્સવમાં ભાવભર્યું સ્વાગત છે.

કચ્છના અલૌકિક સફેદ રણમાં
ભારતની સાંસ્કૃતિક સમૃદ્ધિનો ઉત્સવ ઉજવાશે.

**28મી ફેબ્રુઆરી, 2025**

રણ ઉત્સવ, કચ્છની સંસ્કૃતિ અને કલાનું જીવંત સ્વરૂપ છે, જે સદીઓ જૂના વારસાને એક યાદગાર અનુભવમાં ભેળવી સમગ્ર વિશ્વને પોતાના તરફ આકર્ષિત કરે છે. માનનીય રાષ્ટ્રપતિની મુલાકાત કાલાતીત પરંપરા, સર્જનાત્મકતા અને સાંસ્કૃતિક વૈભવની ઉજવણીમાં વધુ એક અવિસ્મરણીય પ્રકરણ ઉમેરે છે.






### સતત વિકસતો ઉત્સવ

વર્ષ 2005-06માં 2 દિવસીય કાર્યક્રમથી લઇને વર્ષ 2024-25માં 3 મહિના ચાલતા મહોત્સવમાં આ વર્ષે 10 લાખથી વધુ મુલાકાતીઓ આકર્ષિત થયાં.

### કારીગરોને સશક્ત બનાવવા

વૈશ્વિક બજારોમાં સીધી પહોંચ સાથે પરંપરાગત હસ્તકલા વધુ વિકસી રહી છે.

### સંસ્કૃતિ આધારિત અર્થતંત્ર

ભુંગાથી લઈને ઇકો-રિસોર્ટ્સ—જ્યાં વારસો અને આધુનિક માળખાગત સુવિધાઓનો સુમેળ થાય છે.

### વર્ષભર સમૃદ્ધિ

સમગ્ર વર્ષ દરમિયાન સ્થાનિક આજીવિકાને પ્રોત્સાહન મળતું રહે છે.

### વૈશ્વિક માન્યતા

ધોરડોને UNWTO દ્વારા શ્રેષ્ઠ પર્યટન ગામ તરીકેની માન્યતા આપવામાં આવી.

### સસ્ટેનેબલ પર્યટન

જવાબદાર આતિથ્યમાં નવા ધોરણો સ્થાપિત કરતું પર્યાવરણને અનુકૂળ ટેન્ટ સિટી.

DHORDO BEST TOURISM VILLAGE 2023 BY UNWTO

UNWTO World Tourism Organization

# હિન્દી ભાષા મુખવટો, સંસ્કૃત ચહેરોઃ સ્ટાલિન

ચેન્નઈઃ હિન્દી ભાષા થોપવાના કેન્દ્ર સરકારના નિર્ણયનો વિરોધ કરતાં તમિળનાડુના મુખ્ય પ્રધાન એમ. કે. સ્ટાલિને ગુરુવારે કહ્યું હતું કે અમે તમિળ ભાષા તેમ જ સંસ્કૃતિનું રક્ષણ કરીશું અને બળજબરીપૂર્વક રાજ્ય પર ભાષા થોપવાના નિર્ણયને પરવાનગી નહીં આપીએ.

પક્ષના કાર્યકર્તાઓને લખેલા પત્રમાં તેમણે કહ્યું હતું કે રાજ્ય પર હિન્દી ભાષા થોપવાનો અમે વિરોધ કરીશું. હિન્દી ભાષા મુખવટો છે અને સંસ્કૃત ચહેરો.

નેશનલ ઍજ્યુકેશન પૉલિસી (એનઈપી)ના ભાગરૂપ કેન્દ્ર સરકાર ત્રણ ભાષાની ફોર્મ્યુલા મારફતે કેન્દ્ર સરકાર રાજ્ય પર હિન્દી ભાષા થોપવાનો પ્રયાસ કરી રહી હોવાનો આક્ષેપ શાસક દ્રમુક પક્ષે કર્યો હતો. જોકે કેન્દ્ર સરકારે દ્રમુકના આ આક્ષેપને નકારી કાઢ્યો હતો.

આ મુદ્દો કેન્દ્ર અને રાજ્ય સરકાર વચ્ચેના વિવાદનું કેન્દ્ર બન્યો હતો અને સ્ટાલિને જાહેરાત કરી હતી કે અમે ભાષા માટેના વધુ એક યુદ્ધ માટે તૈયાર છીએ.

પત્રમાં સ્ટાલિને દાવો કર્યો હતો કે હિન્દી-સંસ્કૃત ભાષાએ ઉત્તર ભારતના બિહાર, ઉત્તર પ્રદેશ અને મધ્ય પ્રદેશમાં મૈથીલી, બ્રજભાષા, બુંદેલખંડી અને અવધી જેવી ભાષાનો ભોગ લીધો છે.

હિન્દી-સંસ્કૃત ભાષાના અતિક્રમણને કારણે ઉત્તર ભારતની પચીસ કરતાં પણ વધુ ભાષા વિલુપ્ત થઈ ગઈ છે એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે સદી જૂની દ્રવિડિયન ઝુંબેશે આણેલી જાગૃતિને કારણે તમિળ ભાષા અને સંસ્કૃતિ આજે પણ સુરક્ષિત છે, એમ તેમણે કહ્યું હતું.

તમિળનાડુ એનઈપીનો વિરોધ કરે છે કેમ કે કેન્દ્ર સરકાર આ નવી પૉલિસી મારફતે રાજ્ય પર હિન્દી અને સંસ્કૃત ભાષા લાદવાના પ્રયાસ કરી રહી છે, એમ તેમણે કહ્યું હતું.

એનઈપી અનુસાર ત્રીજી ભાષા કોઈ વિદેશી ભાષા પણ હોઈ શકે છે એ પ્રકારની ભાજપની દલીલનો વિરોધ કરતાં સ્ટાલિને દાવો કર્યો હતો કે ત્રણ ભાષાની નીતિ અંતર્ગત અનેક રાજ્યમાં માત્ર સંસ્કૃત ભાષાને જ પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે.

તેમણે દાવો કર્યો હતો કે ભાજપશાસિત રાજસ્થાનમાં ઉર્દુને બદલે સંસ્કૃતિ શિક્ષકની જ નિમણૂક કરવામાં આવી રહી છે.

# દિલ્હી હવાઈમથકે થાઈલૅન્ડની બે મહિલા પાસેથી ૨૭ કરોડનું ડ્રગ્સ પકડાયું

નવી દિલ્હી : ઈંદિરા ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટમાં થાઈલૅન્ડની બે મહિલા પાસેથી ૨૭ કરોડ રૂપિયાનું કેફીદ્રવ્ય પકડાયું હતું, એવી માહિતી કસ્ટમ્સના અધિકારીઓએ આપી હતી. આ દાણચોરો થાઈલૅન્ડના ફુકેટથી દિલ્હી હવાઈમથકે ૧૯ ફેબ્રુઆરીએ આવ્યા હતા.

અધિકારીઓએ ઝીણવટભરી ઝડતી કરતાં ચાર ટ્રોલી બૅગમાંથી લીલા રંગના માદકદ્રવ્ય (મેરીજુના હોવાનું મનાય છે)ના ૫૪ પૅકેટ પકડાયા હતા.

કસ્ટમ્સ વિભાગે એક્સ પર એક પોસ્ટમાં માહિતી આપી હતી કે નિદાન કરવાથી આ પદાર્થ માદકદ્રવ્ય હોવાનું સાબિત થયું હતું. એની કિંમત આશરે ૨૭.૦૯ કરોડ રૂપિયા છે. બન્ને મહિલાને પકડવામાં આવી હતી અને કેફીદ્રવ્ય જપ્ત કરવામાં આવ્યું હતું. (એજન્સી)

# દસમા ધોરણની બૉર્ડની પરીક્ષા બે વખત લેવાના સીબીએસઈના નિયમને વિદ્યાર્થીઓએ આવકાર્યો

નવી દિલ્હીઃ વર્ષ ૨૦૨૬થી દસમા ધોરણની બૉર્ડની પરીક્ષા બે વખત લેવાના સીબીએસઈના નિયમને વિદ્યાર્થીઓ અને શાળાના પ્રિન્સિપલોએ એમ કહીને આવકાર્યો હતો કે આ નિયમ વિદ્યાર્થીઓને તેમનું પર્ફોર્મન્સ સુધારવાની એક કરતાં વધુ તક આપશે.

વર્ષ ૨૦૨૬થી દસમા ધોરણની બૉર્ડની પરીક્ષા બે વખત લેવાના નિયમના મુસદ્દાને સીબીએસઈએ મંગળવારે મંજૂરી આપી હતી, એમ અધિકારીઓએ કહ્યું હતું.

નવા નિયમના આ મુસદ્દાને હવે પબ્લિક ડોમેઈન પર મૂકવામાં આવશે અને સંબંધિત લોકો નવમી માર્ચ સુધીમાં આ મુદ્દે તેમના અભિપ્રાય આપી શકશે. ત્યાર બાદ આ નવા નિયમને અંતિમ સ્વરૂપ આપવામાં આવશે.

નવા નિયમાનુસાર પ્રથમ તબક્કામાં ૧૭ ફેબ્રુઆરીથી ૬ માર્ચ દરમિયાન અને બીજા તબક્કામાં પાંચમી મેથી ૨૦મી મે દરમિયાન પરીક્ષા લેવામાં આવશે.

આ પરીક્ષા સ્ટૂડન્ટ ફ્રેન્ડલી હશે કેમ કે તે વિદ્યાર્થીઓને એક કરતાં વધુ વિકલ્પ આપશે અને તેમનાં પરથી પરીક્ષાનું દબાણ ઘટાડશે.

દા.ત. જો વિદ્યાર્થી પ્રથમ પરીક્ષામાં સ્ટાન્ડર્ડ મૅથ્સ લેશે અને તેને જો તે મુશ્કેલ લાગશે તો બીજા પ્રયાસમાં તે બૅઝિક મૅથ્સ લઈ શકશે અને વધુ સરળતાથી પરીક્ષા પાસ કરી શકશે.

અગાઉ વિદ્યાર્થીઓને સારો દેખાવ કરવા એક જ તક મળતી હતી, પરંતુ હવે વિકલ્પ મળવાને કારણે એક જ તકનું દબાણ ઘટી જશે.

જોકે શિક્ષકોનું માનવું છે કે નવી પરીક્ષા પદ્ધતિ વિદ્યાર્થીઓનું દબાણ ઘટાડશે, પરંતુ તે શિક્ષકો પરનું દબાણ વધારશે કેમ કે શિક્ષકોએ ફેબ્રુઆરીમાં બૉર્ડના પેપર તપાસવા પડશે, માર્ચમાં નીચલા ધોરણની પરીક્ષાનું આયોજન કરી પેપર તપાસવા પડશે અને મે મહિનામાં બૉર્ડની બીજી પરીક્ષાનાં આયોજન પર દેખરેખ રાખવી પડશે જેને કારણે શિક્ષકો પરનું દબાણ વધશે અને તેમનું ઉનાળુ વેકેશન ટૂંકું થશે. (એજન્સી)

# કાશ્મીર અને હિમાચલ પ્રદેશમાં કેટલાક વિસ્તારોમાં ભારે બરફવર્ષાઃ હવામાન વિભાગે જાહેર કર્યું ઓરેન્જ એલર્ટ

શ્રીનગર/શિમલાઃ હિમાચલ પ્રદેશ અને જમ્મુ કાશ્મીરના ઊંચાઈવાળા વિસ્તારોમાં છૂટાછવાયા સ્થળોએ હળવાથી મધ્યમ બરફવર્ષા થઇ હતી. હવામાન વિભાગે ગુરુવાર અને શુક્રવારે હિમાચલ પ્રદેશના મંડી, કાંગડા, કુલુ અને ચંબા જિલ્લામાં અલગ અલગ સ્થળોએ ભારેથી અતિ ભારે વરસાદ અને હિમવર્ષા માટે ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે, જ્યારે લાહૌલ અને સ્પીતિમાં ભારે હિમવર્ષા અને શિમલા જિલ્લામાં ભારે વરસાદ અને હિમવર્ષા માટે યલો એલર્ટ જાહેર કરાયું છે. બીજી તરફ અધિકારીઓએ કહ્યું હતું કે જમ્મુ કાશ્મીરના ગુલમર્ગ, સોનમર્ગ અને પહલગામમાં બરફવર્ષા થઇ હતી. જેનાથી પ્રવાસીઓમાં ખુશી જોવા મળી હતી. બાંદીપુરામાં રાજદાન ટોપ અને ગુરેજ, ઉત્તર કાશ્મીરના કુપવાડા જિલ્લામાં સાધના ટોપ, હંદવાડા અને કુપવાડા અને શોપિંયામાં મુગલ રોડ પર બરફવર્ષા થઇ હતી.

હવામાન વિભાગે હિમાચલ પ્રદેશના ઉના અને હમીરપુર જિલ્લામાં પણ ભારે વરસાદની આગાહી કરી છે. દરમિયાન, બુધવાર સાંજથી કેલોંગમાં ૨૦ સેમી, ખદરાલામાં ૧૨ સેમી, કુકુમસેરીમાં ૯.૬ સેમી, હંસામાં ૮ સેમી અને કલ્પામાં ૩.૪ સેમી બરફવર્ષા થઇ હતી. મનાલીમાં ૧૯, ભરમૌરમાં ૧૭, ગોહરમાં ૧૫, કરસોગમાં ૧૨.૧, ધર્મશાલામાં ૬ અને શિમલા, સોલન, કલ્પા, મંડી, કુફરી અને કસૌલીમાં ૨ થી ૫ મિમી વરસાદ નોંધાયો હતો. લાહૌલ અને સ્પીતિ જિલ્લામાં રાત્રિ દરમિયાન સૌથી ઠંડું સ્થાન રહ્યું હતું જ્યાં તાપમાન માઈનસ ૪.૫ ડિગ્રી સેલ્સિયસ હતું. શ્રીનગર-લેહ હાઇવે સહિત ઊંચાણવાળા વિસ્તારોમાં ઘણા રસ્તાઓ બરફના કારણે બંધ થઈ ગયા હતા. જોકે, અધિકારીઓના જણાવ્યા અનુસાર શ્રીનગર-જમ્મુ નેશનલ હાઇવે ટ્રાફિક માટે ખુલ્લો હતો. શ્રીનગર સહિત ખીણના મેદાની વિસ્તારોમાં વરસાદ પડ્યો હતો.

# મહાશિવરાત્રિએ કાશી વિશ્વનાથ મંદિરમાં ૧૧ લાખથી વધારે શ્રદ્ધાળુઓ ઊમટ્યા

વારાણસી (ઉત્તર પ્રદેશ) : મહાશિવરાત્રિએ વારાણસીના કાશી વિશ્વનાથ મંદિરમાં દર્શન કરવા ૧૧.૬૯ લાખથી વધારે ભાવિકો ઊમટ્યા હતા, એવી માહિતી સત્તાવાર નિવેદનમાં અપાઈ હતી.

મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથના આદેશ પર કામ કરતાં સ્થાનિક વહીવટીતંત્રે શ્રદ્ધાળુઓ માટે સર્વગ્રાહી સુરક્ષા, ભીડ અંકુશ અને આવશ્યક સુવિધાઓની વ્યવસ્થા કરી હતી.

કાશી વિશ્વનાથ મંદિર વહીવટીતંત્રની દેખરેખ હેઠળ બેરોકટોક દર્શન ભાવિકોએ કર્યા હતા.

બુધવારે પરોઢિયેથી ભાવિકો દર્શન કરવા ઊમટ્યા હતા.

ફેબ્રુઆરીમાં આ મંદિરમાં સરેરાશ પાંચથી છ લાખ લોકો દર્શન કરવા આવ્યા હતા, પરંતુ મહાશિવરાત્રિ નિમિત્તે ૧૧.૬૯ લાખ ભાવિકો ઉમટ્યા હતા. (એજન્સી)

# જીએસટી અને કસ્ટમ્સ એક્ટના કેસમાં યોગ્ય કારણ વગર ધરપકડ અયોગ્યઃ સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હીઃ સુપ્રીમ કોર્ટે જીએસટી એક્ટ અને કસ્ટમ્સ એક્ટ અંતર્ગત યોગ્ય કારણ વગર કરવામાં આવતી ધરપકડને અયોગ્ય ગણાવી હતી. કોર્ટે એક મહત્ત્વના ચુકાદામાં કહ્યું કે, કાયદો નાગરિકોને ધમકાવવાની મંજૂરી આપતો નથી. સુપ્રીમ કોર્ટે એમ પણ કહ્યું, જો કોઈ વ્યક્તિને તેની ધરપકડનો અંદાજ હોય તો આગોતરી જામીન અરજી દાખલ કરી શકે છે. આ માટે એફઆઈઆર નોંધાય ત્યાં સુધી રાહ જોવાની જરૂર નથી.

મુખ્ય ન્યાયાધીશ સંજીવ ખન્ના, ન્યાયાધીશ બેલા ત્રિવેદી અને ન્યાયાધીશ એમએમ સુંદરેશની બેન્ચે ૨૦૦થી વધુ અરજીનો નિકાલ કર્યો હતો. આ અરજીઓમાં જીએસટી એક્ટ અને કસ્ટમ્સ એક્ટ હેઠળ ધરપકડની જોગવાઈઓના દુરુપયોગનો મુદ્દો ઉઠાવવામાં આવ્યો હતો. ત્રણ ન્યાયાધીશોની બેન્ચે કહ્યું, સીઆરપીસી અને બીએનએસએસ હેઠળ ધરપકડના કેસમાં લોકોને આપવામાં આવેલી સત્તા જીએસટી અને કસ્ટમ્સના કેસમાં પણ લાગુ પડે છે.

સુપ્રીમ કોર્ટે આ નિર્ણયમાં પીએમએલએ કાયદા અંગે અરવિંદ કેજરીવાલ કેસમાં આપવામાં આવેલા આદેશનો પણ ઉલ્લેખ કર્યો હતો. ચુકાદામાં પીએમએલએની કલમ ૧૯ (૧) નું અર્થઘટન કરતી વખતે, કહ્યું હતું કે ધરપકડ પહેલાં શા માટે ધરપકડ કરવી જરૂરી છે તે નોંધવું જોઈએ. કોર્ટે હવે કસ્ટમ્સ એક્ટની કલમ ૧૦૪ અને જીએસટી એક્ટની કલમ ૧૩૨ને પીએમએલએની કલમ ૧૯ (૧) જેવી જ ગણાવી છે. એટલે કે તેમાં કોઈ કારણ વગર ધરપકડ થઈ શકતી નથી.

કોર્ટે સ્પષ્ટ કર્યું કે જીએસટી અથવા કસ્ટમ્સના અધિકારીઓ પોલીસ અધિકારીઓ નથી. તેઓ પોલીસ અધિકારીઓની જેમ સત્તાનો ઉપયોગ કરી શકતા નથી. કોર્ટે એમ પણ કહ્યું છે કે તપાસ અને જપ્તીની કાર્યવાહી દરમિયાન જીએસટી અથવા કસ્ટમ્સ અધિકારીઓ કોઈને પણ પોતાની વિરુદ્ધ નિવેદન આપવા માટે ધમકી આપી શકતા નથી.

# ટ્રમ્પ ચોથી માર્ચથી મેક્સિકો અને કેનેડા પર ટેરિફ લાદશે, ચીન પરનો ટેરિફ બમણો થશે

વૉશિંગ્ટન : અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ કહે છે કે હું આગામી ગુરુવારથી કેનેડા અને મેક્સિકો પર ટેરિફ લાદવાની યોજના બનાવી રહ્યો છું. ટ્રમ્પે આ સાથે ચીનની આયાતી વસ્તુઓ પરનો દસ ટકાનો સાર્વત્રિક ટેરિફ બમણો કરવાની જાહેરાત કરી હતી.

ગુરુવારે ટ્રુથ સોશિયલ પર પોસ્ટ મૂકતાં ટ્રમ્પે કહ્યું હતું કે ફેન્ટાનીલ જેવા ગેરકાયદે કેફીદ્રવ્યો અમેરિકામાં અસ્વીકાર્ય સ્તરે દાણચોરી કરીને લાવવામાં આવે છે અને આયાત પરના વેરા બીજા દેશોને હેરફેર રોકવાની ફરજ પાડશે.

ટ્રમ્પે લખ્યું હતું કે આપણે આ દૂષણ અમેરિકને નુકસાન કરે એની છૂટ ન આપી શકીએ. આથી આ અટકી જાય અથવા તો એને ગંભીર રીતે ડામવામાં નહીં આવે ત્યાં સુધી ચોથી માર્ચે અમલમાં મુકાનારો સૂચિત ટેરિફ ચાલુ રહેશે. ચીન પર એ જ તારીખે વધારાનો દસ ટકા ટેરિફ લદાશે.

વધારાના ટેરિફે અગાઉ જ ગ્લોબલ ઈકોનોમીને સંકટમાં મૂકી દીધું છે. ગ્રાહકો એવી આશંકા વ્યક્ત કરે છે કે ફુગાવો વધશે અને અમેરિકાના બે વેપાર ભાગીદારો પર વેરો લાગશે તો ઓટો ક્ષેત્રને સહન કરવું પડશે. (એજન્સી)

# હવે છત્તીસગઢમાં ‘છાવા’ કરમુક્ત જાહેર

રાયપુરઃ છત્તીસગઢની ભાજપ સરકારે છત્રપતિ સંભાજી મહારાજના જીવન પર આધારિત તાજેતરમાં રિલીઝ થયેલી હિન્દી ફિલ્મ ‘છાવા’ને રાજ્યમાં કરમુક્ત જાહેર કરી છે.

એક સત્તાવાર નિવેદનમાં જણાવાયું છે કે મુખ્ય પ્રધાન વિષ્ણુ દેવ સાઇએ બુધવારે રાત્રે જાહેરાત કરી હતી કે જે ફિલ્મમાં વિક્કી કૌશલે છત્રપતિ સંભાજી મહારાજની ભૂમિકા ભજવી છે તે રાજ્યમાં કરમુક્ત રહેશે. ૧૪ ફેબ્રુઆરીના રોજ રિલીઝ થયેલી આ ફિલ્મને કરમુક્ત જાહેર કરનાર મધ્ય પ્રદેશ અને ગોવા બાદ છત્તીસગઢ ત્રીજું ભાજપ શાસિત રાજ્ય બન્યું છે.

મુખ્ય પ્રધાન સાઇએ જણાવ્યું કે આ નિર્ણયનો હેતુ છત્તીસગઢના લોકોને ભારતના ગૌરવશાળી ઇતિહાસ સાથે જોડવાનો અને યુવાનોમાં દેશભક્તિ અને બહાદુરીની ભાવના જગાડવાનો છે. તેમણે કહ્યું કે ‘છાવા’ માત્ર એક ફિલ્મ નથી.

તે આપણી ઐતિહાસિક પરંપરાઓ, હિંમત અને આત્મસન્માનને શ્રદ્ધાંજલિ છે. છત્રપતિ સંભાજી મહારાજના વારસાને સમજવા માટે દરેક નાગરિકે તેને જોવી જોઇએ.

# મ્યુનિક એરપોર્ટ પર બે દિવસની હડતાળ

બર્લિનઃ જર્મનીના બીજા સૌથી મોટા મ્યુનિક એરપોર્ટ પર કામદારોની બે દિવસીય હડતાળ ગુરુવારે શરૂ થઈ હતી અને પરિણામે મોટાભાગની ફ્લાઇટ્સ રદ કરવામાં આવી હતી. એરપોર્ટ ઓપરેટરે જણાવ્યું હતું કે એરલાઇન્સે મ્યુનિક જતી અને ત્યાંથી આવતી તેમની લગભગ ૮૦% ફ્લાઇટ્સ રદ કરી છે અને વધુ રદ થવાની શક્યતા નકારી નથી. વર્દી સર્વિસ વર્કર્સ યુનિયન દ્વારા આને ‘‘ચેતવણીની હડતાલ’’ કહેવાય છે.

# ઝારખંડમાં સ્થિતિ સામાન્ય

હજારીબાગઃ ઝારખંડના હજારીબાગ જિલ્લાનો ઇચક વિસ્તાર, જ્યાં મહા શિવરાત્રીની ઉજવણી દરમિયાન બે જૂથો વચ્ચે અથડામણ થઈ હતી, ગુરુવારે દુકાનો અને બજારો ખુલતાની સાથે સામાન્ય થઈ રહ્યો છે, એમ અધિકારીઓએ જણાવ્યું હતું.

ગુરુવારે ઇચક વિસ્તારમાં દુકાનો અને બજારો ખુલ્લી છે અને પરિસ્થિતિ હવે સામાન્ય છે, એમ તેઓએ જણાવ્યું હતું.

બુધવારની અથડામણના સંબંધમાં ત્રણ લોકોની ધરપકડ કરવામાં આવી છે, એમ ઇચક પોલીસ સ્ટેશનના ઇન્ચાર્જ અધિકારી સંતોષ કુમારે જણાવ્યું હતું.

ઉપ-વિભાગીય અધિકારી (હઝારીબાગ સદર) આર કે ગુપ્તાએ જણાવ્યું હતું કે, ‘‘ઇચક વિસ્તારમાં પરિસ્થિતિ શાંતિપૂર્ણ છે.’’

આ ઘટનાના સંદર્ભમાં દિવસ પછી શાંતિ સમુદાયની બેઠક યોજાવાની છે, એમ તેમણે જણાવ્યું હતું.

દરમિયાન ઇચક પોલીસ સ્ટેશનની હદમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે પૂરતી સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

બુધવારે, આ વિસ્તારમાં મહા શિવરાત્રી ઉત્સવ દરમિયાન ધ્વજ અને લાઉડસ્પીકર લગાવવાને લઈને બે અલગ-અલગ સમુદાયનાં બે જૂથો વચ્ચે અથડામણ થતાં અનેક લોકો ઘાયલ થયા હતા.

# મહાકુંભઃ આદિત્યનાથે પીએમ મોદીના વખાણ કર્યા

## મેળાના સુચારુ સંચાલન માટે કરાયેલા સામૂહિક પ્રયાસોને બિરદાવ્યા

પ્રયાગરાજ/લખનઊઃ મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે ગુરુવારે મહાકુંભ મેળા માટે માર્ગદર્શન આપવા બદલ વડા પ્રધાન નરેન્દ્ર મોદીનો આભાર માન્યો હતો, અને સામૂહિક પ્રયાસોની પણ પ્રશંસા કરી હતી જેના કારણે મેળો સરળતાથી સંપન્ન થયો.

એમણે કહ્યું કે ‘‘થોડી રાજકીય ઇચ્છાશક્તિ અને યોગ્ય સમર્થન સાથે, કોઈપણ પરિણામ પ્રાપ્ત કરી શકાય છે.‘‘

એક્સ પર એક પોસ્ટમાં, તેમણે કહ્યું કે, ‘‘આદરણીય વડા પ્રધાન, આ તમારા સફળ માર્ગદર્શનનું પરિણામ છે કે ‘એકતા, સમાનતા, સંવાદિતાનો મહાયજ્ઞ’ મહા કુંભ-૨૦૨૫, પ્રયાગરાજ આજે ભવ્યતા અને દિવ્યતાની સાથે સુરક્ષા, સ્વચ્છતા અને સુશાસનના નવા માપદંડો સ્થાપિત કરીને પૂર્ણ થયો છે.’’

આ કાર્યક્રમના માપદંડ પર પ્રકાશ પાડતા તેમણે કહ્યું, ‘‘છેલ્લા ૪૫ પવિત્ર દિવસોમાં, આદરણીય સાધુઓ અને સંતો સહિત ૬૬ કરોડથી વધુ ભક્તોએ પવિત્ર ત્રિવેણીમાં પવિત્ર સ્નાન કરીને ધન્યતા અનુભવી છે.’’

આદિત્યનાથે આ ઘટનાના મહત્ત્વની પ્રશંસા કરતા નોંધ્યું હતું કે, માનવતાનો તહેવાર ’વસુધૈવ કુટુંબકમ’ની ભાવના સાથે સમગ્ર વિશ્વને એકતાના દોરમાં બાંધી રહ્યો છે.

તેમણે વડા પ્રધાન મોદીના સતત સમર્થનને પણ સ્વીકારતા કહ્યું કે, ‘‘તમારું માર્ગદર્શન અને શુભકામનાઓ હંમેશાં આપણા બધાને નવી ઊર્જા પ્રદાન કરે છે, વડા પ્રધાન તમારો હૃદયપૂર્વક આભાર!’’

અગાઉ, એક બ્લોગ પોસ્ટમાં, મોદીએ આદિત્યનાથના નેતૃત્વ માટે તેમના વખાણ કરતા કહ્યું હતું કે, ‘‘ઉત્તર પ્રદેશના સાંસદ તરીકે, હું ગર્વથી કહી શકું છું કે આદિત્યનાથના નેતૃત્વમાં સરકાર, વહીવટીતંત્ર અને લોકોએ સામૂહિક રીતે આ ‘એકતાનો મહાકુંભ’ સફળ બનાવ્યો.’’

આદિત્યનાથે મહાકુંભ ૨૦૨૫ની સફળતાપૂર્વક પૂર્ણ થવા પર પ્રયાગરાજમાં ગંગાની પૂજા કરી હતી. નાયબ મુખ્ય પ્રધાન કેશવ પ્રસાદ મૌર્ય, બ્રજેશ પાઠક અને પ્રધાન સ્વતંત્રદેવ સિંહ, પ્રધાન નંદ ગોપાલ ગુપ્તા પણ હાજર હતા.

# મુખ્ય પ્રધાન મમતા બેનરજીનો ભાજપ પર મોટો આરોપ, ચૂંટણી પંચની ઓફિસ બહાર ધરણાંની ધમકી

કોલકાતાઃ પશ્ચિમ બંગાળના મુખ્ય પ્રધાન મમતા બેનર્જીએ ભારતીય જનતા પાર્ટી (ભાજપ) પર ‘ચૂંટણી પંચની મદદથી‘ મતદાર યાદીમાં અન્ય રાજ્યોના નકલી મતદારોના નામ દાખલ કરવાનો આરોપ લગાવતા મંગળવારે ચેતવણી આપી હતી કે જો સુધારાત્મક પગલાં લેવામાં નહીં આવે તો તે ચૂંટણી પંચની ઓફિસ સામે અનિશ્ચિતકાળ સુધી ધરણા કરશે.

અહીં તૃણમૂલ કોંગ્રેસના સંમેલનને સંબોધતા બેનર્જીએ મુખ્ય ચૂંટણી કમિશનર તરીકે જ્ઞાનેશ કુમારની નિમણૂક પર પણ સવાલો ઉઠાવ્યા હતા અને આરોપ લગાવ્યો હતો કે ભાજપ બંધારણીય સંસ્થાને ‘પ્રભાવિત કરવાનો પ્રયાસ’ કરી રહી છે. તેમણે કહ્યું, ‘‘તે સ્પષ્ટ છે કે ભાજપ કેવી રીતે ચૂંટણી પંચની મદદથી મતદાર યાદીમાં છેડછાડ કરી રહી છે.’

બેનર્જીએ કહ્યું હતું કે, જો હું (૨૦૦૬માં જમીન અધિગ્રહણ વિરોધી આંદોલન દરમિયાન) ૨૬ દિવસની ભૂખ હડતાલ કરી શકું છું તો અમે ચૂંટણી પંચ વિરુદ્ધ આંદોલન શરૂ કરી શકીએ છીએ.

જો જરૂર પડશે તો અમે મતદાર યાદીમાં સુધારો કરવા અને નકલી મતદારોને હટાવવાની માગ સાથે ચૂંટણી પંચની ઓફિસની સામે અચોક્કસ મુદ્દતના ધરણાં પણ કરી શકીએ છીએ.

તેમણે આરોપ લગાવ્યો હતો કે ભાજપે ‘‘દિલ્હી અને મહારાષ્ટ્રમાં પણ હરિયાણા અને ગુજરાતના મતદારોના નામ નોંધીને ચૂંટણીમાં ધાંધલધમાલ કરવાની સમાન રણનીતિ અપનાવી છે.’મમતાએ કહ્યું હતું કે, ભાજપે દિલ્હી અને મહારાષ્ટ્રમાં હરિયાણા અને ગુજરાતના નકલી મતદારોની નોંધણી કરીને ચૂંટણી જીતી હતી. પાર્ટી આ નકલી મતદારોને હરિયાણા અને ગુજરાતમાંથી લાવશે અને બંગાળમાં ચૂંટણી જીતવાનો પ્રયાસ કરશે કારણ કે ભાજપ જાણે છે કે જો ચૂંટણી સ્વતંત્ર અને નિષ્પક્ષ રીતે કરવામાં આવશે તો તે બંગાળમાં ક્યારેય ચૂંટણી જીતી શકશે નહીં. બેનર્જીએ ભાજપ પર ‘‘ચૂંટણી પંચની મદદથી પશ્ચિમ બંગાળના વિવિધ જિલ્લાઓમાં અન્ય રાજ્યોમાંથી આવેલા નકલી મતદારોની નોંધણી સુનિશ્ચિત કરવાનો’’ આરોપ લગાવ્યો હતો. તૃણમૂલ સુપ્રીમોએ કહ્યું હતું કે, અમે તે નકલી મતદારોની ઓળખ કરીશું જેમને ભાજપની મદદથી મતદાર યાદીમાં સામેલ કરવામાં આવ્યા છે. અમે બહારના લોકોને (ભાજપ) બંગાળ પર કબજો કરવા નહીં દઈએ. ‘‘ભાજપે દિલ્હીમાં (વિધાનસભા ચૂંટણી) જે કર્યું છે તેનું બંગાળમાં પુનરાવર્તન કરવા દઇશું નહીં.’’

# બ્રાઝિલમાં મેચ પહેલા આર્જેન્ટિનાના બે ફૂટબોલ ચાહકોને ગોળી ધરબી દેવાઇ

રિયો ડી જાનેરોઃ બ્રાઝિલમાં ફૂટબોલ મેચ પહેલા એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. રેકોપા સુદામેરિકાના ફાઇનલના બીજા તબક્કા પહેલા આર્જેન્ટિનાના બે ફૂટબોલ ચાહકો પર ગોળીબાર કરવામાં આવ્યો હતો.

આ મેચ મહેમાન ટીમ રેસિંગ અને સ્થાનિક બોટાફોગો વચ્ચે રમાવાની છે.

સ્થાનિક મીડિયાના અહેવાલ અનુસાર બુધવારે શહેરના પશ્ચિમ ભાગમાં આવેલા બારા દા તિજુકા વિસ્તારમાં બે ચાહકો બીચ પર હતા ત્યારે એક અજાણ્યા શખ્સે તેને લૂંટ્યા અને ગોળી ધરબી દીધી હતી.

રિયોના આરોગ્ય સચિવાલયે એક નિવેદનમાં જણાવ્યું કે પીડિતોમાંથી એકની મિગુએલ કુટો હોસ્પિટલમાં સર્જરી ચાલી રહી હતી અને બીજાની હાલત લૌરેન્કો જોર્જ હોસ્પિટલમાં સ્થિર છે.

ફૂટેજમાં તેમાંથી એકને રિયો ફાયર ડિપાર્ટમેન્ટના હેલિકૉપ્ટર દ્વારા એરલિફ્ટ કરવામાં આવતા હોવાનું દર્શાય છે.

રિયો પોલીસ દ્વારા તપાસ ચાલી રહી છે. તેમજ હજુ સુધી કોઇની ધરપકડ કરવામાં આવી નથી. રેકોપા સુદામેરિકાના ટાઇટલ કોપા લિબર્ટાડોરસ(બોટાફોગો) અને કોપા સુદામેરિકાના(રેસિંગ)ના અંતિમ વિજેતાઓ વચ્ચે રમાય છે.

ગયા અઠવાડિયે આર્જેન્ટિનાની ટીમે બ્યુનોસ એરેસમાં બોટાફોગોને ૨-૦થી હરાવ્યું હતું.

બીજો તબક્કો ગુરુવારે નિલ્ટન સાન્ટોસ સ્ટેડિયમ ખાતે રમાશે.

# બિહારના નાલંદા જિલ્લામાં ‘ભંડારા’ દરમિયાન બે જૂથ વચ્ચે અથડામણ

## એક ઈજાગ્રસ્ત, ૧૦ની ધરપકડ

નાલંદા (બિહાર): બિહારના નાલંદા જિલ્લામાં એક ભંડારા (સામૂહિક ભોજન સમારંભ) દરમિયાન બે જૂથ વચ્ચે થયેલી અથડામણમાં એક વ્યક્તિ ઘાયલ થઈ હતી અને ૧૦ લોકોની ધરપકડ કરવામાં આવી હતી, એમ પોલીસે ગુરુવારે જણાવ્યું હતું.

નાલંદાના પોલીસ અધિક્ષક ભરત સોનીએ ગુરુવારે પીટીઆઈને જણાવ્યું હતું કે બુધવારે સાંજે માફી ગામમાં કેટલીક વ્યક્તિઓએ ભંડારા નજીક કથિત રીતે પેશાબ કરતા બે જૂથ વચ્ચે અથડામણ થઈ હતી. તેમણે કહ્યું કે પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી પરિસ્થિતિને કાબૂમાં લીધી હતી. તેમણે જણાવ્યું હતું કે અથડામણમાં ઘાયલ વ્યક્તિને સારવાર માટે સરકારી હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી અને આજે તેને હૉસ્પિટલમાંથી રજા આપવામાં આવે તેવી શક્યતા છે.

તેમણે કહ્યું કે આ સંબંધમાં દસ લોકોની ધરપકડ કરવામાં આવી છે. પોલીસે આ ઘટના કોમી અથડામણ હોવાના દાવાઓને નકારી કાઢ્યા છે. તેમણે કહ્યું હતું કે મીડિયાના એક વર્ગે પોતાના રિપોર્ટમાં આ પ્રકારનો દાવો કર્યો છે જે પાયાવિહોણો છે.

# કેજરીવાલની વધી શકે છે મુશ્કેલી, ‘શીશ મહેલ’માં વપરાયેલાં સરકારી નાણાની તપાસ કરશે દિલ્હી સરકાર

નવી દિલ્હીઃ રાષ્ટ્રીય રાજધાનીમાં ભારતીય જનતા પાર્ટી સરકારના મંત્રી પરવેશ વર્માએ જણાવ્યું હતું કે ‘શીશ મહેલ’ વિવાદની તપાસ શરૂ કરવામાં આવશે જેથી જાણી શકાશે કે પૂર્વ મુખ્યપ્રધાન અરવિંદ કેજરીવાલના સત્તાવાર નિવાસસ્થાનના રિનોવેશન પાછળ કેટલા સરકારી નાણાનો ખર્ચ કરવામાં આવ્યો હતો. ‘૬, ફ્લેગસ્ટાફ રોડ’ પરનો બંગલાને ભાજપ ‘‘શીશ મહેલ’’ કહે છે. જેનો ઉપયોગ કેજરીવાલ જ્યારે મુખ્યપ્રધાન હતા ત્યારે કરતા હતા.

આ મહિનાની શરૂઆતમાં દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં આમ આદમી પાર્ટી (આપ) ને સત્તા પરથી હટાવનારા ભાજપે કેજરીવાલ પર બંગલામાં ‘‘લક્ઝરી સુવિધાઓ’’ માટે સરકારી નાણાનો દુરુપયોગ કરવાનો આરોપ લગાવ્યો હતો. ગુરુવારે પીટીઆઈ સાથે વાત કરતા વર્માએ કહ્યું હતું કે ‘આપ’ સરકાર હેઠળ ત્રણ વર્ષ પહેલાં બનેલા ભવ્ય મુખ્ય પ્રધાન કાર્યાલયની તપાસ કરવામાં આવશે જેથી એ જાણી શકાય કે તેના રિનોવેશન પાછળ કેટલા રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે અને કયા આધાર પર અધિકારીઓએ આ પ્રકારના ખર્ચને મંજૂરી આપી હતી.‘‘

નોંધનીય છે કે વિધાનસભા ચૂંટણીમાં નવી દિલ્હી બેઠક પરથી અરવિંદ કેજરીવાલને હરાવનારા વર્માએ કહ્યું હતું કે ૬ ફ્લેગસ્ટાફ રોડ પર મુખ્ય પ્રધાનના નિવાસસ્થાન, જેને ભાજપ ‘શીશ મહેલ’ કહે છે, તેની પણ તપાસ કરવામાં આવશે કે જેથી એ જાણી શકાશે કે અગાઉની સરકારે તેના રિનોવેશન માટે કેટલા પૈસા ફાળવ્યા હતા.‘‘ વર્મા જાહેર બાંધકામ વિભાગ (પીડબલ્યૂડી) મંત્રી પણ છે. તેમણે વિભાગના વરિષ્ઠ અધિકારીઓ સાથે ડિફેન્સ કોલોનીમાં ચાલી રહેલા માળખાગત પ્રોજેક્ટ્સનું નિરીક્ષણ કર્યું હતું.

આ મુલાકાત દરમિયાન તેમણે ક્ષતિગ્રસ્ત કલ્વર્ટની સમીક્ષા કરી હતી જેનું છેલ્લા બે વર્ષથી સમારકામ ચાલી રહ્યું છે. સમારકામના કારણે રસ્તાઓ બંધ થઈ ગયા છે અને આ વિસ્તારમાં ટ્રાફિકની ગંભીર સમસ્યા છે. તેમણે અધિકારીઓને ટેન્ડર પ્રક્રિયા ઝડપી બનાવવાનો નિર્દેશ આપ્યો અને રહેવાસીઓને ખાતરી આપી કે એપ્રિલ સુધીમાં સમારકામનું કામ શરૂ થઈ જશે. આ રસ્તાના મહત્વ પર પ્રકાશ પાડતા તેમણે કહ્યું હતું કે, આ રસ્તો બારાપુલા સુધી જાય છે અને લોકો માટે એક મહત્ત્વપૂર્ણ કોરિડોર છે. પાછલી સરકારની બેદરકારીને કારણે બારાપુલા પ્રોજેક્ટનો ખર્ચ તેની મૂળ મંજૂર રકમ કરતા બમણો થઈ ગયો છે.

# મેટિની

કવર સ્ટોરી
હેમા શાસ્ત્રી

# ફિલ્મ યુગલના ડિવોર્સઃ અનુકંપા ને ધિક્કાર

ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં અફવા બજાર સતત ગરમ રહેતું હોય છે. સેલિબ્રિટીના અફેર, મેરેજ કે ડિવોર્સ એ ગોસિપ માર્કેટની સૌથી હિટ અને હોટ આઈટમ છે. સેલિબ્રિટી કપલનાં લગ્ન કરતાં છૂટાછેડાની બાતમીમાં સિનેપ્રેમીઓને વધુ રસ પડે છે.

ગયા વર્ષમાં અનોખી શૈલીના સંગીતકાર એ. આર. રહેમાનના ડિવોર્સના સમાચાર ચમક્યા ત્યારે શરૂઆતમાં આ અફવા તો નથી ને? એવી પ્રતિક્રિયા આવી હતી. જોકે, ખુદ રેહમાને જ પુષ્ટિ આપતાં ધુમાડો આગનો જ છે એ સ્પષ્ટ થઈ ગયું. છૂટાછેડાના સિલસિલામાં તાજું ઉદાહરણ છે એક્ટર ગોવિંદા અને પત્ની સુનિતા આહુજા. ૩૭ વર્ષનાં સહજીવન પછી ડિવોર્સ લેવાનાં છે એવી વાત વાયુવેગે પ્રસરી ગઈ છે.

આ અફવા છે કે વાતમાં દમ છે એના અનેક તર્ક-વિતર્ક થયા પછી ગોવિંદાના વકીલે સ્ટેટમેન્ટ આપ્યું છે કે 'છ મહિના પહેલાં સુનિતા આહુજાએ છૂટાછેડા માટે અરજી કરી હતી. જોકે, મતભેદ કે મનભેદ મિટાવી દેવામાં આવ્યા છે અને યુગલ હવે રંગેચંગે સાથે રહે છે.' મતલબ કે ધુમાડો આગ લાગી એનો જ હતો, પણ આગ ફેલાય એ પહેલાં જ ઠારી દેવામાં આવી છે એવું ચિત્ર આજની તારીખમાં તો ઊપસે છે.

> **ફિલ્મ ઈન્ડસ્ટ્રી સાથે સંકળાયેલા યુગલના છૂટાછેડાની વાત અફવા હોય કે હકીકત, પણ સિનેપ્રેમીઓને એનું ગજબનું કુતૂહલ રહે છે.**

જોકે બીજી તરફ, એક્ટર-કોરિયોગ્રાફર અને યુટ્યુબર ધનશ્રી વર્મા સાથે લવ મેરેજ કરનારા ક્રિકેટર યુજવેન્દ્ર ચહલનાં નસીબ ગોવિંદા જેટલાં પાધરાં નથી. ડિસેમ્બર ૨૦૨૦માં લગ્નબંધનમાં જોડાયેલાં યુગલની છેડાછેડી છૂટી ગઈ છે. આપસી મરજીથી લગ્નબંધન તોડવામાં આવ્યું હોવાનો ખુલાસો કરવામાં આવ્યો છે. ૨૦૨૩માં સોશિયલ મીડિયા પર અણબનાવનો ધુમાડો જોવા મળ્યો હતો અને હવે આગ ખરેખર સળગી હોવાનું સ્પષ્ટ થયું છે.

હિન્દી ફિલ્મોમાં જો હીરો-હીરોઈન વચ્ચે છૂટાછેડાની નોબત આવે તો દર્શકને બેમાંથી એકને માટે અનુકંપા જાગે છે ને બીજા માટે ધિક્કાર પ્રગટ થાય છે. જોકે, રિયલ લાઈફમાં - વાસ્તવિક જીવનમાં ફિલ્મી યુગલના ડિવોર્સનો અણસાર પણ આવતાં શું થયું - કેમ થયું વગેરે ચટપટી જાગે છે. પછી એવા હાથ ધોઈને પાછળ પડી જાય છે કે ન પૂછો વાત. અલબત્ત, અહીં સુધ્ધાં અનુકંપા અને ધિક્કાર જોવા મળે છે.

એક વાત ખાસ નોંધવા જેવી એ છે કે તાજેતરના ડિવોર્સ કેસમાં એક પણ કેસમાં છૂટાછેડાનું કારણ વિવાહબાહ્ય સંબંધ નથી.

અભિષેક બચ્ચન - ઐશ્વર્યા રાય બચ્ચનના છૂટાછેડાની ગુસપુસ તો સોશિયલ મીડિયા પર કેટલાક મહિનાથી ચાલી રહી છે. નામવંત વ્યક્તિના લગ્નમાં બંને અલગ અલગ આવતાં 'કુછ તો ગડબડ હૈ'થી તણખાની શરૂઆત થઈ. સોશિયલ મીડિયા પર અભિષેકે 'ગ્રે ડિવોર્સ' (વાળ ધોળા થયા પછી લેવામાં આવતા છૂટાછેડા)ની વધી રહેલી સંખ્યા વિશે ચિંતા વ્યક્ત કરતી પોસ્ટ મૂકતાંની સાથે અફવાના તણખાને હવા મળતાં મોટી આગ લાગી. પ્રેમમાંથી સરળતા ક્યાં ગાયબ થઈ જાય છે એ અભિષેકની પોસ્ટનો મુદ્દો હતો. 'અનેક વર્ષનાં લગ્નજીવન પછી યુગલ છૂટાં પડી રહ્યાં છે. આવો નિર્ણય ક્યાં કારણસર લેવાય છે અને 'ગ્રે ડિવોર્સ'ની સંખ્યા અચાનક કેમ વધવા લાગી છે?' એવો સવાલ અભિષેક બચ્ચને ઉઠાવ્યો હતો. બસ, પછી તો અફવાઓનું ઘોડાપૂર આવ્યું અને એને ખાળવું મુશ્કિલ હી નહીં - નામુમકિન બની ગયું.



અભિષેક - ઐશ્વર્યા



ગોવિંદા - સુનિતા

૨૦૨૪ના વર્ષ દરમિયાન સિનેમા ક્ષેત્રમાં સેલિબ્રિટી કપલના છૂટાછેડા સહિત કેટલીક સારી-નરસી ઘટના જોવા મળી. ગયા વર્ષે જેમના ઘરસંસાર તૂટી ગયા એમાં કોઈ અત્યંત ચોંકાવનારા હતા તો કોઈ કેસમાં નવાઈ નથી લાગી એવી પ્રતિક્રિયા પણ આવી.

સાંસારિક જીવનમાં એકબીજાને રામરામ કરનારાં યુગલમાં સૌથી ચોંકાવનારું ઉદાહરણ હતું ગાયક-સંગીતકાર એ. આર. રેહમાન અને પત્ની સાયરા બાનોનું. ૨૯ વર્ષનાં લગ્નજીવન પછી છૂટા થવાનો દંપતીનો નિર્ણય ઘણાને આઘાત આપી ગયો. અલબત્ત, ડિવોર્સનું કારણ પતિ-પત્નીએ જાહેર નથી કર્યું, પણ કયો સૂર બેસૂરો બની ગયો એનાં અનેક તર્કવિતર્ક કરવામાં આવ્યાં. આ ઉપરાંત ઊર્મિલા માતોંડકર, હેમા માલિનીની પુત્રી એશા દેઓલ, રજનીકાંતની પુત્રી ઐશ્વર્યા-ધનુષના છૂટાછેડા પણ થયા. ટેલેન્ટેડ ક્રિકેટર હાર્દિક પંડ્યાએ સર્બિયન મોડલ - એક્ટ્રેસ નતાશા સ્ટાનકોવિચ સાથે પ્રભુતામાં પગલાં માંડ્યાં ત્યારે અનેક લોકોને આશ્ચર્ય થયું હતું. ગયા વર્ષે આપસી સમજૂતીથી બંનેએ છેડા ફાડી નાખવાનું નક્કી કર્યું, પણ હાર્દિકના ચાહકોએ નતાશાના માથે માછલાં ધોયાં. આ ડિવોર્સ કેસમાં ઈમોશનલ કારણ હોવાનું ચિત્ર ઊપસ્યું છે.

આ બધા વચ્ચે, શાહિદ કપૂર - કરીના કપૂર મેરેજ પહેલાં જ ડિવોર્સનો કિસ્સો ક્લાસિક છે. એક સમયે એમનો રોમેન્સ એવો પુરબહારમાં ખીલ્યો હતો કે એમનાં લગ્નની ચાહકો સુદ્ધાં કાગડોળે રાહ જોતા હતા. જોકે, 'જબ વી મેટ'ના શૂટિંગ દરમિયાન રિયલ લાઈફમાં 'જબ વી લેફ્ટ' જેવી પરિસ્થિતિ નિર્માણ થઈ ગઈ. અલબત્ત, ફિલ્મમાં એમના પાત્ર આદિત્ય અને ગીત વિષમ પરિસ્થિતિમાંથી સાંગોપાંગ પાર ઊતરી પરણી જાય છે. જોકે, આજના સમયમાં ગીત અને આદિત્ય ભેગાં ન થયાં હોત અને વકીલની ઑફિસમાં છૂટાછેડાના કાગળિયાં સાથે આંટાફેરા કરતાં હોત એવું ખુદ શાહિદ કપૂર અને ડિરેક્ટર ઈમ્તિયાઝ અલીનું માનવું છે. આજના યંગસ્ટર્સ હતાશા પચાવી લેવામાં નથી માનતા, એમની સહનશક્તિ ઓછી છે અને એનો અંત આવી જાય એટલે વાત સીધી બ્રેકઅપ પર પહોંચી જાય છે. ■


### શ્વાનને કારણે છૂટાછેડા!

હિન્દી ફિલ્મોમાં છૂટાછેડા માટેનાં કારણો ચિત્ર-વિચિત્ર જોવા મળ્યા છે. 'મિનરવા મુવિટોન'ના બેનર હેઠળ 'તલાક' ઉર્ફે 'ડિવોર્સ' (અગાઉ હિન્દી અને ઈંગ્લિશ ટાઇટલ આપવાની પ્રથા હતી) નામની નાટ્યાત્મકતાથી ભરપૂર સોશિયલ ફિલ્મ ૧૯૩૮માં બની હતી. હિન્દુ મહિલાના છૂટાછેડાના કાયદા એ કથાનું કેન્દ્રબિંદુ હતું. એ સમયના ટોપ મોસ્ટ હીરોઈન નસીમ બાનોએ એમાં રૂપા નામની મહિલાનું પાત્ર ભજવ્યું હતું. હિન્દુ મહિલાને છૂટાછેડા મંજૂર કરતો કાયદો બને એ માટે રૂપા ઝુંબેશ ચલાવે છે. આ ફિલ્મની વિશેષ માહિતી ઉપલબ્ધ નથી, પણ બાબુરાવ પટેલના બિન્ધાસ્ત અને બેધડક 'ફિલ્મ ઈન્ડિયા' મૅગેઝિનમાં છપાયેલા રિવ્યુ અનુસાર શ્વાનને કારણે રૂપા લગ્નજીવન તોડી નાખે છે. એ ફિલ્મસ્ટાર સાથે પુનર્લગ્ન કરે છે, પણ ફિલ્મ સ્ટાર સુદ્ધાં એ જ કારણસર લગ્ન વિચ્છેદ કરી નાખે છે. લગ્નજીવનમાં સુખ નહીં મેળવતા લોકો માટે છૂટાછેડાનો કાયદો જરૂરી છે એ વાત આ ફિલ્મનો સાર છે. સાથે સાથે ફિલ્મમાં એ પણ દર્શાવાયું છે કે રૂપા જેવી વ્યક્તિ ક્ષુલ્લક કારણસર ઘરસંસારમાં ભંગાણ પાડે છે.

---

સ્ટાર-યાર-કલાકાર
સંજય છેલ

# 'યાર' સીમા પાર સે... ઓમપ્રકાશની એ યાદગાર સાંજ



ઓમ પ્રકાશ

એકવાર 'અર્જુન' અને 'બેતાબ' જેવી હિટ ફિલ્મોના નિર્દેશક રાહુલ રવૈલ અને બીજા ભારતીય કલાકારો પાકિસ્તાનમાં કરાચીની ટૅક્સીમાં સફર કરતા હતા ને મોટે મોટેથી વાતો કરતા હતા. ત્યારે પાક ટૅક્સીવાળાએ તરત જ ટૅક્સી ઊભી રાખીને કહ્યુંઃ

'ઊતર જાવ સબકે સબ.. યહાં રેડિયો પર લતા મંગેશકરજી કા ગાના બજ રહા હૈ ઓર આપ લોગ શોર કરતે હો? બડે બદતમીઝ હો!'

સાંભળીને નવાઈ લાગશે કે દુશ્મન દેશની પ્રજામાં ભારતીય કલાકારો માટે આ હદનો આદર હોઈ શકે? હમણાં ભારત-પાક મૅચમાં ભારત શાનદાર રીતે જીત્યું ત્યારે ત્યાંના અમુક (બધા નહીં) પ્લેયરોએ જે રીતે વિરાટ કોહલીનાં વખાણ કર્યાં એ જોઈ થયું કે દુશ્મની ભલે બે દેશ વચ્ચે હોય છે, પણ સામાન્ય પ્રજામાં તો નહીં.

એવી જ બીજી સત્યઘટના હમણાં જાણવા મળી. ૧૯૮૦ની આસપાસ પ્રખ્યાત પાકિસ્તાની ગઝલ ગાયક ગુલામઅલી પહેલીવાર ભારતમાં પ્રોગ્રામ માટે આવેલા. એમની ટીમમાં 'તારી ખાન' નામના અફલાતૂન તબલાવાદક પણ હતા. હાસ્ય અભિનેતા જુનિયર મહેમૂદ પણ ગુલામઅલીજીનો કાર્યક્રમ માણવા ગયેલા. ત્યાં પ્રોગ્રામ પછી બધાને મળ્યા બાદ જુનિયર મહેમૂદ અને તારી ખાન વચ્ચે દોસ્તી થઈ થઈ. જુનિયર મહેમૂદે સપ્રેમ તારી ખાનને ઘરે જમવા બોલાવ્યા. ત્યારે વાતવાતમાં, તારી ખાને જુનિ. મહેમૂદને કહ્યું, 'જુનિયરભાઈ, હું અહીં ફક્ત શો માટે નથી આવ્યો. ખાસ તો મારે હિંદી ફિલ્મ અભિનેતા ઓમ પ્રકાશજીને પણ મળવું છે. તમે મારી મુલાકાત કરાવી શકો?'

જુનિયર મહેમૂદે તો ઓમ પ્રકાશજી સાથે ઘણી ફિલ્મોમાં કામ કરેલું એટલે આ તો નાની વાત કહેવાય, પણ જુનિ. મહેમૂદે પૂછ્યું, 'તમે કોઈ નહીં ને ઓમ પ્રકાશજીને જ કેમ મળવા માંગો છો?' જવાબમાં તારી ખાને કહ્યું, 'લાહોરમાં એમના એક પરિચિતે મને એમને એક પત્ર પહોંચાડવા કહ્યું છે. જો હું આ પત્ર પહોંચાડી શકીશ તો જ મારી ભારતયાત્રા સફળ થયેલી ગણાશે.'

મુંબઈના દાદર વિસ્તારમાં અગાઉ એક 'રૂપતારા' સ્ટુડિયો હતો. ત્યાં ઓમ પ્રકાશજીનો એક ફ્લૅટ હતો. ત્યાં ઓમજી એમના મિત્રોને બોલાવીને શૂટિંગ બાદ ક્યારેક પત્તાંપાર્ટી વગેરે રાખતા. બીજા જ દિવસે જુનિ. મહેમૂદ, તારી ખાન સાથે રૂપતારા સ્ટુડિયો પહોંચ્યા. ત્યાં જઈને ઓમજીના સેક્રેટરીને કહ્યું, 'તમે ઓમજીને મેસેજ આપશો કે જુનિયર મહેમૂદ મળવા માંગે છે.' સેક્રેટરીએ ઓમ પ્રકાશજીને વાત કરી. 'જુનિયર મહેમૂદ'નું નામ સાંભળીને ઓમજીએ પંજાબી સ્ટાઇલમાં બૂમ પાડી, 'અરે ખોત્તેયા, તારે પૂછવાની જરૂર છે? તું ઘરનો માણસ કહેવાય. આવી જા આવી જા.'

જુનિયર મહેમૂદ પહેલાં તારી ખાનને ગેટ પાસે ઊભા રાખીને પહેલાં ઓમજીને મળવા ગયા. એમને પ્રણામ કરીને ઓમજીને કહ્યું, 'ઓમ અંકલ, મારે તમારું પર્સનલ કામ છે.' 'પર્સનલ વાત' સાંભળીને ઓમજીને લાગ્યું કે કદાચ જુનિયરને પૈસાની જરૂર હશે એટલે તરત ઓમજીએ ખિસ્સામાં હાથ નાખીને કહ્યું, 'બોલ જુનિયર, કેટલા પૈસા જોઈએ છે?'


'ના ના. સરજી પૈસા નથી જોઈતા, એક માણસ તમને છેક લાહોરથી મળવા આવ્યો છે.'

ઓમ પ્રકાશજીનો લાહોર સાથે ખૂબ જ ગાઢ સંબંધ. ભાગલા પહેલાં ત્યાંથી જ આવેલા. એક સમયે ઓમજી 'ઑલ ઈન્ડિયા રેડિયો'ના લાહોર સ્ટેશન પરથી ફતેહદીન નામથી રેડિયો અભિનેતા ને એંકર તરીકે બહુ પ્રખ્યાત હતા. આમ મૂળ તો ઓમ પ્રકાશજી કાશ્મીરી હતા, પણ એમનું બાળપણ લાહોરમાં વીતેલું. ઓમ પ્રકાશજીએ શાસ્ત્રીય સંગીતની તાલીમ પણ ત્યાં જ લીધેલી. જ્યારે જુનિયરે કહ્યું કે લાહોરથી કોઈ એમને મળવા આવ્યું છે એટલે ઓમજી તરત જ ગંભીર થઈ ગયા... એમણે ત્યાં પાર્ટીમાં ધમાલ કરી રહેલા બધા મિત્રોને ચૂપ થઈ જવા કહ્યું અને ત્યાં પત્તાંની રમત પણ બંધ કરાવી.

પછી જુનિયર પેલા તબલાવાદક તારી ખાનને અંદર લઈ ગયા. ઓમ પ્રકાશજીએ તારી ખાનને પૂછ્યું, 'મને કેમ મળવા માંગો છો?' તારી ખાને એક પરબીડિયું આપીને કહ્યું, 'હું તમારા માટે લાહોરથી એક પત્ર લઈને આવ્યો છું.' ઓમ પ્રકાશજીએ પરબીડિયું હાથમાં લીધું ને પૂછ્યું, 'કોનો પત્ર છે?'

તારી ખાને કહ્યું, 'લાહોરના 'રઝાક ખાન' નામના એક પ્રખ્યાત વ્યક્તિએ આ પત્ર તમને પહોંચાડવા કહ્યું હતું.'

એ માણસનું નામ સાંભળીને ઓમ પ્રકાશજી તરત જ ભાવુક થઈ ગયા. અચાનક એમની આંખોમાંથી આંસુ વહેવા લાગ્યાં. ઓમ પ્રકાશજીને આમ રડતાં જોઈને સૌને નવાઈ લાગી, કારણ કે આ પહેલાં કોઈએ હસતાં હસાવતાં ઓમ પ્રકાશજીને આ રીતે અચાનક ધ્રુસકે ધ્રુસકે રડતાં જોયા નહોતા.



તારી ખાન

રડતાં રડતાં ઓમ પ્રકાશજીએ પત્ર મોકલનાર વ્યક્તિ વિશે કહ્યુંઃ 'એ મારો યાર છે. લાહોરમાં મારો પાડોશી હતો. અમે બાળપણનો ઘણો સમય એકસાથે વિતાવ્યો છે.'

ઓમજીને એમની બચપણની વાતો યાદ આવી ગઈ. જુનિયર સહિત રૂમમાં બેઠેલા બધા લોકોએ રડતાં ઓમજીને શાંત કરાવવાનો પ્રયાસ કર્યો. થોડા સમય પછી, ઓમજી, સ્વસ્થ થયા એટલે તારી ખાનને કહ્યું,

'દીકરા, તેં મને મારો યાર મેળવી આપ્યો વરસો બાદ.. લાખ લાખ શુક્રિયા.. પણ તારો પરિચય હજી સુધી નથી આપ્યો?'

'મારું નામ અબ્દુલ સત્તાર તારી છે.'

'તમે શું કરો છો?' ઓમજીએ પૂછ્યું.

'સાહેબ, હું તો મામૂલી તબલાવાદક છું. આજે તમને મળીને મને ખૂબ ખુશી થઈ કે હું એક મહાન કલાકારને મળી શક્યો, કારણ કે તમે પણ તો શાસ્ત્રીય સંગીતના સારા જાણકાર છોને?'

ઓમજીએ પૂછ્યુંઃ 'એક મિનિટ શું તમે એ જ 'તારી ખાન' છો - જે જાણીતા ગઝલગાયક ગુલામઅલી સાથે તબલા વગાડો છે?' તારી ખાને ઝૂકીને કહ્યુંઃ 'હા સાહેબ.'

એ સાંભળતાં તો ઓમ પ્રકાશજીએ તારી ખાનને બાઝી પડ્યા અને તારીનાં ખૂબ વખાણ કર્યાં અને કહ્યું કે

'અરે, હું તો તારો ફેન છું! પછી ઓમ પ્રકાશજી અને તારીએ સંગીતની મહેફિલ જમાવી. આમ એ સાંજ તારી ખાન, જુનિયર મહેમૂદ, ઓમ પ્રકાશજી અને મહેમાનો માટે હંમેશની યાદગાર સાંજ બની ગઈ.


ખરેખર, આજના વાતાવરણમાં કોઈને આવી વાત ગમે કે ના ગમે, પણ કલાકારોને ક્યાં કોઈ સીમા નડતી હોય છે?! ■

---

સાત્વિકમ્ શિવમ્

અરવિંદ વેકરિયા

# બધું જ કીમતી... મળ્યા પહેલાં ને ગુમાવ્યા પછી!



તખ્તાના બાજીગર.. ખ્યાતનામ સેટ ડિઝાઈનર બેલડી છેલ-પરેશ

ઈમ્તિયાઝ પટેલ હવે બરાબર, વ્યવસ્થિત, પ્રેક્ષકો જીરવી શકે એટલી જ 'ઉઘાડી' ભાષામાં લખીને લાવતો થઈ ગયો હતો એ પણ પાછી સંયમિત ભાષામાં. પહેલો અંક આ રીતે તૈયાર થઈ ગયો એનો હરખ ચોક્કસ હતો સાથે 'બોલ્ડ' નાટક કરવાનો એક નાનો ખટકો પણ મનમાં રહ્યા કરતો હતો, પણ મનાવેલું કે જિંદગી માણસને 'ચાન્સ' આપે 'ચોઈસ' નહીં. શક્ય છે સફળતા બીજા વિષયનાં દ્વાર મારી માટે ખોલી આપે. બોલ્ડ વિષય મારી ચોઈસ નહોતો, ક્રમવાર ડિરેક્ટ કરવા આવતાં નાટકમાંનો એક ચાન્સ હતો. સફળ રહેશે કે નિષ્ફળ એ તો આવનારો સમય એટલે કે પ્રેક્ષક માઈ-બાપ નક્કી કરવાનાં. મારે મન તો સફળતા મળશે એવું અંદરથી લાગ્યા કરતું, ઇચ્છા વગરનો વિષય હોવા છતાં. ક્યારેક ઘણાને એવું લાગતું હોય છે અને એટલે મને આ પ્રોજેક્ટ મૂલ્યવાન લાગ્યા કરતો. આમ જુઓ તો આ દુનિયામાં બધું જ કીમતી હોય છે, પણ મળ્યાં પહેલાં અને ગુમાવ્યાં પછી. જ્યાં સુધી સફળતા મળી નહોતી ત્યાં સુધી આ અણગમતો વિષય પણ મારે માટે કીમતી હતો. મારો સિદ્ધાંત રહ્યો છે કે કાં કામ સ્વીકારો નહી અને જો સ્વીકારી લો પછી દિલ દઈને એ સારું બનાવવા મંડી પડો. ઈમ્તિયાઝ પણ પોતાનું પહેલું જ નાટક હોવાથી મન દઈને કલમ ચલાવતો હતો. આ હવે રોજિંદુ થઈ ગયેલું કે હું ઑફિસથી ઘરે આવું અને એ મલાડથી મારા ઘરે પહોંચી જાય. આ રીતે બીજા અંકનું લખાણ ચાલતું રહેતું. નાટકની રિલીઝ તારીખ કોઈ નક્કી નહોતી એટલે એ ભારણ નહોતું. મારા અનુભવની આંગળીએ ઈમ્તિયાઝની કલમ ચાલતી. મને ૧૦૦% ખાતરી તો નહોતી કે હું સાચો જ છું. અનુભવ અને આદતમાં ફેર છે, આદતની બીજાને ખબર હોય છે, અનુભવની આપણને. મારો અનુભવ હવે ઈમ્તિયાઝને સમજાઈ રહ્યો હતો એટલે કામ ઝડપી થઈ રહ્યું હતું. બંને વચ્ચે નાની ચડ-ભડ થઈ જતી, પણ એનું આયુષ્ય લાંબુ ન ટકતું. થાય, ક્યારેક હું કહું કે હાથી ઊડે છે તો ઈમ્તિયાઝ તરત સ્વીકારે કે હા, આજે સવારે મેં અમારા તાર પર બેઠેલો જોયેલો. આ હદ સુધી વાતો સ્વીકાર્ય હોય તો કામ ઝડપથી જ આગળ વધે. આ વિચારોને લઈ બીજો અંક પણ ફટાફટ લખાવા માંડયો. આળસ ઈમ્તિયાઝમાં જરા પણ નહોતી. આળસ હોય તો અનુભવ પણ એળે જાય. આમ પણ આળસુને વર્તમાન કે ભવિષ્ય નથી હોતાં. ધીમે ધીમે નાના-મોટા સુધારા કરતાં કરતાં બીજો અંક પણ તૈયાર થઈ ગયો. ક્યારે ઈમ્તિયાઝ કહેતો કે, 'દાદુ, આ નાટક જો હીટ જશે તો બીજું સોશિયલ નાટક લખીશ અને એનું દિગ્દર્શન તમારે જ કરાવવાનું.' 'વાત મધરાત..' બોલ્ડ બનાવ્યાં પછી હીટ ગયું તો આ પણ હીટ જશે એમ માની તો ન લેવાય, હું એની વાત હળવાશથી સાંભળી લેતો. વાત હળવાશથી લઈએ તો કડવાશ થવાની શક્યતા ઓછી.

બીજો અંક તૈયાર થતાં નિર્માતા ડોલર પટેલ પાસે પહોંચી ગયા. જતાં પહેલાં મેં ઈમ્તિયાઝને કહી દીધેલું કે, 'ડોલરનું એક વાક્ય યાદ રાખજે કે, 'દાદુ, તમે ડિરેક્ટર છો. તમને યોગ્ય લાગે એમ કરજો' એટલે એ કહે એ સુધારા એક કાનેથી સાંભળી બીજા કાનેથી કાઢી નાખજે'. હા, એટલા 'હું' પણામાં હું પણ નહી રહું, યોગ્ય હશે તો આપણે ચોક્કસ ફેરફાર કરીશું.'

એ નિર્માતા હતા. નિર્માતાપણું દેખાડવા પણ એ કોઈ સૂચન કહેશે તો ખરા. એ સિરિયલ લાઈનના અનુભવી તો હતા જ. એટલે નિર્માતાના હક સાથે અનુભવ પણ હશે.

આ રીતે તૈયાર થઈ અમે ડોલર પટેલ પાસે પહોંચ્યા. નાટક વાંચ્યું. એક-બે નાની મોટી સલાહ સિવાય એમને બધું પરફેક્ટ લાગ્યું.

મને કહે, 'આ નાટક પરફેક્ટ જ બનાવી લેવું. રિલીઝ પહેલાં આપણી પાસે સમય હોય છે. રિલીઝ પછી કાપી-ઉમેરી ને સુધારીએ તોપણ એ રફુ જ લાગે. મારો અનુભવ છે કે 'મેક-અપ'ની ઉંમરમાં જ ધર્મ કરી લેવો, બાકી 'ચેક-અપ'ની ઉંમરમાં કશું થઈ શકવાનું નથી.'

એની વાત નાટકની તૈયારી માટે સાચી લાગી. પછી અમે કાસ્ટિંગનું પાનું ખોલ્યું તો ડોલર કહે 'પહેલાં સેટની વાત કરી લઈએ.' સેટ ડિઝાઈન માટે એમણે ગ્રેટ છેલ-પરેશની જોડીનું નામ કહ્યું. એમની અમુક સિરિયલમાં પણ એ સંકળાયેલા હતા.

મારા તો બંને ગુરુ. એમણે મારાં ઘણાં નાટકો માટે ડિઝાઈન બનાવી હતી. એ જવાબદારી લેતા ત્યારે આખા યુનિટના એ 'માલિક' નહી, 'માળી' બની જતા. આખા યુનિટની સંભાળ રાખે, પણ અધિકાર કોઈના પર નહી. નામ પડતાં હું રોમાંચિત થઈ ગયો. એમણે છેલભાઈને સ્ક્રિપ્ટ મોકલવાની વ્યવસ્થા પણ તરત કરી નાખી. છેલભાઈ ડિઝાઈન બનાવતાં પહેલાં હંમેશા સ્ક્રિપ્ટ વાંચતા.

ડોલરે બીજા દિવસે સેટિંગ્સ બનાવવા માટે ફોન કરીને 'ભાવ' લેવા માંડ્યા. બજેટ પોસાતું નહોતું એટલે ડોલરે મને ફોન કર્યો. ભાવ-તાલ નક્કી કરવાનું કામ મારું નહોતું. છતાં 'વાત મધરાત...' જેની ડિઝાઈન ફલી મિસ્ત્રીએ બનાવેલી પણ સેટ બનવવાનું કામ બીજાએ કરેલું. એમાં બે છોકરાં હતા, પ્રવીણ અને શૈલેશ. શૈલેશ 'વાત..' માં લાઈટિંગ કરતો જ્યારે પ્રવીણ સેટ લગાવતો. એ બંને પોતાનો સેટ માટે વર્કશોપ શરૂ કરવાનો પ્લાન કરી રહ્યા હતા. મેં પ્રવીણ ભોંસલેને ફોન કરી કહ્યું, 'હું નાટક બનાવી રહ્યો છું, સેટ બનાવીશ?' પ્રવીણ મને કહે, 'હા દાદુ, ચોક્કસ બનાવીશ.. પણ પૈસા નહીં લઉં! ■

**ડબ્બલ રિચાર્જ**

*પત્નીઃ 'કમ્પ્લિટ' અને 'ફિનિશ'માં શું ફેર?*
*પતિઃ હું તને મળ્યો એટલે તારી લાઈફ 'કમ્પ્લિટ' થઈ ગઈ, અને તું મને મળી એટલે મારી લાઈફ 'ફિનિશ' થઈ ગઈ.*

હેન્રી શાસ્ત્રી

ફ્લેશ બેક

# જતીન-લલિતને નર્વસ કરી દીધા રવીન્દ્ર જૈને

**‘ચોર મચાયે શોર’ ફિલ્મના ગીત સામે ‘દિલવાલે દુલ્હનિયા લે જાયેંગે’ના ટાઈટલ સોંગની ધૂન ફીકી લાગતાં પડતી મૂકવામાં આવી હતી!**

ચક્ષુ છીનવાઈ ગયા હોય એ વ્યક્તિની શ્રવણશક્તિ અદભુત હોય છે. સંગીતકાર રવીન્દ્ર જૈન જન્મથી જ દ્રષ્ટિહીન હતા, પણ એમની શ્રવણ શક્તિ ખૂબ તેજ હતી. દ્રષ્ટિહીન અવસ્થાથી જરા પણ વિચલિત થયા વિના - નર્વસ થયા વિના સંગીતનું શિક્ષણ પ્રાપ્ત કર્યું. સંગીત માટે રુચિ કેળવાઈ અને પોતે જ લખેલા ગીતનું સ્વરાંકન કરવામાં એમને બહુ મુશ્કેલી ન પડી. ૧૯૭૦માં મુંબઈ આવ્યા બાદ સંગીતકાર તરીકે એમની સૂરીલી સફર શરૂ થઈ અને પારિવારિક ફિલ્મોમાં એમનાં ગીત - સંગીત ખાસ્સા લોકપ્રિય થયાં.

આજે એમની ૮૦મી જન્મ જયંતી છે એ નિમિત્તે એમની સંગીત સફરની કેટલીક મજેદાર બાબતથી પરિચિત થઈએ.



હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં કૌશલ અજમાવવા મુંબઈ આવેલા રવીન્દ્ર જૈનને સદનસીબે પહેલો જ ચાન્સ એન. એન. સિપ્પી જેવા એ સમયના માતબર નિર્માતાએ આપ્યો. કોઈ અકળ કારણોસર સિપ્પીની ‘સિલસિલા હૈ પ્યાર કા’ (૧૯૭૨) અધવચ્ચે જ પડતી મૂકવામાં આવી. (કરિશ્મા કપૂર અને ચંદ્રચુડ સિંહની ‘સિલસિલા હૈ પ્યાર કા’ ૧૯૯૯માં રિલીઝ થઈ હતી). સદનસીબે એમની પ્રતિભાની વાત ફેલાઈ ગઈ હતી અને એમને કામ મળવા લાગ્યું. એમની રિલીઝ થયેલી પ્રથમ ફિલ્મ હતી ‘કાંચ ઔર હીરા’. જોકે, એ ક્યારે આવી અને ક્યારે ગાયબ થઈ ગઈ ખબર જ ન પડી. ‘રાજશ્રી પ્રોડક્શન્સ’ની ‘સૌદાગર’ (૧૯૭૩)માં તક મળી અને રવીન્દ્ર જૈનના કૌશલથી હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રી અને સિને રસિકો વાકેફ થયા. ફિલ્મમાં ૭ ગીત હતાં, જેમાંથી ‘તેરા મેરા સાથ રહે’, ‘સજના હૈ મુજે સજના કે લિયે’, ‘દૂર હૈ કિનારા’ ખાસ્સા લોકપ્રિય થયાં. બધાં ગીત એમણે જ લખ્યાં હતાં અને રવીન્દ્ર જૈનને એક મોટો લાભ એ થયો કે પહેલી મહત્ત્વની ફિલ્મમાં એમને લતા મંગેશકર, આશા ભોસલે, મન્ના ડે અને કિશોર કુમાર જેવા એ સમયના ખ્યાતનામ સિંગર સાથે કામ કરવાનો મોકો મળ્યો. પરિણામે ઈન્ડસ્ટ્રીમાં એમની ખ્યાતિ વધુ પ્રસરી ગઈ. બોક્સ ઓફિસ પર એ ફિલ્મ નિષ્ફળ ગઈ પણ એના ગીત અને સંગીતને નામના મળી.

અને ૧૯૭૪માં આવી ‘ચોર મચાયે શોર’. એન. એન. સિપ્પીએ ‘સિલસિલા હૈ પ્યાર કા’માં બ્રેક આપ્યો, પણ ફિલ્મ બનાવી નહોતા શક્યા. સિપ્પી સાહેબે એ મહેણું ભાંગ્યું શશી કપૂર - મુમતાઝની ફિલ્મ ‘ચોર મચાયે શોર’થી. ફિલ્મની વાર્તા, અભિનય વગેરે બાબતોની તુલનામાં એના બે ગીત અફાટ લોકપ્રિયતાને વર્યા ને ફિલ્મ સુપરહિટ થઈ એમાં સંગીતનો મોટો ફાળો હતો એમ કહેવામાં કોઈ અતિશયોક્તિ નથી. ‘લે જાયેંગે, લે જાયેંગે, દિલવાલે દુલ્હનિયા લે જાયેંગે’ અને ‘ઘુંઘરુ કી તરહ બજતા હી રહા હૂં મૈં’ આજે પણ લોકોના સ્મરણમાં અકબંધ સચવાઈને પડ્યા છે. ‘લે જાયેંગે, લે જાયેંગે, દિલવાલે દુલ્હનિયા લે જાયેંગે’ ગીતની એક મજેદાર વાત એ છે કે આદિત્ય ચોપડાએ ‘દિલવાલે દુલ્હનિયા લે જાયેંગે’ બનાવવાનું નક્કી કરી સંગીત સજાવટની જવાબદારી જતીન - લલિતને સોંપી હતી. ફિલ્મમાં ટાઈટલ સોન્ગ રાખવાની આદિત્ય ચોપડાની અદમ્ય ઈચ્છા હતી. જોકે, અનેક કોશિશ પછી બધી સ્વર રચના રવીન્દ્ર જૈનના કંપોઝિશન સામે નબળી લાગતા એ વિચાર જ પડતો મૂકવામાં આવ્યો હતો. લલિત પંડિતે એક ઈન્ટરવ્યૂમાં જણાવ્યું હતું કે ‘અમે ટાઈટલ સોંગની ઘણી બધી ધૂન તૈયાર કરી હતી, પણ દરેક ધૂન રવીન્દ્રજીની ધૂમ મચાવનાર ધૂન સામે મોળી લાગતી હતી. અંતે અમે આઈડિયા જ પડતો મૂક્યો.’ કેવી જબરદસ્ત પ્રશંસા!

આ સફળતાથી પોરસાયેલા એન. એન. સિપ્પીએ શશી કપૂર - શબાના આઝમીને લઈ ‘ફકીરા’ બનાવી અને ફરી ગીતકાર - સંગીતકારનું સુકાન રવીન્દ્ર જૈનને જ સોંપ્યું. ફિલ્મના બે ગીત ખાસ્સા લોકપ્રિય થયા. એક હતું ટાઈટલ સોંગ ‘ફકીરા ચલ ચલા ચલ’ (મહેન્દ્ર કપૂર) અને બીજું ગીત હતું ‘દિલ મેં તુજે બિઠા કે, કર લૂંગી મૈં બંદ આંખેં’ (લતા મંગેશકર). ફિલ્મની હીરોઈન શબાના આઝમી માટે આ ગીત બહુ જ મહત્ત્વનું સાબિત થયું. ‘અંકુર’, ‘પરિણય’ અને ‘નિશાંત’ જેવી ફિલ્મોમાં અદાકારીમાં અવ્વલ સાબિત થયેલી શબાના કમર્શિયલ ફિલ્મો માટે અજાણી હતી. એક ઈન્ટરવ્યૂમાં શબાનાએ કહ્યું હતું કે ‘દિલ મેં તુજે બિઠા કે’ મારા પર પિક્ચરાઈઝ થયું હતું. આ ગીત પછી કમર્શિયલ ફિલ્મોમાં મને સ્વીકૃતિ મળી. આ ગીતની ગણના ભજન તરીકે તેમજ પ્રેમ ગીત તરીકે પણ થઈ.’

‘ચોર મચાયે શોર’ની ધૂંઆધાર સફળતા પછી રવીન્દ્ર જૈનના દરવાજે નિર્માતાઓ બેલ મારવા લાગ્યા. એમાં મોખરે હતા ‘રાજશ્રી પ્રોડક્શન્સ’વાળા. ‘ગીત ગાતા ચલ’, ‘તપસ્યા’, ‘અખિયોં કે ઝરોખોં સે’, ‘ચિતચોર’, ‘દુલ્હન વહી જો પિયા મન ભાયે’, ‘સુનયના’, ‘નદિયા કે પાર’. રાજશ્રી પ્રોડક્શનની વાર્તાને અનુરૂપ ગીત - સંગીત તૈયાર કરવાની ફાવટ જૈન સાહેબને આવી ગઈ અને ઘણી મ્યુઝિકલ હિટ ફિલ્મો એમણે આપી. લતા કરતાં હેમલતા પાસે વધુ ગીત ગવરાનારા રવીન્દ્ર જૈને યેશુદાસ, હેમલતા, જસપાલ સિંહ, આરતી મુખર્જી, ચંદ્રાની મુખરજી સહિત ઘણા નવા ગાયકની ભેટ આપી.

શંકર જયકિશન, લક્ષ્મીકાંત પ્યારેલાલ, આર. ડી. બર્મન જેવા માંધાતાઓ સાથે કામ કરનારા રાજ કપૂર ‘રામ તેરી ગંગા મૈલી’ના સંગીતકાર તરીકે રવીન્દ્ર જૈનને આમંત્રણ આપ્યું એ એમની કારકિર્દીનું ઉચ્ચ બિંદુ હતું. લતાદીદીનું ‘સુન સાયબા સુન’ સુપરહિટ સાબિત થયું. રાજ કપૂરના અવસાન પછી રણધીર કપૂરે રવીન્દ્ર જૈન પાસે ‘હિના’ના ગીતો સ્વરબદ્ધ કરાવ્યા અને એને પણ સારી સફળતા મળી. ત્યારબાદ રવીન્દ્ર જૈનને કામ મળતું રહ્યું, પણ કોઈ અકળ કારણોસર નોંધપાત્ર બેનર કે ફિલ્મ મેકર એમની પાસે સ્વરાંકન કરાવવા કેમ રાજી નહોતા એ સમજવું અઘરું છે.

આમ છતાં, એક વાત તો સ્વીકારવી જ રહી કે હિન્દી ફિલ્મોના અવિસ્મરણીય ગીતોની યાદીમાં રવીન્દ્ર જૈનના ગીતનો સમાવેશ કર્યા વિના ચાલે નહીં. ■

ફટા પોસ્ટર, નિકલા...

# ક્રિકેટની સાથે બોલિવૂડનું ઈલુ ઈલુ...

મહેશ નાણાવટી



મનસૂર અલી ખાન પટૌડી - શર્મિલા ટાગોર





વિરાટ કોહલી-અનુષ્કા શર્મા

બોલિવૂડની સુંદરીઓ અને ક્રિકેટ જગતના સ્ટાર-ક્રિકેટરોનાં લવ - લફરાં ને લગ્નોની હવે તો નવાઈ જ નથી, છતાં અમુક વાતો ચટાકેદાર હોય છે.

સન ૨૦૧૭માં જ્યારે વિરાટ કોહલી અને અનુષ્કા શર્માનાં લગ્ન થયાં ત્યારે કૉર્પોરેટ વર્લ્ડમાં એમ કહેવાતું હતું કે ‘આ તો બે બ્રાન્ડનું ‘મર્જર’ છે!’ કેમ કે તે વખતે વિરાટ કોહલીની બ્રાન્ડ વેલ્યુ ૨૦૦ થી ૨૫૦ કરોડની હતી અને અનુષ્કા શર્મા ભલે ફિલ્મ દીઠ માંડ ૧૦-૧૫ કરોડ ચાર્જ કરતી હતી, પણ એની પોતાની પ્રોડક્શન કંપનીનું વેલ્યુએશન રાતોરાત બમણું થઈ ગયું હતું!

આ તો કૉર્પોરેટ જગતની વાત થઈ, પણ તે વખતે ભારતીય ટીમ ઑસ્ટ્રેલિયાના પ્રવાસે ગઈ ત્યારે સોશિયલ મીડિયામાં જોક ચાલતી હતી કે ‘ઑસ્ટ્રેલિયનો, સંભાળજો! અનુષ્કાના ડઝનબંધ દિયરો તમારી ધુલાઈ કરવા આવી રહ્યા છે!’

બિચારા કોહલીની દશા એ વખતે જરા કફોડી હતી. ઘટના એવી બનતી હતી કે અનુષ્કા સ્ટેડિયમમાં હાજર હોય ત્યારે શી ખબર ક્યા કારણસર, વિરાટ ઝીરોમાં કે બે-પાંચ રનમાં જ આઉટ થઈ જતો હતો! એ વખતે સોશિયલ મીડિયાના ટ્રોલ-ટપોરીઓ મંડી પડ્યા હતાઃ ‘ભાઈ’નું ધ્યાન ભાભીમાં છે! ભાભીએ કહ્યું હશે કે ફટાફટ દાવ પતાવીને પાછા આવજો, શોપિંગમાં જવાનું છે!’ આવી ઘટના વારંવાર થઈ પછી અનુષ્કા ભાભીએ સ્ટેડિયમમાં હાજર રહેવાનું ઓછું કરી નાખ્યું હતું! (જોકે હવે તો બીસીસીઆઈ કડક થઈ ગઈ છે... પત્નીઓ માત્ર ચોક્કસ દિવસો માટે જ વિદેશ પ્રવાસમાં સાથે જઈ શકશે.)

સોશિયલ મીડિયામાં એ પછી પણ અનુષ્કા માટેની કોમેન્ટો ચાલુ રહી ત્યારે વિરાટ કોહલીએ રીતસર જાહેરમાં અપીલ કરવી પડી હતી કે ‘ભૈશાબ’, કોઈ મહિલાનું ગૌરવ તો જાળવો!’

આમ જુઓ તો પ્રીટી ઝિન્ટા અને શિલ્પા શેટ્ટી કોઈ ક્રિકેટરના લવ કે લફરામાં નહોતાં, છતાં આઈપીએલની પંજાબ અને રાજસ્થાનની ટીમોમાં ‘માલકિન’ હોવાને કારણે જાતજાતની કોમેન્ટો ચાલતી રહેતી હતી :

‘જુઓ, પંજાબની ટીમમાં પૂરા પંદર હેન્ડસમ મૂરતિયા છે! પ્રીટીનું દિલ કોણ જીતશે’ વગેરે.

આઈપીએલની બીજી સિઝન, જે દક્ષિણ આફ્રિકામાં રમાઈ રહી હતી ત્યારે તો પંજાબ અને રાજસ્થાનની ટીમ ટકરાઈ ત્યારે લાઈવ પ્રસારમાં વારાફરતી પ્રીટી અને શિલ્પાને જ બતાડ્યા કરતા હતા! કૉમેન્ટેટરો પણ ચગાવી ચગાવીને બોલતા હતા ‘દેખતે હૈ કૌન જીતેગા? પ્રીટી કે પરાક્રમી, યા શિલ્પા કે શૂરવીર?!’

બહુ ઓછા લોકોને ખબર હશે કે હાર્દિક પંડ્યાના તાજેતરમાં જેની સાથે છૂટાછેડા થયા એ નતાશા સ્તાન્કોવિક મૂળ સર્બિયા નામના દેશની છે. એ પોતાનો દેશ છોડીને અહીં બોલિવૂડમાં નસીબ અજમાવવા માટે મુંબઈમાં ઠરીઠામ થઈ ગઈ. શરૂશરૂમાં મોડલિંગ કર્યા પછી પ્રકાશ ઝાની ફિલ્મ ‘સત્યાગ્રહ’માં એને નાના રોલમાં બ્રેક પણ મળ્યો હતો.

જોકે હાર્દિક સાથેનું લગ્નજીવન ભંગાણને આરે આવી ગયું ત્યારે નતાશાનો ‘સત્યાગ્રહ’ એવો હતો કે આ લગ્નથી જન્મેલી પુત્રી છૂટાછેડા પછી એની જ સાથે રહે. (એ સિવાય છૂટાછેડામાં કેટલી રકમ નતાશાના સત્યાગ્રહ સામે ઝૂકીને આપવામાં આવી છે તે જાહેર થઈ નથી.)

એમ તો છેલ્લાં બે-ચાર વરસમાં જે કરોડપતિ ક્રિકેટરોના છૂટાછેડા થયા છે એમાં શિખર ધવન, મહંમદ શમી અને યુજવેન્દ્ર ચહલનાં નામ પણ છે, પરંતુ એમની પત્નીઓને બોલિવૂડ સાથે કોઈ લેણાદેણી નહોતી (લેણાદેણી છૂટાછેડાની ‘ભરણપોષણ’ની રકમ માટે તો ખરી હોં!), પરંતુ એક જમાનામાં બોલિવૂડની બહુ મોટી સ્ટાર ગણાતી રીના રોયનાં લગ્ન જ્યારે પાકિસ્તાની ક્રિકેટર મોહસિન ખાન સાથે થયાં ત્યારે એ ખાસ્સી ચર્ચાને ચકડોળે ચડી હતી.

એમાં સૌથી મજાની વાત તો એ થઈ કે રીના રોયને કારણે મોહસિન ખાનને બોલિવૂડમાં એક્ટિંગ કરવાની ધમાકેદાર એન્ટ્રી મળી હતી! એ પણ કંઈ નાના મોટા મામૂલી રોલમાં નહીં, પરંતુ મોટા બેનરની મોટી ફિલ્મોમાં! ‘બંટવારા’ (૧૯૮૭) માટે તો એને ‘બેસ્ટ સપોર્ટિંગ એક્ટર’નો ‘ફિલ્મફેર’ એવોર્ડ પણ મળ્યો હતો! તે વખતે જોક એવી ચાલતી હતી કે ‘સપોર્ટિંગ’ ખરેખર તો રીના રોયનો હતો, ઈન્ડસ્ટ્રીમાં!

મોહસિન ખાને એ પછી બોલીવૂડમાં લગભગ નવ-દસ ફિલ્મોમાં એક્ટિંગ કરી, જેમાં ‘સાથી’માં તો એ હીરો પણ હતો! (ફિલ્મ ફ્લોપ હતી.) એ તો ઠીક, મોહસિન મિયાં ત્રણ પાકિસ્તાની ફિલ્મોમાં પણ હીરો બની ગયા હતા, જેના નામ તો પાછાં બોલિવૂડમાંથી જ લીધેલાં હતાં. ‘ઘૂંઘટ’, ‘ઈન્સાનિયત’ અને ‘હાથી મેરે સાથી’!

જોવાની વાત એ પણ ખરી કે ૧૯૯૨માં રીના રોય સાથે તલાક થઈ ગયા પછી છેક ૧૯૯૭ સુધી મોહસિન ખાનજીને બોલિવૂડની ફિલ્મો મળી છે! બોલો.

બોલિવૂડની સ્ટાર સુંદરી અને ક્રિકેટ જગતના સ્ટાર ખેલાડીની સૌથી યાદગાર જોડી તો, સૌ જાણે છે એમ મનસૂર અલી ખાન પટૌડી અને શર્મિલા ટાગોરની છે. આમાં ઓછી જાણીતી વાત એ છે કે શર્મિલાજીને ક્રિકેટમાં કદી ખાસ ટપ્પી પડતી નહોતી, છતાં એમનું ચોકઠું શી રીતે ગોઠવાયું તે એ સમયનાં ફિલ્મી મેગેઝિનોની ગપશપમાં પણ ખાસ બહાર આવ્યું નહીં. કેમ કે ન તો પટૌડી સાહેબે કોઈ પુસ્તક લખ્યું કે ન તો શર્મિલાજીએ.


આમ છતાં, હાલમાં થોડા સમય પહેલાં હિન્દી ફિલ્મો, ટીવી સિરિયલો અને નાટ્ય જગતની ખૂબ મંજાયેલી અને ટેલેન્ટેડ અભિનેત્રી નીના ગુપ્તાએ પોતાની આત્મકથા ‘સચ કહું તો’માં અંગત વાતો લખી છે, જેમાં એ વેસ્ટ ઈંડીઝના વર્લ્ડ ફેમસ ક્રિકેટર વિવિયન રીચાર્ડસ સાથે સંબંધમાં આવ્યા પછી શી રીતે લગ્ન કર્યા વિના પુત્રી મસાબાને જન્મ આપવાનો ક્રાંતિકારી નિર્ણય લીધો... અને તેના કારણે એની ઈમેજ, એની કરિયર અને એના મુંબઈ ઈન્ડસ્ટ્રીના સંબંધો ઉપર અસર પડવાથી કેવાં સંઘર્ષમય વરસો વીતાવવાં પડ્યાં તેની વાતો લખી છે.

જોકે એ જમાનામાં ક્રિકેટરોને એક મૅચ રમવાના માંડ ૨૫૦ રૂપિયા મળતા હતા! આજે જ્યાં એક મૅચમાં ચાર ઓવર નાખવાનો ભાવ લાખોમાં ચાલે છે ત્યારે સ્વાભાવિક છે કે જે ‘સંઘર્ષ’ ક્રિકેટરને ‘પટાવવામાં’ થાય છે, એ છૂટા પડવામાં નથી થતો! ■

ક્લેપ એન્ડ કટ..!

સિદ્ધાર્થ છાયા

## શાહરૂખ ખાન મન્નત છોડે છે, પણ...







વાશુ ભગનાની

મુંબઈની મુલાકાતે જનારો કોઈ પણ ફિલ્મી ફેન ત્રણ સ્થળે જવાની ઇચ્છા જરૂર ધરાવતો હોય છે. એક તો અમિતાભ બચ્ચનનું ઘર ‘જલસા’, જ્યાં દર રવિવારે બચ્ચનબાબુ ‘દર્શન’ દેતા હોય છે. આ ઉપરાંત બીજાં બે ઘર છે - સલમાન ખાનનું ‘ગેલેક્સી એપાર્ટમેન્ટ’ અને શાહરૂખ ખાનનો બંગલો ‘મન્નત’. અમિતાભની જેમ આ બંને કલાકાર રેગ્યુલર પોતાના ચાહકોને દેખા નથી દેતા, પરંતુ પોતાના જન્મદિવસોએ જો મુંબઈમાં હોય તો પોતાના ઘરની ગેલેરી કે ટેરેસ પર નજરે ચઢે છે.

આમ તો શાહરૂખનું નામ એના આઇકોનિક બંગલા ‘મન્નત’ સાથે જોડાઈ ગયું છે, પરંતુ મે મહિનામાં શાહરૂખ સહપરિવાર ‘મન્નત’ છોડે છે. અરે, ચિંતા ન કરો કાયમ માટે નહીં, પરંતુ થોડા મહિનાઓ માટે એ ‘મન્નત’ છોડે છે, કારણ કે ‘મન્નત’ માં હવે એક જબરું રિનોવેશન સમારકામથી સજાવટનું કામ શરૂ થવાનું છે. આ માટે ગત વર્ષે ગૌરી ખાને જરૂરી સરકારી વિધિ પણ શરૂ કરી દીધી હતી.

રિનોવેશન ચાલશે તે દરમિયાન શાહરૂખ ખાન પરિવારસહ પાલી હિલમાં આવેલા વાશુ ભગનાનીના ચાર માળના ફ્લૅટમાં કામચલાઉ રહેવા જવાનો છે. આના માટે શાહરૂખની કંપની ‘રેડ ચિલીઝ’ અને વાશુ ભગનાનીનાં બે સંતાન વચ્ચે કરાર પણ થઈ ગયો છે, જે મુજબ ખાન પરિવાર ત્રણ ફ્લોરના એ ફ્લૅટના ઉપયોગ માટે દર મહિને ૨૪ લાખ રૂપિયાનું ‘ભાડું’ ચૂકવશે.

આની સાથે એ સમાચાર પણ જાણી લો કે ભગનાની અને ‘નેટફ્લિક્સ’ વચ્ચે કોર્ટ બહાર સમાધાન થઈ ગયું છે.

થોડા ફ્લેશ બેકમાં જઈએ તો વાત એમ હતી કે નેટફ્લિક્સ દ્વારા ભગનાનીની ત્રણ ફિલ્મઃ ‘મિશન રાનીગંજ’, ‘બડે મિયાં છોટે મિયાં’ અને ‘હીરો નં ૧’ ના OTT રાઈટ્સ લગભગ ૪૫ કરોડમાં ખરીદ્યા હતા, પરંતુ આ રકમનું પૂરું પેમેન્ટ નહોતું કરી રહ્યું. આથી ભગનાનીએ નેટફ્લિક્સ વિરુદ્ધ મુંબઈ પોલીસની આર્થિક ગુના શાખામાં ફરિયાદ નોંધાવી હતી.

પછી તો જેમ બને છે તેમ એ બન્ને પાર્ટી વચ્ચે ચર્ચાવિચારણા પછી વિવાદનો અંત આવી ગયો હોવાનું જાણવા મળ્યું છે. આ સમાધાન અનુસાર હવે ‘નેટફ્લિક્સ’ વાશુ ભગનાનીને ૨૦ કરોડ રૂપિયા આપશે. આમ તો ખોટનો સોદો કહી શકાય, પરંતુ ત્રણેય ફિલ્મની બોક્સ ઑફિસ પર જે હાલત થઈ હતી એ જોતાં ભગનાની ફાયદામાં જ કહેવાય!

## ગોવિંદા - સુનીતા છૂટાછેડા કે પછી..



લાગે છે કે આજ કાલ સેલિબ્રિટીસમાં છૂટાછેડા લેવાની સિઝન શરૂ થઈ ગઈ છે. ક્રિકેટર યુઝવેન્દ્ર ચહલ અને પત્ની ધનશ્રી વચ્ચે સત્તાવાર છૂટાછેડા થઈ ગયા છે. આ પહેલાં વીરેન્દ્ર સહેવાગ અને પત્ની આરતીના ડિવોર્સની અફવા અને હવે ગોવિંદા અને પત્ની સુનીતા પણ છૂટાછેડા લઈ રહ્યાં હોવાની ચર્ચા ચોતરફ ચાલી રહી છે. ગોવિંદા અને સુનીતાનું લગ્નજીવન લગભગ ૩૭ વર્ષ પહેલાં શરૂ થયું હતું અને સુનીતાએ ગોવિંદાના તડકા-છાયા બંનેમાં સરખો સાથ આપ્યો છે, પરંતુ હાલમાં સુનીતાના અમુક ઇન્ટરવ્યુમાં એણે ગોવિંદાના ફ્લર્ટી સ્વભાવ અને પોતે મુંબઈમાં એક ફ્લૅટ પણ લઈ રાખ્યો છે એવી વાતો કરી હતી.

જોકે ગોવિંદાની ભત્રીજી અને એક્ટર આરતી સિંઘે હાલમાં એક ઇન્ટરવ્યુમાં એકદમ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે જે પ્રકારની વાત ચાલી રહી છે, વિશ્વાસ કરો એવું કશું જ નથી. ગોવિંદા અને સુનીતા વચ્ચે જે બોન્ડિંગ છે એ ઘણા ઈર્ષાળુ લોકોથી સહન નથી થતું માટે આવી અફવા ફેકાવે છે. જે હોય તે પણ, આગ વગર ધુમાડો ન જ નીકળે એ તો ખરુંને? ■



કટ એન્ડ ઓકે..

એક રિયાલિટી શોમાં ફરાહ ખાને હોળીને ‘છપરી ફેસ્ટિવલ’ કહેતાં ઈન્ટરનેટ પર ‘હિન્દુસ્તાની ભાઉ’ તરીકે પ્રખ્યાત એવા વિકાસ ફાટકે ફરાહ ખાન ઉપર ધાર્મિક લાગણીઓ દુભાવવાના આરોપ હેઠળ કેસ કરી દીધો છે!

## ટૂંકી વાર્તા

પ્રફુલ્લ કાનાબાર

# અસ્થિ વિસર્જન



આકાશે જ્યારે ત્રિવેણીસંગમના પવિત્ર જળમાં ઊતરીને મંજુદીદીનાં અસ્થિ પધરાવ્યાં ત્યારે તેની આંખમાંથી અશ્રુધારા વહી રહી હતી. વહેતા પાણીનો ઠંડો સ્પર્શ અને પાણીમાં દેખાઈ રહેલો મંજુદીદીનો અસ્પષ્ટ ચહેરો આકાશના દુઃખમાં જાણે કે સહભાગી થઈ રહ્યો હતો!

ત્રીસીએ પહોંચેલા આકાશના ત્રણેય દાયકા મંજુદીદી સાથે એક જ ઘરમાં વીત્યા હતાં... માત્ર છેલ્લા છ માસને બાદ કરતાં. કેટલાંક બાળકો જન્મ લેતાંની સાથે જ કુદરતની ક્રૂર મજાકનો ભોગ બનતાં હોય છે. આકાશ પણ તેમાંનો જ એક હતો. જન્મ આપતાની સાથે મા મૃત્યુ પામી હતી અને માત્ર બે વર્ષના ગાળામાં પિતાનું હાર્ટએટેકને કારણે અવસાન થયું હતું. આકાશનો એકમાત્ર સહારો તેનાથી બાર વર્ષ મોટી બહેન મંજુ જ હતી. કાકા-કાકી પડોશમાં જ રહેતાં હતાં, પરંતુ કાકીના વિચિત્ર સ્વભાવને કારણે તેમનો પણ નહીંવત આધાર મળી શક્યો હતો. મંજુએ આકાશને મોટો કરવામાં પોતાનું સમગ્ર જીવન દાવ ઉપર લગાવી દીધું હતું. મંજુએ પોતાનું ભણવાનું અધૂરું છોડીને પ્રાઈવેટ મોલમાં ટૂંકા પગારની સેલ્સ ગર્લની નોકરી સ્વીકારી લીધી હતી. ખૂબ જ કરકસર કરીને મંજુએ આકાશને ભણાવવાનું બીડું ઝડપ્યું હતું. આકાશ એન્જિનિયર બની શક્યો તે તેની મહેનત કરતાં વધારે મંજુદીદીની તપસ્યાનું ફળ હતું! આકાશની પ્રગતિમાં કોઈ જ અવરોધ ઊભો ન થાય તે માટે મંજુદીદીએ પોતાના લગ્ન કરવાનું પણ માંડી વાળ્યું હતું... હા, તેમણે આકાશનાં લગ્ન સમયસર માએ આપેલા દાગીના વેચીને કરાવ્યાં હતાં!

સરિતાનો જ્યારે ગૃહપ્રવેશ થયો ત્યારે મંજુદીદીનું એક સોનેરી સ્વપ્ન પૂરું થયું હતું. લગ્નની પ્રથમ રાત્રિએ આકાશે સરિતાનો ઘૂંઘટ ઉઠાવીને રોમેન્ટિક અદામાં પત્નીની તારીફ કરવાને બદલે વાતની શરૂઆત ગંભીરતાથી કરી હતી... 'સરિતા, તારે મને એક વચન આપવું પડશે.' નવોઢા સરિતાએ શરમાઈને પોતાનો જમણો હાથ આકાશના બંને હાથમાં મૂકી દીધો હતો.

સરિતાના સ્પર્શથી સહેજ પણ રોમાંચિત થયા વગર આકાશ બોલ્યો હતો... 'મારી ઈચ્છા છે કે મંજુદીદી આજીવન આપણી સાથે જ રહેશે... આપણે તેનાથી ક્યારેય અલગ નહીં થઈએ, કારણ કે આજે હું જે કાંઈ છું તે માત્ર અને માત્ર મંજુદીદીની તપસ્યાના ફળસ્વરૂપ જ છું.'

'હું જાણું છું આકાશ, મંજુદીદી આપણી મા સમાન છે' સરિતાએ આકાશની વાતમાં સૂર પુરાવ્યો હતો.

લગ્નજીવનની શરૂઆતનાં બે-ત્રણ વર્ષ કોઈ પણ યુગલ માટે ગોલ્ડન પિરિયડ હોય છે. આકાશ અને સરિતાનો પણ ગોલ્ડન પિરિયડ શરૂ થઈ ગયો. તેમના જીવનમાં પિન્કીનું આગમન એ સોનામાં સુગંધ ભળવા જેવી વાત બની ગઈ હતી. પિન્કી તેનાં મમ્મી-પપ્પા કરતાં પણ વધારે મંજુદીદીની લાડકી બની ચૂકી હતી. આકાશનો પગાર વધતો જતો હતો. તે ઘણી વાર મંજુદીદીને નોકરી છોડી દેવા સમજાવતો, પરંતુ મંજુદીદીનો એક જ જવાબ હતો... 'સરિતાએ સુંદર રીતે ઘરને સંભાળી લીધું છે... મારા માટે પગાર મહત્ત્વનો નથી, પરંતુ પ્રવૃત્તિ મહત્ત્વની છે.'

સમયનું ચક્ર ફરતું ગયું. સરિતાને ધીમે ધીમે આકાશ પરનું મંજુદીદીનું પ્રભુત્વ ખૂંચવા લાગ્યું. કોઈ પણ સ્ત્રી પરણીને જે ઘરમાં જાય ત્યાં તેને પોતાનું આગવું સ્થાન ઊભું કરવાની ઈચ્છા હોય છે, તેના માટે પતિની બહેન કે માનું આધિપત્ય સહન કરવાનું અસહ્ય હોય છે. સરિતાની પણ એ જ દશા હતી. તેણે જોયું કે ઘરમાં નાનામાં નાની વસ્તુ લાવવાની હોય તો પણ આકાશ મંજુદીદીને પૂછીને જ નિર્ણય કરતો હતો. સરિતાએ આકાશ મંજુદીદીના પ્રભાવમાંથી બહાર આવે તે માટે ઘણા પ્રયત્નો કરી જોયા, પરંતુ આકાશ માટે તો મંજુદીદી ભગવાન કરતાં પણ વિશેષ હતાં!

આકાશનો મંજુદીદી પ્રત્યેનો અહોભાવ સરિતાના મનમાં કણાની જેમ ખૂંચી રહ્યો હતો, પરંતુ મંજુદીદીએ આપેલા ભોગથી તે વાકેફ હતી તેથી પેલા ઈર્ષાના કણાને દબાવીને મનને મનાવી લેતી હતી.

એક વાર રાત્રે બેડરૂમનો દરવાજો ખુલ્લો હતો... પિન્કી ઊંઘી ગઈ હતી ત્યારે સરિતાએ વાતની શરૂઆત કરી... 'સાંભળો છો, પેલો પોળનો મવાલી ઘરમો મંજુદીદીને બહાર મળે છે તેવી અડોશપડોશમાં વાતો થાય છે.'

ઘરમો એટલે આખા વિસ્તારનો દાદો... ક્રિકેટનો સટ્ટો હોય કે જુગારનો અડ્ડો હોય... આખા વિસ્તારમાં તેની ધાક હતી. જોકે હજુ સુધી કોઈની પણ બહેન કે દીકરીની છેડછાડ તેણે ક્યારેય નહોતી કરી તે આકાશ સારી રીતે જાણતો હતો. આકાશે ઊભા થઈને સરિતાને જોરદાર લાફો મારી દીધો.

સરિતાનો ગાલ લાલ થઈ ગયો. તેણે મોટેથી રડવાનું ચાલુ કર્યું... મંજુદીદી તરત ડ્રોઈંગરૂમમાંથી ટીવી જોવાનું પડતું મૂકીને દોડી આવ્યા. સરિતા ગુસ્સાથી ધ્રૂજતા ધ્રૂજતાં બોલી... 'જો હું ખોટું બોલતી હોઉં તો પૂછી લો મંજુદીદીને...'

'ચૂપ રહે સરિતા...' આકાશે ત્રાડ નાખી.

'શું વાત છે આકાશ?' મંજુદીદીએ ભોળા ભાવે પૂછ્યું.

આકાશ નીચું જોઈ ગયો, પરંતુ સરિતા બોલી ગઈ... 'મોલમાંથી છૂટીને તમે ઘરમાને બહાર મળો છો તે વાત સાચી છેને?'

આકાશે ફરીથી સરિતાને મારવા માટે હાથ ઉપાડ્યો, પરંતુ મંજુદીદીએ તેનો હાથ પકડી લીધો. 'શાંતિ રાખ આકાશ, સરિતા આપણા ઘરની લક્ષ્મી છે, તેનું આ રીતે અપમાન ન કરાય.'

સરિતા આજે કેસરિયા કરવાના મૂડમાં હતી... 'મંજુદીદી, દીકરી પણ ઘરની લક્ષ્મી જ કહેવાય. તેનો પગ કોઈ કૂંડાળામાં પડી જાય તો ઘરની આબરૂ ન જાય?'

મંજુદીદીની આંખમાં આંસુ આવી ગયાં... 'હા... આકાશ, સરિતાની વાત સાચી છે. આજે જ હું ઘરમાને મળી હતી.'

'ઓહ...નો દીદી... આ તમે બોલો છો?'

'ઘરમાની સમાજમાં કોઈ ક્રેડિટ નથી તેથી તેની સાથે લગ્ન કરવા શક્ય નથી... બોલ હવે તારે કાંઈ કહેવું છે?' આકાશ ઉપર જાણે વીજળી ત્રાટકી હતી. તેના હૃદયમાં મંજુદીદીનું જે સર્વોચ્ચ સ્થાન હતું તે એક જ ઝાટકે તળિયા ઉપર આવી ગયું.

> **મારી ઈચ્છા છે કે મંજુદીદી આજીવન આપણી સાથે જ રહેશે... આપણે તેનાથી ક્યારેય અલગ નહીં થઈએ, કારણ કે આજે હું જે કાંઈ છું તે માત્ર અને માત્ર મંજુદીદીની તપસ્યાના ફળસ્વરૂપ જ છું**

કોઈ કાંઈ બોલ્યું નહીં. આખી રાત એક સન્નાટામાં વીતી ગઈ.

વહેલી સવારે આકાશે પિન્કી અને સરિતાને લઈને ગૃહત્યાગ કરી દીધો. શહેરની બહારના વિસ્તારમાં એક ટેનામેન્ટ ભાડે લઈને તેઓ રહેવા લાગ્યાં. છ માસ વીતી ગયા... આકાશે મંજુદીદીની સાથે સાથે જૂના વિસ્તારનો પણ સંપર્ક કાપી નાખ્યો હતો... ત્યાં જ અચાનક પોળમાંથી સંદેશો આવ્યો કે મંજુદીદીનું હાર્ટ ફેઈલ થઈ ગયું છે. બેતાલીસ વર્ષ કાંઈ મરવાની ઉંમર તો નહોતી જ, પરંતુ ઈશ્વરના ઘરનું તેડું આવે ત્યારે ઉંમર ક્યાં જોવાય છે?

પાણીમાં ઊભા થઈ રહેલા મંજુદીદીના અસ્પષ્ટ પ્રતિબિંબ ઉપર હજુ પણ આકાશની આંખમાંથી વહેતી અશ્રુધારાનો અભિષેક થઈ રહ્યો હતો! ત્યાં જ પાછળથી કોઈ ભગવાધારી દાઢીવાળા યુવાને આકાશના ખભા પર હાથ મૂક્યો. આકાશ ચમક્યો. પેલા સાધુએ ઈશારાથી બહાર કિનારા ઉપર આવવાનું સૂચન કર્યું. બંને કિનારા ઉપર આવ્યા ત્યારે આકાશ ઢીલો થઈને બંને હાથ માથા ઉપર રાખીને નદીની ભીની માટી ઉપર બેસી પડ્યો. પેલા યુવાન સાધુ પણ તેની બાજુમાં બેસી ગયા. આકાશના મનમાં એક જ પ્રશ્ન વારંવાર થઈ રહ્યો હતો... શું મેં મંજુદીદીને અન્યાય તો નથી કર્યોને? અજ્ઞાત મનમાં વારંવાર બોલાયેલા શબ્દો ક્યારે મોટેથી બોલાઈ ગયા તેનો આકાશને ખ્યાલ ન રહ્યો.

'હા... આકાશ, તેં તારી દીદીને અન્યાય કર્યો છે.' ઘેઘૂર અવાજમાં પેલા યુવાન સાધુ બોલ્યા.

હવે આકાશ ખરેખર ચમક્યો... 'અરે ઘરમા તું? અહીં...? આ વેશમાં?'

'હા... આકાશ, હું મારાં તમામ પાપનું પ્રાયશ્ચિત કરવા માટે આ પવિત્ર સ્થળે આવી ગયો છું...'

આકાશની આંખમાં આશ્ચર્ય હતું... ઘરમો સાધુના વેશમાં?

'આકાશ, બે માસ પહેલા થયેલા રેલવે અકસ્માતમાં મારા સિવાય પરિવારના તમામ સભ્યો અવસાન પામ્યા છે... મને મારાં કુકર્મોની સજા મળી ચૂકી છે અને હવે મેં સંસારનો પણ ત્યાગ કરી દીધો છે.'

'મારે તો માત્ર મંજુદીદી અને તમારા સંબંધ વિશે સાચી વાત જાણવી છે, કારણ કે હજુ પણ મારું મન તે બાબત સ્વીકારવા તૈયાર નથી.' આકાશે રડમસ અવાજે કહ્યું.

'એ તો મેં તને પહેલા જ કહી દીધુંને કે તેં તારી દીદીને અન્યાય કર્યો જ છે... તને સાચી વાત કહેવાથી મારાં પણ થોડાં પાપ ધોવાશે તે દૃષ્ટિએ તને સાચી હકીકત જણાવું છું કે વાસ્તવમાં મેં તારી પત્ની સરિતા ઉપર નજર બગાડી હતી તેથી તારી દીદીએ મને બે વાર મળીને ધમકાવ્યો હતો. તે સમયે તો હું પણ દાદો કહેવાતો હતો તેથી મેં પણ સામી દાદાગીરી કરી હતી, પરંતુ તારી દીદીની આંખનું તેજ જ એવું હતું કે મેં સરિતાની સામે જોવાનું પણ છોડી દીધું હતું... સાચું કહું તો... તારી દીદી તો દેવી હતી દેવી... સતી સીતા જેવી પવિત્ર હતી.'

'પણ સરિતાએ આ વાત છુપાવીને મારી સમક્ષ ખોટી રજૂઆત કેમ કરી?' આકાશના અવાજમાં આશ્ચર્ય હતું.

'તમે અલગ રહેવા જતા રહ્યા પછી થોડા સમય બાદ મને પોળમાં જશુકાકાએ જણાવેલું કે સરિતાએ એક કાંકરે બે પક્ષી માર્યાં છે.'

'એટલે?' આકાશે પૂછ્યું.

'એટલે એમ કે તારી પત્ની તને તારી દીદીથી અલગ કરાવવા માગતી હતી. અને તારી દીદીએ તેના સ્વભાવ મુજબ ખોટા આક્ષેપ સહન કરીને બહુ મોટો ભોગ આપી દીધો.'

'હું કાલે જ ઘરે પહોંચીને સરિતાનું ગળું દબાવી દઈશ.' આકાશ ક્રોધથી ધ્રૂજી રહ્યો હતો.

'શાંત થઈ જા ભાઈ, તારે તેને કોઈ સજા કરવાની જરૂર નથી... પરંતુ સ્ત્રીનું આવું પણ એક સ્વરૂપ હોય છે તે વાત સ્વીકારવાની જરૂર છે,' ઘરમાએ જાણે કે સંતવાણી ઉચ્ચારી.

'પણ હવે હું સરિતા સાથે કંઈ રીતે રહી શકું?' આકાશ છૂટા મોંએ રડી પડ્યો.

'તું તારી પત્નીનું સૌથી મોટું જમા પાસું તો જો... તેણે મને કોઠું નહોતું આપ્યું તે જ દર્શાવે છે કે તેનું ચારિત્ર્ય ઘણું જ સારું છે... અને એક પતિને બીજું જોઈએ પણ શું?' ઘરમાએ મંદ મંદ હાસ્ય સાથે કહ્યું.

આકાશ ઘરમાને ધ્યાનપૂર્વક નીરખી રહ્યો. તેને લાગ્યું કે ઘરમો ખરેખર સંત થઈ ગયો છે! ઘરમાએ શાંત થઈ ગયેલા આકાશના ખભા ઉપર હાથ રાખીને ફરીથી સંતવાણી ઉચ્ચારી... 'કોઈ સ્ત્રી ક્યારેય ખરાબ નથી હોતી, બસ માત્ર તે અંતિમવાદી હોય છે. રામાયણમાં સીતાજીનો ત્યાગ હોય કે કૈકેયીનો પોતાના પુત્રને રાજગાદી અપાવવા માટેનો પ્રયત્ન હોય... તમામ બાબત સમાજે સ્વીકારેલ જ છે... સદીઓથી સમાજ સ્ત્રીના દરેક સ્વરૂપનો સ્વીકાર કરતો આવ્યો છે... તારે પણ તારી પત્નીના એકમાત્ર અપરાધને માફ કરીને તેનો સ્વીકાર કરી લેવો જોઈએ.'

આકાશે પાણીમાં દૂર દૂર વહી રહેલા અસ્થિકુંભ તરફ નજર કરી તો આકાશના કાનમાં મંજુદીદીનો અવાજ સંભળાઈ રહ્યો હતો... તું સરિતાને સુખી કરીશ તો જ મારા આત્માને શાંતિ મળશે... વળી મને ખબર છે... આજે ભલે તેં મારા અસ્થિનું વિસર્જન કર્યું છે, પરંતુ તારા હૃદયમાં ધરબાયેલી મારી યાદનું વિસર્જન નથી કર્યું... મારે બીજું જોઈએ પણ શું ભઈલા?

(સમાપ્ત) ■

---

## ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે.

વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શનિવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

હિન્દી - ગુજરાતી જોડી જમાવો

| A | B |
|---|---|
| જબાન | પૂંછડી |
| જૂડા | હડપચી |
| ઠોડી | જીભ |
| તલવા | અંબોડો |
| દુમ | તળિયું |

### ઓળખાણ પડી?

'ટારઝન' ફિલ્મથી શરૂઆત કરી અમિતાભ બચ્ચન સાથે 'જુમ્મા ચુમ્મા ગર્લ' બની જાણીતી થયેલી અભિનેત્રીની ઓળખાણ પડી?

અ) અનિતા રાજ
બ) કિમી કાટકર
ક) નીલમ મહેરા
ડ) રતિ અગ્નિહોત્રી



### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ ગું | જા | ર | | ૨ ગ | ૩ ભા | ણ | | ૪ કો | ૫ સ |
| જ | | | ૬ હ | જા | ર | | ૭ બ | | હા |
| ૮ ન | ર | ૯ વી | ર | | ત | | લૈ | | રો |
| | | ૧૦ ગ | ણિ | કા | | ૧૧ શ્રે | યાં | ૧૨ શ | |
| ૧૩ ઉ | ૧૪ ર | | યું | | ૧૫ જા | ણી | | ૧૬ વ | ૧૭ ધ |
| ૧૮ લા | ગ | ત | | ૧૯ ભા | ણ | | ૨૦ પં | | રા |
| ળ | | | ૨૧ ખ | | ૨૨ કા | ર | ગ | ૨૩ ત | |
| | ૨૪ બા | ત | મી | ૨૫ દા | ર | | ૨૬ ત | મા | શો |
| ૨૭ મો | ક | | ૨૮ સ | દ | | ૨૯ ધા | | ચા | |
| ૩૦ દ | સ | કો | | ૩૧ ર | હે | મ | | ૩૨ રી | ત |

### શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | | ૩ | ૪ | | | ૫ | |
| ૬ | | | ૭ | | | | | | |
| | | ૮ | | | | | ૯ | | ૧૦ |
| ૧૧ | | | | | ૧૨ | | | | |
| | | ૧૩ | | ૧૪ | | | | ૧૫ | |
| ૧૬ | ૧૭ | ૧૮ | | | | ૧૯ | | | |
| ૨૦ | ૨૧ | | | | ૨૨ | | | ૨૩ | ૨૪ |
| | | | | | | | ૨૫ | | |
| ૨૬ | | | | ૨૭ | | ૨૮ | | | |
| ૨૯ | | | ૩૦ | | | | | ૩૧ | |

**આડી ચાવી**

૧. તેજીને ટકોરો, ગધેડાને --- (૩)
૩. ભૂવા --- વગાડી ધૂણે (૩)
૫. વાછરડો (૨)
૬. સુરતની --- વખણાય (૨)
૭. સાલસપણું, બિનકપટીપણું (૪)
૮. કંકુવાળા પંજાની છાપ (૨)
૯. તાજુબી, ચમકારો, ધ્રુજારી (૩)
૧૧. પુરુષો રાત્રે પહેરે (૨)
૧૨. નાસ્તિક, અધર્મી, જંગલી (૩)
૧૪. તસવીર, મઢેલું ચિત્ર (૨)
૧૫. ઘરમાં રહો તો --- આપવું પડે (૨)
૧૭. પૃથ્વીના ગોળાનો અભ્યાસ (૩)
૧૯. થોડું (૩)
૨૦. કૂવામાંથી પાણી કાઢો (૨)
૨૩. બોલવું તે (૨)
૨૫. ભરવાડ, રબારી (૩)
૨૬. સુંદર, રમણીય (૩)
૨૮. એક ફળ, સ્ત્રીઓનું ઘરેણું (૨)
૨૯. ધાબળો, બનૂસ (૨)
૩૦. બાળક --- તાણે, પછી ચાલતાં શીખે (૪)
૩૧. હમણાં (૨)

**ઊભી ચાવી**

૧. આશ્ચર્યચકિત, સ્તબ્ધ (૪)
૨. પુનઃ, પાછું, બીજીવાર (૨)
૩. લીમડાની એક --- મીઠી (૨)
૪. ચા પીવા માટે જોઈએ (૨, ૩)
૫. કીડાના તારમાંથી બનતું કાપડ (૩)
૭. પોલ, પોકળ, ઢોંગ (૩)
૯. જાસૂસ (૨)
૧૦. ઠીબ, માટીની તાવડી (૩)
૧૩. ભગવાન, ઈશ્વર (૨)
૧૪. કપટ (૨)
૧૫. ભાર વહન કરનારું (૪)
૧૬. ઘરની પાછળનો ભાગ (૨)
૧૮. પથરા ફેંકવાનું સાધન (૩)
૨૧. આશરે, અંદાજે (૪)
૨૨. સહાય, મતલબ, સત્ત્વ (૨)
૨૪. કોલસો (૪)
૨૫. ૧૦૦ ચોરસ મીટર (૨)
૨૬. દેવ (૨)
૨૭. રસ્તો (૨)
૨૮. તાપવા માટે --- સળગાવો (૨)

### ગુજરાત મોરી મોરી રે

ગુજરાતી ફિલ્મ 'છેલ્લો દિવસ'થી લોકપ્રિયતાની સીડી ચડનારા અભિનેતાનું નામ જણાવો. હિન્દી ફિલ્મ 'મજામાં' પણ તેણે કામ કર્યું છે.

અ) હિતુ કનોડિયા બ) મલ્હાર ઠાકર
ક) યશ સોની ડ) મનન દેસાઈ

### જાણવા જેવું

સંગીતકાર એ. આર. રેહમાનનો પરિચય હિન્દી ફિલ્મ જોતા દર્શકોને પહેલી વાર હિન્દીમાં ડબ કરવામાં આવેલી 'રોજા' ફિલ્મથી થયો હતો. રેહમાનની પ્રથમ સ્વતંત્ર હિન્દી ફિલ્મ હતી આમિર ખાનની 'રંગીલા'. ફિલ્મના ગીત સંગીતને લોકપ્રિયતા મળી હતી.

### સુડોકુ-૮૦૨૪

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | | ૩ | ૭ | | | | |
| ૩ | | ૮ | | | | | | |
| | ૨ | | | ૯ | | | ૫ | |
| ૨ | | | | | | | ૯ | |
| | ૧ | | ૪ | | ૬ | | ૨ | |
| | ૬ | | | | | | | ૫ |
| | ૪ | | | ૨ | | | ૧ | |
| | | | | | | ૨ | | ૭ |
| | | | | ૬ | ૪ | | | ૩ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોકસ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૮૦૨૩

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૭ | ૧ | ૩ | ૮ | ૪ | ૯ | ૫ | ૬ |
| ૩ | ૯ | ૪ | ૬ | ૨ | ૫ | ૧ | ૮ | ૭ |
| ૮ | ૬ | ૫ | ૯ | ૭ | ૧ | ૩ | ૨ | ૪ |
| ૯ | ૩ | ૬ | ૫ | ૪ | ૭ | ૨ | ૧ | ૮ |
| ૫ | ૮ | ૭ | ૧ | ૬ | ૨ | ૪ | ૩ | ૯ |
| ૪ | ૧ | ૨ | ૮ | ૩ | ૯ | ૭ | ૬ | ૫ |
| ૬ | ૪ | ૮ | ૨ | ૯ | ૩ | ૫ | ૭ | ૧ |
| ૭ | ૫ | ૩ | ૪ | ૧ | ૮ | ૬ | ૯ | ૨ |
| ૧ | ૨ | ૯ | ૭ | ૫ | ૬ | ૮ | ૪ | ૩ |

### ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

સાળો - બનેવી સંજય દત્ત અને કુમાર ગૌરવ કઈ ફિલ્મમાં સાથે જોવા મળ્યા હતા એનું નામ વિકલ્પોમાંથી શોધી શકશો?

અ) રોકી બ) લવ સ્ટોરી ક) પ્રતિજ્ઞાબદ્ધ ડ) નામ

### નોંધી રાખો

જિંદગીનો પ્રોગ્રામ તો પહેલેથી જ સેટ થયો હોય છે. આપણે તો શ્રેષ્ઠ પરફોર્મન્સ આપવા પર જ ધ્યાન કેન્દ્રિત કરવાનું છે.

### માઈન્ડ ગેમ

કારકિર્દી દરમિયાન અમિતાભ બચ્ચન અને અભિષેક બચ્ચન સાથે ફિલ્મો કરનારી હિરોઇનનું નામ કહી શકશો?

અ) પ્રિયંકા ચોપડા બ) સોનાક્ષી સિન્હા
ક) પ્રીતિ ઝિન્ટા ડ) માધુરી દીક્ષિત

### ગયા શુક્રવારના જવાબ

| A | B |
|---|---|
| મેરુદંડ | કરોડરજ્જુ |
| મેહતાબ | ચંદ્ર |
| મેલજોલ | ઘનિષ્ઠતા |
| મોહલત | મુદત |
| મુહતાજ | આશ્રિત |

ઓળખાણ પડી? — નાદિરા

માઈન્ડ ગેમ — કન્નડ

ગુજરાત મોરી મોરી રે — ગંગા સતી

ચતુર આપો જવાબ માથું ખંજવાળો — યાદોં કી બારાત

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) ડૉ. પ્રકાશ કટકિયા (૨) ભારતી પ્રકાશ કટકિયા (૩) મુલરાજ કપૂર (૪) સુભાષ મોમાયા (૫) કિશોરકુમાર જીવણદાસ વેદ (૬) સુરેખા દેસાઈ (૭) ધીરેન્દ્ર ઉદ્દેશી (૮) ગીતા ઉદ્દેશી (૯) પ્રતિમા પમાણી (૧૦) નીતા દેસાઈ (૧૧) ભારતી બુચ (૧૨) પુષ્પા પટેલ (૧૩) હર્ષા મહેતા (૧૪) કલ્પના આશર (૧૫) ગિરીશ શેઠ (૧૬) શીલા શેઠ (૧૭) શ્રદ્ધા આશર (૧૮) લજિતા ખોના (૧૯) જ્યોતિ ખાંડવાલા (૨૦) મહેશ દોશી (૨૧) મહેન્દ્ર લોઢાવિયા (૨૨) મહેશ સંઘવી (૨૩) પ્રવીણ વોરા (૨૪) મીનળ કાપડિયા (૨૫) નિખિલ બંગાળી (૨૬) અમીશી બંગાળી (૨૭) તાહેર ઔરંગાબાદવાલા (૨૮) શીરીન ઔરંગાબાદવાલા (૨૯) ભાવના કર્વે (૩૦) મનીષા શેઠ (૩૧) ફાલ્ગુની શેઠ (૩૨) નિતિન બજરિયા (૩૩) અંજુ ટોલિયા (૩૪) ખુશરૂ કાપડિયા (૩૫) જગદીશ ઠક્કર (૩૬) વિણા સંપટ (૩૭) દેવેન્દ્ર સંપટ (૩૮) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૩૯) અરવિંદ કામદાર (૪૦) પુષ્પા ખોના (૪૧) જયવંત પદમશી ચિખલ (૪૨) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૪૩) જ્યોત્સના ગાંધી (૪૪) ઈનાક્ષી દલાલ (૪૫) રમેશ દલાલ (૪૬) હિના દલાલ (૪૭) નૂતન વિપીન (૪૮) અબ્દુલ્લા એફ. મુનીમ (૪૯) નયના ગિરીશ મિસ્ત્રી (૫૦) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૫૧) વિજય આસર

### આજની ક્વિક ફિલ્મી ક્વિઝનાં જવાબ

ક્વિઝ (અ) ૧) શહેનશાહ, ૨) ગોલમાલ, ૩) જૂઠ બોલે કૌવા કાટે, ૪) જીવન- મૃત્યુ, ૫) પ્રોફેસર, ૬) પ્યાર કિયે જા ૭) દિલ તેરા દીવાના

ક્વિઝ (બ) ૧) મૈને પ્યાર કિયા, ૨) તાલ, ૩) કાઈટ્સ, ૪) ઈશકિયા, ૫) તેરે ઘર કે સામને, ૬) ઉમરાવ જાન, ૭) નિકાહ

# ...એન્ડ ધ બેસ્ટ પિક્ચર એવૉર્ડ ગોઝ ટુ?

## ‘ઓસ્કર્સ’ ની બેસ્ટ પિક્ચર કેટેગરીની ટોપ ટેન ફિલ્મ્સ વચ્ચે છે ટોપ કોન્ટેસ્ટ...

શો-શરાબા
દિવ્યકાંત પંડ્યા

દર વર્ષની જેમ આ વર્ષે પણ એ ઘડી આવી ગઈ છે. વિશ્વના સૌથી પ્રતિષ્ઠિત એવૉર્ડ સમારોહની ઘડી! આગામી ૩ માર્ચના ૯૭મા એકેડેમી એવૉર્ડ્સનું આયોજન થઈ રહ્યું છે અને દર વર્ષની જેમ જ આ કટારમાં આપણે બેસ્ટ પિક્ચરની કેટેગરીમાં સામેલ ૧૦ ફિલ્મ્સની ટૂંકમાં વાત કરવાના છીએ.

૨૦૨૪ના વર્ષમાં રિલીઝ થયેલી દુનિયાભરની ફિલ્મ્સમાંથી શોર્ટલિસ્ટ અને નોમિનેશનની પ્રક્રિયામાંથી પસાર થયેલી કોઈ એક ફિલ્મ વિજેતા બનશે. આમ તો ઓસ્કર્સની દરેક કેટેગરી મહત્ત્વની,છે, પણ આપણે બેસ્ટ પિક્ચર કેટેગરી પર નજર કરીને આ વર્ષના ઓસ્કર્સની ઝાંખી મેળવીએ


### એનોરા (Anora):




એનોરા નામની એક સ્ટ્રીપર છોકરી બ્રુકલીન શહેરમાં રહે છે. એક દિવસ એની મુલાકાત ઇવાન નામના એક રશિયન છોકરા સાથે થાય છે. એનોરા અને ઈવાન બંને લગ્ન કરી લે છે. પણ અહીં જ એમના જીવનમાં મુશ્કેલીઓ શરૂ થાય છે. ફિલ્મમાં ઈવાનના પૈસાદાર બાપના માણસો આ લગ્ન તોડવા બંનેની જિંદગીમાં ધમાલ મચાવી દે છે.

બેસ્ટ પિક્ચર સહિત ‘એનોરા’ને ઓસ્કર્સમાં કુલ ૬ નોમિનેશન્સ મળ્યા છે. રાઇટર-ડિરેક્ટરઃ શોન બેકર

### ધ બ્રુટલિસ્ટ (The Brutalist):




દ્વિતીય વિશ્વયુદ્ધ પૂરું થયા પછી હંગેરિયન યહૂદી લાઝલો અને એની પત્ની બહેતર જિંદગીની શોધમાં અમેરિકા આવે છે. ઉચ્ચ કક્ષાના આર્કિટેક્ટ લાઝલોને અમેરિકામાં આવીને પણ સન્માનનીય જિંદગી જીવવા જે સંઘર્ષ કરવો પડે છે તેની આ ફિલ્મમાં વાત છે.

‘ધ બ્રુટલિસ્ટ’ને બેસ્ટ પિક્ચર સહિત કુલ ૧૦ નોમિનેશન્સ મળ્યા છે.

રાઇટરઃ બ્રેડી કોર્બટ, મોના ફાસ્ટવલ્ડ. ડિરેક્ટરઃ બ્રેડી કોર્બટ

### નિકલ બોય્ઝ (Nickel Boys):





આ હિસ્ટોરિકલ ડ્રામા ફિલ્મ આ જ નામની કોલ્સન વ્હાઇટહેડ લિખિત નવલકથા પર આધારિત છે. ફિલ્મમાં એવા બે આફ્રિકન-અમેરિકન મિત્રોની વાત છે, જેમને ૧૯૬૦ના સમયમાં ફલોરિડાની એક રિફોર્મ સ્કૂલમાં અત્યાચાર સહન કરવો પડે છે.

‘નિકલ બોય્ઝ’ ફિલ્મને કુલ ૨ એકેડેમી નોમિનેશન્સ મળ્યા છે.

રાઇટરઃ રામેલ રોસ, જોસલીન બાર્ન્સ. ડિરેક્ટરઃ રામેલ રોસ

### ધ સબસ્ટન્સ (The Substance):




ઉંમરના કારણે કામ અને પ્રસિદ્ધિથી દૂર થતી જતી અભિનેત્રી એલિઝાબેથને એક બ્લેક માર્કેટ ડ્રગ મળે છે જે તેને યુવાન બનાવી દે છે. યુવાનીની મજા સાથે જ એ ડ્રગની સાઈડ ઇફેક્ટ્સ પણ એલિઝાબેથ પર ધીમે-ધીમે દેખાવા માંડે છે અને ફિલ્મ અલગ જ ડાર્ક ટર્ન લે છે.

ફિલ્મને કુલ ૫ નોમિનેશન્સ મળ્યા છે.

રાઇટર-ડિરેક્ટરઃ કોરલી ફાર્ગેટ

### અ કમ્પલિટ અનનોન (A Complete Unknown):





સાહિત્ય માટે નોબલ પ્રાઈઝ જીતનારા એકમાત્ર સંગીતકાર બોબ ડિલનની આ બાયોગ્રાફિકલ ફિલ્મ છે. આ ફિલ્મ ડિલનના સંગીતના શરૂઆતના દિવસોના સંઘર્ષ અને પરંપરાગત સંગીતની દુનિયામાં ઇલેક્ટ્રિક સાધનોની વપરાશ પર થયેલા વિવાદને આવરે છે.

ફિલ્મને બેસ્ટ પિક્ચર સહિત ૮ નોમિનેશન્સ મળ્યા છે.

રાઇટરઃ જેમ્સ મેનગોલ્ડ, જે કોક્સ. ડિરેક્ટરઃ જેમ્સ મેનગોલ્ડ

### કોન્ક્લેવ (Conclave):




રોબર્ટ હેરિસ લિખિત આ જ નામની નવલકથા પર આધારિત આ ફિલ્મના કેન્દ્રમાં છે રોમની કેથલિક ચર્ચની પરંપરા. ચર્ચના પ્રતિનિધિ એટલે કે પોપના મૃત્યુ પછી કાર્ડિનલની પદવી ધરાવતા થોમસ લોરેન્સને નવા પોપની વરણીનું કામ સોંપાય છે અને એમાંથી જ એને જાણવા મળે છે ચર્ચના અમુક લોકોની કાળી બાજુ, જે ફિલ્મમાં દર્શાવાઈ છે.

‘કોન્ક્લેવ’ને કુલ ૮ નોમિનેશન્સ મળ્યા છે.

રાઇટરઃ પીટર સ્ટ્રોઘન. ડિરેક્ટરઃ એડવર્ડ બર્જર

### ડ્યુનઃ પાર્ટ ટુ (Dune: Part Two):




૨૦૨૧માં ૬ અલગ-અલગ કેટેગરીમાં ઓસ્કર જીતનારી ફિલ્મ ‘ડ્યુન’ની આ સિક્વલ છે. પોતાના પિતાને ગુમાવ્યા બાદ એમનો બદલો લેવા માટે અધીરો પોલ એટ્રેડિસ દુનિયાના અસ્તિત્વ અને પ્રેમની લડાઈમાં અટવાય છે. ભવિષ્યની એક કાલ્પનિક અને મજેદાર સૃષ્ટિની વાત આ ફિલ્મમાં છે.

આ વર્ષે પણ ફિલ્મને કુલ પાંચ નોમિનેશન્સ મળ્યા છે. રાઇટરઃ ડેનિસ વલનવ, જોન સ્પેટ્સ. ડિરેક્ટરઃ ડેનિસ વલનવ

### એમિલીયા પરેઝ (Emilia Perez):




‘એમિલીયા પરેઝ’ સ્પેનિશ ભાષાની મ્યુઝિકલ ક્રાઇમ ફિલ્મ છે. જેક્સ ઑડિયાર્ડના ઓપેરા પર આ ફિલ્મ આધારિત છે.

મેક્સિકો શહેરમાં રહેતી ત્રણ સ્ત્રી અને કાર્ટેલની દુનિયામાં બનતી ક્રાઇમની ઘટનાઓને ફિલ્મ આવરે છે.

સૌથી વધુ ૧૩ એકેડમી એવૉર્ડ્સ નોમિનેશન્સ ‘એમિલીયા પરેઝ’ના નામે છે.

રાઇટર-ડિરેક્ટરઃ જેક્સ ઑડિયાર્ડ

### આઈ એમ સ્ટીલ હિયર (I'm Still Here):




ઓસ્કર્સની બેસ્ટ ફિલ્મ્સમાં યુદ્ધ કે મિલિટરીની અસર પરની ફિલ્મ્સ ઘણી હોય છે. ૧૯૭૧ના બ્રાઝીલમાં મિલિટરી અત્યાચારમાં યુનિસ પૈવા નામની એક સ્ત્રીનો મજાનો પરિવાર ખામોશ થઇ જાય છે જ્યારે એના પતિ રૂબન્સને મિલિટરી એક દિવસ કોઈ જ ગુના વગર પકડીને લઈ જાય છે. રૂબન્સના દીકરા માર્સેલોની આત્મકથા પર આધારિત આ ફિલ્મ એટલે એના પરિવારની લડત!

આ કેટેગરીમાં નોમિનેટ થનારી આ પ્રથમ બ્રાઝિલિયન ફિલ્મને કુલ ૩ નોમિનેશન્સ મળ્યા છે.

રાઇટરઃ મુરીલો હોસર, હેટર લોરેગા.
ડિરેક્ટરઃ વોલ્ટર સેલ્સ

### વિકેડ (Wicked):




ડિઝનીની આ મ્યુઝિકલ ફેન્ટસી ફિલ્મ પ્રેક્ષકોને જાદુઈ દુનિયામાં લઈ જાય છે. ‘ધ વિઝર્ડ ઓફ ઓઝ’ નામની પ્રખ્યાત વાર્તાના થયેલા અનેક એડેપ્ટેશન્સમાંનું એક વધુ એડેપ્ટેશન. ઓઝની દુનિયાની શિઝ યુનિવર્સિટીમાં બે છોકરી મિત્ર બને છે અને એમનાં પરાક્રમો એટલે બાકીની ફિલ્મ!

‘વિકેડ’ને કુલ ૧૦ એકેડેમી નોમિનેશન્સ મળ્યા છે.

રાઇટરઃ વિની હોલ્ઝમેન, ડેના ફોક્સ.
ડિરેક્ટરઃ જોન એમ. ચુ.

આ દસ ફિલ્મની ટૂંકી ચર્ચા તો થઇ, પણ આમાંથી તમે કેટલી જોઈ છે? અને જે જોવાની હજુ બાકી છે તેની યાદી બનાવી કે નહીં?

**લાસ્ટ શોટ** *એક્ટર ટીમથી શેલામેએ આ દસમાંથી ‘ડ્યુનઃ પાર્ટ ટુ’ અને ‘અ કમ્પ્લીટ અનનોન’ એમ બે ફિલ્મમાં મુખ્ય ભૂમિકા ભજવી છે. આ પહેલાં પણ બે વખત એની એકથી વધુ ફિલ્મ્સ એક જ વર્ષે નોમિનેટ થઈ હોય એવું બન્યું છે !*

---

# લેજન્ડ યાદ કરે છે પોતાના ફિલ્ડના લેજન્ડસને!


ફિલ્મનામા
નરેશ શાહ



કિશોર કુમાર



મન્ના ડે




મોહમ્મદ રફી



મુકેશ



જી. એમ. દુર્રાની



તલત મહેમુદ

**મોહમ્મદ રફી**, મુકેશ, જી. એમ. દુર્રાની અને કિશોરકુમાર જેવા ગાયકો વિશે મન્ના ડેનું શું કહેવું હતું?

‘રાજકપૂર હંમેશ પોતાના સ્વર માટે મુકેશનો આગ્રહ રાખતાં તેમ મારો આગ્રહ રાખનારા ઈન્ડસ્ટ્રીઝમાં એક જ કલાકાર હતાઃ (કૉમેડિયન) મહેમુદ. એ દરેક નિર્માતા પાસે મારો જ આગ્રહ રાખતા અને એ જ અભિગમ પ્રમાણે જ્યારે ‘પડોસન’ ફિલ્મ માટે ‘એક ચતુર નાર’ ગીત મારે ગાવાનું આવ્યું. ત્યારે ખબર પડી કે મારો સાથી ગાયક કિશોરકુમાર છે તો મારી બોલતી બંધ થઈ ગઈ!’

શાસ્ત્રીય સંગીતની તાલીમ પામેલા મજબૂત ગાયક મન્ના ડે (જન્મઃ ૧ મે ૧૯૧૯- અવસાનઃ ૨૪ ઓક્ટોબર, ૨૦૧૩) આવી વાત કરે ત્યારે ચોંકી જવાય... કારણ?

મન્ના ડેના શબ્દોમાં જ જવાબ સાંભળોઃ

‘કિશોરકુમારની ગાયકી એકદમ અનોખી હતી. તેમાં જરાય બનાવટીપણું વર્તાતું નહીં એટલે જ એની સાથે ગાનારા ગાયક કાયમ નુકસાનીમાં જ રહેતા. એમના લહેરાતા અવાજમાં (બીજા ગાયકનો સ્વર) નીચે દબાઈ જવાની સંભાવના હંમેશ વધુ રહેતી!’

એક તાલીમબધ્ધ અને પંડિત કક્ષાના (કવિતા કૃષ્ણમૂર્તિ એમની પાસે ગાયન શીખવા આવતાં) ગાયક મન્ના ડે વગર તાલીમે ગાયક બનેલા કિશોરકુમાર માટે આવા શબ્દો વાપરે એ ખરેખર તો પ્રશંસા જ ગણાય. જોકે, કિશોરકુમારની વાત કરતાં પહેલાં તમારું ધ્યાન દોરવું છે કે મન્ના ડે મુંબઈની હિન્દી ફિલ્મોમાં ગીતો ગાવા માટે આવ્યા ત્યારે એના પ્રતિસ્પર્ધકો મહોમ્મદ રફી, તલત મહેમુદ, જી. એમ. દુર્રાની અને મુકેશ જ હતા. શોખિયાં ગાયન કરતાં અને એટલે જ મોટાભાઈ (અશોકકુમાર) જેના અવાજને ‘કાનસુરો’ કહેતાં એ કિશોરકુમારને એ જમાનામાં ખાસ કોઈ સિરિયસલી લેતું નહોતું. મન્ના ડેએ પણ એટલે પોતાના હેલ્ધી પ્રતિસ્પર્ધકો તરીકે ગણાવેલા વસંતની ગાયકીનું સરસ વિશ્લેષણ પોતાની આત્મકથામાં કર્યું છે.

એમના મતે, મોહમ્મદ રફીના અવાજમાં વસંતની ખુશબૂ રહેતી. વસંતની વિવિધરંગી છટાઓની જેમ રફીનો અવાજ આકર્ષક લાગતો હતો. મોહમ્મદ રફી સાથે મન્ના ડેએ અનેક ગીતો ગાયાં છે તો તલત મહેમુદ માટેનું એમનું ઓબ્ઝર્વેશન ચોંકાવનારું છેઃ તલત મહેમુદમાં એક પ્રકારના વિકાર જેવું કશુંક હતું યા એમનામાં લગનનો અભાવ વરતાતો હતો. એમણે કસમયે જ પોતાના ગાવાના વ્યવસાયને તિલાંજલી આપી દીધી, જેનું સાચું કારણ આજ સુધી રહસ્યમય જ રહ્યું છે.

રહેમાન અને અરિજીત સિંહની પેઢીએ કદાચ, નામ પણ ન સાંભળ્યું હોય એવા ગાયક જી. એમ. દુર્રાની વિશે મન્ના ડે કહે છે કે, દુર્રાનીજીના અવાજમાં મીઠાશ હતી, પણ ઠહરાવનો અભાવ હતો. કદાચ એટલે જ એ ગાયક તરીકે લાંબુ ટકી શક્યા નહોતા તો મુકેશ?

વેલ, મુકેશજી સાક્ષાત્ શાલિનતા અને શાંતિમયતા (મન્ના દા એ આ શબ્દ જ વાપર્યો છે!) ના અવતાર હતા. માનવતાની દૃષ્ટિએ એમનાથી ઉમદા કોઈ હોઈ જ ન શકે, પણ એમના (મુકેશજી) વિષે એવું સંભળાતું કે, એમની પાસે ગીત તૈયાર કરાવતી વખતે સંગીતકારોને પોતાની ખીજ, ગુસ્સો છુપાવવા માટે ઘણી મહેનત કરવી પડતી હતી.... એકવાર ગીત પર તેમની પકડ આવી જાય પછી મુકેશજીના ગાયનમાંથી નાનો અમથોય દોષ શોધવો અઘરો બની જતો.

એક લેજન્ડ પોતાના સમકાલીનની વાત કરે ત્યારે ધ્યાનથી સાંભળવા ઉપરાંત સમજવાનો પ્રયાસ પણ ચાહક-ભાવક તરીકે કરવો જોઈએ. મન્ના ડેએ જરૂરી લાગે ત્યાં સાચો અને યોગ્ય લાગે ત્યારે પ્રશંસા કરવામાં પણ કંજૂસાઈ કરી નથી, જે આત્મકથામાં ડગલે ને પગલે વ્યક્ત થાય છે. એમણે લખ્યું છે કે, અમારામાંના દરેક કોઈ ને કોઈ ક્ષેત્રમાં સર્વશ્રેષ્ઠ હતા. પ્રણય ગીતમાં તલત મહેમુદ સૌથી સારા હતા તો દર્દભર્યાં ગીત ગાવામાં મુકેશની તોલે ભાગ્યે જ કોઈ આવી શકે તેમ હતું. મોહમ્મદ રફી ખુશીભર્યાં, ઉમંગભર્યાં ગીતોમાં અવ્વલ હતા.

- અને ફરી વાત એવરગ્રીન ગાયક કિશોરકુમારની.

મહત્ત્વની વાત એ પણ છે કે હિન્દી ગીતો ગાનારા તમામ ગાયકો કરતાં મન્ના ડેની બાયોગ્રાફીમાં કિશોરકુમાર (કિશોરદા) વિશે વધુ લખાયું છે. મન્ના ડે શબ્દો ચોર્યા વગર લખે છે કે, ‘કિશોર (કુમાર) ખરેખર તો ફિલ્મ સંગીતનો એક ચમત્કાર હતા. શાસ્ત્રીય સંગીતના નિયમોની જરા પણ પરવાહ કર્યા વગર મન થાય એ રીતે જ ગાતા. એમનામાં જનસમૂહને આકર્ષિત કરવાની (ગજબનાક) શક્તિ હતી!’

મન્ના ડે એક પ્રસંગ ટાંકે છે. ૧૯૭૪માં ‘અમીર ગરીબ’ (દેવ આનંદ, હેમા માલિની, પ્રેમનાથ) નામની એક ફિલ્મ આવેલી, તેમાં એક ગીત હતુંઃ ‘તું મેરે પ્યાલે મેં શરાબ ડાલ દે, ફિર દેખ તમાશા’. ફિલ્મમાં હેલેનનો કેબરે ડાન્સ ચાલતો હોય છે એ દરમિયાન આ ગીત દેવ આનંદ અને પ્રેમનાથ ગાતાં હોય એવી સિચ્યુએશન છે. નેચરલી, દેવ આનંદ માટે કિશોરકુમાર ગાવાના હતા અને પ્રેમનાથ માટેનો સ્વર આપવાના હતા મન્ના ડે.

રેકોર્ડિંગ સમયે મન્ના ડેએ ગીતને યોગ્ય રાગ અને આરોહઅવરોહ સાથે ગાઈને સંગીતકાર લક્ષ્મીકાંત પ્યારેલાલને સંભળાવ્યું. બધું બરાબર હતું એટલે રેકોર્ડિંગ થયું, પણ કિશોરકુમારે આખું ગીત પોતાની રીતે (રાગ-રાગિણી, આરોહ અવરોહ, આલાપની ઐસી કી તૈસી કરીને) ગાયું, જે સ્વાભાવિક જ હતું કે સંગીતકારોને યોગ્ય ન લાગ્યું. એમણે કિશોકકુમારને એ ગીત (મન્ના ડેની જેમ) ગાવાનું કહ્યું. સાંભળીને કિશોરદાની છટકી ગઈ. એણે લક્ષ્મીકાંત (પ્યારેલાલ)ને સંભળાવી દીધું કે, તમને મારા ગીતથી સંતોષ ન હોય તો હું આ ચાલ્યો... અને જો મારી પાસે જ ગવડાવવું હોય તો હું એને મારી સ્ટાઈલથી જ ગાઈશ!’

સંગીતકારો પાસે છૂટકો જ નહોતો. કિશોરદાએ એ ગીત પોતાની રીતે જ ગાયું (યુ ટયુબ પર જોજો) પણ ફિલ્મમાં એ ગીત જોયા પછી મન્ના ડે ને લાગ્યું કે, કિશોરની ગાયકીને કારણે મારી શાસ્ત્રીય ગાયકીની બારીકાઈ એકદમ જ ઢંકાઈ ગઈ હતી! ■


---

# કિવક ફિલ્મી કિવઝ

નીલા સુનીલ મહેતા

## ક્વિઝ (અ)

**આ કલાકારોએ કઈ ફિલ્મમાં મેકઅપથી ડબલ રોલ હોવાનો ભ્રમ ઊભો કર્યો છે?**



૧) અમિતાભ બચ્ચન
૨) અમોલ પાલેકર
૩) અનિલ કપૂર
૪) ધર્મેન્દ્ર
૫) શમ્મી કપૂર
૬) કિશોર કુમાર
૭) સૈફ અલી ખાન

## ક્વિઝ (બ)

**‘દિલ’ શબ્દ સાથેનાં આ લોકપ્રિય ગીતો કઈ ફિલ્મનાં છે?**

૧) દિલ દીવાના બીન સજના કે માને ના...
૨) દિલ યે બેચૈન વે રસ્તે પે નૈન વે ઝીંદગી બે હાલ...
૩) દિલ ક્યું યે મેરા શોર કરે ઈધર નહીં ઉધર નહીં...
૪) દિલ તો બચ્ચા હૈ જી થોડા કચ્ચાં હૈ જી...
૫) દિલ કા ભંવર કરે પુકાર પ્યાર કા રાગ સુનો....
૬) દિલ ચીઝ ક્યા હૈ આપ મેરી જાન લીજીયે...
૭) દિલ કે અરમાં આંસુઓ મેં બહે ગયે હમ વફા....

જવાબ માટે જુઓ ‘ફન વર્લ્ડ’

# ભારત સામે સેમિ ફાઇનલમાં કોણ આવી શકે?: અફઘાનિસ્તાન કે પછી બીજું કોઈ?





દુબઈ: ઇંગ્લૅન્ડ તાજેતરમાં ભારતના પ્રવાસ દરમ્યાન વન-ડે સિરીઝ ૦-૩થી હાર્યું અને હવે ચૅમ્પિયન્સ ટ્રોફીમાં ઇંગ્લૅન્ડનો અફઘાનિસ્તાન સામેના થ્રિલરમાં પરાજય થયો એ પછી હવે ઇંગ્લૅન્ડની એ જ બે વિજેતા હરીફ ટીમો (ભારત-અફઘાનિસ્તાન) વચ્ચે ચૅમ્પિયન્સ ટ્રોફીની સેમિ ફાઇનલમાં ટક્કર થઈ શકે.

તમે વિચારતા હશો કે ભારત સામે અફઘાનિસ્તાન કેવી રીતે સેમિમાં આવી શકશે? એનો અહીં થોડી રસપ્રદ વિગતો સાથે જવાબ આપ્યો છે.

વાત એવી છે કે અફઘાનિસ્તાનની ઑલરાઉન્ડ ટીમ હાલમાં જબરદસ્ત ફૉર્મમાં છે એટલે સેમિ ફાઇનલમાં એ પહોંચશે એ નક્કી જણાય છે. ગ્રૂપ 'બી'માં ઇંગ્લૅન્ડની ટીમ આઉટ થઈ ગઈ છે, જ્યારે સાઉથ આફ્રિકા અને ઑસ્ટ્રેલિયા આ ગ્રૂપની બાકીની બે ટીમ છે.

શુક્રવાર, ૨૮મી ફેબ્રુઆરીએ લાહોરમાં અફઘાનિસ્તાન જો સ્ટાર ખેલાડીઓ વિનાની ઑસ્ટ્રેલિયાની ટીમને હરાવશે તો એના બેમાંથી ચાર પૉઇન્ટ થઈ જશે. ત્યાર બાદ શનિવારે કરાચીમાં ઇંગ્લૅન્ડ સામે જો સાઉથ આફ્રિકાની જીત થશે તો સાઉથ આફ્રિકા કે જેના હાલમાં ત્રણ પૉઇન્ટ છે એના પાંચ પૉઇન્ટ થઈ જશે અને ગ્રૂપ 'બી'માં નંબર-વન પર રહેશે અને અફઘાનિસ્તાન (જો શુક્રવારે ઑસ્ટ્રેલિયા સામે જીત્યું હશે તો) બીજા નંબર પર રહેશે.

ગ્રૂપ 'એ'માં રવિવારે દુબઈમાં ભારત અને ન્યૂ ઝીલૅન્ડ વચ્ચે ટક્કર છે. બન્ને ટીમ સેમિ ફાઇનલમાં પહોંચી ગઈ છે, પરંતુ રવિવારે જીતનારી ટીમ કુલ છ પૉઇન્ટ સાથે એના ગ્રૂપમાં નંબર-વન પર રહેશે અને પરાજિત ટીમ ચાર પૉઇન્ટ સાથે નંબર-ટૂ બનશે.

આઇસીસીના નિયમ મુજબ સેમિ ફાઇનલમાં બન્ને ગ્રૂપની નંબર-વન ટીમે સામેવાળા ગ્રૂપની નંબર-ટૂ ટીમ સામે સેમિ ફાઇનલ રમવી પડે.

જો ગ્રૂપ 'એ'માં ભારત છ પૉઇન્ટ સાથે મોખરે રહ્યું હશે અને સામા ગ્રૂપમાં અફઘાનિસ્તાન બીજા નંબરે હશે તો મંગળવાર, ચોથી માર્ચની દુબઈ ખાતેની સેમિ ફાઇનલ (બપોરે ૨.૩૦ વાગ્યાથી)માં ભારત-અફઘાનિસ્તાન વચ્ચે ટક્કર થશે. હા, ગ્રૂપ 'બી'માં સમીકરણો બદલાયા હશે તો ભારત સામે સેમિમાં સાઉથ આફ્રિકા અથવા ઑસ્ટ્રેલિયા પણ આવી શકે. ■

# ઇંગ્લૅન્ડ હાર્યું અફઘાનિસ્તાન સામે, પણ દોષનો ટોપલો ભારત પર ઢોળશે: ગાવસકર

લાહોર: જૉસ બટલરના સુકાનમાં ઇંગ્લૅન્ડની ટીમ બુધવારે અફઘાનિસ્તાન સામેના રોમાંચક મુકાબલામાં મૅચના સેકન્ડ-લાસ્ટ બૉલ પર ઑલઆઉટ થઈ જતાં ચૅમ્પિયન્સ ટ્રોફીની બહાર ફેંકાઈ ગઈ એને પગલે ઇંગ્લૅન્ડમાં આ ટીમની ટીકા થઈ જ રહી છે, ભારતના બૅટિંગ-લેજન્ડ સુનીલ ગાવસકર તેમ જ રવિ શાસ્ત્રીએ બ્રિટિશ ટીમ માટે ઘણા કટાક્ષ પણ કર્યા છે. ઇંગ્લૅન્ડના ક્રિકેટરો પરાજય બાદ બહાનાબાજી બતાવતા હોય એવું વર્ષોથી બનતું આવ્યું છે એ બાબતને ધ્યાનમાં રાખીને ગાવસકરે બ્રિટિશ ટીમની ઠેકડી ઉડાવતા કહ્યું છે કે 'આ ટીમ હવે ખોટેખોટો વિલાપ કરવાનું શરૂ કરી દેશે. તેઓ હારે ત્યારે તેમની પાસે બહાના તૈયાર જ હોય છે. તેઓ એવું નહીં કહે કે તેઓ સારું ન રમ્યા કે સામેવાળી ટીમ સારું રમી. તેઓ તો બીજું ભલતું જ બહાનું કાઢશે.'

ગાવસકરે એક શૉ દરમ્યાન પ્રતિક્રિયા આપતા એવું પણ કહ્યું કે 'તેઓ ભારત પર પણ દોષનો ટોપલો ઢોળવાનું શરૂ કરી દેશે. તેઓ કહેશે કે ભારત એની બધી મૅચો એક જ સ્થળે (દુબઈમાં) કેમ રમાય છે? અમને કેમ એક જ સ્થળે રમવાનો લાભ નથી મળ્યો?'

અફઘાનિસ્તાને ઇબ્રાહિમ ઝદ્રાનના વિક્રમજનક ૧૭૭ રનની મદદથી સાત વિકેટે ૩૨૫ રન બનાવ્યા ત્યાર બાદ ઇંગ્લૅન્ડની ટીમ ૪૯.૫ ઓવરમાં ૩૧૭ રનના સ્કોર પર આઉટ થઈ ગઈ હતી.

રવિ શાસ્ત્રીએ પ્રતિક્રિયામાં કહ્યું કે 'હવે ઇંગ્લૅન્ડની કોઈ જ બહાનાબાજી નહીં ચાલે. તેઓ યાદ રાખે કે જ્યારે પણ ભારતીય ઉપખંડમાં રમવાનું આવે ત્યારે એ સ્થિતિને ગંભીરતાથી લઈને રમે.' ■

# મહિલાઓની આઇપીએલમાં મુંબઈ-દિલ્હીની આજે ટક્કર

બેન્ગલૂરુ: પાંચ ટીમ વચ્ચેની વિમેન્સ પ્રીમિયર લીગ (ડબ્લ્યૂપીએલ) તરીકે ઓળખાતી મહિલાઓની આઇપીએલમાં બે દિવસ પહેલાં મેગ લેનિંગના સુકાનમાં દિલ્હી કૅપિટલ્સે પોતાના જ દેશની ઍશ ગાર્ડનરની કૅપ્ટન્સીમાં રમતી ગુજરાત જાયન્ટ્સ ટીમને છ વિકેટે હરાવીને પૉઇન્ટ્સ-ટેબલમાં ચોથા નંબર પરથી મોખરાનું સ્થાન મેળવી લીધું હતું ત્યાર બાદ મુંબઈ ઇન્ડિયન્સે બુધવારે યુપી વૉરિયર્ઝને આઠ વિકેટે પરાસ્ત કરીને મોખરાનું સ્થાન દિલ્હી પાસેથી આંચકી લીધું હતું.

હવે આજે એ જ બે મોખરાની ટીમ (મુંબઈ-દિલ્હી) વચ્ચે સાંજે ૭.૩૦ વાગ્યાથી બેન્ગલૂરુમાં મુકાબલો થશે. ■

# મેઘરાજાને કારણે મૅચ ન રમાતાં પાકિસ્તાનનું નાક કપાઈ ગયું, યજમાન દેશના નામે ઘણા ખરાબ રેકૉર્ડ લખાઈ ગયા

## ▶ બાંગ્લાદેશની પણ એક-એક પૉઇન્ટ સાથે ચૅમ્પિયન્સ ટ્રોફીમાંથી વસમી વિદાય

રાવલપિંડી: ચૅમ્પિયન્સ ટ્રોફીમાં ગઈ કાલે અહીં યજમાન પાકિસ્તાન અને બાંગ્લાદેશની સફર વરસાદને કારણે મૅચ અનિર્ણિત રહેતાં અકાળે પૂરી થતાં પાકિસ્તાનના નામે અનેક ખરાબ રેકૉર્ડ લખાયા હતા. પાકિસ્તાન એવો પ્રથમ દેશ છે જેણે યજમાન તરીકે આ સ્પર્ધામાં ઝુકાવ્યું હતું, પરંતુ એક પણ જીત વિના છેવટે પૉઇન્ટ્સ-ટેબલમાં તળિયે રહીને વિદાય લીધી છે.

વરસાદને કારણે પહેલાં તો બપોરે ૨.૦૦ વાગ્યે ટૉસ વિલંબમાં મુકાયો હતો અને ત્યાર પછી વરસાદ સતત પડતો રહેતાં છેવટે એક પણ બૉલ ફેંકાયા વિના મૅચને રદ જાહેર કરવામાં આવી હતી. પાકિસ્તાન અને બાંગ્લાદેશ, બન્ને દેશે આ સ્પર્ધામાં એક પણ મૅચ નહોતી જીતી અને ગઈ કાલની મૅચ રદ થતાં બન્નેએ એક-એક પૉઇન્ટ સાથે વિદાય લીધી હતી. ગ્રૂપ 'એ'માંથી ભારત અને ન્યૂ ઝીલૅન્ડ ઘણા દિવસ પહેલાં જ સેમિમાં પહોંચી ગયા હતા અને પાકિસ્તાન-બાંગ્લાદેશની આ મૅચનો કોઈ અર્થ નહોતો. જોકે આ વખતની સીઝનમાં એક મૅચ જીતવા મળશે એવી આશા સાથે બન્ને ટીમ રાવલપિંડી પહોંચી હતી, પરંતુ નિરાશ થવું પડ્યું છે.

પાકિસ્તાનમાં ૨૯ વર્ષ પછી પહેલી વાર આઇસીસીની ઇવેન્ટ યોજાઈ રહી છે અને એમાં યજમાન પાકિસ્તાને જ ગ્રૂપ-સ્ટેજમાં જ બહાર થવાની સાથે નિરાશ થવું પડ્યું છે. ન્યૂ ઝીલૅન્ડ સામે પાકિસ્તાનનો ૬૦ રનથી અને ભારત સામે છ વિકેટે પરાજય થયો હતો.

૨૦૦૨માં ચૅમ્પિયન્સ ટ્રોફીમાં ગ્રૂપ-સ્ટેજની સિસ્ટમ લાગુ કરાઈ ત્યાર બાદ ક્યારેય કોઈ યજમાન દેશની ટીમ પૉઇન્ટ્સ-ટેબલમાં સાવ તળિયે રહીને સ્પર્ધાની બહાર નહોતી થઈ, પણ પાકિસ્તાને એક પણ મૅચ જીત્યા વિના એ પરંપરા તોડી નાખી છે.

૨૦૦૦માં (જ્યારે નૉકઆઉટ સિસ્ટમ લાગુ હતી ત્યારે...) કેન્યાની ટીમ ઘરઆંગણે યોજાયેલી ચૅમ્પિયન્સ ટ્રોફીમાં એકેય મૅચ જીત્યા વિના બહાર થઈ ગઈ હતી. એ રીતે, પાકિસ્તાને કેન્યા પછીની બીજી ટીમ તરીકેનો રેકૉર્ડ પોતાને નામે કર્યો છે.

બાંગ્લાદેશની ટીમે પણ એકેય જીત મેળવ્યા વિના વિદાય લીધી છે. બાંગ્લાદેશ ૨૦મીએ ભારત સામેની પ્રથમ મૅચ છ વિકેટે હારી ગયું હતું અને ૨૪મીએ ન્યૂ ઝીલૅન્ડ સામે બાંગ્લાદેશનો પાંચ વિકેટે પરાજય થયો હતો. નવાઈની વાત એ છે કે પૉઇન્ટ્સ-ટેબલમાં બાંગ્લાદેશની ટીમ થોડા ચડિયાતા રનરેટને કારણે પાકિસ્તાનથી ઉપર છે.

ગ્રૂપ 'એ'માં હવે એક જ લીગ મૅચ બાકી છે. બીજી માર્ચે દુબઈમાં ભારત-ન્યૂ ઝીલૅન્ડ વચ્ચે મુકાબલો છે. જોકે આ જ બે ટીમ સેમિ ફાઇનલમાં પહોંચી ચૂકી છે.

ચૅમ્પિયન્સ ટ્રોફીમાં આ સાથે કુલ બે મૅચ વરસાદને લીધે રદ કરાઈ છે. મંગળવાર, ૨૫મી ફેબ્રુઆરીએ રાવલપિંડીમાં જ ઑસ્ટ્રેલિયા અને સાઉથ આફ્રિકા વચ્ચેની મૅચ વરસાદને કારણે રદ કરવામાં આવી હતી.

પાકિસ્તાન ૨૦૧૭ની છેલ્લી ચૅમ્પિયન્સ ટ્રોફીમાં ચૅમ્પિયન બન્યું હતું, પણ આ વખતે એણે એક પણ વિજય વિના સ્પર્ધામાંથી એક્ઝિટ કરી છે. એ રીતે, પાકિસ્તાન ડિફેન્ડિંગ ચૅમ્પિયન તરીકે એકેય મૅચ જીત્યા વિના સ્પર્ધાની બહાર થઈ ગયેલી ઑસ્ટ્રેલિયા પછીની બીજી ટીમ છે. ઑસ્ટ્રેલિયા ૨૦૦૯ની સાલમાં ચૅમ્પિયન્સ ટ્રોફી જીત્યું હતું અને ત્યાર બાદ ૨૦૧૩માં રમાયેલી આ સ્પર્ધામાં ડિફેન્ડિંગ ચૅમ્પિયન તરીકે રમવા છતાં એક પણ વિજય વિના એણે વિદાય લીધી હતી. ■

### ગ્રૂપ 'એ'નું પૉઇન્ટ્સ-ટેબલ

(૧) ન્યૂ ઝીલૅન્ડ, બે મૅચ, બે જીત, ચાર પૉઇન્ટ, +૦.૮૬૩નો રનરેટ

(૨) ભારત, બે મૅચ, બે જીત, ચાર પૉઇન્ટ, +૦.૬૪૭નો રનરેટ

(૩) બાંગ્લાદેશ, ત્રણ મૅચ, બે હાર, એક અનિર્ણિત, એક પૉઇન્ટ, -૦.૪૪૩નો રનરેટ

(૪) પાકિસ્તાન, ત્રણ મૅચ, બે હાર, એક અનિર્ણિત, એક પૉઇન્ટ, -૧.૦૮૭નો રનરેટ

### ગ્રૂપ 'બી'નું પૉઇન્ટ્સ-ટેબલ

(૧) સાઉથ આફ્રિકા, બે મૅચ, એક જીત, એક અનિર્ણિત, ત્રણ પૉઇન્ટ, +૨.૧૪૦નો રનરેટ

(૨) ઑસ્ટ્રેલિયા, બે મૅચ, એક જીત, એક અનિર્ણિત, ત્રણ પૉઇન્ટ, +૦.૪૭૫નો રનરેટ

(૩) અફઘાનિસ્તાન, બે મૅચ, એક જીત, એક હાર, બે પૉઇન્ટ, -૦.૯૯૦નો રનરેટ

(૪) ઇંગ્લૅન્ડ, બે મૅચ, બે હાર, શૂન્ય પૉઇન્ટ, -૦.૩૦૫નો રનરેટ

# હવે પછી ક્યારેય કોઈ ટીમ અફઘાનિસ્તાનને હળવાશથી નહીં લે: હેડ-કોચ જોનથન ટ્રૉટ


## ▶ અફઘાનિસ્તાને જીતીને સેમિની આશા જીવંત રાખી અને ઇંગ્લૅન્ડને બહાર કર્યું, ઝદ્રાનની વિક્રમી સદી

લાહોર: ચૅમ્પિયન્સ ટ્રોફીમાં ઇંગ્લૅન્ડે બુધવારે અહીં તીવ્ર રસાકસી વચ્ચે જોરદાર લડત આપીને અફઘાનિસ્તાન સામે છેવટે માત્ર આઠ રનના માર્જિન સાથે હાર સ્વીકારવી પડી હતી અને એ સાથે બ્રિટિશરોની લડાકુ ટીમે સ્પર્ધામાંથી માનભેર વિદાય લીધી હતી. અફઘાને સેમિ ફાઇનલની આશા જીવંત રાખી હતી. ૨૦૨૩ના વન-ડે વર્લ્ડ કપનું પુનરાવર્તન થયું હતું. આ યાદગાર અને શાનદાર વિજય બાદ અફઘાનિસ્તાનના બ્રિટિશ કોચ જોનથન ટ્રૉટે ભાર દઈને કહ્યું છે કે 'હવે પછી ક્યારેય કોઈ હરીફ ટીમ અફઘાનિસ્તાનને હળવાશથી લેવાનું પસંદ નહીં કરે. તાજેતરના વન-ડેના અને ટી-૨૦ના વર્લ્ડ કપમાં અમારી ટીમે હરીફોના જે હાલ કર્યા એના પરથી અમારા ખેલાડીઓનો આત્મવિશ્વાસ સતત વધતો રહ્યો છે.'

હવે અફઘાનિસ્તાનની શુક્રવાર, ૨૮મી ફેબ્રુઆરીએ (બપોરે ૨.૩૦ વાગ્યાથી) લાહોરમાં મૅચ રમાશે અને એમાં જીતનારી ટીમ સેમિ ફાઇનલમાં પહોંચી જશે.

બુધવારે અફઘાનિસ્તાને બૅટિંગ પસંદ કર્યા બાદ ૫૦ ઓવરમાં સાત વિકેટે ૩૨૫ રન બનાવીને ઇંગ્લૅન્ડને ૩૨૬ રનનો તોતિંગ લક્ષ્યાંક આપ્યો હતો. ઇંગ્લૅન્ડની ટીમ ૪૯.૫ ઓવરમાં ૩૧૭ રને ઑલઆઉટ થઈ હતી. છેલ્લી ઓવર સુધી બન્ને ટીમે જીતવાની આશા જીવંત રાખી હતી અને કરોડો ક્રિકેટપ્રેમીઓ માટે પરિણામ અનિશ્ચિત થઈ ગયું હતું.





અફઘાનિસ્તાનના ઈબ્રાહિમ ઝદ્રાને વિક્રમજનક ૧૭૭ રન બનાવ્યા હતા (ડાબે). ત્યારબાદ કેપ્ટન શાહિદી અને કોચ જોનથન ટ્રૉટ (ઉપર) એકમેકને ભેટ્યા હતા (આઈસીસી)

મૅન ઑફ ધ મૅચ અફઘાનિસ્તાનના ઇબ્રાહિમ ઝદ્રાન (૧૭૭ રન, ૧૪૬ બૉલ, છ સિક્સર, બાર ફોર)ની વિક્રમજનક સદીનો જવાબ બ્રિટિશ બૅટર જૉ રૂટે (૧૨૦ રન, ૧૧૧ બૉલ, એક સિક્સર, અગિયાર ફોર) આક્રમક સદીથી આપ્યો હતો અને તે (રૂટ) સુપરહીરો બની શક્યો હોત. તેના ઉપરાંત બેન ડકેટે ૩૮ રન, જૉસ બટલરે ૩૮ રન, જેમી ઓવર્ટને ૩૨ રન તથા હૅરી બ્રૂકે પચીસ રન બનાવ્યા હતા. જોકે છેવટે અફઘાનના જ્વલંત અને રોમાંચક વિજય બદલ ઝદ્રાનની સદી લેખે લાગી હતી.

અફઘાનના પેસ બોલર અઝમતુલ્લા ઓમરઝાઇએ સૌથી વધુ પાંચ વિકેટ લીધી હતી. તેણે પાંચમી વિકેટ મૅચના સેકન્ડ-લાસ્ટ બૉલ પર લીધી હતી જેમાં આદિલ રાશિદ પાંચ રન બનાવીને અફઘાનના સુપરસ્ટાર ખેલાડી ઝદ્રાનના હાથમાં કૅચઆઉટ થયો હતો. મોહમ્મદ નબીએ બે તેમ જ ફારુકી, રાશિદ ખાન અને નઇબે એક-એક વિકેટ લીધી હતી. ટૂંકમાં, અફઘાનીઓના બોલિંગ-આક્રમણ સામે બ્રિટિશરોએ છેવટે ઝૂકવું પડ્યું હતું.

ચૅમ્પિયન્સ ટ્રોફીના સૌથી મોટા વ્યક્તિગત સ્કોર્સમાં હવે ઝદ્રાનના ૧૭૭ રન નવો વિક્રમ છે. તેણે ઇંગ્લૅન્ડના બેન ડકેટનો ૧૬૫ રનનો વિશ્વવિક્રમ તોડી નાખ્યો હતો.

૨૩ વર્ષનો રાઇટ-હૅન્ડ બૅટર ઝદ્રાન એક વર્ષ પછી પહેલી વાર વન-ડે રમ્યો હતો. તે ઓપનિંગમાં આવ્યો હતો અને છેક ૫૦મી ઓવરમાં આઉટ થયો હતો. તેણે ઇંગ્લૅન્ડના છ બોલરનો હિંમત અને સમજદારીથી સામનો કર્યો હતો અને તમામ બોલરની બોલિંગ ઍનેલિસિસ બગાડી નાખી હતી. ઝદ્રાનનો તેમ જ અફઘાનિસ્તાનના બૅટર્સમાં વન-ડેમાં આ હાઇએસ્ટ સ્કોર હતો. ■

## રણજી ફાઇનલ

# કેરળ ૩૮૦ રન બનાવી શકશે કે પછી વિદર્ભ એને બીજા ૨૪૮ રનની અંદર જ આઉટ કરશે?

નાગપુર: વિદર્ભ-કેરળ વચ્ચેની રણજી ટ્રોફીની પાંચ-દિવસીય ફાઇનલ (સવારે ૯.૩૦ વાગ્યાથી)માં બે દિવસ પૂરા થયા છે અને ત્રણ દિવસ બાકી છે અને એમાં જે આ મુકાબલો ડ્રૉમાં જશે તો પ્રથમ દાવની સરસાઈને આધારે વિજેતા નક્કી થશે જેના માટે શુક્રવાર બન્ને ટીમ માટે કપરી કસોટીનો બની રહેશે. અક્ષય વાડકરના સુકાનમાં વિદર્ભએ પ્રથમ દાવમાં ૩૭૯ રન બનાવ્યા હોવાથી સચિન બૅબીની કૅપ્ટન્સીમાં કેરળે એનાથી એક ડગલું આગળ રહેવા (સરસાઈ મેળવવા) ૩૮૦ રન બનાવવા પડશે. બીજી બાજુ, કેરળે ગુરુવારના બીજા દિવસે ત્રણ વિકેટે ૧૩૧ રન બનાવ્યા હોવાથી વિદર્ભથી આ ટીમ હજી બીજા ૨૪૮ રન પાછળ છે એટલે વિદર્ભના બોલર્સ એને આ વધારાના ૨૪૮ રનની અંદર જ આઉટ કરી દેવા કોઈ કસર નહીં છોડે.

વિદર્ભની આબરૂ ડેનિશ માલેવાર (૧૫૩ રન, ૨૮૫ બૉલ, ત્રણ સિક્સર, પંદર ફોર) અને કરુણ નાયર (૮૬ રન, ૧૮૮ બૉલ, એક સિક્સર, આઠ ફોર)ની જોડીએ બચાવી લીધી હતી તો કેરળ માટે નાગપુરનો જ આદિત્ય સરવટે (૬૬ નૉટઆઉટ, ૧૨૦ બૉલ, દસ ફોર) તારણહાર બન્યો હતો. તેની અને અહમ્મદ ઇમરાન (૩૭ રન, ૮૩ બૉલ, ત્રણ ફોર) વચ્ચે ત્રીજી વિકેટ માટે ૯૩ રનની બહુમૂલ્ય ભાગીદારી થઈ હતી.

૧૪ રનના સ્કોર પર અક્ષય ચંદ્રનની વિકેટ પડ્યા બાદ આ પાર્ટનરશિપ થઈ હતી અને તેમણે ટીમનો સ્કોર ૧૦૭ સુધી પહોંચાડ્યો ત્યારે ઇમરાનની વિકેટ પડી હતી અને ત્યાર બાદ સરવટેની સાથે કૅપ્ટન સચિન બૅબી સાત રને રમી રહ્યો હતો.

કેરળની ત્રણમાંથી બે વિકેટ પેસ બોલર દર્શન નાલકંડેએ અને એક વિકેટ યશ ઠાકુરે લીધી હતી.

એ પહેલાં, કેરળના બોલર્સે વિદર્ભને ૪૦૦ રન સુધી નહોતા પહોંચવા દીધા. તેમની નવમી વિકેટ ૩૩૫ રન પર પડી હતી, પરંતુ ત્યાર પછી ૧૧મા નંબરના નચિકેત ભુતે (૩૨ રન, ૩૮ બૉલ, બે સિક્સર, એક ફોર) અને ૧૦મા નંબરના હર્ષ દુબે (૧૨ અણનમ, ૨૮ બૉલ, એક ફોર) વચ્ચે અંતિમ વિકેટ માટે ૪૪ રનની ભાગીદારી થઈ હતી જે કદાચ કેરળને છેલ્લે ભારે પડી શકે.

કેરળ વતી એમડી નિધીશે અને એડન ઍપલ ટૉમે ત્રણ-ત્રણ વિકેટ, એન. બેસિલે બે વિકેટ અને જલજ સક્સેનાએ એક વિકેટ લીધી હતી. વિકેટકીપર મોહમ્મદ અઝહરુદ્દીને ત્રણ કૅચ પકડ્યા હતા. ■

# રિઝવાનના મુદ્દે ટીમના જ ખેલાડીનો શૉકિંગ ખુલાસો, ઇમરાનની ચિંતા બહેન અલીમાએ મીડિયામાં વ્યક્ત કરી

કરાચી: મોહમ્મદ રિઝવાનના સુકાનમાં પાકિસ્તાનની ટીમ પોતાના જ યજમાનપદ વચ્ચે ન્યૂ ઝીલૅન્ડ સામે ૬૦ રનથી અને પછી ભારત સામે છ વિકેટે પરાસ્ત થતાં સ્પર્ધાની બહાર ફેંકાતાં ટીમમાંની જૂથબંધી તેમ જ ભૂતપૂર્વ કૅપ્ટન ઇમરાન ખાનની પ્રતિક્રિયા હાલમાં પાકિસ્તાનમાં ખૂબ ચર્ચામાં છે.

પાકિસ્તાની ટીમના ખરાબ પ્રદર્શનને લઈને એક વીડિયો વાઇરલ થયો છે જેમાં ભૂતપૂર્વ કૅપ્ટન ઇન્ઝમામ-ઉલ-હકના ભત્રીજા અને વર્તમાન ટીમના ઓપનર ઇમામ-ઉલ-હકે ટીમમાંના આંતરિક મતભેદો અને જૂથબંધીની વાત કરી છે. ઇમામને એક મુલાકાતમાં પૂછાયું કે ટીમનો લીડર કોણ છે? એના જવાબમાં ઇમામે કહ્યું, 'બધા અંદરોઅંદર લડી રહ્યા છે.'

ઇમામે ડિસેમ્બર, ૨૦૨૪ના એક પૉડકાસ્ટ પરના ઇન્ટરવ્યૂમાં વધુમાં કહ્યું કે 'હમણાં તો મને લીડરનું નામ તરત યાદ જ નથી આવતું. બધા અંદર-અંદર લડ્યા કરતા હોય છે. અમે બધા હૉટેલમાં હોઈએ ત્યારે કૅપ્ટન મોહમ્મદ રિઝવાન નમાઝ માટે રૂમ શોધતો રહેતો હોય છે અને બધાને ભેગા કરતો હોય છે. સામાન્ય રીતે અમે કોઈ પણ હૉટેલમાં જઈએ ત્યારે સૌથી પહેલાં તો નમાઝ માટે રૂમ શોધવામાં આવે છે, ચાદર પાથરવામાં આવે છે, હૉટેલના વર્કર્સ નૉન-મુસ્લિમ હોય તો તેમને રૂમમાં આવવાની મનાઈ કરવી, વ્હૉટસઍપ પર ગ્રૂપ બનાવવું અને શેડ્યૂલને લગતા ટાઇમિંગ મોકલવા. આ બધુ કામ રિઝવાન કરે છે.'





ઈન્ટરવ્યૂ લેનાર મહિલા પત્રકાર અને ઈમામ-ઉલ-હક

ચૅમ્પિન્સ ટ્રોફીમાં સુકાની રિઝવાનનો પર્ફોર્મન્સ સારો નથી રહ્યો. ન્યૂ ઝીલૅન્ડ સામે તે ત્રણ જ રન બનાવી શક્યો હતો અને ભારત સામે તેણે ૭૭ બૉલમાં ૪૬ રન બનાવ્યા હતા જેને લીધે ધીમી બૅટિંગ બદલ તેની ટીકા થઈ હતી.

દરમ્યાન ભૂતપૂર્વ કૅપ્ટન ઇમરાન ખાન પાકિસ્તાની ટીમના ચૅમ્પિયન્સ ટ્રોફીમાંના તેમ જ ખાસ કરીને ભારત સામેના પર્ફોર્મન્સ બદલ ખૂબ નિરાશ છે. આ જાણકારી ઇમરાનની બહેન અલીમા ખાને આપી છે.

ભૂતપૂર્વ વડા પ્રધાન ઇમરાન ખાન રાવલપિંડીની અદિયાલા જેલમાં છે. ત્યાં તેને મળીને આવ્યા બાદ અલીમા ખાને સોશિયલ મીડિયામાં જણાવ્યું છે કે 'કટ્ટર હરીફ ભારત સામેના ખરાબ પ્રદર્શન બદલ ઇમરાન ખૂબ પરેશાન છે. મારા ભાઈ ઇમરાન પાકિસ્તાન તહરીક-એ-ઇન્સાફ (પીટીઆઇ)ના સંસ્થાપક છે અને તેમણે જેલમાં ભારત સામેની મૅચ ટીવી પર જોઈ હતી. તેમણે પાકિસ્તાન ક્રિકેટ બોર્ડના અધ્યક્ષ મોહસિન નકવીની ક્ષમતાઓ પર પણ સવાલ ઊઠાવ્યા છે તેમ જ ક્રિકેટના વહીવટમાં ટોચ પર સરકારે જે નિયુક્તિઓ કરી છે એ બાબતમાં પણ નિરાશા વ્યક્ત કરી છે. મારા ભાઈ ઇમરાનનું એવું માનવું છે કે બોર્ડમાં નિર્ણય લેનાર સત્તાના સ્થાને જો કઠપૂતળી જેવા હોદ્દેદારોને બેસાડવામાં આવતા રહેશે તો પાકિસ્તાન ક્રિકેટ નેસ્તનાબૂદ થઈ જશે.' ■

# કર્ણ, ચાહર, તિલક બાબુલનાથ મંદિરમાં

## ▶ બાંગ્લાદેશમાં લિટન દાસની મહા શિવરાત્રિ નિમિત્તે પૂજા



ઢાકા: બાંગ્લાદેશનો હિન્દુ ક્રિકેટર લિટન દાસ ચૅમ્પિયન્સ ટ્રોફી માટેની બાંગ્લાદેશની ટીમમાં તો નથી એમ છતાં તે બે દિવસથી ન્યૂઝમાં છે. વાત એમ છે કે બુધવારે મહા શિવરાત્રિના અવસરે શિવલિંગ પર ખાસ પૂજા કરી હતી અને એના ફોટો શૅર કર્યા હતા જેને કારણે તે ભારતીય ક્રિકેટપ્રેમીઓના દિલોદિમાગ પર છવાઈ ગયો છે.

૩૦ વર્ષનો લિટન દાસ બાંગ્લાદેશ વતી કુલ ૨૩૭ મૅચ રમ્યો છે જેમાં તેણે કુલ ૭,૦૦૦થી પણ વધુ રન બનાવ્યા છે જેમાં નવ સેન્ચુરી સામેલ છે. છેલ્લે બાંગ્લાદેશ વતી તે ડિસેમ્બર ૨૦૨૪માં રમ્યો હતો.

બાંગ્લાદેશમાં થોડા મહિનાઓથી હિન્દુઓ વિરુદ્ધ તોફાનો થઈ રહ્યા છે અને એ સ્થિતિમાં લિટન દાસે મહાદેવને રિઝવવા જે પૂજા-અર્ચના કરી એ બદલ સોશિયલ મીડિયામાં તેના ચાહકોએ તેની ખૂબ પ્રશંસા કરી છે.

સાઉથ આફ્રિકન સ્પિનર કેશવ મહારાજ પણ મૂળ હિન્દુ છે. તેણે ઇન્સ્ટાગ્રામ પરની સ્ટોરી મારફત ચાહકોને મહા શિવરાત્રિ નિમિત્તે શુભેચ્છા પાઠવી હતી તેમ જ બન્ને હાથ જોડાયેલા હોય એવા ઇમોજી સાથે લિટન દાસની પોસ્ટને બિરદાવી હતી.

ભારતમાં પણ કેટલાક જાણીતા ખેલાડીઓ મહા શિવરાત્રિ નિમિત્તે મંદિરમાં ગયા હતા અને ખાસ પૂજા કરી હતી. મુંબઈ ઇન્ડિયન્સ ટીમ સાથે સંકળાયેલા ખેલાડીઓ તિલક વર્મા, દીપક ચાહર અને કર્ણ શર્માએ મુંબઈના વિશ્વવિખ્યાત બાબુલનાથના મંદિરે દર્શન કર્યા હતા. તેમણે આઇપીએલની ૨૧મી માર્ચે શરૂ થનારી નવી સીઝન વિશે ભગવાન શિવના આશીર્વાદ મેળવવા તેમની ખાસ પૂજા કરી હતી અને સોશિયલ મીડિયામાં 'હર હર મહાદેવ'ની કૅપ્શન સાથે ચાહકોને મહા શિવરાત્રિ નિમિત્તે શુભેચ્છા પાઠવી હતી. તેમણે ઇન્સ્ટાગ્રામ પર બાબુલનાથના મંદિરની મુલાકાત સંબંધિત તસવીર પણ પોસ્ટ કરી હતી. ■

# મહિલાઓના રક્ષણ માટે કાયદાનો યોગ્ય અમલ જરૂરી છે : ચંદ્રચૂડ



(અમય ખરાડે)

મુંબઈઃ પુણેમાં એસટી બસમાં મહિલા પર થયેલા બળાત્કારની ઘટના બાદ રાજ્ય સહિત સંપૂર્ણ દેશમાં આ બાબતે અસંતોષ ફેલાયો છે ત્યારે ગુરુવારે ભૂતપૂર્વ ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયા (સીજેઆઇ) ડી. વાય. ચંદ્રચૂડે આ ઘટનાને ૨૦૧૨ના નિર્ભયા કેસ સાથે સરખાવી હતી અને કહ્યું હતું મહિલાઓ સામેના વધતા અત્યાચારના કેસ માટે ફક્ત કાયદા બનાવવાનું પૂરતું નથી, પરંતુ આ કાયદાઓને યોગ્ય રીતે અમલમાં મૂકવાની જરૂર છે.

એક કાર્યક્રમમાં પત્રકારો સાથેની વાતચીતમાં ચંદ્રચૂડે કહ્યું હતું કે મહિલાની થતી જાતીય સતામણીની ઘટનાને ડામવા માટે અનેક કાયદાઓ બનાવવામાં આવ્યા છે, પરંતુ આ કાયદાઓને યોગ્ય રીતે અમલમાં મૂકવાની જરૂર છે. આ કાર્યક્રમમાં અભિનેતા બમન ઈરાની પણ હાજર હતો. ફક્ત કાયદાઓથી આવી ઘટનાઓને રોકી શકાશે નહીં. કાયદાઓ સાથે સમાજે પોતાના ખભા પર મોટી જવાબદારીઓ ઉઠાવવી પડશે અને મહિલાઓ માટેના કાયદાને યોગ્ય રીતે અમલમાં મૂકવામાં આવે તેની જરૂર છે. આજકાલ મોટી સંખ્યામાં મહિલાઓ કામ કરતી હોય છે. તેથી તેઓ મુક્ત વાતાવરણમાં હરી ફરી શકે એવી રીતે કાયદાની ગોઠવણ થવી જોઇએ, એમ તેમણે વધુમાં જણાવ્યું હતું. પુણે બળાત્કાર કેસમાં પણ યોગ્ય કાર્યવાહી કરીને કડક સજા આપવામાં આવે એવી ઇચ્છા પણ તેમણે વ્યક્ત કરી હતી. ■

# ધારાવી રિડેવલપમેન્ટમાં ‘હાઉસિંગ ફોર ઓલ’

## રિડેવલપમેન્ટનો માસ્ટર પ્લાન બહાર પાડવામાં આવશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ એશિયાની સૌથી મોટી ઝૂંપડપટ્ટી ગણાતી ધારાવીનો પુનર્વિકાસનો માસ્ટર પ્લાન આવતા મહિનામાં નાગરિકો માટે જાહેર કરવામાં આવવાનો છે. હાલ ઓથોરિટી દ્વારા ધારાવીમાં સર્વે ચાલી રહ્યો છે, જોકે ધારાવી રિડેવલમપેન્ટ પ્લાન હેઠળ ઈતિહાસમાં પહેલી વખત ‘હાઉસિંગ ફોલ ઓલ’ એટલે કે જેઓ ઘર મેળવવાને અપાત્ર છે, તેમને પણ આ પ્રોજેક્ટ હેઠળ ઘર મળવાના છે એવો દાવો ઓથોરિટી દ્વારા કરવામાં આવ્યો છે.

ધારાવીની જમીન ૫૪૫ એકરની છે. ધારાવી રિડેલવપમેન્ટ પ્રોજેક્ટમાં હાલ જમીનનો કબજો મેળવવાની પ્રક્રિયા એક તરફ ચાલી રહી છે. કમેન્સમેન્ટ સર્ટિફિકેટ મળ્યા બાદ સાત વર્ષમાં પ્રોજેક્ટ પૂરો કરવાનું લક્ષ્યાંક છે. આવતા મહિને પબ્લિક ડોમેન પર માસ્ટર પ્લાન જાહેર કરવામાં આવવાનો છે. પૂરા પ્રોજેક્ટનો ખર્ચ લગભગ બેથી ત્રણ લાખ કરોડ રૂપિયાનો છે, જેમાં લોકોના પુનર્વસન પાછળ જ ૨૫,૦૦૦ કરોડનો ખર્ચ થવાની શક્યતા છે.

હાલ ધારાવીમાં ઘરોની સાથે જ ધાર્મિક સ્થળોનું સર્વેક્ષણ ચાલી રહ્યું છે. તમામ સમાજના પ્રાર્થના સ્થળના પુનર્વસન માટે સમિતિની સ્થાપના કરવામાં આવી છે. પ્રાર્થના સ્થળની સંખ્યા લગભગ ૩૦૦ છે, જેમાં ૯૦ પ્રાર્થના સ્થળના અને ૫૩ હજાર ઝૂંપડાંના સર્વેક્ષણ પૂરાં થયાં છે. ધારાવીમાં લગભગ એક લાખ ચાર હજાર કરતા વધુ ઝૂંપડાં છે. આ સર્વેક્ષણમાં રહેવાસી, ઔદ્યોગિક એ વ્યવસાયિક બાંધકામનો પણ સમાવેશ થાય છે અને માર્ચ અંત સુધીમાં સર્વેક્ષણ પૂરો થશે એવું ધારાવી રિડેલવપેન્ટ પ્રોજેક્ટ ઓથોરિટીના ચીફ એક્સિઝક્યુટિવ ઓફિસર એસ.વી.આર. શ્રીનિવાસે જણાવ્યું હતું.

પહેલી જાન્યુઆરી ૨૦૦૦ પહેલા ગ્રાઉન્ડ ફલોર પરના રહેવાસીઓને ધારાવીમાં ૩૫૦ ચોરસ ફૂટના ઘર મફતમાં મળવાના છે. પહેલી જાન્યુઆરી, ૨૦૦૨થી પહેલી જાન્યુઆરી ૨૦૧૧ દરમ્યાન ગ્રાઉન્ડ ફલોર ઉપરના રહેવાસીઓને ધારાવીની બહાર ૩૦૦ ચોરસ ફૂટના ઘર ૨.૫ લાખમાં વડા પ્રધાન આવાસ અંતર્ગત મળવાના છે. તો ૧૫ નવેમ્બર, ૨૦૨૨ સુધીના ઉપરના તમામ માળના બાંધકામ સહિત એક જાન્યુઆરી, ૨૦૧૧થી પહેલી નવેમ્બર, ૨૦૨૨ દરમ્યાન બાંધવામાં આવેલા ગ્રાઉન્ડ ફલોર ઉપરના ઝૂંપડનાને ધારાવીથી બહાર ભાડાંના સ્વરૂપના ઘર આપવામાં આવશે. તેમને ભાડામાં આવેલું ઘર વેચાતું લેવાનો પ્રયાય ઉપલબ્ધ રહશે. તેમના ઘર ૩૦૦ ચોરસ ફૂટ સુધીના હશે.

નવેમ્બર, ૨૦૨૨માં રિયલ એસ્ટેટ ડેવલપમેન્ટ કંપની અદાણી પ્રોપર્ટીએ ઝૂંપડપટ્ટીના પુનર્વિકાસ માટે સૌથી મોટી ૫,૦૬૩ કરોડ રૂપિયાની બોલી લગાવીને ધારાવી રિડેલપમેન્ટનું કામ મેળવ્યું હતું. ■

**પુણે-બસ-બળાત્કાર**

# આરોપી ગાડેને પકડવા માટે જમીન-આસમાન એક કરી રહી છે પોલીસ, પણ હાલ નિષ્ફળતા

## તેના વિશે માહિતી આપનાર માટે એક લાખ રૂપિયાનું ઇનામ

મુંબઈઃ પુણેના સ્વારગેટ વિસ્તારમાં બસ સ્ટેશન ખાતે મહારાષ્ટ્ર સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન (એમએસઆરટીસી)ની બસમાં ૨૬ વર્ષની યુવતી પર બળાત્કાર ગુજાર્યા બાદ ફરાર થયેલા રીઢા આરોપીની ધરપકડ કરવા માટે તેના વિશે માહિતી આપનારને પોલીસે એક લાખ રૂપિયાનું ઇનામ જાહેર કર્યું છે, એમ અધિકારીએ જણાવ્યું હતું.

મંગળવારે વહેલી સવારે બનેલી આ ઘટના બાદથી ફરાર આરોપી દત્તાત્રય રામદાસ ગાડે (૩૭)ને પકડવા પોલીસની ૧૩ ટીમ કામે લાગી છે.

પોલીસે આરોપી ગાડેનું પોસ્ટર પણ બહાર પાડ્યું છે. પોસ્ટરમાં ઉલ્લેખ છે કે આરોપી વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

પુણેના પોલીસ કમિશનર અમિતેશ કુમારે કહ્યું હતું કે આરોપીના ઠેકાણા વિશે માહિતી આપનારી વ્યક્તિને એક લાખ રૂપિયાનું ઇનામ આપવામાં આવશે.

અન્ય એક પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે આરોપી ગાડે વિશે માહિતી ૦૨૦-૨૪૪૪૨૭૬૯ અથવા ૯૮૮૧૬૭૦૬૫૯ નંબર પર આપી શકાય છે. માહિતી આપનારી વ્યક્તિની ઓળખ છૂપી રાખવામાં આવશે.

આરોપી ગાડે વિરુદ્ધ પુણે અને અહિલ્યાનગર જિલ્લામાં ચોરી, લૂંટ અને ચેન સ્નેચિંગના અડધો ડઝન ગુના નોંધાયેલા છે. પુણેના શિરુર તાલુકાના ગુણાતનો રહેવાસી ગાડે એક રાજકીય પક્ષના વિધાનસભ્યનો કાર્યકર્તા હોવાનું પણ કહેવાય છે.

ચોરીના કેસમાં પકડાયેલો ગાડે ૨૦૧૯માં જેલમાંથી જામીન પર છૂટ્યો હતો. ૨૦૨૪માં ફરી પુણેમાં તેની વિરુદ્ધ ચોરીનો ગુનો દાખલ કરાયો હતો.

આરોપી ગાડે અવારનવાર સ્વારગેટ બસ સ્ટેશન ખાતે આવતો હતો. મંગળવારે તેણે યુવતી પર બસમાં બળાત્કાર ગુજાર્યો હતો અને બાદમાં ફરાર થઇ ગયો હતો. પોલીસે ગાડેનાં માતા-પિતા તથા ભાઇને પૂછપરછ માટે તાબામાં લીધા છે. ઉપરાંત તેની ગર્લફ્રેન્ડ તેમ જ ૧૦ મિત્રોની પણ પૂછપરછ કરાઇ હતી. ગર્લફ્રેન્ડે પૂછપરછમાં જણાવ્યું હતું કે તે જે બહેનપણીઓના સંપર્કમાં છે તેના મોબાઇલ નંબર ગાડેએ માગ્યા હતા. તેમને પણ ગાડેએ ત્રાસ આપવાનો પ્રયાસ કર્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે પીડિત યુવતી મંગળવારે વહેલી સવારે સાતારા જિલ્લાના ફલટન ખાતે જવા માટે સ્વારગેટ બસ સ્ટેશનના એક પ્લેટફોર્મ પર બસની રાહ જોઇ રહી હતી ત્યારે આરોપી તેની પાસે આવ્યો હતો અને તેને ‘દીદી’ કહીને બોલાવી હતી. સાતારા માટેની બસ અન્ય પ્લેટફોર્મ પર આવી હોવાનું કહીને ગાડે તેને નજીકમાં પાર્ક કરાયેલી શિવ શાહીની એસી બસમાં લઇ ગયો હતો, જ્યાં તેના પર બળાત્કાર ગુજાર્યો હતો. ■

## શેરડીના ખેતરમાં ચાલુ છે શોધાશોધઃ ૧૦૦ પોલીસ, ૧૩ ટીમ, ડ્રોન અને ડૉગ...



મુંબઈઃ એસટી બસમાં યુવતી પર બળાત્કારની ઘટનાને પગલે વધતા દબાણ વચ્ચે પુણે પોલીસે ગુરુવારે જિલ્લાના શિરુર તાલુકામાં શેરડીના ખેતરમાં ડ્રોન અને શ્વાનોની મદદથી ફરાર આરોપી દત્તાત્રય ગાડેની શોધ ચલાવી હતી.

શિરુર તાલુકાના ગુણાત ગામના રહેવાસી ગાડેને પુણે પોલીસની ૧૩ ટીમ શોધી રહી છે. આરોપી ગાડે ગુણાત ગામના શેરડીના ખેતરમાં છુપાયો હોવાની શંકાને પગલે પુણે ગ્રામીણ પોલીસ સાથે મળીને તેની શોધ ચલાવવામાં આવી હતી.

અનેક વરિષ્ઠ પોલીસ અધિકારીઓ તથા ૧૦૦થી વધુ પોલીસ કર્મચારીઓ ગુણાત ગામમાં ગુરુવારે બપોરે પહોંચ્યા હતા. ગાડેને શોધી કાઢવા માટે પોલીસ દ્વારા ડ્રોનની મદદ લેવામાં આવી હતી. ગામમાં સર્ચ ઓપરેશન માટે ડોગ સ્કવોડને પણ બોલાવાઇ હતી. ■

## ઘટના નિર્ભયા જેવી, પુણેમાં ગુનેગારો કાયદાથી છે નિર્ભયઃ રાઉત

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શિવસેના (યુબીટી)ના નેતા સંજય રાઉતે ગુરુવારે પુણેમાં પાર્ક કરેલી રાજ્ય પરિવહન નિગમ (એસટી)ની બસમાં એક મહિલા પર થયેલા બળાત્કારની તુલના ૨૦૧૨ની દિલ્હી ગેંગરેપ ઘટના સાથે કરી, અને કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ અંગે જિલ્લાના પાલક પ્રધાન અજિત પવાર પર નિશાન સાધ્યું હતું.

રાજ્યસભા સાંસદે કહ્યું કે મહારાષ્ટ્રમાં મહિલાઓ વિરુદ્ધ ગુનાઓમાં ભારે વધારો થયો છે. જો રાજ્યમાં વિપક્ષી ગઠબંધન મહા વિકાસ આઘાડીની સરકાર હોત, તો ભાજપના મહિલા નેતાઓ અત્યાર સુધીમાં રાજ્ય મુખ્યાલય મંત્રાલયની બહાર હોબાળો મચાવી દેત, એમ સંજય રાઉતે ગુરુવારે પત્રકારોને જણાવ્યું હતું. ‘દર મહિને ૧,૫૦૦ રૂપિયા આપીને, શું તમે મહિલાઓનું આત્મસન્માન ખરીદ્યું છે?’ એમ રાઉતે ભાજપની આગેવાની હેઠળની સરકારની મહિલાઓ માટે નાણાકીય સહાય યોજનાનો ઉલ્લેખ કરતાં પૂછ્યું હતું. ■

## ડેપોનું સેફ્ટી ઓડિટ, ભંગાર બસોનો ઝટ નિકાલ

### પરિવહન પ્રધાને ૧૫ એપ્રિલ સુધીની આપી મહેતલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ પુણેના સ્વારગેટ ડેપોમાં રાજ્ય પરિવહનની બસમાં ૨૬ વર્ષની યુવતી પર બળાત્કાર થયાના એક દિવસ પછી, મહારાષ્ટ્રના પરિવહન ખાતાના પ્રધાન પ્રતાપ સરનાઈકે ગુરુવારે મહારાષ્ટ્ર રાજ્ય માર્ગ પરિવહન નિગમ (એમએસઆરટીસી)ની બસો અને ડેપોમાં સુરક્ષા વધારવા માટે અનેક પગલાંની જાહેરાત કરી હતી.

તેમણે ૧૫ એપ્રિલ સુધીમાં આર્ટિફિશિયલ ટેકનોલોજીનો ઉપયોગ કરીને બસોમાં સીસીટીવી કેમેરા અને જીપીએસ સિસ્ટમ ઇન્સ્ટોલ કરવા, બસોમાં એલાર્મ અને લોકીંગ સિસ્ટમ ઇન્સ્ટોલ કરવા, વિવિધ ડેપોમાં પાર્ક કરેલી ભંગાર થઈ ગયેલી બસો, ફોર-વ્હીલર અને ટૂ-વ્હીલરનો નિકાલ કરવાનો અને તમામ બસ ડેપોનું સેફ્ટી ઓડિટ કરવાનો આદેશ આપ્યો હતો.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે વિભાગ સુરક્ષા સંબંધિત મુદ્દાઓની દેખરેખ અને સંચાલન માટે એમએસઆરટીસીમાં એક વરિષ્ઠ આઈપીએસ અધિકારીની નિમણૂક માટે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસને અપીલ કરશે.

તેમણે જણાવ્યું હતું કે, વિભાગ અને એમએસઆરટીસી રાજ્યભરના બસ ડેપોમાં વધુ સુરક્ષા ગાર્ડ તહેનાત કરવા માટે વિવિધ ઉપક્રમો અને રાજ્ય સુરક્ષા બોર્ડની પણ મદદ લેશે.

હાલમાં, ફક્ત ૨,૭૦૦ સુરક્ષા ગાર્ડ છે, જેમાં મહિલાઓની સંખ્યા ઓછી છે, તેથી વિભાગ વધુ સુરક્ષા ગાર્ડ અને સુરક્ષા ગાર્ડ તરીકે લગભગ ૧૫થી ૨૦ ટકા વધારાની મહિલાઓની નિમણૂક કરવાનો વિચાર ચાલી રહ્યો છે. ■

## આવી ઘટના પોલીસ કઈ રીતે રોકે?

### રાજ્યના ગૃહ રાજ્ય પ્રધાનની દલીલ

પુણેઃ મહારાષ્ટ્રના ગૃહ ખાતાના રાજ્યકક્ષાના પ્રધાન યોગેશ કદમે ગુરુવારે સ્વારગેટ એસટી બસ ડેપોમાં થયેલા બળાત્કાર માટે ડેપોમાં નિયુક્ત ખાનગી સુરક્ષા ગાર્ડ્સને દોષી ઠેરવ્યા હતા, પરંતુ તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે આરોપીઓની ઓળખ થઈ ગઈ છે અને ટૂંક સમયમાં તેમને પકડી લેવામાં આવશે. મંગળવારે વહેલી સવારે એક એસટીની બસમાં ચોપડે ચડેલા અપરાધી દત્તાત્રય રામદાસ ગાડે (૩૭) દ્વારા મહિલા પર બળાત્કાર ગુજારવામાં આવ્યો હતો. ગાડેને શોધવા માટે પોલીસે તેર ટીમો બનાવી છે.

સ્વારગેટ એસટી બસ ટર્મિનલ પર સુરક્ષા ગાર્ડ કોર્પોરેશન દ્વારા નિયુક્ત ખાનગી એજન્સી દ્વારા પૂરા પાડવામાં આવે છે અને ડેપો મેનેજરે વધુ સતર્ક રહેવું જોઈતું હતું, એમ કદમે જણાવ્યું હતું. તેમણે તરત જ ઉમેર્યું હતું કે તેઓ એવો દાવો નથી કરી રહ્યા કે આવી ઘટનાઓને રોકવામાં પોલીસની કોઈ ભૂમિકા નથી.

સ્વારગેટ પોલીસ સ્ટેશનના સિનિયર ઇન્સ્પેક્ટરની આગેવાની હેઠળની એક ટીમે ઘટનાના દિવસે રાત્રે ૧:૩૦ વાગ્યાથી લઈને ૩:૩૦ વાગ્યા સુધી આ વિસ્તારમાં પેટ્રોલિંગ કર્યું હતું, એવો દાવો કદમે કર્યો હતો. ■

## આરોપીને ફાંસી આપોઃ એકનાથ શિંદે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ ગુરુવારે પુણેના સ્વારગેટ બસ ડેપોમાં પાર્ક કરેલી એસટીની બસમાં ૨૬ વર્ષની યુવતી પર થયેલા કથિત બળાત્કારના આરોપીઓ સામે કડક કાર્યવાહીનું આશ્વાસન આપ્યું હતું અને કહ્યું હતું કે જે લોકો આવા ગુના કરે છે તેમને ‘ફાંસી આપવી જોઈએ.’

પત્રકારો સાથે વાત કરતાં શિંદેએ આ ઘટનાને ખૂબ જ દુર્ભાગ્યપૂર્ણ ગણાવી અને પ્રતિજ્ઞા લીધી કે આરોપીને કોઈપણ રાજકીય જોડાણને ધ્યાનમાં લીધા વિના બક્ષવામાં આવશે નહીં. ‘પુણેની ઘટના ખૂબ જ દુર્ભાગ્યપૂર્ણ છે. આરોપી ગમે તે હોય, તે ગમે તે પક્ષનો હોય, તેને બક્ષવામાં આવશે નહીં. આવા લોકોને ફાંસી આપવી જોઈએ,’ એમ શિંદેએ કહ્યું હતું. શિવસેનાના વડાએ એવી પણ ખાતરી આપી હતી કે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ આ કેસ પર નજીકથી નજર રાખી રહ્યા છે, જ્યારે અજિત પવાર આરોપીઓની ઝડપી ધરપકડ સુનિશ્ચિત કરવા માટે ઘટનાક્રમ પર નજર રાખી રહ્યા છે. ■

# લગ્નનો આગ્રહ કરતી પ્રેમિકાને પતાવી શબ વસઈના નાળામાં, મોબાઈલ રાજધાની એક્સપ્રેસમાં

## જોકે આમ કરનાર પ્રેમી પકડાઈ ગયોઃ યુપીની પોલીસ સાથે મળી ગુનો ઉકેલાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ લગ્નની જીદ કરનારી પ્રેમિકાનું ગળું દબાવી કથિત હત્યા કર્યા બાદ તેના મૃતદેહને નાળામાં ફેંકી દેવામાં આવ્યો હોવાની ઘટના વસઈ નજીક બની હતી. તપાસ દરમિયાન આરોપી પ્રેમીએ કરેલી કબૂલાત પછી પોલીસે નાળામાંથી યુવતીના હાડપિંજરને શોધી કાઢ્યું હતું.

મીરા-ભાયંદર વસઈ-વિરાર પોલીસના ક્રાઈમ બ્રાન્ચ યુનિટ-૩ના અધિકારીઓએ પકડી પાડેલા આરોપીની ઓળખ અમિત સુગ્રીવ સિંહ (૨૮) તરીકે થઈ હતી. આરોપીની કબૂલાત પછી નાયગાંવ પોલીસ સ્ટેશનમાં હત્યાનો ગુનો નોંધવામાં આવ્યો હતો. વધુ તપાસ માટે આરોપીને નાયગાંવ પોલીસના તાબામાં સોંપાયો હતો.

ઉત્તર પ્રદેશના ગોરખપુર જિલ્લામાં રહેતી પ્રિયા સિંહ (૨૫) ગુમ થઈ હોવાની ફરિયાદ યુપીના એમ્સ પોલીસ સ્ટેશનમાં નોંધાઈ હતી. તપાસ દરમિયાન મળેલી માહિતીને આધારે તાજેતરમાં યુપી પોલીસ વસઈ આવી હતી. વરિષ્ઠ અધિકારીઓને મળી યુપી પોલીસે તપાસમાં મદદ માગતાં ક્રાઈમ બ્રાન્ચને મામલો સોંપાયો હતો.

યુનિટ-૩ના ઇન્ચાર્જ શાહુરાજ રણવરેની ટીમને તપાસમાં જણાયું હતું કે પ્રિયા વસઈની ચૌધરી વાડી ખાતેના બંગલોમાં રહેતા અમિતના સંપર્કમાં હતી. ૧૬ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ પણ તે અમિતને મળવા વસઈ આવી હતી. શંકાને આધારે તાબામાં લેવાયેલા અમિતે પૂછપરછ દરમિયાન શરૂઆતમાં ઉડાઉ જવાબ આપ્યા હતા. જોકે બાદમાં તેણે ગુનાની કબૂલાત કરી હતી.

અધિકારીના જણાવ્યા મુજબ અમિત અને પ્રિયા વચ્ચે પ્રેમસંબંધ હતો, પરંતુ અમિતના પરિવારજનોએ તેમનાં લગ્નનો વિરોધ કર્યો હતો. પરિણામે અમિત વારંવાર લગ્નની વાત ટાળતો હતો. પ્રિયાએ લગ્નની જીદ પકડતાં અમિતે તેને પતાવી નાખવાનું નક્કી કર્યું હતું.

પોલીસ પૂછપરછમાં જાણવા મળ્યા મુજબ પચીસ ડિસેમ્બરની રાતે ફરવા જવાને બહાને અમિત પ્રિયાને મહાજન પાડા નજીકની રૉયલ પાર્ક ઈન્ડસ્ટ્રીઝ પાસેના નિર્જન સ્થળે લઈ ગયો હતો. ત્યાં ગળું દબાવી હત્યા કર્યા બાદ તેના મૃતદેહને પાસેના નાળામાં ફેંકી દીધો હતો. પોલીસને ગેરમાર્ગે દોરવા અને પ્રિયા દિલ્હી તરફ ગઈ હોવાનું દર્શાવવા આરોપીએ તેનો મોબાઈલ ઑન રાખી રાજધાની એક્સપ્રેસ ટ્રેનમાં મૂકી દીધો હતો.

આસિસ્ટન્ટ પોલીસ કમિશનર મદન બલ્લાળે જણાવ્યું હતું કે આરોપીની કબૂલાતથી યુવતીની હત્યાનો ભેદ ઉકેલાયો હતો. આરોપી બતાવેલા સ્થળેથી નાળામાં તપાસ કરતાં યુવતીના મૃતદેહના અવશેષ મળી આવ્યા હતા. નાયગાંવ પોલીસ વધુ તપાસ કરી રહી છે. ■

# બે બસ વચ્ચે કચડાવાથી યુવકના મોત પછી અલિબાગમાં તોફાનો

મુંબઈઃ અલિબાગસ્થિત બે એસટી વચ્ચે કચડાઈ જવાને કારણે એક ૧૭ વર્ષના કિશોરનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું હતું. અકસ્માત બાદ રોષે ભરાયેલા ટોળાએ એસટી બસોની તોડફોડ કરી હતી. પોલીસે રેપિડ એક્શન ફોર્સ બોલાવીને પરિસ્થિતિને કાબૂમાં લીધી હતી. બનાવની વિગત અનુસાર પનવેલથી અલિબાગ તરફ આવી રહેલી એસટી બસના ડ્રાઈવરે બસ પરનો કાબૂ ગુમાવ્યો હતો અને બસસ્ટેશનની સામે એક ટૂ-વ્હીલર, રિક્ષા અને એસટી બસને ટક્કર મારી હતી. અકસ્માતમાં બે બસ વચ્ચે એક ૧૭ વર્ષના કિશોરનું કચડાઈ જવાને કારણે મૃત્યુ થયું હતું. અકસ્માતમાં મૃત્યુ પામેલા કિશોરનું નામ જયદીપ શંકર બાના હોવાનું પોલીસે જણાવ્યું હતું.

આ ઘટનાને પગલે શહેરીજનો હચમચી ગયા હતા. રોષે ભરાયેલા ટોળાએ બાદમાં બસ પર પથ્થરમારો કરીને તોડફોડ કરી હતી. બસ ડ્રાઈવરને ટોળાને સોંપી દેવાની માગણી સાથે રસ્તા રોકો કરવામાં આવ્યું હતું. આને કારણે ભારે ટ્રાફિક જામ થયો હતો. જોકે બાદમાં પરિસ્થિતિને કાબૂમાં લેવા માટે પોલીસે રેપિડ એક્શન ફોર્સને બોલાવવી પડી હતી.

આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને પોલીસે આંબેડકર ચોકથી મહાવીર ચોક સુધી બંને બાજુ ટ્રાફિક બ્લોક કરી દીધો હતો. ■

# મુંબઈમાં ગરમીનો પ્રકોપઃ પારો ૩૮.૪ ડિગ્રી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ હીટવેવની અસર હેઠળ મુંબઈગરા અસહ્ય ગરમીનો અનુભવ કરી રહ્યા છે. સતત ત્રીજા દિવસે મુંબઈમાં ૩૮.૪ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. જે સામાન્ય કરતા ૫.૬ ડિગ્રી વધારે હતું. આ અગાઉ બુધવારે મુંબઈમાં ૩૮.૫ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. બુધવારના મુંબઈમાં નોંધાયેલું તાપમાન સમગ્ર રાજ્યમાં સૌથી ઊંચુ રહ્યું હતું.

મુંબઈ સહિત રાજ્યમાં કાળઝાળ ગરમી પડી રહી છે. તાપમાનનો પારો સતત ઊંચો નોંધાઈ રહ્યો છે. હીટવેવની અસર હેઠળ મુંબઈમાં છેલ્લા ત્રણ-ચાર દિવસથી સતત પારો ઊંચો નોંધાઈ રહ્યો છે. ગુરુવારે દિવસ દરમ્યાન કોલાબામાં ૩૮.૪ ડિગ્રી તાપમાન નોંધાયું હતું, જે સામાન્ય કરતા ૩.૯ ડિગ્રી વધારે હતું. કોલાબા અને સાંતાક્રુઝમાં અનુક્રમે ૫૯ ટકા અને ૪૪ ટકા ભેજ નોંધાયો હતો. હવામાન વિભાગે ગુરુવારે પોતાની આગાહીમાં મુંબઈ, પાલઘર અને રાયગડ સહિત મુંબઈ મેટ્રોપોલિટન વિસ્તારમાં હવામાન સૂકું રહેવાની શક્યતા વ્યક્ત કરી છે. તો થાણેમાં અલગ અલગ વિસ્તારોમાં ગરમી અને ભેજવાળું વાતાવરણ રહેવાની શક્યતા વ્યક્ત કરી હતી. એટલે કે થાણેમાં તાપમાનનો પારો ઊંચો જવાની શક્યતા છે, તેને પગલે થાણેની સ્થાનિક પ્રશાસને નાગરિકોને કામ વગર બપોરના સમયે તડકામાં ઘરની બહાર નીકળવાનું ટાળવાની સલાહ આપી છે. નોંધનીય છે કે હવામાન વિભાગે મુંબઈ, થાણે અને પાલઘર માટે ૨૬ અને ૨૭ ફેબ્રુઆરીના હીટવેવની ચેતવણી આપી હતી, તે મુજબ વાતાવરણમાં ગરમીનું પ્રમાણ વધી ગયું હતું. સામાન્ય રીતે ઉનાળાનું સત્તાવાર રીતે આગમન માર્ચ મહિનામાં થતું હોય છે પણ ઉનાળો હજી બેસે તે પહેલા જ હવામાન વિભાગ દ્વારા હીટવેવની ચેતવણી આપવામાં આવી હતી. હાલ મધ્ય પ્રદેશ પર એક એન્ટિ-સાયક્લોનિક સિસ્ટમ સર્જાઈ છે, જે પશ્ચિમ કિનારા પર ગરમ પૂર્વીય પવનોને ધકેલી રહી હતી. આ પવનોને કારણે દરિયાઈ પવનો ફૂંકાવવામાં વિલંબ થવાને કારણે લાંબા સમય સુધી જમીન પર પવન ફૂંકાતા હોવાને કારણે તાપમાનમાં વધારો થયો હતો. આ ઉપરાંત મુંબઈ દરિયાથી ઘેરાયેલું હોવાથી વાતાવરણમાં ભેજનું પ્રમાણ વધારે હોવાથી ભારે ઉકળાટ પણ જણાઈ રહ્યો હતો. ■

# કૅન્સરના ઉપચાર માટેના રિસર્ચને બહાને મહિલાએ નવ કરોડ રૂપિયા પડાવ્યા

મુંબઈઃ ડૉક્ટરના સ્વાંગમાં મહિલાએ કૅન્સરની સારવાર માટેના ક્લિનિકલ રિસર્ચમાં રોકાણ પર આકર્ષક વળતરની લાલચે ૯.૬૮ કરોડ રૂપિયા પડાવ્યા હોવાની પોલીસ ફરિયાદ નોંધાઈ હતી.

અંધેરીમાં રહેતી મહિલાએ નોંધાવેલી ફરિયાદને આધારે અંબોલી પોલીસે આ મામલે આરોપી શહનિલા અહતિશામ સૈયદ વિરુદ્ધ મંગળવારે ગુનો નોંધ્યો હતો. ઑક્ટોબર, ૨૦૨૩થી સપ્ટેમ્બર, ૨૦૨૪ દરમિયાન કથિત છેતરપિંડી થઈ હોવાનું ફરિયાદમાં જણાવાયું હતું.

ફરિયાદમાં જણાવાયા અનુસાર સૈયદે પોતાની ઓળખ ડૉક્ટર તરીકે આપી હતી. નવી મુંબઈની એક મેડિકલ કૉલેજમાં પોતે કૅન્સરના ઉપચાર માટેનું ક્લિનિકલ રિસર્ચ કરતી હોવાથી એ પ્રોજેક્ટમાં રોકાણ કરવા પર આકર્ષક વળતરની લાલચ આરોપીએ આપી હતી.

પોલીસના જણાવ્યા મુજબ આરોપીએ તેનાં અલગ અલગ બૅન્ક ખાતાંમાં લગભગ ૧૦ કરોડથી વધુ રૂપિયા સ્વીકાર્યા હતા. બાદમાં ફરિયાદીનો વિશ્વાસ જાળવી રાખવા તેના બૅન્ક ખાતામાં વળતર પેટે ૧.૧૮ કરોડ રૂપિયા ટ્રાન્સફર કરાયા હતા. જોકે બાદમાં ફરિયાદીને વળતર મળવાનું બંધ થઈ ગયું હતું. ■

# નેવીની ફરિયાદ પછી આર્મીની ક્લબમાંના ૭૭.૫૨ કરોડના ગોટાળાની પોલીસ તપાસ

મુંબઈઃ સંરક્ષણ દળ માટેની યુનાઇટેડ સર્વિસીસ ક્લબમાં ૭૭.૫૨ કરોડ રૂપિયાનો ગોટાળો સામે આવ્યા બાદ મુંબઈ પોલીસ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી છે.

થોડા મહિના અગાઉ નિત્યક્રમ મુજબ ઑડિટ ચાલતુ હતું ત્યારે લશ્કરની ત્રણેય પાંખ માટેની આ ૯૭ વર્ષ જૂની આસ્થાપનામાં આર્થિક ગેરરીતિ બહાર આવી હતી, એમ સંરક્ષણ દળના પર્સનલ રિલેશન ઓફિસરે (પીઆરઓ) જણાવ્યું હતું.

વેસ્ટર્ન નેવલ કમાન્ડ વડામથકની સૂચના પરથી નેવીના કેપ્ટન દ્વારા તાજેતરમાં આ અંગે કફ પરેડ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી. આર્થિક ગુના શાખા દ્વારા આ અંગે તપાસ હાથ ધરવામાં આવી હોવાનું અધિકારીએ જણાવ્યું હતું. કોલાબા સ્થિત ધ યુનાઇટેડ સર્વિસીસ ક્લબ ૯૭ વર્ષ જૂની ટ્રાઇ-સર્વિસીસ ક્લબ છે. થોડા મહિના અગાઉ ઑડિટ ચાલતુ હતું ત્યારે ક્લબના સેક્રેટરીના ધ્યાનમાં આ ગોટાળો આવ્યો હતો. (પીટીઆઇ) ■

# એફ ઍન્ડ ઓની એક્સપાયરીમાં બજાર બેતરફી વધઘટે અથડાયું: સેન્સેક્સમાં સાધારણ ૧૦ પૉઈન્ટનો સુધારો, નિફ્ટીમાં બે પૉઈન્ટનો ઘસરકો

મુંબઈઃ વર્તમાન ફેબ્રુઆરી મહિનાના ફ્યુચર અને ઑપ્શનનું આજે વલણ પૂરું થઈ રહ્યું હોવાથી સ્થાનિક ઈક્વિટી માર્કેટ બેતરફી વધઘટે અથડાઈ ગયું હતું અને સત્રના અંતે બૉમ્બે સ્ટોક એક્સચેન્જનો ૩૦ શૅરનો બૅન્ચમાર્ક સેન્સેક્સ સાધારણ ૧૦.૩૧ પૉઈન્ટના સુધારા સાથે બંધ રહ્યો હતો, જ્યારે નેશનલ સ્ટોક એક્સચેન્જનો ૫૦ શૅરનો બૅન્ચમાર્ક નિફ્ટી મામૂલી ૨.૫૦ પૉઈન્ટના ઘટાડા સાથે બંધ રહ્યો હતો. વધુમાં તાજેતરમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોનો ઈક્વિટીમાં અવિરત બાહ્ય પ્રવાહ જળવાઈ રહેતા ગત મંગળવારે તેઓની ઈક્વિટીમાં રૂ. ૩૫૨૯.૧૦ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાનું એક્સચેન્જની આંકડાકીય માહિતી પરથી જણાતા એકંદરે અન્ડરટોન નરમાઈનો જ રહ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ગઈકાલે બજાર મહાશિવરાત્રી નિમિત્તે બંધ રહ્યા બાદ આજે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ ગત મંગળવારના ૭૪,૬૦૨.૧૨ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૭૪,૭૦૬.૬૦ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૭૪,૫૨૦.૭૮ અને ઉપરમાં ૭૪,૮૩૪.૦૯ની રેન્જમાં રહ્યા બાદ અંતે સાધારણ ૦.૦૧ ટકા અથવા તો ૧૦.૩૧ પૉઈન્ટના સુધારા સાથે ૭૪,૬૧૨.૪૩ની સપાટીએ બંધ રહ્યો હતો. તે જ પ્રમાણે એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટી ગત મંગળવારના ૨૨,૫૪૭.૫૫ના બંધ સામે સુધારા સાથે ૨૨,૫૬૮.૯૫ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૨૨,૫૦૮.૪૦ અને ઉપરમાં ૨૨,૬૧૩.૩૦ની રેન્જમાં અથડાઈને અંતે સાધારણ ૦.૦૧ ટકા અથવાતો ૨.૫૦ પૉઈન્ટ ઘટીને ૨૨,૫૪૫.૦૫ના મથાળે બંધ રહ્યો હતો. આમ આજે સેન્સેક્સ અને નિફ્ટીમાં સામસામા રાહ જોવા મળ્યાં હતાં. એકંદરે આજે બજારમાં મિશ્ર વલણ જોવા મળ્યું હતું. ખાસ કરીને એફ ઍન્ડ ઑની એક્સપાયરીને ધ્યાનમાં લેતાં ટ્રેડરોએ સાવચેતીનું વલણ અપનાવ્યું હોવાનું મેહતા ઈક્વિટીઝનાં રિસર્ચ વિભાગના વાઈસ પ્રેસિડૅન્ટ પ્રશાંત તાપ્સેએ જણાવતાં ઉમેર્યું હતું કે ભારતીય શૅરના ઊંચા વૅલ્યુએશન હોવાથી છેલ્લાં ચાર-પાંચ મહિનાથી સ્થાનિકમાં વિદેશી રોકાણકારોની વેચવાલી, ટેરિફની ચિંતા ઉપરાંત સ્થાનિક સ્તરે ડૉલર સામે રૂપિયામાં થઈ રહેલા ધોવાણને કારણે રોકાણકારો ચિંતિત છે. વધુમાં રેલિગેર બ્રોકિંગ લિ.નાં વાઈસ પ્રેસિડૅન્ટ અજિત મિશ્રાએ જણાવ્યું હતું કે આજે મંથલી એક્સ્પાયરીના દિને સતત બીજા સત્રમાં બજાર સાંકડી વધઘટે અથડાઈ ગઈ હતી. આરંભિક તબક્કે નિફ્ટીમાં જોવા મળેલો સુધારો વધુ ટક્યો નહોંતો અને અથડાઈ ગયો હતો. વાસ્તવમાં મંથલી એક્સ્પાયરીને ધ્યાનમાં લેતા ટ્રેડરો અવઢવમાં હોય તેવું જણાઈ રહ્યું હતું. જોકે, માઈક્રો ફાઈનાન્સ ઈન્સ્ટિટ્યૂશન અને નોન બૅન્કિંગ ફાઈનાન્સ કંપનીઓ માટે ધિરાણના ધોરણો હળવા કરવામાં આવશે, એવો નિર્ણય રિઝર્વ બૅન્કે લીધો હોવાના અહેવાલોને ધ્યાનમાં લેતાં આજે ફાઈનાન્સ ક્ષેત્રના શૅરોમાં સુધારો જોવા મળ્યો હોવાનું જિઓજીત ફાઈનાન્સિયલ સર્વિસસના રિસર્ચ હેડ વિનોદ નાયરે જણાવતાં ઉમેર્યું હતું કે અમેરિકાના ટેરિફની અનિશ્ચિતતાઓને કારણે વૈશ્વિક બજારોમાં મિશ્ર વલણ રહ્યું હોવાથી સ્થાનિક બજારનો પણ અન્ડરટોન નરમાઈનો જોવા મળ્યો હતો. દરમિયાન આજે બીએસઈ ખાતે કુલ ૪૦૭૨ શૅરોમાં કામકાજ થયા હતા, જેમાંથી ૯૪૨ શૅરના ભાવ વધીને, ૩૦૩૦ શૅરના ભાવ ઘટીને અને ૯૯ શૅરના ભાવ ટકેલા ધોરણે બંધ રહ્યા હતા. તેમ જ આજે બાવન શૅરના ભાવ બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા, જ્યારે ૪૬૬ શૅરના ભાવ બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા. તેમ જ નવ શૅરમાં ઉપલી સર્કિટ અને પાંચ શૅરમાં નીચલી સર્કિટ લાગી હોવાનું એક્સચેન્જની આંકડાકીય માહિતી પરથી જાણવા મળ્યું છે. આજે સ્મોલકેપ ઈન્ડેક્સમાં ૨.૦૯ ટકાનો કડાકો બોલાયો હતો, જ્યારે મિડકેપ ઈન્ડેક્સમાં ૦.૯૭ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો.

## હાજર ખાંડમાં ટકેલું વલણ, નાકા ડિલિવરીમાં ₹ ૧૦ની પીછેહઠ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ ગઈકાલની મહાશિવરાત્રીની જાહેર રજા પશ્ચાત્ સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં આજે એકંદરે રિટેલ સ્તરની માગ જળવાઈ રહેતાં હાજર ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું, જોકે, નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની લેવાલી ખપપૂરતી મર્યાદિત રહેતાં ભાવમાં ક્વિન્ટલે રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હતો. તેમ જ ગઈકાલે મથકો પર સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડનાં ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૭૫૦થી ૩૭૯૦માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા. આજે સ્થાનિકમાં અંદાજે ૩૬થી ૩૭ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની માગ એકંદરે જળવાઈ રહેતાં ઉપાડ લગભગ ૩૫થી ૩૬ ટ્રકનો રહ્યો હતો.

# ડૉલર સામે રૂપિયો એક પૈસો નરમ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં આજે સાંકડી વધઘટ, વિદેશી સંસ્થાકીય રોકાણકારોની વેચવાલી, અમેરિકી ટેરિફની અસ્પષ્ટતાઓ વચ્ચે વૈશ્વિક બજારમાં અનિશ્ચિતતાઓ અને ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ રહેતા આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો બે તરફી વધઘટે અથડાઈને અંતે સાધારણ એક પૈસાના ઘટાડા સાથે ૮૭.૨૦ના મથાળે બંધ રહ્યો હતો.

આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગત મંગળવારના ૮૭.૧૯ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૮૭.૨૬ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૭.૪૧ અને ઉપરમાં ૮૭.૧૨ની રેન્જમાં રહ્યા બાદ અંતે સાધારણ એક પૈસો નબળો પડીને ૮૭.૨૦ના મથાળે બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે મહાશિવરાત્રી નિમિત્તે બજાર સત્તાવાર ધોરણે બંધ રહી હતી. આ પૂર્વે મંગળવારે ડૉલર સામે રૂપિયામાં ૪૭ પૈસાનું ગાબડું પડ્યું હતું. તાજેતરમાં સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોની અવિરત વેચવાલી અને વૈશ્વિક સ્તરે ટેરિફ વૉરની ચિંતાને ધ્યાનમાં લેતા આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયામાં નરમાઈનું વલણ જળવાઈ રહેતાં ૮૭થી ૮૭.૬૦ આસપાસની રેન્જમાં જોવા મળે તેવી શક્યતા મિરે એસેટ્સ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ વ્યક્ત કરી હતી. જોકે, ડૉલર ઈન્ડેક્સમાં પીછેહઠ, બ્રેન્ટ ક્રૂડતેલમાં ભાવઘટાડો અને સંભવિતપણે રિઝર્વ બૅન્કનો બજારમાં હસ્તક્ષેપ રૂપિયાને અમુક અંશે ટેકો આપી શકે છે, એમ તેમણે ઉમેર્યું હતું.

દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ૦.૧૭ ટકા વધીને ૧૦૬.૫૯ આસપાસ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૧.૦૨ ટકા ઉછળીને બેરલદીઠ ૭૩.૨૭ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

## નિકલમાં ઘટ્યા મથાળેથી સ્ટોકિસ્ટોની લેવાલીએ સુધારો

મુંબઈઃ આંતરરાષ્ટ્રીય સ્તરે અમેરિકાની ટેરિફની ચિંતાઓ વચ્ચે આજે લંડન મેટલ એક્સચેન્જ ખાતે વિવિધ ધાતુના ભાવમાં મિશ્ર વલણ જોવા મળ્યું હોવાના નિર્દેશો હતા. જોકે, ગઈકાલની મહાશિવરાત્રીની જાહેર રજા બાદ આજે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં ખાસ કરીને નિકલમાં ઘટ્યા મથાળેથી સ્ટોકિસ્ટોની લેવાલીને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. બાવીસનો સુધારો આવ્યો હતો, જ્યારે કોપર સ્ક્રેપ હેવી, કોપર વાયરબાર અને લીડ ઈન્ગોટ્સમાં વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. એકથી બે વધી આવ્યા હતા. જોકે, આજે ટીનમાં સ્ટોકિસ્ટોની વેચવાલીના દબાણ હેઠળ ભાવમાં વધુ કિલોદીઠ રૂ. ૭૯નો ઘટાડો આવ્યો હતો, જ્યારે નિરસ માગે એલ્યુમિનિયમમાં કિલોદીઠ રૂ. એકથી બે ઘટી આવ્યા હતા અને અન્ય ધાતુઓમાં ટકેલું વલણ રહ્યું હતું. આજે નિકલમાં ઘટ્યા મથાળેથી સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. બાવીસ વધીને રૂ. ૧૩૮૭ના મથાળે રહ્યા હતા. તેમ જ આજે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની લેવાલીને ટેકે બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને રૂ. ૫૪૦ અને કોપર વાયરબાર તથા લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને અનુક્રમે રૂ. ૮૯૧ અને રૂ. ૧૮૩ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે ટીનમાં સતત બીજા સત્રમાં સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ અને સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહેતાં ભાવ કિલોદીઠ રૂ. ૭૯ ઘટીને રૂ. ૨૮૮૬ના મથાળે રહ્યા હતા, જ્યારે નિરસ માગે એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. બે ઘટીને રૂ. ૨૦૦ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એક ઘટીને રૂ. ૨૬૩ના મથાળે રહ્યા હતા. આ સિવાય કોપર અને બ્રાસની અન્ય વેરાઈટીઓ તથા ઝિન્ક સ્લેબમાં ખપપૂરતી માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું.

**PUBLIC NOTICE**

**NOTICE IS HEREBY GIVEN THAT,** my client I Shri. Hiren Sheth propose to buy a office premise of the dissolved partnership firm M/s. Royal Hardware Mart, located at Shop No. 108 on the Ground Floor of Nagdevi Commercial Chambers Co-op Hsg Society Limited, Nagdevi Street, Mumbai 400003 ("Property"). Public notice is hereby given to public at large and calls upon all or any person(s) who have any right, title, interest in the said Property and/ or who have already filed any suit, claim, dispute, petition, or other like proceedings or have obtained any decree/ award etc., to submit their objections and claims in writing to the undersigned within a period of 15 days from the date of this Publication of this notice, failing which my client will presume that no adverse claim or objection concerning the said Property exists and my client will proceed to complete the purchase transaction accordingly.

Sd/-
Adv. Nilesh Vagal
Pitale House, Bhendi Lane,
Gamdevi, Mumbai 7.

**REDEVELOPMENT TENDER NOTICE**

Sealed tenders are invited from reputed, experienced and financially sound Developers (having adequate resources and experience in execution of redevelopment project under DCPR 2034), for **REDEVELOPMENT OF HIND CO-OPERATIVE HOUSING SOCIETY LTD.** (also referred to as **'Highway Apartments'**) consisting of 5 Wings, namely A, B, C, D & E with total of 256 Flats, having Registration No: BOM / HSG / 4955 OF 1976 situated on leasehold land bearing C.S. No. 2 D1/23 of Sion Division, behind Sion Fort Hill Garden, Sion [E], Mumbai - 400 022.

As Per Earlier Approved
Plan Gross Area : 11763.47 Sq.mt.
Setback area handed over : 3007.47 Sq.mt.
Area available as per Collector letter dated : 8756 Sq.mtrs
17th December 2024

**Tender Details**

Copy of the Tender document can be collected from the Society office from 28/02/2025 to 14/03/2025 between 11 am to 6.30 pm on payment of Rs. 50,000/- (Rupees Fifty Thousand only) **NON-REFUNDABLE** in the form of DD / PO / Managers Cheque / NEFT / RTGS drawn in favour of **'HIND CO-OPERATIVE HOUSING SOCIETY LTD.'**
**Sealed offers should be submitted at the Society's office on or before 09/04/2025 up to 6.00 pm.**
**Opening of Tender will be done in Society Office on 10/04/2025 at 4.00 pm.** Society reserves the right to reject any or all the bids/ application/s or cancel the project without assigning any reasons and to restrict the list of Shortlisted Tenderers to any number deemed suitable by the Society, if too many applications are received satisfying the basic criteria.
Authorised Person with request on Developers Letter head will only be issued the Tender Document.

**Contact Details of the Society**
Society Manager : Tel. No.: 9136631949
Email id : hindcoophsg@gmail.com
1.Chairman : Mr. Rupesh Shetty: 9819981977
2.Secretary : Mr. Bansi Thapar : 8169337760
3.Treasurer : Mr. Hariminder Singh Anand : 8169345470
Contact details PMC : **Mr. Milind Changani**
B. N. Shah & Associates / Cycorp
Mr. Junaid : 8356996143
Tel : 022-47780562 / 022-35752885
info@studioc.in /bnsa.sc@cycorp.in

**પશ્ચિમ રેલવે**

**બ્રીજ ઉપર OHE માસ્ટની જોગવાઈ માટે સાઈડ પાથવેનું મોડીફીકેશન**

ડે. ચીફ એન્જી. (બ્રીજ-લાઈન)-દાદર, પ.રે. ઈ-ટેન્ડર નં. **Dyce-BR-DDR-2025-04** મંગાવે છે. કામનું નામઃ વિરાર-સુરત સેક્શનમાં **ADEN/B/BL** હેઠળ ૧૬૦ Kmph સુધી સ્પીડ વધારવા સાથેના અનુસંધાનમાં બ્રીજ ઉપર OHE માસ્ટની જોગવાઈ માટે સાઈડ પાથવેનું મોડીફીકેશન. કામની અંદા. કિંમતઃ ₹ ૮૩,૫૧,૭૧૫.૪૯. બારડીઃ ₹ ૧,૬૭,૦૦૦/-. ઈ-ટેન્ડરની સુપ્રતિની અને ઈ-ટેન્ડરની ખુલવાની તા. અને સમયઃ ઓનલાઈન ટેન્ડર ૨૫/૩/૨૫ ના ૧૫ ક. પહેલાં સુપ્રત કરવાના રહેશે અને એ જ તારીખે ૨૫/૩/૨૫ના ૧૫.૩૦ ક. ખોલાશે. વેબસાઈટ વિગતો અને નોટીસ ફોર લોકેશન જ્યાં સંપૂર્ણ વિગતો ઈ. જોઈ શકાશે. વેબસાઈટ @www.ireps.gov.in 1126

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly

**PUBLIC NOTICE પબ્લિક નોટીસ**

**પશ્ચિમ રેલવે - અમદાવાદ ડિવિઝન**

**વિવિધ એન્જિનિયરિંગ કાર્ય**

**ઈ-ટેન્ડર નોટિસ નં. 33 વર્ષ 2024-2025 તારીખ 27/02/2025**

| અનુ. નં. | ઈ-ટેન્ડર નં. | કામનું નામ | અંદાજીત એન આઈટી ખર્ચ (₹) | EMD ખર્ચ (₹) |
|---|---|---|---|---|
| 01 | DRM-ADI-222-2024-25 | હળવદ યાર્ડ - વરિષ્ઠ વિભાગીય ઈજનેર (પશ્ચિમ) અમદાવાદના અધિકારક્ષેત્ર હેઠળ સંવેદનશીલ સ્થળોએ આરસીસી બાઉન્ડ્રી વોલનું બાંધકામ. | 2,34,52,743.46 | 2,67,300/- |
| 02 | DRM-ADI-223-2024-25 | વિરમગામ - સામખીયાલી અને માળીયા મિયાણા - દહિસરા વિભાગ - વરિષ્ઠ વિભાગીય ઈજનેર (પશ્ચિમ) અમદાવાદના અધિકારક્ષેત્ર હેઠળ વધારાના જળમાર્ગ પુલનું બાંધકામ. | 34,87,96,090.98 | 18,94,000.00 |
| 03 | DRM-ADI-224-2024-25 | વરિષ્ઠ વિભાગીય ઈજનેર (પશ્ચિમ) અમદાવાદના અધિકારક્ષેત્ર હેઠળના મુખ્ય અને મહત્વપૂર્ણ પુલોના પાણીની અંદરના પુલના માળખાનું સમારકામ. | 97,37,053.58 | 1,94,800.00 |
| 04 | DRM-ADI-225-2024-25 | સહાયક વિભાગીય ઈજનેર - વિરમગામના અધિકારક્ષેત્ર હેઠળના એફઆરએમ અને ટ્રેકના અન્ય આનુષંગિક કાર્ય દ્વારા અણગમતી તપાસ. | 1,85,07,625.72 | 2,42,500.00 |
| 05 | DRM-ADI-226-2024-25 | સહાયક વિભાગીય ઈજનેર - ધ્રાંગધ્રાના અધિકારક્ષેત્ર હેઠળના એફઆરએમ અને ટ્રેકના અન્ય આનુષંગિક કાર્ય દ્વારા અણગમતી તપાસ. | 1,83,94,786.21 | 2,42,000.00 |
| 06 | DRM-ADI-227-2024-25 | સહાયક વિભાગીય ઈજનેર - મહેસાણાના અધિકારક્ષેત્ર હેઠળ એલએચએસની રસ્તાની સપાટીને સમ્પ અને ડ્રેઇન આપીને ડ્રેનેજની વ્યવસ્થામાં સુધારો. | 2,33,44,429.14 | 2,66,700.00 |
| 07 | DRM-ADI-228-2024-25 | સહાયક વિભાગીય ઈજનેર - પાલનપુરના અધિકારક્ષેત્ર હેઠળ એલએચએસની રસ્તાની સપાટીને સમ્પ અને ડ્રેઇન આપીને ડ્રેનેજની વ્યવસ્થામાં સુધારો. | 2,33,14,981.37 | 2,66,600.00 |

**ઉપરોક્ત તમામ ટેન્ડર્સ માટે : ઈ-ટેન્ડર બંધ થવાની તારીખ અને સમય : તારીખ 01/04/2025 ના 15:00 કલાકે;** ઓફિસનું સરનામુંઃ સિનિ. ડિવિઝનલ એન્જિનિયર (સમન્વય), અમદાવાદ ડીઆરએમ ઓફિસ, ચામુંડા બ્રિજ પાસેઃ ન્યુ સ્વદેશી મીલ સામે, નરોડા રોડ, અંમદુપુરા, અમદાવાદ-382345; **ઈ-ટેન્ડરમાં ભાગ લેવા માટે વેબસાઈટ :** www.ireps.gov.in

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly • અમને ફોલો કરોઃ x.com/WesternRly 336

## ડૉલર ઈન્ડેક્સ અને અમેરિકી ટ્રેઝરીની યિલ્ડ વધતાં વૈશ્વિક સોનું એક ટકો તૂટ્યું

## સોનું ₹ ૧૦૫૪ના ગાબડાં સાથે ₹ ૮૬,૦૦૦ની અંદર, ચાંદીમાં ₹ ૭૨૧ની પીછેહઠ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આંતરરાષ્ટ્રીય વિનિમય બજારમાં આજે ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ અને અમેરિકી ટ્રેઝરીની યિલ્ડમાં વધારો થવાથી આજે લંડન ખાતે સત્રના આરંભે સોનાના ભાવમાં ૧.૦૨ ટકા જેટલો અને ચાંદીના ભાવમાં ૦.૭ ટકા જેટલો ઘટાડો આવ્યો હોવાના નિર્દેશ સાથે સ્થાનિક ઝવેરી બજારમાં પણ આજે સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૦૫૦થી ૧૦૫૪નું ગાબડું પડ્યું હતું અને ભાવ રૂ. ૮૬,૦૦૦ની અંદર ઊતરી ગયા હતા. તેમ જ ચાંદીમાં પણ વિશ્વ બજાર પાછળ સ્ટોકિસ્ટોની વેચવાલી તેમ જ વધુ ભાવઘટાડાના આશાવાદે સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહેતાં ભાવ કિલોદીઠ રૂ. ૭૨૧ ઘટી આવ્યા હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ખાસ કરીને સોનામાં વૈશ્વિક નિરુત્સાહી અહેવાલ અને ઊંચા મથાળેથી સ્ટોકિસ્ટો અને રોકાણકારોની નફારૂપી વેચવાલી સામે નવી લેવાલીનો અભાવ તથા જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની પણ વધુ ભાવઘટાડાના આશાવાદે માગ નિરસ રહેતાં ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૦૫૦ ઘટીને રૂ. ૮૫,૨૫૦ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૧૦૫૪ ઘટીને રૂ. ૮૫,૫૯૩ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે ચાંદીમાં પણ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની માગ છૂટીછવાઈ રહેતાં ભાવ કિલોદીઠ રૂ. ૭૨૧ના ઘટાડા સાથે રૂ. ૯૫,૦૪૮ના મથાળે રહ્યા હતા.

અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પની યુરોપથી થતી આયાત સામેના ટેરિફની અને કેનેડા તથા મેક્સિકો પરની ટેરિફ અંગેની અસ્પષ્ટતાઓ વચ્ચે આજે આંતરરાષ્ટ્રીય વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સ ૧૧ સપ્તાહની નીચી સપાટીએથી પાછો ફરવાની સાથે અમેરિકી ટ્રેઝરીની યિલ્ડ પણ વધી આવતાં આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૧.૦૨ ટકા ઘટીને ઔંસદીઠ ૨૮૮૦.૭૯ ડૉલર અને વાયદામાં ભાવ ૦.૭ ટકા ઘટીને ૨૯૦૯.૩૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે ચાંદીના ભાવ ૦.૭ ટકા ઘટીને ઔંસદીઠ ૩૧.૬૨ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

એકંદરે ડૉલર ઈન્ડેક્સ તથા ટ્રેઝરીની યિલ્ડ વધી આવતા આજે સોનાના ભાવ દબાણ હેઠળ આવ્યા હોવા છતાં મજબૂતીનો અન્ડરટોન યથાવત્ રહ્યો હોવાનું ટેસ્ટીલિવના ગ્લોબલ મેક્રો વિભાગના હેડ ઈલ્યા સ્પિવેકે જણાવ્યું હતું. જોકે, આજે અમેરિકી ફેડરલનાં ઘણાં અધિકારીઓના મંતવ્યો તેમ જ આવતીકાલે જાહેર થનારા અમેરિકાનાં પર્સનલ કન્ઝમ્પશન એક્સપેન્ડિચરના ડેટા પર રોકાણકારોની નજર હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

તાજેતરમાં રૉઈટર્સ દ્વારા અમેરિકાના પર્સનલ કન્ઝમ્પશન એક્સપેન્ડિચરનાં ડેટા અંગે કરવામાં આવેલા સર્વેક્ષણમાં જાન્યુઆરી મહિનાના ફુગાવામાં સ્થિર વલણ જોવા મળે તેવી ધારણા મત્ર્કાઈ રહી હતી. જો ફુગાવામાં વધારો જોવા મળે તો ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં કપાતમાં વધુ વિલંબ કરે તેવી શક્યતાને ધ્યાનમાં લેતા સોનાના ભાવ દબાણ હેઠળ આવે તેવી શક્યતા ઈલ્યા સ્પિવેકે વ્યક્ત કરી હતી.

**BRIHANMUMBAI MAHANAGARPALIKA**

**B.Y.L. નાયર ચે. હોસ્પિટલ**
ડૉ. A. L. નાયર રોડ, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ-૪૦૦૦૦૮
નં. NMS/૨૫૯૦ તારીખઃ ૨૪.૦૨.૨૦૨૫

**ટૂંકી ઈ-ટેન્ડર નોટિસ**

| નં. | વર્ણન | પ્રારંભ તારીખ | અંતિમ તારીખ |
|---|---|---|---|
| ૧ | ટેબ સેલકાર્બોનેટ + VIT D-૩ ૪૦૦-૫૦૦IU (૧x૧૫) **NMS/૨૫૩૪ (મહાટેન્ડર ID નં. ૨૦૨૫_MCGM_૧૧૫૨૫૮૫_૧)** | 28.02.2025 | 06.03.2025 |
| ૨ | એડેપ્ટર ૨૫૦ MLબોટલ સાથે લિક્વિડ સેવોફલુરેન **NMS/૨૫૫૨ (મહાટેન્ડર ID નં. ૨૦૨૫_MCGM_૧૧૫૧૪૫૦_૧)** | 28.02.2025 | 06.03.2025 |
| ૩ | સોડિયમ હાઈપોક્લોરિટી સોલ્યુશન USP ૫ લીટર કેન **NMS/૨૪૦૨ (મહાટેન્ડર ID નં. ૨૦૨૫_MCGM_૧૧૫૧૪૫૨_૧)** | 28.02.2025 | 06.03.2025 |
| ૪ | એન્ટિસેપ્ટિક સોલ્યુશન કોન્ટેનીંગ બિનઝાઈ કોનિયમ કલોરાઈડ સોલ્યુશન L.P. ૫ લીટર ૨૦% W/V ઈક્વેલેન્ટ ટુ બીનઝાઈકોનિયમ કલોરાઈડ ૧૦% W/V. **NMS/૨૪૦૩(મહાટેન્ડર ID નં.૨૦૨૫_ MCGM _૧૧૫૧૪૫૧_૧)** | 28.02.2025 | 06.03.2025 |
| ૫ | સર્ફેસ અને એન્વારમેન્ટલ જંતુનાશક દરેક ૧૦૦ ML કોન્ટેનિંગ ૧.૬ ડાયહાઈડ્રોક્સી ૨.૫ ડાયહેક્સેન ૧૧.૨ GM. ગ્લુટેરાલ્ડીહાઈડ ૫ GM બેનાલ્કોનિયમ કલોરાઈડ ૫ GM આલ્કિલ યુરિયર ડેરિવેટિવ્ઝ ૩.૦૦ GM (રેપોર્ટ HBV/HIV સામે અસરકારક અને T.B. એ નેસેસરી. ૫૦૦ML બોટલ). **NMS/૨૪૦૧ (મહાટેન્ડર ID નં. ૨૦૨૫_MCGM_૧૧૫૧૪૫૬_૧)** | 28.02.2025 | 06.03.2025 |
| ૬ | POSR ઓપરેટિવ એનલજીસિયા માટે સોલ્યુશન ઉપયોગ માટે તૈયાર IV પેરાસીટામોલ ઈન્ફ્યુઝન ૧GMમાં ૧૦૦ ML. **NMS/૨૪૬૨ (મહાટેન્ડર ID નં. ૨૦૨૫_MCGM_૧૧૫૨૫૮૧_૧)** | 28.02.2025 | 06.03.2025 |
| ૭ | ઈન્જ.સોડિયમ ક્લોરાઈડ ૦.૯% ૧૦૦૦ ML **NMS/૨૩૮૦ (મહાટેન્ડર ID નં. ૨૦૨૫_MCGM_૧૧૪૫૭૩૫_૧)** | 28.02.2025 | 06.03.2025 |
| ૮ | સાઈન્થેટીક એરોટિન પોલી મેરાઈઝેશન ટાઈમ ૧૦ સેકન્ડ સાથે પ્રોમ્બિન + ફાઈબ્રિન સેલર ૧ ML +૧ ML (એપ્રોટીનિન) થ્રોમ્બિન ટુ ઘટક ફાઈબ્રિન સીલંટ કોનટેન્ટિંગ હ્યુમન ફાઈબ્રિનોજેન અને હ્યુમન થ્રોમ્બિન. **NMS/૨૩૭૮ (મહાટેન્ડર ID નં. ૨૦૨૫_MCGM_૧૧૪૫૭૩૨_૧)** | 28.02.2025 | 06.03.2025 |
| ૯. | ઈન્જ. મેન્નીટોલ ૨૦% (I.P./U.S.P.). **NMS/૨૩૭૯ (મહાટેન્ડર ID નં.૨૦૨૫_MCGM_૧૧૪૫૭૩૪_૧)** | 28.02.2025 | 06.03.2025 |
| ૧૦. | IV રિંગર લેક્ટેટ ૫૦૦ ML. **NMS/૨૩૫૩ (મહાટેન્ડર ID નં. ૨૦૨૫_MCGM_૧૧૪૪૧૦૮_૧)** | 28.02.2025 | 06.03.2025 |
| ૧૧. | ઈન્જ. સોડિયમ ક્લોરાઈડ ૦.૯% ૫૦૦ ML. **NMS/૨૩૮૨ (મહાટેન્ડર ID નં. ૨૦૨૫_MCGM_૧૧૪૫૭૩૬_૧)** | 28.02.2025 | 06.03.2025 |
| ૧૨. | ઈન્જ. સોડિયમ ક્લોરાઈડ ૦.૯% ૧૦૦ ML. **NMS/૨૩૮૮ (મહાટેન્ડર ID નં. ૨૦૨૫_MCGM_૧૧૪૫૭૩૭_૧)** | 28.02.2025 | 06.03.2025 |
| ૧૩. | ઈન્જ. પાઈપરસિલન ૪ GM + ટેઝોબેક્ટમ ૫૦૦ MG IM/IV (VIALS/ AMPS). **NMS/૨૪૮૪ (મહાટેન્ડર ID નં. ૨૦૨૫_MCGM_૧૧૪૬૮૪૪_૧)** | 28.02.2025 | 06.03.2025 |
| ૧૪. | ૧૦ ક. ડોનોર્સ ટેસ્ટેડ માટે HBS, AG અને એન્ટી HIV (૧૦૦ ML બોટલ) માટે ૬૦ ડિગ્રી દ્વારા હ્યુમન પ્લાઝમા આલ્બ્યુમિન ૨૦% I.V.P. ૧૦૦ ML બોટલ પેકિંગ વાઈરસ ઈનએક્ટિવ. **NMS/૨૪૮૨ (મહાટેન્ડર ID નં. ૨૦૨૫_MCGM_૧૧૪૬૮૪૫_૧)** | 28.02.2025 | 06.03.2025 |
| ૧૫ | ઈન્જ. એમોક્સિસિલિન ૧ MG + કલેવુઆનિક એસિડ ૨૦૦ MG IV વાઈલ્સ/એમ્પ્સ). **NMS/૨૪૮૩ (મહાટેન્ડર ID નં. ૨૦૨૫_MCGM_૧૧૪૬૮૪૭_૧)** | 28.02.2025 | 06.03.2025 |

https://mahatenders.gov.in
**સંપર્કઃ- ડૉ. ચેતના કંથારિયા (ડ.ડીન)**
**ટેલિ. નં. ૦૨૨-૨૩૦૨૭૧૦૯, ઈ-મેલઃ** ID: kanthariachetna69@gmail.com

સહી/-
ડીન
**BYL નાયર ચે. હોસ્પિટલ**

**PRO/2639/ADV./2024-25**

**પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.**

**પબ્લિક નોટિસ**

જાહેર જનતાના સામાન્ય સભ્યોને આથી જાણ કરવામાં આવે છે કે (i) શ્રી રામજી ગોરધન વડગામા (૪૪.૪૫%) અને (ii) શ્રીમતી મિનાક્ષી વૃજલાલ વડગામા (૪૪.૪૪%) (સંયુક્ત રીતે **"રામજી અને અન્ય"**), અનુક્રમે ૨૦૧, 'B' વીંગ, રામા રેસીડેન્સી બિલ્ડીંગ, દાદાભાઈ ક્રોસ રોડ નં. ૩, વિલે પાર્લે (પશ્ચિમ), મુંબઈ - ૪૦૦૦૫૬ તથા ૩૦૪, 'A' વીંગ, રામા રેસીડેન્સી બિલ્ડીંગ, દાદાભાઈ ક્રોસ રોડ નં. ૩, વિલે પાર્લે (પશ્ચિમ), મુંબઈ - ૪૦૦૦૫૬ ખાતે રહેનાર, (દુકાન / રૂમ / ફ્લેટના ભાડૂતો / ભોગવટેદારો / માલિકોના સંબંધિત હક્કોને આધીન), અહીં નીચે લખેલ **પ્રથમ અને દ્વિતીય પરિશિષ્ટમાં** વધુ વિગતવાર વર્ણવેલ અને (i) CTS નં. ૫૨૩A/૧/૧ થી ૧૩, ભરતમાં ૬૧૬ ચો.મી. અને (ii) CTS નં. ૫૨૩A/૨/૧ થી ૪, ભરતમાં ૫૨૦.૬ ચો.મી., કુલ મળી ૧૧૩૬.૬ ચો.મી. ધરાવતા પેટા - વિભાજીત જમીનના તે તમામ ટુકડો અને કકડામાં તેમના સંબંધિત અવિભાજીત હિસ્સો, હક્ક, ટાઈટલ, હિત એટલે કે ૪૪.૪૫% અને ૪૪.૪૪% કુલ મળી ૮૮.૮૯% વેચવા અને ટ્રાન્સફર કરવા માટે સંમત થયા છે અને અમારા અસિલો તે ખરીદવા અને હસ્તગત કરવા માટે સંમત થયા છે, જે એક ભાગના રામજી અને બીજા તથા બીજા ભાગના અમારા અસિલો વચ્ચે અને દ્વારા કબૂલાયેલ નિયમો, શરતો અને કોવેનન્ટસ પર તથા કિંમત અને કન્સીડરેશન માટે સંમત થયા છે.

કોઈપણ શખ્સ/સો જે મિલકતમાં રામજી અને અન્યના ઉપર જણાવેલ સંબંધિત - અવિભાજીત હિસ્સા, હક્ક, ટાઈટલ, હિત અને દાવો એટલે કે ૪૪.૪૫% કુલ મળી ૮૮.૮૯% અથવા તેના કોઈપણ ભાગના સંદર્ભમાં વેચાણ, ગીરો, લીઝ, લીઅન, ચાર્જ, લાયસન્સ, ભેટ, કબજો, અદલાબદલી, ટ્રસ્ટ, વિકાસ, પેટા-વિકાસ, સંયુક્ત સાહસ, ભાગીદારી, પેટા-ભાગીદારી, અસાઈનમેન્ટ, ટ્રાન્સફર અથવા બોજો, ઈઝમેન્ટ હક્કો અથવા બીજી કોઈપણ રીતે કોઈપણ દાવો કે હક્ક ધરાવતા હોય તો આથી વિનંતી કે સદરની જાણ નીચે સહી કરનારને તેની ઓફિસ A/૮, ટેમરીન્ડ હાઉસ, ૧લો માળ, ૩૬ ટેમરીન્ડ લેન, ફોર્ટ, મુંબઈ - ૪૦૦૦૨૩ ખાતે, યોગ્ય પણે સમર્થનમાં દસ્તાવેજી પુરાવા / એવીડન્સ સાથે, આ નોટીસ છપાયાની તારીખથી ૭ દિવસમાં કરે, જેના નિષ્ફળ જવા પર, અમારા અસિલો આવા દાવાને ધ્યાનમાં લીધા વિના મિલકતમાં રામજી અને અન્ય એટલે કે ૪૪.૪૫% અને ૪૪.૪૪% કુલ મળી ૮૮.૮૯%ના સંબંધિત અવિભાજીત હિસ્સા, હક્ક, ટાઈટલ, હિત અને દાવાના વેચાણ અને ખરીદીની લેતીદેતી પૂર્ણ કરશે, અને આવા શખ્સોના કંઈ દાવા હશે તો ત્યજી દીધેલ તરીકે ગણાશે અને અમારા અસીલો પર બંધનકર્તા રહેશે નહિ.

**: ઉપર ઉલ્લેખેલ પરિશિષ્ટ :**

**પ્રથમઃ**

બાંદ્રાના નોંધણી પેટા - જિલ્લામાં અને મુંબઈ પરાંના નોંધણી જિલ્લામાં વિલે પાર્લે ખાતે આવેલ "વૃજ ભવન" તરીકે જાણીતી તથા તેના પર ઉભેલ બિલ્ડીંગ સાથે મેદાન કે જમીનનો **તે તમામ** ટુકડો અને કકડો, તથા તેજપાલ સ્કીમના પ્લોટ નં. ૧૭નો ભાગ હોઈ, CTS નં. ૫૨૩A/૧/૧ થી ૧૩ ધરાવતો અને ભરતમાં ૭૩૬.૭૩ ચો. વાર અથવા તે સુમારે ૬૧૬ ચો.મી.ની સમકક્ષ ધરાવતા, અને નવા પ્લોટ નં. ૬૫ અને સર્વે નં. ૫૮, હિસ્સા નં. ૬ (ભાગ) અને સર્વે નં. ૫૯, હિસ્સા નં. ૨ (ભાગ) હેઠળ લેન્ડ રેવેન્યૂના કલેકટરના ચોપડામાં નોંધાયેલ છે.

**દ્વિતીયઃ**

બાંદ્રાના નોંધણી પેટા - જિલ્લામાં અને મુંબઈ પરાંના નોંધણી જિલ્લામાં વિલે પાર્લે ખાતે આવેલ "જસુ કુંજ" તરીકે જાણીતી તથા તેના પર ઉભેલ બિલ્ડીંગ સાથે મેદાન કે જમીનનો **તે તમામ** ટુકડો અને કકડો, તથા તેજપાલ સ્કીમના પ્લોટ નં. ૧૭નો ભાગ હોઈ, CTS નં. ૫૨૩A/૨/૧ થી ૪ ધરાવતો અને ભરતમાં ૬૨૨.૬૪ ચો. વાર અથવા તે સુમારે ૫૨૦.૬ ચો.મી.ની સમકક્ષ ધરાવતા, અને નવા પ્લોટ નં. ૬૫ અને સર્વે નં. ૫૮, હિસ્સા નં. ૬ (ભાગ) અને સર્વે નં. ૫૯, હિસ્સા નં. ૨ (ભાગ) હેઠળ લેન્ડ રેવેન્યૂના કલેકટરના ચોપડામાં નોંધાયેલ છે.

આજ તારીખ ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૨૫.

**M/s પ્રકાશ & કું. માટે**
સહી/-
**પ્રોપ્રાઈટર**
ખરીદદારો માટે એડવોકેટ્સ અને સોલિસિટર્સ.

**BRIHANMUMBAI MAHANAGARPALIKA**

નંબર ડે. ચી. એ.(O&M)/ et-૩૬ / SWD તા. ૨૭.૦૨.૨૦૨૫

**બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન**
**Et-૩૬**
(ટેન્ડર ID-૨૦૨૫_MCGM_૧૧૫૪૯૮૨_૧)

| | |
|---|---|
| વિભાગ | ચીફ એન્જિનિયર (SWD) |
| પેટા વિભાગ | ડેપ્યુટી ચીફ એન્જિનિયર (O&M) SWD |
| વિષય | ભાડાના ધોરણે પંમ્પિંગ વ્યવસ્થાની જોગવાઈ દ્વારા F/N વોર્ડમાં B.A. રોડ પર ગાંધી માર્કેટ વિસ્તાર ખાતે અબેટ/ મીટીગેટ વોટર લોગીંગમાં રેમેડીઅલ માપનું કામ |
| ઈ-ટેન્ડર વેચાણ | તારીખ ૦૧.૦૩.૨૦૨૫ સમયઃ ૧૧.૦૦ ક.થી |
| પ્રી-બીડ મિટિંગ | NA |
| ઈ-ટેન્ડર પાકતી તારીખ | તારીખ ૧૦.૦૩.૨૦૨૫ સમયઃ ૧૬.૦૦ ક. સુધી |
| વેબસાઈટ | http://mahatenders.gov.in |
| સંપર્ક અધિકારી નામ | શ્રીમતી વનિતા કોકાટે એક્ષિક્યૂટિવ એન્જિનિયર (O&M) મીકે. SWD |
| ટેલિફોન નંબર (ઓફિસ) | ૦૨૨-૨૪૩૦૯૮૧૭ ૦૨૨-૨૪૩૦૯૪૭૨ |
| મોબાઈલ નં. | ૯૮૩૩૫૩૯૦૨૯ |
| ઈ-મેઈલ સરનામું | dyche01onm.swd@mcgm.gov.in eeomcity01.swd@mcgm.gov.in |

સહી/-
**PRO/2650/ADV./2024-25** એક્ષી. એન્જી. (O&M) મીકે. SWD

**વૃક્ષો વાવો, વૃક્ષો બચાવો.**

**BRIHANMUMBAI MAHANAGARPALIKA**

E.E./ગાર્ડન સેલ/OD/૨૭૮૭ તા. ૨૭/૨/૨૫

**ઈ-ટેન્ડર નોટિસ**

| | |
|---|---|
| વિભાગ નામ | એક્ઝિક્યુટિવ એન્જીનિયર (ગાર્ડન ઈન્ફ્રાસ્ટ્રકચર સેલ) |
| ટેન્ડર દસ્તાવેજ નં. | ૨૦૨૫_MCGM_૧૧૫૪૭૮૯_૧ |
| વિષય | K/W વોર્ડમાં ગામ ઓશીવારાના CTS નં. ૫૭૯/A અને ૫૭૯/C ધરાવતા પ્લોટ પર ગાર્ડનનું પ્રસ્તાવીત વિકાસ |
| વેબસાઈટ | http://portal.mahatenders.gov.in |
| ટેન્ડરની કિંમત | રૂા. ૧૬૫૦૦ + ૧૮% GST(૯% CGST + ૯% SGST) |
| ઈ-ટેન્ડરની કિંમત (અંદા. કિંમત) | રૂા. ૧,૬૧,૪૭,૨૭૭/- |
| બિડ સિક્યુરિટી ડિપોઝીટ/બારડી | રૂા. ૧,૯૦,૬૦૦/- |
| ટેન્ડર વેચાણ અને ઈશ્યુ કરવાની તારીખ | ૨૮/૦૨/૨૦૨૫ના ૧૧:૦૦ ક.થી |
| ટેન્ડર વેચાણની અંતિમ તારીખ અને સમય | ૧૦/૦૩/૨૫ના ૧૨:૦૦ ક. સુધી (બપોરે) |
| પેકેટ એ, બી અને સીની સુપ્રતિ (ઓનલાઈન) અને બીડ સિક્યુરિટી ડિપોઝીટની સ્વીકૃતિ | ૧૦/૦૩/૨૫ના ૧૬:૦૦ ક. સુધી |
| પેકેટ A ખૂલશે | ૧૧/૦૩/૨૫ના ૧૬:૦૦ ક. પછી |
| પેકેટ B ખૂલશે | ૧૩/૦૩/૨૫ના ૧૬:૦૦ ક. પછી |
| પેકેટ C ખૂલશે | ૨૧/૦૩/૨૫ના ૧૫:૦૦ ક. પછી |
| સંદેશ વ્યવહારનું સરનામું | એક્ષીક્યુટીવ એન્જિનિયર (ગાર્ડન ઈન્ફ્રાસ્ટ્રકચર સેલ), ૪થો માળ, હોકર્સ પ્લાઝા બિલ્ડીંગ, જનતા માર્કેટ, સેનાપતિ બાપટ માર્ગ, દાદર (પ), મુંબઈ-૪૦૦૦૨૮ની ઓફિસ |
| સંપર્ક વ્યક્તિ નામ | સબ એન્જિનિયર (GIC)/ આસીસ્ટન્ટ એન્જિનિયર (GIC) |
| એ) નામ | શ્રી. અમોલ ચવાન/ શ્રી. B.T. સાવંત |
| બી) મોબાઈલ નં. | ૯૮૩૩૩૬૯૦૩૯/ ૯૦૦૪૮૯૭૭૦૨. |
| સી) ઈ-મેઈલ સરનામા | 4134624@mcgm.gov.in & 1674648@mcgm.gov.in |

સહી/-
એક્ઝિક્યુટિવ એન્જિનિયર
(ગાર્ડન ઈન્ફ્રાસ્ટ્રકચર સેલ)

**PRO/2647/ADV./2024-25**

**વૃક્ષો વાવો, વૃક્ષો બચાવો.**

## બેસણું



સ્વ Anil Joshi (ગામ-Gondal)


દિલગીરી સાથ જાણવાનું છે કે અમારા પિતાશ્રી
સ્વ Anil Joshi (ઉ.વર્ષ.-૮૫)
સ્વ.તા.૨૬/૨/૨૦૨૫, બુધવાર ના રોજ સ્વર્ગવાસ પામેલ છે
અમે તમારા સરળ જીવન, દયાળુ સ્વભાવ, ભાવનાશીલતાને ક્યારેય નહીં ભૂલીએ.

**શોકસભા સ્થળ અને સમય**

તા. ૧/3/૨૦૨૫, શનિવાર ૪:૦૦ થી ૬:૦૦ કલાકે
૭ મો માળ, વેનેઝિયા, લોધા ફિઓરેન્ઝા, હબ મોલ ની બાજૂ માં, ગોરેગાંવ પુર્વ, મુંબઇ

આપની પ્રેમાળ સ્મૃતિમાં (લિ.)
સંકેત જોશી : ૮૮૭૯૦૪૫૪૫૩
રચના જોશી
ભારતી જોશી
રીધા જોશી

## શ્રધ્ધાંજલી
કોડીનાર મોઢ વણિક



કોડીનારના ગો.વા. મુકુન્દભાઈ શાહ તથા પ્રવીણાબેન શાહના સુપુત્ર

**અનુપભાઈ શાહ (ઉ.વ. ૫૧)**

તેઓ જીગ્નાના પતિ,
મહેક અને માહિરના પિતા,
અલ્પા કમલેશ ઝવેરી,
દીના દીપેશ પારેખના ભાઈ,
ગં.સ્વ. શાંતાબેન નવિંચંદ્ર શાહના ભત્રીજા,
હેમાબેન વિનોદભાઈ છેડાના જમાઈ તથા
નિપાબેન દેવાંગભાઈ છેડાના નણંદોઈ,
તેમજ શ્રી સુરેન્દ્રભાઈ,
જ્યોતિનભાઈના નાનાભાઈ
તા. ૨૫.૦૨.૨૦૨૫ ના રોજ
શ્રીજીચરણ પામેલ છે. લૌકિક પ્રથા બંધ છે.

**પ્રાર્થનાસભા તા.૨૮.૦૨.૨૦૨૫**
શુક્રવારે સાંજે ૫:૦૦ થી ૭:૦૦
સ્થળ: FPH ગરવારે હોલ,
લાલા લજપતરાય રોડ, હાજીઅલી,
મુંબઈ. ! ઓમ શાંતિ !

# લાડકી બહેન યોજના જેવી રેવડીઓ બંધ કરવાની ફિરાકમાં કેન્દ્ર સરકાર

## રાજ્યોને કરવેરામાં અપાતા હિસ્સા પર કાતર ચલાવવાની તૈયારી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ લોકસભા અને વિધાનસભા ચૂંટણી વચ્ચે રાજ્યમાં 'મુખ્યમંત્રી માઝી લાડકી બહીણ યોજના' અમલમાં મૂકવામાં આવી હતી. હવે આ યોજનાના માપદંડોની ચકાસણી કરવામાં આવી રહી છે, પરંતુ જ્યારે યોજના અમલમાં મૂકવામાં આવી ત્યારે માપદંડો પર બહુ ધ્યાન આપવામાં આવ્યું નહોતું. આ યોજનાથી મહાયુતિને ચૂંટણીમાં ઘણો ફાયદો થયો, પરંતુ આનાથી સરકારી તિજોરી પર મોટો બોજ પડ્યો છે.

વિધાનસભાની ચૂંટણીમાં સરકારો યોજનાઓ અને જાહેરાતોનો વરસાદ વરસાવે છે. તેવા કિસ્સામાં, નાણાકીય શાણપણ ભૂલાઈ ગયું. આનાથી અર્થતંત્ર પર અસર પડે છે. તેથી, લાડકી બહેન જેવી તમામ લોકલક્ષી યોજનાઓને રોકવા માટે કેન્દ્રીય સ્તરે તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી હોવાનું આધારભૂત સાધનો પાસેથી જાણવા મળ્યું છે. કેન્દ્ર સરકાર કેન્દ્રીય કરવેરામાં રાજ્યોનો હિસ્સો ઘટાડવાની તૈયારી કરી

(જુઓ પાનું ૪) ▶▶

**PAC n DELIVER**
**INTERNATIONAL COURIER**
Send parcels to your Children & loved ones in **CANADA, UK, USA & WORLD WIDE** including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with **SPECIAL rates.**
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

## બદલાપુરના બળાત્કારીનું એન્કાઉન્ટર કેસમાં હાઈ કોર્ટ ભડકી અને કહ્યું:

# 'મેજિસ્ટ્રેટના તારતમ્યને મોકૂફ રાખવાનો સેશન્સ કોર્ટનો આદેશ આઘાતજનક છે'

મુંબઈઃ બદલાપુરમાં બાળકી પર બળાત્કાર કરનારના કથિત એન્કાઉન્ટરની યોગ્યતા સામે સવાલ ઉઠાવતા મેજિસ્ટ્રેટના તારતમ્યને મોકૂફ રાખવાના સેશન્સ કોર્ટના આદેશને બોમ્બે હાઈ કોર્ટે ગુરુવારે આઘાતજનક ગણાવ્યો હતો.

મેજિસ્ટ્રેટે ઠરાવ્યું હતું કે આરોપી અક્ષય શિંદેને લઈ જઈ રહેલા પાંચ પોલીસ પરિસ્થિતિને કાબૂમાં લેવાની સ્થિતિમાં હતાં છતાં બળપ્રયોગને લીધે શિંદેનું મોત થયું હતું.

પોલીસના જણાવ્યા મુજબ, જ્યારે તેઓ શિંદેને પૂછપરછ માટે તળોજા જેલમાંથી થાણે જિલ્લાના કલ્યાણ લઈ જઈ રહ્યા હતા, ત્યારે તેણે ગોળીબાર કર્યો અને પોલીસોએ સ્વ-બચાવમાં તેનું એન્કાઉન્ટર કરી દીધું હતું.

પોલીસોએ મેજિસ્ટ્રેટના તપાસ અહેવાલને પડકાર્યા બાદ, થાણે સેશન્સ કોર્ટે વચગાળાના આદેશમાં, તેમની રિવિઝન અરજીની અંતિમ સુનાવણી સુધી તેનાં તારણો મુલતવી રાખ્યા હતા.

ગુરુવારે, આરોપીના પિતા દ્વારા દાખલ કરાયેલી અરજી પર સુનાવણી કરતા ન્યાયાધીશ રેવતી મોહિતે ડેરે અને નીલા ગોખલેની ડિવિઝન બેન્ચને સેશન્સ

(જુઓ પાનું ૪) ▶▶

## સ્કૂલોમાં સીસીટીવી, સ્ટાફ વર્તનની ચકાસણી ફરજિયાત

મુંબઈઃ બદલાપુરની એક સ્કૂલમાં કોન્ટ્રેક્ટ પરના એક કર્મચારી દ્વારા બે સગીરાની કરાયેલી જાતીય સતામણીની ઘટના બાદ હાઇ કોર્ટ દ્વારા રચવામાં આવેલી સમિતિએ દરેક સ્કૂલના પરિસરમાં સીસીટીવી કેમેરા અને દરેક સ્ટાફના વર્તનની તપાસણી ફરજિયાત કરવાની ભલામણ કરી છે. હાઇ કોર્ટના બે ભૂતપૂર્વ જજના નેતૃત્વ હેઠળની સમિતિએ બુધવારે કોર્ટમાં રજૂ કરેલા અહેવાલમાં રાજ્યની સ્કૂલો અને શૈક્ષણિક સંસ્થાઓમાં અમલમાં મૂકવા માટે અનેક સલાહ-સૂચનો આપ્યા છે જેમાં સ્કૂલ વિસ્તારમાં સીસીટીવી, સ્કૂલ સ્ટાફના વર્તનની ચકાસણી, બાળકોને ઘરે સુધી સુરક્ષિત પહોંચાડવાની જવાબદારી સ્કૂલની, બાળકોને સારો સ્પર્શ

(જુઓ પાનું ૪) ▶▶

## કચ્છી ભાટીયા



**સ્વ. અ.સૌ. પ્રફુલ્લા પ્રકાશ ભાટીયા**

તા. ૨૪ ફેબ્રુઆરી ૨૦૨૫ ના રોજ શ્રીજીચરણ પામેલ છે.

તે સ્વ. ચંદ્રકુમાર (ચાનુભા) તથા સ્વ. જયા ચંદ્રકુમાર ભાટીયા (દિવા ગંગાધરવાળા)ના પુત્રવધૂ,
ચી. પ્રણય અને અ. સૌ. ભાવિના માતુશ્રી,
અ.સૌ. બીજલ અને ચી. નીરવ કોટકના સાસુજી,
દ્રુહીના દાદી તથા દેવમ અને દિવ્યમના નાની,
સ્વ. દમયંતીબેન અને સ્વ. કાનજી દુર્લભજી ખંધેડિયાના પુત્રી અને
ગં.સ્વ. હંસાબેન રજનીકાંત બુધ્ધદેવ અને અ.સૌ. હીનાબેન રમેશ મુછાળાના બેન.

**પ્રાર્થનાસભા તા. ૨૮/૦૨/૨૦૨૫ શુક્રવાર સાંજે ૫ થી ૭ રાખેલ છે.**
**સ્થળ: પાટીદાર સમાજ હોલ, ફ્રેન્ચ બ્રિજ, ધરમ પેલેસની પાછળ, ગામદેવી, મુંબઈ ૪૦૦૦૦૭. (વેલેટ પાર્કિંગ ઉપલબ્ધ છે.)**
**લૌકિક વ્યવહાર બંધ છે. (પ્રાર્થનાસભામાં સફેદ વસ્ત્ર ન પહેરવા નમ્ર વિનંતી)**

## મિત્ર સાથે દલીલબાજી પછી તેનો કાન જ કરડી ખાધો

મુંબઈઃ થાણેમાં એક યુવકે તેના મિત્રનો ભારે દલીલ બાદ કાન કાપી નાખ્યો હતો અને બાદમાં તેને ગળી ગયો હતો. બંને મિત્રનો એક પાર્ટી ઝઘડો થયા બાદ આ ઘટના બની હોવાનું પોલીસે જણાવ્યું હતું. પાટલીપાડા વિસ્તારમાં આવેલી એક પોશ હાઉસિંગ સોસાયટીમાં આ બનાવ બન્યો હોવાનું કાસરવડવલી પોલીસ સ્ટેશનના અધિકારીએ

(જુઓ પાનું ૪) ▶▶

# પિતા નહીં પિશાચઃ પોતાની ચાર દીકરી સાથે દુરાચાર, એકે તો પાંચ વાર ગર્ભપાત કરાવવો પડ્યો

### વિકૃત માનસિકતાવાળો ગૅન્ગસ્ટર છોટા રાજનનો સાગરીત સિંધુદુર્ગમાં પકડાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ હત્યા સહિતના અનેક ગુનાઓમાં સંડોવાયેલા ગૅન્ગસ્ટર છોટા રાજનનો સાગરીતને મીરા-ભાયંદર વસઈ-વિરાર ક્રાઈમ બ્રાન્ચે સિંધુદુર્ગ જિલ્લામાંથી પકડી પાડ્યો હતો. વિકૃત માનસિકતા ધરાવતા આરોપીએ નાલાસોપારામાં રહેતી તેની ચાર-ચાર દીકરીઓ સાથે કથિત દુષ્કર્મ કર્યું હતું, જેને પગલે એક પુત્રીએ તો પાંચ વખત ગર્ભપાત કરાવવો પડ્યો હતો. દીકરીઓને જ અશ્લીલ તસવીરો અને પૉર્ન

(જુઓ પાનું ૪) ▶▶





10 DAYS
SEOUL - BUSAN - JEJU
DATE OF DEP | 22nd MAR | 01st APR | 10th MAY | 20th MAY | 21st JUN

PACKAGE INCLUSIONS
- Hyundai Motorstudio, Han River Cruise, Songdo Cable Car, SeaLife Aquarium, Love Land અને Nanta Show નો અદભુત અનુભવ.
- રીટર્ન ઈકોનોમી ક્લાસ એરફેર.
- આપણા પોતાના જ રાજસ્થાની મહારાજ - શુદ્ધ શાકાહારી / જૈન જમણ.
- ગુજરાતી, હિન્દી અને ઈંગલિશ જાણતા ટૂર મેનેજર ની સેવા.
- વીઝા, એન્ટ્રન્સ ફી સહિત તમામ ખર્ચ ટૂર કોસ્ટ માં જ સામેલ.

SHAH HOLIDAYS
203, Man Excellenza, 2nd Floor, Opp. Pawan Hans, S. V. Road, Vile Parle (W), Mum-56.
07506679945, 09004994449, 09324064281 (022) 26103073, 74

MAYUR SUVIDHA TRAVELS LLP
ગ્રુપ ટુર્સ ના પ્રવાસ મા પર્સનલ ટુર નો અનુભવ
માત્ર મયુર સુવિધા ટ્રાવેલ્સ સાથે
20 વર્ષના અનુભવ સાથે અમે તમારા માટે લાવ્યા છીએ શ્રેષ્ઠ ઑફર્સ



વિયેતનામ 10 દિવસ
2 રાત્રિ હો ચી મિન્હ || 4 રાત્રિ - દા નાંગ || 1 રાત્રિ - હલોંગ બે ક્રુઝ
2 રાત્રિ - હનોઈ ફ્લાઈટ્સ | 4* હોટેલ્સ | પ્યોર-વેજ ભોજન
વિઝા | તમામ એક્ટિવિટી
14 માર્ચ પહેલા બુક કરો
~~1,35,000*~~ 1,25,000*



ગ્રાન્ડ યુરોપ 15 દિવસ
3 રાત્રિ - પેરિસ || 5 રાત્રિ - સ્વિસ || 3 રાત્રિ - ઓસ્ટ્રિયા
3 રાત્રિ - ઇટાલી || ફ્લાઈટ્સ | 4* હોટેલ્સ | પ્યોર-વેજ ભોજન
વિઝા | તમામ એક્ટિવિટી
14 માર્ચ પહેલા બુક કરો
~~4,10,000*~~ 3,85,000*



યુએસએ 22 દિવસ
9 રાત્રિ - વેસ્ટ કોસ્ટ || 7 રાત્રિ - ઇસ્ટ કોસ્ટ || 5 રાત્રિ - ફ્લોરિડા
ફ્લાઈટ્સ | 4* હોટેલ્સ | પ્યોર-વેજ ભોજન | તમામ એક્ટિવિટી
14 માર્ચ પહેલા બુક કરો
~~$ 7999*~~ $ 7699*
વેસ્ટ અથવા ઇસ્ટ કોસ્ટ ના વિકલ્પ પણ ઉપલબ્ધ
*T&C Applied

જાપાન | બાકુ | ઓસ્ટ્રેલિયા | ન્યુઝીલેન્ડ | દક્ષિણ કોરિયા | થાઈલેન્ડ | સિંગાપોર | શ્રીલંકા | રશિયા દક્ષિણ આફ્રિકા | માલદીવ | મોરેશિયસ
મધ્ય યુરોપ | સ્પેન | ક્રોએશિયા | તુર્કી | ઇટાલી | ગ્રીસ...and much more
HEMANT JAIN: +91 98928 91993 NIRAV SOPARIWALA: +91 93726 95898
Head Office: 14/15 - Kakad Arcade, Opp. Domino's Pizza, New Marine Lines. Mumbai - 20.




Iconic Australian Discovery 13 Days
કુલીન કુમાર હોલિડેઝ એક માત્ર ટૂર કંપની "Word of Mouth" થી પ્રગતીના પંથે

સ્થળો
- Gold Coast • Cairns
- Melbourne • Sydney

ટૂરની વિશેષતા
- મુંબઈથી મુંબઇ બધુ જ સામેલ
- ૧૧ રાત્રિ હોટેલ નિવાસ
- વર્લ્ડ ક્લાસ સિંગાપુર એરલાઈન્સમાં મુસાફરી
- બધા જ સાઈટસીઈંગ / હાઈ ટેક બસમાં મુસાફરી
- આલિશાન સિટી સેન્ટર હોટેલ્સ
- અત્યંત અનુભવી અને પ્રોફેશનલ ટૂર લીડર
- ટૂર દરમ્યાન ભારતીય સ્વાદિષ્ટ ભોજન
- સ્પષ્ટ વ્યવહાર / ટ્રાન્સપેરન્ટ પોલિસી

5 સ્પેશ્યલ આર્કષણો
- ગ્રેટ ઓશન રોડ
- મેલબોર્ન ક્રિકેટ ગ્રાઉન્ડ ટૂર
- ગ્રેટ બેરિયર રીફ • બ્લુ માઉન્ટેન્સ
- સિડની ઓપેરા હાઉસ

પ્રસ્થાન
April: 25
May: 07, 10, 12, 18, 24, 26, 30
June: 04, 10

Head Office: Opera House,
Mumbai. Tel.: +91-22-4355 5555
sales@kulinkumar.com | www.kulinkumar.com
KULIN KUMAR HOLIDAYS
Toll Free: 1800 103 8055 | Ahmedabad: 079-40036900 | Surat: 0261-4883555 | Pune: 020-25537344 | Mulund: 022-25695500

"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.**
''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨, દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટેજવાબદાર). ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**